
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર


જુલાઈ ૨૦૦૪
અંક ક્રમાંક ૭

વર્ષ ૭૭મું
સળંગ અંક ૯૧૯

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ
તંત્રી
ધીરુ પરીખ



તસવીર] મયૂર-ટેલ [મનસુખલાલ મહેતા



ચિત્રકાર] પ્રણયત્રિકોણ [અમિત અંબાલાલ



ઝરૂખો

ચિત્રલેખા : કુ. શકુન્તલા દીવાન

'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૪,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

આપના

રઘુવીર ચૌધરી
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ
રજનીકુમાર પંડ્યા

પી.સી.વૈદ્ય
કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાન્ત વખારિયા
પ્રાણલાલ પટેલ
ગજેન્દ્ર શાહ
નટુ પરીખ
અનિલ રેલિયા

રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ
હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઈમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)
ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)
ભગવતીકુમાર શર્મા (સુરત)
રમેશ બી. શાહ (સુરત)

નરોત્તમ વાળંદ (ભરૂચ)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
પ્રફુલ્લ રાવલ (વિરમગામ)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)
કનક રાવળ (અમેરિકા)
ડૉ.સુશ્રુત પટેલ (અમદાવાદ)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૭મું | અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

જુલાઈ ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૭

'કુમાર' સળંગ અંક ૯૧૯

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકના લખે છે

'કુમાર' સળંગ અંક ૯૧૫માં 'તાડગ્રંથો મરશે નહિ' લેખ વાંચ્યો. તાડના ઝાડનાં પાંદડાં ઉપર લખાયેલા ગ્રંથો તાડપત્રીય ગ્રંથો તરીકે જાણીતા છે. આ લેખમાં લેખકશ્રીએ તાડગ્રંથો તરીકે ઉપલક્ષણથી ભૂર્જપત્ર, વસ્ત્ર, કાષ્ઠ, શિલા ઉપર લખેલ સામગ્રી આવરી લીધી છે. વાસ્તવમાં જે આંકડા આપ્યા છે તે જોતાં હાથે લખેલ તમામ સામગ્રી જેમાં કાગળ ઉપર લખેલા ગ્રંથોનો ઘણો મોટો હિસ્સો છે તે પણ તાડગ્રંથ તરીકે આવરી લીધો જણાય છે.

ગુજરાતમાં જે ગ્રંથાલયોમાં તાડપત્રીય ગ્રંથો ઘણા છે તેનો તો ઉલ્લેખ જ થયો નથી. પાટણ, ખંભાત વગેરે ગુજરાતના અને જેસલમેર વગેરે રાજસ્થાનના ગ્રંથાલયોમાં અપેક્ષાએ વધુ તાડપત્રીય ગ્રંથો છે. કુલ મિલાવીને પણ તાડગ્રંથો હજારોમાં પહોંચે; લાખોમાં નહીં જ. કાગળ ઉપર લખેલી પ્રતોનો સમાવેશ કરો તો જ લાખ્ખોમાં આંકડો પહોંચે !

ગુજરાત વગેરે પશ્ચિમ ભારતમાં તાડપત્ર ઉપર શાહીથી લખવાની પદ્ધતિ તેરમા સૈકાથી મંદ પડી ને બંધ થઈ ગઈ. ઓરિસ્સા, શ્રીલંકા, તામિલનાડુ વગેરે સ્થળે તાડપત્રો ઉપર સોય જેવા અણીદાર સાધનથી કોતરીને પછી એ કોતરેલા ભાગમાં શાહી ભરી દેવા પોતું મારી લૂછવાની પદ્ધતિ આજે પણ ચાલુ છે.

હમણાં થોડા વર્ષોથી ઓરિસ્સાના કારીગરો આ રીતે દેવનાગરી લિપિમાં જૈનગ્રંથો કોતરવા માંડ્યા છે. તાડપત્રો તૈયાર કરવાની પણ પદ્ધતિઓ હોય છે. મુનિશ્રી પુણ્યવિજયજી લિખિત 'જૈન શ્રમણોની લેખનકળા' પુસ્તકમાં સચિત્ર-સવિસ્તર વિગતો અપાઈ છે. -*વિજય મુનિચંદ્રસૂરિ (યશ મોટર્સ, ૧૮૧, અદાણી સુપરમાર્કેટ પાસે, મીઠાખળી બસ સ્ટેન્ડ પાસે, મીઠાખળી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫)*

*

કલ્પસર અંગેની માહિતી આપતો પ્રોફેસર ગુપ્તેનો લેખ (અંક ૯૧૬) રસપ્રદ છે. કલ્પસર યોજના શું છે તેનો ખયાલ આ લેખથી આવે છે. આડબંધ ક્યાંથી ક્યાં સુધી બંધાશે અને જે તે વિસ્તારને ફાયદો થાય તેનો આછો ખયાલ આપતો નકશો આપી શકાણો હોત તો સારું થાત.

મારા ખયાલ પ્રમાણે આશરે ૩૦-૩૫ વરસ પહેલાં સદ્‌ગત ભાઈકાકાએ દહેજ-ઘોઘા વચ્ચે પુલ બાંધી શકવાની શક્યતા અંગે એક સર્વે કરાવેલ. તે મુજબ દરિયા નીચેનું તળિયું નરમ અને કાદવવાળું હોવાથી પુલ માટે અનૂકુળ નહીં હોવાનું તારણ નીકળેલ.

ગુજરાત મૅરિટાઈમ બોર્ડ તરફથી દહેજ પાસેના લખીગામથી દરિયાની અંદર એક જેટી બાંધવાનું શરૂ કરેલ, આશરે ૧૫-૧૭ વર્ષ પહેલાં. ત્યાર બાદ તે કામ પડતું મૂકવામાં આવેલ. શા માટે ? દરિયા નીચેનું તળિયું નરમ હોવાનું કારણ હોઈ શકે ? - *એ.કે.દેસાઈ (૧૨, છઠ્ઠી શેરી, જી.એન.એફ.સી. ટાઉનશિપ, ભરૂચ - ૩૯૨ ૦૧૫)*

*

'કુમાર' મે ૨૦૦૪ના અંકમાં ભાઈ માધવજી દેવળીઆએ વિવિધ શબ્દોના અંકાર્થ વિશે પૃચ્છા કરી છે, જેના સંદર્ભમાં આ પત્ર છે. ભગવદ્‌ગોમંડળમાં સંખ્યા લખવાની રીત આ મુજબ છે : એકમ, દશક, સો, હજાર, દસ હજાર, લાખ, દસલાખ, કરોડ, દસકરોડ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અંત્ય, મધ્ય ને પરાર્ધ.

દરેક શબ્દનો અર્થ ત્રણ કોશમાં જોયો. સાર્થ ગુજરાતી જોડણી કોશ, શ્રી કે. કા. શાસ્ત્રી - સંપાદિત બૃહદ્ ગુજરાતી કોશ અને ભગવદ્‌ગોમંડળનો મહાકોશ. ક્યાંક ક્યાંક અર્થ જુદા પડે છે. દરેક શબ્દ વિસ્તૃત રીતે નીચે મુજબ છે :

ખર્વ : દસ અબજ-હજાર કરોડ. ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ - એકડા પછી દસ મીંડાં.

નિખર્વ : સો અબજ. એકડા પછી અગિયાર મીંડાં.

મહાપદ્મ : હજાર અબજ. એકડા પછી બાર મીંડાં.

શંકુ : આ શબ્દ માટે જુદું જુદું જાણવા મળ્યું.

ભ.ગો.: દસ લાખ, બૃ.ગુ.કો. : હજાર અબજ, સા.ગુ.: હજાર અબજ.

જલધિ : દસ શંકુ જેટલી સંખ્યા (ભ.ગો.) (આ ગણતરી ખોટી લાગે છે.) બૃ.ગુ.કો. અને સા.ગુ.માં અર્થ આપેલ નથી.

મધ્ય : એકડા ઉપર ૧૭ મીંડાંવાળી સંખ્યા (ભ.ગો.)

બૃ.ગૃ.કો. અને સા.ગુ.માં અર્થ આપેલ નથી.

મધ્ય : ભ.ગો. મુજબ એકડા ઉપર ૧૭ મીંડાંવાળી સંખ્યા હોય તો પરાર્ધ માટેની ભ.ગો.માં જણાવેલ સંખ્યા વાંચનમાં છેલ્લી સંખ્યા, એકડા ઉપર ૧૭ મીંડાં.

બૃ.ગુ.કો. અને સા.ગુ.કો. પણ પરાર્ધ માટે એકડા ઉપર ૧૭ મીંડાંવાળી સંખ્યા જણાવે છે.

આમ ભ.ગો.માં બે શબ્દના અર્થ વિપરીત રીતે જણાવ્યા છે : શંકુ અને મધ્ય... જલધિનો અર્થ શંકુ સાથે સંકળાયેલ છે એટલે એનો પણ અર્થ વિપરીત લાગે છે.

'કુમાર'નો ફાળો મારા ઘડતરમાં અનન્ય છે અને એ ઋણ સ્વીકાર ન કરું તો મારું ભણતર લાજે. - *અરવિંદ પટેલ (૧૬, મગનબાગ, સી.પી.રોડ, કાંદિવલી (ઈ), મુંબઈ - ૪૦૦૧૦૧)*

*

મે ૨૦૦૪નું 'કુમાર' સાદ્યંત વાંચ્યા પછી આ પ્રતિભાવ પાડ્યા વિના નથી રહેવાતું. 'કુમાર' ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરનું એક સબળ સાધન બની રહે. ઘેરઘેર પહોંચી શકે એવી એક લિખિત માસિક મહાશાળા બને એ માટે તમે જે વિદ્યાકીય પુરુષાર્થ કરો છો તે માટે તમને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં. જીવનઘડતરનાં બધાં જ ક્ષેત્રોને 'કુમાર' આવરી લે છે ! ગણિત (રમત પૃ.૩૮૨); વિજ્ઞાન - ખગોળ, ભૂગોળ, ઇતિહાસ, સંસ્કૃતિ (શુક્રાધિક્રમણ, ખજુરાહો, ચંડીગઢ, માંડુ, યુરોપાયન, અમેરિકામાં ભારતીયો વગેરે); ચિત્ર-શિલ્પ-સંગીત- સાહિત્યાદિ (તેમાં ય આ વખતનાં ઉસ્તાદ ને ઉસ્તાદી બંનેની માહિતી આપતો વિલાયતખાં પરનો લેખ, સ્થાપત્ય વિષે ચૈતાલીબહેનનો, ચિત્રમાં અવનીબાબુની મુલાકાત ને ખોડીદાસને અંજલિના લેખો, કિશોરવાળાનાં ચિત્રોનો, સાહિત્યમાં જિવરામ જોષી અને બ્રાઉનિંગ ને ગ્રન્થાવલોકનો વગેરે ને બાલવાર્તા; ને ચરિત્રો તો 'કુમાર'ની ખાસ વિશેષતા (માનવને માનવોનો પરિચય કરાવીને આ ચિરત્રો જીવનને ખાતર પૂરું પાડે છે : હીરાલાલ ભગવતીનો લેખ ઘણો ગમ્યો; કમળાબહેનની સ્મૃતિયાત્રાનું જીવન્ત આલેખન વગેરે); ને ચિન્તન (આરંભે રાધેશ્યામનો 'સૂત્રસાર'; વચમાં વચમાં પણ ગુરુજીના ઉપવાસ જેવા પ્રસંગોમાં ને છેલ્લે 'માધુકરી'માં). વાર્તા-કવિતાદિ સર્જનાત્મક કૃતિઓ પણ ખરી જ. છપાઈ, ગોઠવણી, બધું સૂઝ-સફાઈ-પૂર્વકનું. 'કુમાર' વાંચ્યા વિના ન ચાલે. એટલે ક્યારેક, અન્યત્ર જે ન કઠત એવી ભૂલો અહીં વિશેષ કઠે ! મેના અંકમાં બે-એક નાની, એક ઠીકઠીક ધ્યાન ખેંચે એવી અહીં क અને ख માં આપું ?

क : પૃ. ૩૮૫ પરના તુલસીદાસના દુહાની પહેલી પંક્તિમાં તે છે ત્યાં 'ને' હોય તો જ પછીની પંક્તિના પાંચ બબ્બા બને !

ख : પૃ. ૩૬૮ અને ૩૬૯ પરના 'સાહિત્યસંપર્ક'માં ઠીક ઠીક ભૂલો છે : પાનું/કૉલમ/ફકરાનો ક્રમાંક/લીટી - એના ક્રમાંકોથી ભૂલો નીચે આપી છે :

૧. ૩૬૮/૧/૧/૫ : 'સરસ્વતી સમ્માન' એ પારિતોષિક સંજ્ઞા લેખમાં ૭ વાર પ્રયોજાઈ છે; એમાંથી ત્રણ જ વાર યોગ્ય રીતે અવતરણચિહ્નોમાં, બાકી એ વિના ! (એક વાર તે અવતરણચિહ્નોમાં દર્શાવ્યા પછી વારંવાર તેમ કરવાની જરૂર ન હોય. - તંત્રી)

૨. સન્માનના અર્થમાં હિન્દી શબ્દપ્રયોગ 'સમ્માન' લેખમાં બધે જ છે. તે હિન્દીની છાયામાં આવતા નવા શબ્દોમાંનો એક લેખીએ તો ચાલે. (આ વિશેષ સંજ્ઞા તરીકે સંસ્થાએ સ્વીકારેલો શબ્દ હોઈ તે પ્રમાણે જ વાપરવો રહ્યો. - તંત્રી)

૩. ૩૬૮/૧/૨/૫ : "સંસ્કૃત' કૃતિ'માં સંસ્કૃત શબ્દને અવતરણો બિનજરૂરી.

૪. ૩૬૮/૨/૧/૧ : 'ગાથા સપ્તશતીના'માં 'નો' જોઈએ, નહીં તો વાક્ય ખોટું બને. (છાપભૂલ છે. - તંત્રી)

૫. ૩૬૯/૧/૪/૯ : 'આપણે પ્રિ.મ.નું હાથી કાવ્ય યાદ આવી જાય' એ વાક્યમાં 'આપણને' જોઈએ, નહીં તો વાક્ય ખોટું બને. (છાપભૂલ છે. - તંત્રી)

૬. અને ૭. ૩૬૮/૨/૩/૬ : 'કોકિલ, વસંત કે નિદાઘ (ગ્રીષ્મ)નું કે પ્રાવૃટ્ (વર્ષા) અષાઢનું...' માં બે ભૂલો છે. 'નિદાઘ' જોઈએ. પ્રાવૃષ કે પ્રાવૃટ જોઈએ. આ કદાચ છાપભૂલ હોઈ શકે. (શંકા સાચી છે. - તંત્રી)

૮. ૩૬૮/૨/૬/૨ : 'સવ્યસાચીત્વ' છે ત્યાં વિદ્યાપીઠીય કોશના નિયમ ૨૦ મુજબ 'ચિ' જોઈએ.

૯. ૩૬૮/૨/૭/૩ : 'રચનના'માં 'રચના' જોઈએ. છાપ ભૂલ છે. (શંકા સાચી છે. - તંત્રી)

૧૦. ૩૬૯/૧/૪ છેલ્લી લીટી : 'પાંડેજીની રચનામાં 'સટીક' બેસી જાય છે' ત્યાં 'ત્વરાથી આપોઆપ'ના અર્થમાં ગુજરાતીમાં 'સટાક' પ્રયોજાય છે, 'સટીક' નહીં.

૧૧. ૩૬૯/૧/૫ : લેખકે પંડિત જગન્નાથની જે પંક્તિ ટાંકી છે તે ભૂલ ભરેલી છે :

'દિગન્તે શ્રુયન્તે મદમલિન ગજાઃ કરરિનઃ' આમાં ચાર ભૂલો છે : એક જોડણીની, એક ખોટી સંધિની, બે ખોટા શબ્દોની. પં. જગન્નાથ (૧૫૯૦-૧૬૬૫) કૃત 'ભામિની-વિલાસ'માં એ પંક્તિ આમ છે :

'દિગન્તે શ્રૂયન્તે મદમલિનગંડાઃ કરટિનઃ' (૧.૨)

૧૨. ૩૬૯/૧/૫ : કાલિદાસના 'મેઘદૂત'ની અત્યંત જાણીતી પંક્તિ છે, એનો છેલ્લો શબ્દ 'સાનું' છે ત્યાં 'સાનુમ્' જ જોઈએ. અનુનાસિકવાળા જોડાક્ષરમાં ગુજરાતીની માફક વિકલ્પે અનુસ્વારચિહ્ન ન ચાલે, ન જ ચાલે.

૧૩. ૩૬૯/૨ : ઉપાન્ત્ય ફકરાની પહેલી લીટી : 'થોડાંક' છે ત્યાં 'થોડાક' જોઈએ. (છાપભૂલ છે.- તંત્રી)

ભૂલો સૌનીયે થાય; પણ ન થાય તે જ ઇષ્ટ એમ માનીને અહીં ભૂલો બતાવી છે. તો ખોટું ન લગાડવું.

(ખોટું નથી લાગ્યું ! આ રીતે સૂક્ષ્મતાથી વાચક વાંચે તે જ અભિપ્રેત છે. - તંત્રી) *- કનુભાઈ જાની ('વેણુ', ઘોષા સોસાયટી, (પો. ઓ. પાસે) થલતેજ રોડ, અમદાવાદ-૫૪)*

લાગ્યું મને/*રામચન્દ્ર પટેલ*

(વસંત-મૃદંગ)

સામેઃ ઘણા દિવસ બાદ નિહાળું દેહ
તારો, ન હાથ પર કંકણ, કે કપાળે
બિંદી ન કંકુની, વળી દરવેશ ભૂખરો,
ને કંઠ, છાતી, કટિ, શીર્ષ, કપોલ, કર્ણ
સૂકાયલાં : હડપચી થતી તૂટું તૂટું...
ચોંટ્યો મુખે કરલકંકર નાસિકાનો,
ને શુષ્ક કેશ, ક્યમ ચક્ષુ ગયેલ ઊંડાં ?

તું થાંભલી સમ શિરે લઈ બારસાખ
ઊભી તપેઃ સહજ વાદળ પીચ્છ દ્વારા
સિંદૂર પૂરું દઈને હળવો ટહુકો...
-મેંદી મહેક ઝગ્યું શ્રીફળ, રોમરોમ
પીઠી બની ગઈ સરોજ વિહાર પદ્મા.

લાગ્યું મને, તું ઘરઉંબરનો જવારો,
ઊઠ્યો બજી ઘડીક હું થઈ એકતારો.

અત્તર અને કસ્તર/*વિનોદ ગાંધી*

(ગીત)

એક આદમી ફૂલો વેચે, બીજો આદમી અત્તર,
એક આદમી કપાસ વેચે, બીજો આદમી કસ્તર !
કોઈ વેચે સુગંધ, કોઈ
સુગંધનો આભાસ,
કોઈનો રસ ધરતી છે ને
કોઈનો આકાશ,
કોઈ સપાટી શોધે છે ને કોઈ શોધતું છત્તર !
કોઈ આદમી કપાસ વેચે, કોઈ આદમી કસ્તર !
એકમેકમાં ભળી ગયેલા
સાચજૂઠના તાણા,
બંટી સાથે ભળ્યો બાજરો
ખરા ક્યા છે દાણા ?
એક મંત્ર અણિશુદ્ધ ભણે છે, બીજો કરે છે જંતર,
એક આદમી ફૂલો વેચે, બીજો આદમી અત્તર !

એની સ્વસ્થતા/*'પ્રણય' જામનગરી*

મારા કોઈ જ તથ્યને પડકારતો નથી,
મારી હકીકતોને એ સ્વીકારતો નથી;
એની આ સ્વસ્થતાઓ 'પ્રણય' જોખમી હશે
લાગે છે એ હવે કશું વિચારતો નથી.

પડછાયો થઈ પ્રકટ્યા/*ધીરુ પરીખ*

પડછાયો થઈ પ્રકટ્યા હરિ પવનમાં !
ભોમ કહે કે મેં ઝાલ્યો છે,
ભીંત કહે કે મેં;
પડછાયાને કશું નહિ થાતું
તેજ ગયું ત્યાં, હેં !
કલમ જાગી ગઈ અંધારે
તો અક્ષર ગૂમ થવામાં.
પડછાયો થઈ પ્રકટ્યા હરિ હવામાં !
કવિશ્રી ખોળે પડછાયાને
તેજ વગરના લોકે,
નિજમાં છે તે લપાઈ બેઠો
અંધારાને દૂર કરવાનું કોકેઃ
કર્યા એકઠા અક્ષર ત્યાં તો
કલમનેત્રનાં નૂર જણાય જવામાં.
પડછાયો થઈ પ્રકટ્યા હરિ હવામાં !

હાઈકુ/*પરાગ ત્રિવેદી*

ડાળ લંબાવે
ફૂલ ભીંત તરફઃ
ભીંત ન સૂંઘે.

પથ વ્હેતો ને વ્હેતો/*ઊજમશી પરમાર*

આ અગની અંદર ને અંદર
એમ જ ધખતો રહેતો,
નથી જંપતો ઘડી વાર કે
નથી જંપવા દેતો.

જરીક સુખના શીતળ છાંયે,
અંગૂઠા દેખાડ્યા,
અંગારાના અનહદ પટમાં,
ચત્તાપાટ પછાડ્યા;
આગ પરે ચાલ્યા કરવાનો
પથ વ્હેતો ને વ્હેતો.

અગન તણી આડેધડ
આ તે વરસી કેવી ઝડી ?
ઊભેઊભા ગયા સળગતા
રાખ રૂદેની પડી;
હડી કાઢતો વહે વાયરો,
સાથ સહજમાં લેતો.

ભાષા/*અશોક ચાવડા 'બેદિલ'*

(ગઝલ)

કેમ કરીને સમજી શકશું તળની ભાષા ?
આપણને આવડતી કેવળ છળની ભાષા !

મીન હથેળીમાં પાછાં સળવળવાં લાગ્યાં,
કોરા હાથોમાં વ્હેતી'તી જળની ભાષા.

અક્ષરના નહિ હોવામાં પણ વાત હશે કૈં,
ધારી ધારીને વાંચી જો સળની ભાષા.

ઘંટનાદમાં કોઈ સુધી ક્યાં પહોંચે છે એ ?
પથ્થર પર માથું ફોડે શ્રીફળની ભાષા.

આજ સુધી એના સંદર્ભો શોધું 'બેદિલ',
મનમાં ગૂંજે કોઈ અગોચર સ્થળની ભાષા.

માગ નહીં/*હરકિસન જોષી*

(ગઝલ)

ન ક્યાંય દ્વેષ રહ્યો કે કશામાં રાગ નહીં,
છતાંય વિશ્વ પ્રતિ રણ સમો વિરાગ નહીં.

ખિલાવે પ્રકૃતિ જે નિજમાં સ્વત્વ એ સાચું,
મળે ન પુષ્પ એવું જેમાં હો પરાગ નહીં.
ઘણીય તરકીબો એની નજીક જાવાની,
ચરણ ન હોય એથી ચાલવાનું ત્યાગ નહીં.

ગમે તે રીતે ઝલક એની પામવાની છે,
સપનમાં આવ્યા હો તો નિંદરાથી જાગ નહીં.

કદીક છાના ખૂણે માગી લીધું હોય ભલે,
મળે એ જ્યારે સ્વયં ત્યારે કશું માગ નહીં.

જશે તો !/*ગૌરાંગ ઠાકર*

મારા હિસ્સાનો સૂરજ જો અંધારે અટવાઈ જશે તો !
નીકળું ઘરથી ફાનસ લૈને, રસ્તામાં બુઝાઈ જશે તો !

સિક્કો સોંપી દઈને પાછું રમવાનું પણ છાપ પ્રમાણે,
રમતા રમતા મારો સિક્કો તારાથી ખોવાઈ જશે તો !

પડછાયાની પૂજામાં રમમાણ રહે તું જીવનભર પણ,
તારું તારી વચ્ચે હોવું ક્યાંક તને સમજાઈ જશે તો !

ટહુકાનું વરદાન મળ્યું છે; એને ક્યાંથી બાન કરું હું !
દ્વાર ઊઘાડે તે પ્હેલાં આ હૈયું જો ખોલાઈ જશે તો !

માથે મૂકી જાત અમારી પાદર લગ તો પહોંચ્યા છીએ,
ઝાંખું-પાખું ઘર દેખાયું, ને મારગ લંબાઈ જશે તો !

અર્થનો અનર્થ કરવામાં કરુણરસ ?!

રાધેશ્યામ શર્મા

પાપની કે સ્ખલનની ધારણા અને વ્યાખ્યા ચિંતકોએ આમ આપી છે : 'એવી વાત કે જેને છાની રાખવાની હોય, ગુપ્ત રાખવાની હોય. કોઈને કહેવાની હોય નહિ.' આ સંદર્ભમાં જ કહેવાયું છે :

સચ્ચાઈ છુપ નહિ સકતી કભી ઉસૂલોં સે
ખૂશ્બુ આ નહિ સકતી કભી કાગજ કે ફૂલોં સે !

રાજા ભર્તુહરિની આંખ આગળ રામલીલામાં ખરુંખોટું દેખાડાતું એમ પિંગળા અને અશ્વપાલનો ગુપ્ત સંબંધ આખરે તો પ્રકટ થઈ જ જાય છે. સતી વૃંદા સમક્ષ એના પતિ જાલંધરનું સ્વરૂપ લઈને કોણ છેતરી ગયું એ ખુલ્લું પડી ગયા વગર રહેતું નથી ! ઈયાગોની રૂમાલ-રચનાથી ઑથેલોની આંખે શીલભ્રષ્ટા દીસેલી ડેઝડિમોના, આખરે એનું શુદ્ધ સતીરૂપ પ્રકાશમાન કર્યા વગર નથી રહેતી. ઑથેલો આગળ ડેઝડિમોનાનું થોડો કાળ છુપાઈ ગયેલું સ્વરૂપ પુનઃ પ્રકટી આવે છે. પણ ત્યારે ઘણી વાર મોડું પણ થઈ ચૂક્યું હોય છે. 'ટ્રૅજડિ'નાં આ ગણનામાન્ય તત્ત્વો છે. ક્યારેક કૉમેડિમાં પણ ટ્રૅજિક અંશો ગુપ્ત પડ્યા હોય છે.

અન્યના આશય વિશે શંકાશીલ બની દોષારોપણ કરવું અર્થાત્ નાસમજ રહી અર્થનો અનર્થ કરવો એમાં 'કરુણ'ના પ્રચ્છન્ન અંશો ગૂંથાઈ ગયા હોય છે. આવી ગૂંચો જ, આવી ગ્રંથિઓ જ, પાત્ર કે પરિસ્થિતિનું યથાર્થ આકલન કરવામાં અવરોધ ખડા કરે છે.

નદીમાં ભારે વરસાદને કારણે ઘોડાપૂર આવ્યું હતું. એક જ ગુરુના બે શિષ્યો નદીકાંઠે ઊભા હતા. બંને સારા તરવૈયા. સામે કિનારે ગમે તે રીતે પહોંચવું જરૂરી હતું. ગુરુજી વાટ જોતા હશે. પટ્ટશિષ્ય નદીમાં આગળ થયો. થોડોક છેટે જઈને જુએ છે તો પાછળ આવતો યુવા શિષ્ય એક સ્વરૂપવાન તરુણીને ખભે ઉપાડીને આવતો હતો. પૂર પાર કરી કાંઠો આવતાં તરુણીને સ્કંધેથી નીચે ઉતારી પટ્ટશિષ્યની સાથે યુવા શિષ્ય થઈ ગયો.

પટ્ટશિષ્ય ધૂંધવાઈ ગયો હતો. હશે, ગુરુને કહી દઈશ તેં નદીમાં શું પરાક્રમ કર્યું હતું તે ! તું યુવાન, પેલી તરુણ સુંદરી યુવાન. તારા ખંધોલે બેસાડીને તું મજાથી... યુવા શિષ્ય મૌન રહ્યો. મૌનનો પટ્ટશિષ્યે અર્થ કાઢ્યો : થાય તે કરી લેજે.

પટ્ટશિષ્યો સામાન્ય રીતે કરતા જ આવ્યા છે એમ ગુરુના આશ્રમે પહોંચી ચાડી ખાધી. પ્રચ્છન્ન વાર્તા પ્રકટ કીધી. યુવાશિષ્યે કેવું પાપ આચર્યું હતું અને પોતે મનોહારી આકર્ષણથી અળગો રહી કેવો સંયમપાલક બ્રહ્મચારી રહ્યો હતો !

પણ ગુરુજી મર્મી નીકળ્યા. પટ્ટશિષ્યની સાન ઠેકાણે લાવવા તેમણે યુવાશિષ્યને તદ્દન નિર્દોષ જાહેર કર્યો; અને પટ્ટશિષ્યને પરખાવ્યું, 'સાચો તું નથી. સાચો તે છે જેણે સુંદરીને જાહેરમાં સ્કન્ધે વહી અને કિનારો આવતાં તજીયે દીધી ! જ્યારે તેં શું કર્યું એનું ભાન છે તને ? એણે નદીતટે ખભેથી જે યુવતીને ઉતારી દીધી એને તેં તારા ખભા ઉપર ચઢાવી લીધી અને અહીં સુધી મને ચાડી ખાવાના શુભ (!) હેતુથી તાણી લાવ્યો !'

આવાં દૃષ્ટાંતો પણ પ્રકટ શું, પ્રચ્છન્ન શું, પાપ શું, પુણ્ય શું, હેય શું, ઉપાદેય શું પર પ્રકાશવર્તુળ ફેંકે છે. ❑



નોરા જોન્સ

સાં. જે. પટેલ

વિશ્વમાં સાહિત્યક્ષેત્રે નોબેલ પુરસ્કારની અને ફિલ્મક્ષેત્રે ઓસ્કર અવૉર્ડની જેવી પ્રતિષ્ઠા છે તેવી જ ગ્રેમી અવૉર્ડની સંગીતક્ષેત્રે છે.

વર્ષોની નહિ, આખી જિંદગીની તપશ્ચર્યા કર્યા પછી પણ જેને આ અવૉર્ડ્ઝ મળે છે એ ભાગ્યશાળી ગણાય છે. વિશ્વક્ષેત્રે એની નામના થઈ જાય છે, ધન અને કીર્તિથી એ લદાઈ જાય છે. આ અવૉર્ડ્ઝ મેળવવા માટેની યાદીમાં નામની દરખાસ્ત મૂકવી એ પણ લોઢાના ચણા ચાવવા જેવું મુશ્કેલ કામ છે. દરખાસ્ત થયા પછી પણ અવૉર્ડ મેળવવો એ તો ગૌરીશંકરનું શિખર ચડવા જેવું અતિ કઠિન કામ છે. આમ છતાં દર વર્ષે અવૉર્ડ્ઝ મેળવનાર કોઈક ને કોઈક તો ભાગ્યશાળી બને જ છે.

ન્યૂ યૉર્કના મેડિસન સ્કવૅર ગાર્ડનમાં વર્ષ ૨૦૦૩નો ૪૫મો ગ્રેમી અવૉર્ડ્ઝ એનાયત કરવાનો સમારંભ યોજાયો. આ સ્પર્ધામાં વિશ્વપ્રસિદ્ધ હસ્તીઓ 'રીધમ ઍન્ડ બ્લૂઝ' વોકાલિસ્ટ અશાંતિ, ગાયક-ગીતકાર મિશેલ બ્રાન્ચ, કૅનૅડિયન ટીનએજર અવરિલ લેવિજીન, ગીતકાર-ગાયક જ્હોન મૅયર તથા બે વાર ગ્રેમી અવૉર્ડ વિજેતા, ફ્રાંસ તરફથી 'લિજેન્ડ-દ-ઑનર'નું સર્વોચ્ચ નાગરિક સન્માન મેળવનાર, ભારત-રત્ન પંડિત રવિશંકરની પુત્રી અનુષ્કા પણ હાજર હતાં. એ બધાંની સાથે એક નવી ગાયિકા પણ બેઠી હતી. એનું નામ બહુ જાણીતું નથી. એને કોઈ ઓળખતું પણ નથી. એ ૨૩ વર્ષની તરુણી છે.

પ્રેક્ષકગૃહ ખીચોખીચ ભરાયેલું છે. પ્રસ્તુત કરનાર અવૉર્ડ્ઝ વિજેતાઓનાં નામોની જાહેરાત કરી રહ્યો છે. પહેલું નામ બોલાય છે :

૧. ઍલ્બમ ઑફ ધ યર (કમ અવે વિથ મી).... નોરા જોન્સ !

નોરા જોન્સ સ્ટેજ ઉપર આવી, અભિવાદન કરી, અવૉર્ડ સ્વીકારે છે, પોતાની માતાનો આભાર માને છે. પછી પોતાની જગાએ બેસી જાય છે.

બીજું નામ બોલાય છે :

૨. નવી ટૅલેન્ટ પ્રતિભા.... નોરા જોન્સ ! અને ક્રમ આગળ ચાલે છે.

૩. રેકૉર્ડ ઑફ ધ યર (ડોન્ટ નો વ્હાઈ).... નોરા જોન્સ !

૪. વર્ષનું શ્રેષ્ઠ ગીત (ડોન્ટ નો વ્હાઈ).... નોરા જોન્સ !

૫. શ્રેષ્ઠ કંઠ ધરાવતું ઍલ્બમ (કમ અવે વિથ મી).... નોરા જોન્સ !

૬. નૉન-ક્લાસિકલ ટેક્નોલૉજિકલી શ્રેષ્ઠ એન્જિનીઅર્ડ ઍલ્બમ (હુ કમ અવે વિથ મી).... નોરા જોન્સ

૭. શ્રેષ્ઠ મહિલા પૉપ ગાયિકા (ડોન્ટ નો વ્હાઈ).... નોરા જોન્સ !

૮. પ્રોડ્યૂસર નૉન-ક્લાસિકલ (કમ અવે વિથ મી).... નોરા જોન્સ !

એકીસાથે આઠ-આઠ પ્રકારના ગ્રેમી અવૉર્ડ્ઝ મેળવી જાય છે, નોરા જોન્સ. પ્રેક્ષકો તાલીઓના ગડગડાટથી સ્થળ ગજાવી મૂકે છે. આયોજકો આશ્ચર્યચકિત છે. સંગીતપ્રેમીઓ મોઢામાં આગળાં ઘાલી જાય છે. ફોટોગ્રાફરો-મુવિમૅન એક જ દિશામાં પોતાની ફ્લૅશ ઝબકાવી રહ્યા છે. પ્રેક્ષકાલયમાં ધૂમ મચી જાય છે. બધે 'નોરા જોન્સ... નોરા જોન્સ...!' બોલાઈ રહ્યું છે.

કોણ છે આ નોરા જોન્સ ?

નોરા જોન્સ અમેરિકામાં ટૅક્સાસમાં રહેતી માતા સ્યુ જોન્સની પુત્રી છે. માતાની આર્થિક સ્થિતિ સાધારણ છે. પણ તે સંગીતમાં નિપુણ છે, અને તેને નર્સનું કામ પણ આવડે છે; એટલે તે નર્સની નોકરી કરીને તથા સંગીતના કાર્યક્રમો આપીને પોતાની આજીવિકા ચલાવે છે. વફાદાર તથા ઉમદા નર્સ તરીકેની તેની નામના છે. માતા તરફથી નોરાને વારસામાં સંગીતના સંસ્કારો મળ્યા છે.

નોરાએ પર્ફોર્મિંગ ઍન્ડ વિઝ્યુઅલ આર્ટ્સમાં હાઈ સ્કૂલનો અભ્યાસ કર્યો હતો. તેણે કોઈ ગુરુ પાસે પદ્ધતિસર સંગીતની તાલીમ લીધી નથી, પણ જન્મજાત જીનિઅસની જેમ એને વાદ્યકળા, સ્વરરચના અને કંઠ એ ત્રણેયમાં પ્રભુત્વ મળ્યું છે; એટલે સંગીત કલામાં તે 'ઑલરાઉન્ડર' છે. તેણે પિઆનોવાદનમાં ગજબનો કસબ પ્રાપ્ત કર્યો છે. તે પિઆનો વગાડતી હોય ત્યારે પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈને સાંભળી રહે છે.

માતાને આર્થિક રીતે મદદરૂપ થવા માટે તેણે કિશોરાવસ્થાથી જ પબમાં, પિઆનો બારમાં તથા મોટી હોટેલોમાં સંગીત આપવા માટે જવાનું શરૂ કર્યું હતું. કેટલાક સમયથી તે પોતાના સંગીતવિકાસ માટે મોટું ક્ષેત્ર તલાસી રહી હતી.



તાજેતરમાં પૅરિસમાં કાર્યક્રમ આપી રહેલાં નોરા જોન્સ

ન્યૂ યૉર્ક સંગીત તથા ગ્લૅમરનું મુખ્ય થાણું ગણાય છે, એટલે ત્યાં કલાની કદર થાય છે. થોડા સમયથી તે ન્યૂ યૉર્કમાં આવીને સ્થાયી થઈ ગઈ છે. અહીં તેને મનગમતું કામ સતત મળ્યા કરે છે. કોઈ-કોઈ વાર તેને સંગીતમાં ખ્યાતનામ બનવાની ખ્વાહેશ થાય છે, પરંતુ ધૂમ મચાવતા અન્ય પ્રમુખ અને પ્રખ્યાત ગાયકોને જોઈને તેનો આત્મવિશ્વાસ ડગી જાય છે, અને તે પોતાની ખ્વાહેશ મનમાં જ દબાવી રાખે છે.

એક વાર બીતાં-બીતાં તેણે પ્રયત્ન કર્યો. અને પોતાના ઍલ્બમની ડેમોન્ટ્રેશન ટેપ - ઇ.એમ.આઈ : બ્લૂ નોટ્સ - એક રેકૉર્ડ કંપનીને મોકલી આપી. કંપનીને એ ટેપ ગમી ગઈ. રેકૉર્ડ કંપનીને નોરાની ટેપમાં સુપર હિટ કમાલનો જાદુ દેખાયો. રેકૉર્ડ કંપનીએ તેને નિમંત્રણ આપ્યું : 'ડેમોન્ટ્રેશન ટેપને બદલે આખું ઍલ્બમ બનાવીને મોકલો !'

નોરા નાચી ઊઠી ! તેણે મહેનત લઈને ઍલ્બમ બનાવ્યું. પૉપ, જાઝ, પૌરસત્ય તથા પશ્ચિમી સંસ્કૃતિના સંગીતનું મિશ્રણ એ નોરાના સંગીતની વિશેષતા છે. ઍલ્બમ - 'કમ અવે વિથ મી' તૈયાર થયું ત્યારે સંગીત-જગતમાં એના નામનો સિક્કો પડ્યો, અને વિશ્વમાં તેની ૬૦ લાખ નકલો વેચાઈ ગઈ !

અમેરિકામાં જેનીફર લોપાઝ, મારીઆહ, ઍગ્યુલેરા, બ્રિટની સ્પીઅર્સ કે જેનેટ જેક્સનના ઍલ્બમની બોલબાલા હતી., પણ 'કમ અવે વિથ મી' ઍલ્બમ આવ્યા પછી હાલ નોરા જોન્સની બોલબાલા થઈ રહી છે.



'વીવા' પૉપસ્ટાર બૅન્ડમાં પ્રતીચી, નેહા, અનુષ્કા અને મહુઆ

ગ્રેમી અવૉર્ડમાં પણ આ જ 'કમ અવે વિથ મી' ઍલ્બમે ધૂમ મચાવી દીધી હતી. અને નોરાને આઠ-આઠ અવૉર્ડ અપાવ્યા હતા. અવૉર્ડ લેતી વખતે તેણે માતાનો આભાર માન્યો હતો. નોરાને માતા-પિતા તરફથી સંગીત વારસમાં મળ્યું હતું. તો પછી તેણે પિતાને કેમ એકે વખત યાદ કર્યા નહોતા ? કોણ છે એના સંગીતજ્ઞ પિતા ?

સ્યુ જોન્સ ટેક્સાસમાં વૃદ્ધાશ્રમો તથા હૉસ્પિટલોમાં નર્સ તરીકે કામ કરીને આજીવિકા મેળવતી હતી ત્યારે તે એક ભારતીય સંગીતકારના પરિચયમાં આવી હતી. એ વખતે તે ત્રીસેક વર્ષની હતી. ભારતીય સંસ્કૃતિ અને સંગીત પ્રત્યે તેને લગાવ હતો, એટલે તે ભારતીય સંગીતકારના સંગીતથી આકર્ષાઈને તેમની શિષ્યા બની હતી. એ પછી ગુરુ-શિષ્યાના સંબંધો વધતા ગયા હતા, અને તેઓ એકદમ નિકટના પરિચયમાં આવીને પરિણયના સંબંધોમાં બંધાઈ ગયાં હતાં.

અમુક વર્ષો સુધી પરિણયના ફાગ ખેલાયા. પછી સંગીતજ્ઞ ગુરુએ એકાએક પોતાનું મુખ ફેરવી લીધું. સ્યુને મળવાનું ઓછું કરી દીધું. મળે તો, 'હેલો ! કેમ છો ?'ની લટકતી સલામ ભરવાની માત્ર ઔપચારિક્તા જ દેખાડવા માંડી હતી. એ વખતે સ્યુ જોન્સ સગર્ભા હતી.

સ્યુ જોન્સને પોતાના ગુરુ, પોતાના ગૉડફાધર અને પોતાના હૃદયસમ્રાટનું આવું શુષ્ક વર્તન જોઈને ભારે આઘાત લાગ્યો હતો. સ્યુનું આપ્તવર્તુળ માનતું હતું કે સ્યુ ભ્રૂણપાત કરાવી લેશે, પણ તેણે તેમ ન કરતાં કહ્યું, 'હું મારા સંતાનનો જન્મ થવા દઈશ !'

વિપદાના આવા સમયમાં પણ જોન્સે હિંમત રાખીને પબોમાં, બારોમાં સંગીત આપ્યું, હૉસ્પિટલોમાં નર્સની સેવાઓ આપી, અને પુત્રી નોરાને જન્મ આપ્યો.

એ દરમિયાન સ્યુના પ્રેમી સંગીતકારે પોતાનાથી અડધી ઉંમરની સુકન્યા સાથે લગ્ન કરી લીધાં. અનુષ્કા એમની પુત્રી છે. તે પણ અચ્છી સિતારવાદક છે. ભારતમાં તે પિતાની જેમ જ સિતારવાદનમાં ધૂમ મચાવી રહી છે. માત્ર મહિલા ગાયકોનું સંગીતવૃંદ ધરાવતું 'વીવા' મ્યૂઝિક ચૅનલ 'વી' દ્વારા સંગીત પ્રતિભાઓનાં પૉપ ઍલ્બમો રજૂ કરે છે. અનુષ્કા એમાં પણ કાર્યરત છે. ગ્રેમી અવૉર્ડ માટે તેનું નામ પણ મુકાયું હતું, પરંતુ તેને અવૉર્ડ મળ્યો ન હતો.

નોરા નવ વર્ષની થઈ ત્યાં સુધી અલપઝલપ તેના પિતાની મુલાકાતો થતી રહી હતી. તે પછી અમેરિકામાં સ્થાયી થઈને તેઓ નવ-નવ વર્ષો સુધી રહ્યાં હતાં, પણ અઢાર વર્ષની ઉંમર સુધી નોરાએ તેમને જોયા પણ ન હતા. માતા સાથે ધોખો કરનાર, નાજુક પરિસ્થિતિ વખતે માતાની સંભાળ ન રાખનાર, આર્થિક રીતે મદદ ન કરનાર પિતા સાથે તેના મનમાં નફરત વધતી ગઈ હતી. તે પિતાને નામે નહિ પણ માતાને નામે જ ઓળખાવાનું પસંદ કરતી હતી.

ત્રેવીસ વર્ષની ઉંમરે નોરાને ગ્રેમી અવૉર્ડ મળ્યો ત્યારે પણ તેણે માતાનો જ આભાર માન્યો હતો. એ વખતે તેના પિતાએ કહ્યું હતું, 'નોરા અમેરિકામાં જન્મીને મોટી થઈ છે. તેના સંગીતનો પાયો જાઝ, પૉપ અને પાશ્ચાત્ય શૈલીમાં ઘડાયો છે. તેને અવૉર્ડ મળ્યો એમાં મારું કોઈ યોગદાન નથી, એટલે તેના અવૉર્ડની 'ક્રેડિટ' હું લઈ ન શકું.'

ગ્રેમી અવૉર્ડ મળ્યા પછી નોરા વિશ્વભરમાં છવાઈ ગઈ હતી. ભારતીય દૃશ્ય, શ્રાવ્ય અને પ્રિન્ટ મીડિઆએ પણ તેની નોંધ લઈને તેના જીવન વિશે ખણખોદ કરી હતી. મીડિઆ દ્વારા જ લોકોને ખબર પડી હતી કે નોરા ભારતીય પિતાનું સંતાન છે. આ હકીકત જે ભારતીય પત્રકારો જાણતા હતા તેમણે અવૉર્ડ-સમારંભ પછી તેને પૂછ્યુ હતું, 'આ અવૉર્ડ મેળવવામાં તારા ભારતીય પિતાનું કેટલું યોગદાન છે ?'

ત્યારે તેણે કહ્યું હતું, "મારા 'જિન્સ' મારા પિતાના હોઈ શકે છે, પરંતુ મારી સંગીતયાત્રા સાથે તેમની કોઈ લેવાદેવા નથી."

અવૉર્ડ-સમારંભ સંપન્ન થયા પછી નોરાએ રાત્રે ભોજન-સમારંભ યોજ્યો હતો. તેમાં તેણે અનુષ્કાને પણ નિમંત્રણ આપ્યું હતું.

અવૉર્ડ મેળવવા માટેના કાવાદાવાઓની પણ એક દુનિયા છે ! એમાં કલાનું રસપાન કરાવવાને બહાને વગદારોને, પ્રતિષ્ઠિતોને તથા કલામર્મજ્ઞોને 'મેગા પાર્ટી'ઓ આપવી પડે છે, રાજકારણના દાવપેચ ખેલવા પડે છે, ભલામણપત્રોના ઢગ ખડકવા પડે છે અને આયોજકોની ખુશામદ કરવી પડે છે. નોરા કહે છે, 'આમાંનું મેં કાંઈ જ કર્યું ન હતું ને મને અવૉર્ડ મળ્યો એ મોટું આશ્ચર્ય છે !'

ફેબ્રુઆરી ૨૦૦૩માં નોરાને ગ્રેમી અવૉર્ડ મળ્યો ત્યારે તેના પિતાની ઉંમર ૮૩ વર્ષની હતી. તો નોરાના જન્મ વખતે એમની ઉંમર કેટલી હશે ? ગણી જુઓ તો ! હવે તો નોરા જોન્સના પિતાની વધુ ઓળખ આપવાની રહેતી નથી, છતાં તમે જાણી લો કે એ છે - સંગીતજ્ઞ, મહાન સિતારવાદક, ભારતરત્ન પંડિત રવિશંકર. ❐

લઘુકથા

સમૃદ્ધિ

ડૉ. અશ્વિન મ. વસાવડા

સંધ્યા ઉદય પાસે વારંવાર ફરિયાદરૂપે કહ્યાં કરતી, 'તમારા મિત્ર ચંદ્રભાઈ જુઓ કેટલું કમાય છે; કેવો બંગલો, તેમાં કેવું ફર્નિચર અને સુરભિને તો સોને મઢી દીધી છે... કેવાં નસીબદાર છે !'

'... આપણે પણ 'ડ્રૉઈંગરૂમ', તેમાં તને ગમ્યો તેવો સોફાસેટ, ડાઈનિંગ કમ કિચન, તેમાં તને ગમ્યું તેવું 'ડાઈનિંગ ટેબલ' અને 'કપબોર્ડ', 'બેડરૂમ' અને તેમાં પણ તારી પસંદગીનો અદ્યતન 'ડબલબેડ પલંગ', ફર્નિચર તો બનાવ્યું છે - તેં જ્યારે કહ્યું ત્યારે અને તેં પસંદ કર્યા તે દાગીના લીધા છે... પછી તારે શું નથી ?'

- 'ના, હું તો સહજ કહું છું.'

'જો સંધ્યા, ચંદ્ર તેના બિઝનેસમાં એટલો બધો પડ્યો રહે છે કે ઘરનો રોટલો પણ શાંતિથી ખાતો હશે કે કેમ તે પ્રશ્ન છે. મેં ગઈકાલે રાતે જમવાના સમયે જ તેને આપણા પ્રવાસમાં જોડાવા ફોન કર્યો તો હજુ ઘરે આવ્યો નહોતો. સુરભિએ કહ્યું કે તે ચંદ્રને પૂછી આજે જવાબ આપી જશે.'

સંધ્યા મૂંગી રહી.

સાંજે સુરભિ આવી. 'ગઈ કાલે રાતે ઉદયભાઈનો ફોન આવ્યો ત્યારે ચંદ્ર તો ઍસયૂઝુઅલ ઘરમાં નો'તો. મેં ચંદ્રને પ્રવાસની વાત કરી કે ઉદયભાઈ-સંધ્યા, તેજસભાઈ-ધરા સિમલા-મનાલી જાય છે. આપણને પણ જોડાવાનું કહે છે. જાન્યુઆરીનો એન્ડ છે તેથી સ્નો-ફૉલ જોવાનો પણ ચાન્સ મળે.'... પણ ચંદ્ર તો ના પાડે છે. કહે છે કે તું જઈ આવ... મારાથી પંદર-સત્તર દિવસ ધંધો મૂકી આવી શકાય તેમ નથી.

'હા, તો સુરભિ તું આવને, મજા આવશે.'

'સંધ્યા, એમ કંઈ હું એકલી આવું તે સારું કહેવાય ?'

થોડા મૌન પછી. નિસાસો નાખી બોલી, 'કેવાં નસીબદાર છો તમે. ઘરમાં સાથે જમો છો, મન થાય ત્યારે બહાર જમવા જાવ છો, હરો છો, ફરો છો અને મોજથી જીવન મ્હાણો છો... કેવું સમૃદ્ધ તમારું જીવન છે !' અટકીને ઉમેર્યું, 'ચંદ્રને તો પૈસા કમાવાનો નશો ચડ્યો છે અને એ નશામાં અમારું જીવન તે ખર્ચી રહ્યો છે.'

રાતે સંધ્યાએ ઉદયને સુરભિ આવેલી અને તેણે કહેલી વાત કરી. ઉદયે હસીને કહ્યું, 'સંધ્યા, કદાચ સુરભિના સ્થાને તું હોત તો આ જ ફરિયાદ કરતી હોતને ?!'

કોમળ પંચમ જ તીવ્ર મધ્યમ

તારિણીબહેન દેસાઈ

જિંદગીનું આખુંયે આકાશ તૂટી ગયું હોય અને તેના ટુકડે ટુકડા થઈ જમીન ઉપર વિખરાઈને પડ્યા હોય અને તે ટુકડાઓને ભેગા કરી જોડવાનો પ્રયત્ન થતો હોય તેમ નજીકનાં સગાંઓ આડોશી-પાડોશીઓ સવિતાને સાંત્વન આપવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. એના પતિના મૃત્યુ પછી.

જીવનવેલને હંમેશ શણગાર્યા જ કરવાના પ્રસંગો એના જીવનમાં બનતા. પતિ અંબાપ્રસાદ વિદ્વાનોમાં પણ પૂજાતા. વળી સંસ્કારી પણ ઘણા જ. એમની પાસેથી જ્ઞાન મેળવવા લોકો તલપાપડ થતાં અને બધાં જ સવિતાની ઈર્ષા કરતાં, કારણ એમની વિદ્વત્તાનો વધારેમાં વધારે લાભ એને જ મળતો - પત્ની હોવાને નાતે.

એમના મૃત્યુ પછી બેચાર દિવસ એ ખૂબ શૂન્યમનસ્ક થઈ ગઈ હતી. પછી ધીરે ધીરે સગાંવહાલાંઓએ પતિની વાતો કરી કરીને એને ખૂબ રડાવી અને એટલે એ હવે થોડી સ્વસ્થ થઈ હતી. આધ્યાત્મિક વાંચનને લીધે - જન્મ અને મૃત્યુની જીવનની બે ઘટનાઓ તો અનિવાર્ય છે જ, એ તો એ જાણતી હતી. 'જન્મે તે તો સર્વે જાવાનાં.' કવિતાની એ પંક્તિ પણ એણે વાંચેલી હતી. તેથી કોઈએ થોડા વહેલા કે થોડા મોડા જવાનું તો છે જ. પણ... થોડા વહેલા એટલે પણ... કેટલા વહેલા...? જીવનની બપોરે ? હજી સાંજ પડવાને તો ઘણી વાર હતી ! સૂર્યોદય થયા પછી સૂર્યાસ્ત સુધી તો દિવસ ચાલે જ ને ? પણ આમ બપોરે જ જો સૂર્ય દોડીને દરિયામાં ડૂબી જાય તો... તો બધે અંધારપટ જ છવાઈ જાય ને ! સવિતાએ તો હજી જિંદગીની અડધી મજલ પણ કાપી નહોતી ત્યારે ભરજવાની ઉપર કેસૂડાની કલગી પણ ઊગી ગઈ હતી અને જાણે કે આખેઆખું ઝાડ જ ઉવેખાઈ ગયું કે પછી ખીલતી જવાનીનાં પારિજાતને વધારે પડતી લાગણીનાં ઠંડાં મોજાંઓએ સૂકવી નાખ્યું હશે ?

જે હોય તે... પણ હવે તે થોડી સ્વસ્થતા અનુભવવા માંડી હતી. રોજ પોતાના નિત્યક્રમથી પરવારી બપોરે થોડું વાંચવું, સવારે થોડા જપજાપ કરવા, ભગવાનની સેવાપૂજા કરવી અને એ રીતે અઠવાડિયાનું એક વારનું તારીખિયાનું પાનું ફાડી નાખવું. એક દિવસ જમીપરવારી આડી પડી પડી પેપર વાંચતી હતી ત્યાં જ ઘંટડી રણકી. બારણું ખોલ્યું તો દાસભાઈ દેખાયા. સવિતા થોડી વિચારમાં પડી. બે વાગે દાસભાઈ ક્યાંથી ? એ તેમને આવકાર આપે તે પહેલાં જ, 'કેમ છો... સવિતાબહેન ! શું કરતાં હતાં... વાંચતાં હતાં કે...? અહીંથી પસાર થતો હતો એટલે થયું કે સવિતાબહેનને મળતો જાઉં.' 'હા... હા... દાસભાઈ ! બધું પરવારી જરાક પેપર વાંચતી હતી.' 'હાસ્તોને શું કરો હવે તો એકલાં પડી ગયાં તમે ! અંબાપ્રસાદ એટલે અંબાપ્રસાદ. શી એમની વિદ્વત્તા... એમની પાસે બે જ ઘડી બેસો તો પણ ખાલી થયેલું મન ભરાઈ જાય. એમની પાસેથી હંમેશ કાંઈક લઈને જ નીકળીએ. હવે તો એ બધું ગયું જ ને ?'

'હા... દાસભાઈ ! ભગવાનને ગમ્યું તે ખરું.'

'અરે, પણ સવિતાબહેન. મને તો તેઓ ઊંઘમાં પણ દેખાય છે અને સ્વપ્નાં પણ તેમનાં જ આવે છે ત્યારે તમને તો શુંનું શું ય થતું હશે ?'

'શું થાય ભાઈ ! એવું બધું તો થવાનું જ ને ? પણ... આપણે જીવનનું ગાડું તો ચલાવવાનું જ છે ને ?'

'હાસ્તોને... આપણે તો સ્વસ્થ થયે ચાલે જ નહીંને ? તમારે તો સારું છે કે વાચનનો શૉખ છે, જે અંબાપ્રસાદે જ લગાડ્યો છે. એટલે તમને તો ધીમેધીમે એકલું એકલું નહીં લાગે. આ તો મને જ એવો આઘાત લાગ્યો છે તેથી મને તમારો જ વિચાર આવ્યો. ચાલો ત્યારે...'

'પણ... દાસભાઈ ! ક્યારેક ક્યારેક આવતા રહેજો હોં કે... મનને જરાક સારું લાગે છે.'

'એઈ... વારુ સવિતાબહેન !'

કહેતા કહેતા એ તો ગયા. સગાં-સંબંધીથી જુદા માણસને મળ્યાં, જે પતિ સાથે ઘણા નિકટના હતા અને એમને લીધે પોતાના પણ મિત્ર હતા. અંબાપ્રસાદ હતા ત્યારે તો રાત્રે ડાયરો જામતો. ઘણા બધા મિત્રો આવતા અને જુદી જુદી ચર્ચાઓ થતી. પછી નાસ્તાપાણી થતા અને કોઈ વખત રાત્રે મોડું થયું હોય તો જેનું ઘર દૂર હોય તે રાત્રે અહીં રોકાઈ જતા પણ ખરા. બધા જાતે પથારી નાખી સૂઈ જતા અને સવારે ચા-પાણી પી પછી ઘેર જતા. કોઈક વખત તો રોકાઈ ગયેલાને આગ્રહ કરીને બંને જમાડી મોકલતા. પાછા બધા બેચાર દિવસ પછી આવી જ રીતે ડાયરો જમાવતા. આમ તો અંબાપ્રસાદ બધાના ગુરુ હતા સવિતાના પણ. એટલે ઉંમરમાં બધાનાથી ઘણા મોટા. પણ... ગુરુ-શિષ્ય પરંપરા બદલાઈને મિત્રતામાં પરિણમી હતી અને પતિ-પત્ની તરીકેની પણ.

બીજે દિવસે એવી જ રીતે સવિતા પેપર વાંચતી વાંચતી આડી પડી હતી. આંખ મળી જવાની તૈયારીમાં હતી ત્યાં જ ઘંટડી રણકી. એ ઝબકીને જાગી. અત્યારે વળી કોણ હશે ? દૂધવાળો, બિસ્કિટવાળો અને ઘાટી બધા તો આવી ગયા છે એમ વિચારતી બારણું ખોલ્યું તો... જશવંતભાઈ દેખાયા.

'કેમ છો...ભાભી ! શું ઊંઘતાં હતાં કે મેં ડિસ્ટર્બ તો નથી કર્યાંને ?'

'ના...રે ભાઈ ! ડિસ્ટર્બ શું ? જરા આંખ મળી ગઈ હતી ખરી.'

'માફ કરો ભાભી ! તમતમારે આડાં પડો. મારે કોઈ ખાસ કામ નથી. હું જાઉં ત્યારે...'

ખૂબ જ ઊંઘમાં સવિતા હતી એટલે એને જશવંતભાઈ જાય તો વાંધો નહોતો. નિરાંતે ઊંઘી શકાય. એમ વિચાર તો જાણે આવ્યો જ પણ... પછી થયું... ના... ના... એમ છેક અહીં સુધી આવેલા પતિના મિત્રને જવા દેવાય ? વિચારી સવિતા મોટેથી બોલી, 'ના... ના... જશવંતભાઈ ! એમ અહીં સુધી આવીને પાછા જવાય કે ? તમારા ભાઈબંધ હોત તો તમે આમ જાત કે ? આ તો જરા આંખ મળી ગઈ હતી ખરી. ચાલો, જરા ચા મૂકી દઉં એટલે જાગ્રત થઈ જવાય.'

'ચાલો, ત્યારે ભાભી ! મૂકો ચા. હું રસોડામાં જ તમારી પાસે ઊભો રહું છું.'

'ના... ના... જશવંતભાઈ ! તમતમારે બહાર બેસો. હું ચા બનાવીને બહાર જ આવું છું.'

'એવું હોય કાંઈ ભાભી ! તમને કેટલું બધું એકલું એકલું લાગતું હશે ! ચાલોને, હું સાથે જ આવું. તમે ચા બનાવો અને હું તમારી સાથે ત્યાં જ વાતો કરીશ.'

'ચાલો ત્યારે ભાઈ ! હા... હા... એમાં શું ? અહીં બેઠા કે ત્યાં બેઠા. હાલો, રસોડામાં.'

સવિતાએ ચા-પાણી ગૅસ ઉપર મૂક્યાં. બરણીમાંથી થોડો નાસ્તો પણ કાઢ્યો. હાથમાં સાણસી લઈ તપેલી પણ પકડી ત્યાં જ જશવંતભાઈ અંબાપ્રસાદનાં વખાણ ઉપર વખાણ કરવા માંડ્યા. તે સાંભળી સવિતા ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી. જશવંતભાઈએ એના વાંસા ઉપર હાથ ફેરવવા માંડ્યો. એમ કરતા કરતા બોલ્યા, 'ભાભી ! મારા સમ છે તમે રડો તો...'

અને સવિતા જરા સ્વસ્થ થઈ ચા ગાળવા માંડી. બંને ડ્રૉઈંગરૂમમાં આવ્યાં. ચા-નાસ્તા પછી જશવંતભાઈ તો ગયા. પણ તેથી જ સવિતાને થયું કે એ જીવનમાં જરાયે એકલી નથી. બધા કેવા વારાફરતી કાળજી લેવા આવે છે ! એમના ઉપરની લાગણીને લીધે. તેથી જીવન જીવવાની તાકાત આવી જતી હોય એમ લાગે છે. લોકોના સાથ અને સહકારથી જીવનનાવને હંકારવી સવિતાને સહેલી લાગી.

હવે તો એણે નક્કી કાર્યક્રમ જ ઘડી દીધો હતો. અમુક સમયે અમુક જ કામ કરવું. તેથી બધું વ્યવસ્થિત ચાલવા માંડ્યું. જીવનમાં આવેલી ખોટ ધીમે ધીમે પુરાવા માંડી અને ગાડી પાટા ઉપર ચાલવા માંડી. 'દુઃખનું ઓસડ દહાડા' એ પ્રમાણે દુઃખનો ડુંગર જરા નાનો થતો ગયો. પોતાના ફાટેલા આકાશને સાંધવાનો સવિતાએ પ્રયત્ન કરવા માંડ્યો. બપોરે અને સાંજે થોડું વાંચી રાત્રે જમીપરવારી ટી.વી. જોઈ, મોડે સુધી જાગવાને બદલે સવારે વહેલી ઊઠતી. એક દિવસ રાતના ટી.વી. ઉપરના સમાચાર જોઈ સુવાની તૈયારી કરતી હતી ત્યાં જ ઘંટડી વાગી.

સવિતા થોડી વિચારમાં પડી. આમ એ એવી ખાસ બીકણ ન હતી પણ... અત્યારે એ થોડી બીની. બારણું ખોલીશ અને ગમે તેવો માણસ નીકળશે તો ? કોઈ ગુંડો, કોઈ ચોર, કોઈ લફંગો. જો કે પતિને ગુજરી ગયે ચારેક મહિના થયા હતા પણ કોઈ દિવસ રાત્રે ઘંટડી વાગી નથી. પાછી ઘંટડી જોરજોરથી વાગવા માંડી. 'હવે તો... બારણું ખોલવું જ પડશે.' સમજી એણે આઈ-હોલમાંથી જોયું તો દાસભાઈ હતા. એને શાંતિ થઈ. એણે નિશ્ચિંત થઈ બારણું ખોલ્યું. તરત જ પૂછ્યું.

'કેમ દાસભાઈ ! અત્યારે ક્યાંથી !'

'અરે.... શું કહું તમને સવિતાબહેન ! સુવાનો વિચાર કરતો હતો ત્યાં એકદમ તમારો વિચાર આવ્યો. થયું સવિતાબહેન કેવી રીતે એકલાં રહેતાં હશે ! હું અહીં ઘેર સૂઉં છું એમ ત્યાં સૂઈશ. એમાં મારે શું ફરક પડે છે ?'

'ના... ના... દાસભાઈ ! એવી કોઈ જરૂર નથી. હું તો મારે આટલા વખતથી એકલી સૂઉં છું જ ને ?'

'અરે... પણ સવિતાબહેન ! તમે આટલાં બધાં રૂપાળાં... ચંદ્રમાને પણ તમને પજવવાનું મન થઈ જાય.'

'જાવ... જાવ... દાસભાઈ ! એવું શું બોલો છો.'

'સાચું જ કહું છું હું. તમારી આ ઉંમર, આ રૂપ-લોભામણાં તો છે જ. અંબાપ્રસાદ હતા ત્યારની વાત જુદી. હવે એ નથી પછી તમે ઘરમાં આમ એકલાં રહો...'

'અરે ભાઈ ! બા-બાપુજી તો મને ઘેર બોલાવે છે. વળી મારા ભાઈના છોકરામાંથી કોઈને હું અહીં સુવાડી જ શકું છું. પણ મને કાંઈ જરૂર લાગતી નથી.'

'એ તો એવું છેને સવિતાબહેન. સૌંદર્ય અને જુવાની બંનેની સ્પર્ધા જ્યાં ચાલતી હોય ત્યાં પછી...'

'શું કહ્યું, દાસભાઈ ! હું બહુ સમજી નહીં. તમારા ભાઈબંધ જેટલી હું વિદ્વાન નથીને એટલે.'

'સવિતાબહેન ! વિદ્વત્તાનું એની જગ્યાએ જરૂર સ્થાન છે, પણ સુંદરતાના પૂજારી થવું તો બધાને જ ગમે. તમે તો એકલપેટાં છો. પોતાની પાસે જે ખજાનો હોય તેને જો વહેંચીએ તો તો વધે. જરાયે ઓછો થાય નહીં.'

'દાસભાઈ ! મારી પાસે એવો કોઈ ખજાનો નથી. અને જો હોય તોય હું તો વળી છું કંજૂસ. મારાથી કાંઈ છૂટે ?'

'ચાલો ત્યારે જાઉં, સવિતાબહેન ! આ તો વળી સૂતા-સૂતામાં તમારો વિચાર આવી ગયો એટલે અહીં આવી પહોંચ્યો.'

અને દાસભાઈ તો ગયા. પછી એણે ખૂબ વિચાર કર્યો.

જો કે પ્રસાદસાહેબના જવાથી સાવ એકલું એકલું તો લાગતું હતું. પણ દાસભાઈ આટલી રાત્રે કેમ આવી પહોંચ્યા હશે! વળી સુંદરતાની તેઓ શું વાત કરતા હતા? એમની વાત તો જાણે સાચી જ છે. મારી સ્કૂલની બધી છોકરીઓ કાર્યક્રમમાં મારી સાથે ઊભી રહેતી નહોતી. કહેતી હતી : સવિતા સાથે ઊભાં રહીએ તો ઝાંખાં પડી જઈએ. વળી કૉલેજમાં તો બધા છોકરાઓ - 'Beauty Queen' તરીકે બૂમો પણ પાડતા હતા. પણ કોઈ દિવસ પ્રસાદસાહેબે 'તું દેખાવડી છું' એમ કહ્યું નહોતું. કદાચ એમને એવું બધું જોવાની નવરાશ જ ન હતી. પણ દાસભાઈ! આમ તો કલાકાર જીવ કહેવાય. સૌંદર્યને પામી શકે છે. પાછો મારે માટે તેમજ પ્રસાદસાહેબ માટે એમને ભાવ પણ ખૂબ છે! એવો આખી રાત વિચાર આવ્યો. જીવનમાં પોતાને વખાણે એવું પાત્ર મળવું જોઈએ. દાસભાઈ ખરેખર જ ઘણાં લાગણીશીલ, કાળજી રાખે એવા તેમજ સમજદાર માણસ. મારી ખૂબ કાળજી રાખે છે. એમ વિચારતાં વિચારતાં આખી રાત પસાર થઈ ગઈ. ક્યારે ઊંઘ આવી તે પણ ખબર પડી નહીં. પણ જ્યારે ઊઠી ત્યારે ઉજાગરા જેવું લાગતું હતું. સવારમાં શાક લેવા માર્કેટમાં ગઈ તો ત્યાં જશવંતભાઈ ભટકાયા. સવિતા તો શાક લેવામાં મશગુલ હતી, ત્યાં જ -

'કેમ છો... ભાભી! ખરાં મળી ગયાં. હું તમારો જ વિચાર કરતો હતો.'

'અરે, જશવંતભાઈ! મારું તો તમારા તરફ ધ્યાન જ નહોતું.'

'અરે, ભાભી. તમારું તો મારા તરફ ધ્યાન જ ક્યાંથી હોય? પણ તમારા ઉપર તો ભલભલાનું ધ્યાન જાય એવું છે. શું મદમાતી ચાલ, શું ગૌરવપૂર્ણ ચહેરો! મોઢા ઉપર લાલ લાલ ટશર ફૂટે છે!'

'તમેય શું, જશવંતભાઈ!' કહી શરમાતી શરમાતી સવિતા ઊભી રહી.

'હવે તો ઘણાં સ્વસ્થ લાગો છો ને કાંઈ!'

'હા ભાઈ! સ્વસ્થ થવું જ રહ્યું ને? કાંઈ છૂટકો છે?'

'અરે, શું કહું ભાભી! થોડા વખત પહેલા એટલે કે અંબા-પ્રસાદના ગુજરી ગયા પછી ઘણો લાંબો સમય તમે સાવ ડોશી જેવા લાગતા હતા અને અત્યારે રાતી રાયણ જેવાં લાગો છો!'

'રહેવા દો, રહેવા દો; એ બધી વાતો જશવંતભાઈ!'

કહી સવિતા થોડું શરમાઈ અને બંને છૂટાં પડ્યાં. ઘેર આવી પોતાને માટે રસોઈની તૈયારી કરવા માંડી. પણ એકલા પંડ માટે વળી શું ખાસ કરવાનું? પણ તોયે સો ગ્રામ શાક સમારવા બેઠી તો આંગળી કાપી નાખી. વિચાર પેલો જ આવ્યા કરે : 'રાતી રાયણ જેવાં લાગો છો!' એ વિચાર આખાયે શરીરમાં ફરી વળ્યો. અને ખરેખર જ આયનામાં જોયું તો શરીર રાતી રાયણ જેવું જ લાગ્યું.

શરીરમાં જરા સ્ફૂર્તિ લાગી. બરાબર ચાર મહિનાથી શરીર સાવ મરી ગયેલું લાગતું હતું અને આજે આમ કેમ લાગ્યું? જો કે એને થોડો આનંદ થયો. મરી ગયેલા માણસ પછી બાકી રહેલા માણસોએ તો જીવનને ટકાવવાનું જ છે ને? અને જીવતે જીવત મરી ગયેલ માણસ જેવું જીવવું તો ખૂબ જ નકામું કહેવાય. જીવનમાં ઉત્સાહ અને ઉમંગ તો હોવા જ જોઈએ.

પછી થોડા દિવસે દાસભાઈ આવ્યા, પિક્ચરની બે ટિકિટો લઈને. સવિતાએ ખૂબ ના પાડી પણ એમણે કહ્યું, 'સવિતાબહેન! આ પિક્ચરને તો ખૂબ બધા અવૉર્ડ્ઝ મળ્યા છે. તેથી એ ઉત્તમ કહેવાય. અને હવે શોકમાં ક્યાં સુધી બેસી રહેશો?'

હા... ના... હા... ના.... કરતાં કરતાં બંને પિક્ચર જોવા ઊપડી ગયાં. પાછાં આવ્યાં પછી સવિતાને પિક્ચરમાં બહુ મજા આવી હોય તેમ લાગ્યું. કોણ જાણે ક્યારેય પિક્ચર જોયું હશે? કારણ પ્રસાદસાહેબને તો પિક્ચરનો શૉખ જ નહીં. તેથી સવિતાનો પિક્ચર જોવાનો શૉખ પણ એવો વિકસ્યો નહોતો. તો પણ આજે મજા તો આવી જ. આ પણ એક દુનિયા છે. થોડે થોડે વખતે પિક્ચર જોવા જવું જ જોઈએ. અને પછી તો થોડા દિવસ થાય એટલે સવિતાને પિક્ચર જોવાનું મન થતું. એ દાસભાઈને ફોન કરી દેતી એટલે તેઓ ટિકિટ લઈ આવતા. તેઓ ખુરશીમાં સાથે બેઠાં હોય તો બહુ ગમવા માંડ્યું. પછી એક સાંજે જશવંતભાઈ આવ્યા.

'શું કરો છો ભાભી, ઘરમાં બેઠે બેઠે? ચાલો ચાલો, ઘડીક બગીચામાં જઈએ. તમારી તો સામે જ બગીચો છે તોયે તમે એનો લાભ લેતાં નથી.'

'બેઠાં છીએ હવે ઘેર.'

'ના ના ભાભી! ચાલો સાડલો બદલી લો. તૈયાર થઈ જાવ. આજે આપણે જવું જ છે. જરા મન ખુલ્લું થશે.'

ખૂબ આગ્રહને લીધે સવિતા તૈયાર થઈ ગઈ અને બંને બગીચામાં થોડું ચાલ્યાં. પછી ઝાડ નીચે બાંકડા ઉપર વાતો કરતાં બેઠાં. પાછા વળતી વખતે થોડું અંધારું થયું હતું. ટ્રાફિક ઘણો વધી ગયો હતો. ગાડીઓની તેમજ બસની દોડમદોડ શરૂ થઈ ગઈ હતી. રસ્તો કેમે કર્યો ક્રૉસ જ ના થાય અને જશવંતભાઈએ સવિતાનો હાથ પકડ્યો અને રસ્તો ક્રૉસ કરાવ્યો. પછી તો રોજ સાંજનો સમય બગીચામાં જવાનો નક્કી જ થઈ ગયો. રાત્રે પાછા ફરતી વખતે અને રસ્તો ક્રૉસ કરતી વખતે કોઈ વાર હાથ તો કોઈ વાર ખભો તો કોઈ વાર જશવંતભાઈ કેડ પણ પકડી લેતા. પછી સારી રીતે રસ્તો ક્રૉસ થઈ જતો. પરપુરુષના સ્પર્શની મધુરતા એને ગમવા માંડી. કોઈ

દિવસ જશવંતભાઈ સાંજે ના આવે તો તે આકુળવ્યાકુળ થઈ જતી. અને આમ દિવસો ઉપર દિવસો આનંદમાં પસાર થવા માંડ્યા. સવિતા ખુશખુશાલ રહેવા માંડી. જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો એને હમણાં શુક્રની મહાદશા શરૂ થઈ ગઈ હોય એમ લાગે.

પણ દાસભાઈ અને જશવંતભાઈની સાથે પિક્ચર જોવા કે બગીચામાં જતાં જોઈને લોકોએ વાતો શરૂ કરી. ગામને મોઢે ગળણું થોડું જ બંધાય છે ? લોકો તો કહેવા માંડ્યાં :

'એક વર ગયો એટલે હવે બે વર ઊભા થઈ ગયા.'

સવિતાને થયું, આવી વાતો થાય છે એનાં કરતાં લગ્ન જ કરી લેવું જોઈએ. જોને બધાં જ કહે છે કે કાચી ઉંમરમાં પતિ ગુજરી ગયો એટલે આટલી ભરજુવાનીમાં બીજું શું થાય ? પત્ની મરી ગયાં પછી પતિ બીજા લગ્ન કરે જ છે ને ? અને હવે તો - સ્ત્રીઓ પણ પતિ મર્યા પછી લગ્ન કરે છે. પણ... લગ્ન તો એક જ વ્યક્તિ સાથે થાયને ? દાસભાઈ અને જશવંતભાઈ બંનેમાંથી કોને પસંદ કરવા ? બંનેમાં પોતપોતાની સારી વસ્તુઓ તો છે જ. લગ્ન કર્યા વગર તો બંને સાથે ફરી શકાય છે, તો પછી લગ્નની જરૂર જ શી છે ? લગ્ન એટલે તો બંધન. જોને અંબાપ્રસાદ હતા ત્યારે આ બધી વસ્તુઓ એ નહોતી જ કરી શકતીને.

'તો શું દાસભાઈ કે જશવંતભાઈ, દાસભાઈ કે જશવંતભાઈ કે બંને ?'

વિચાર કરતાં કરતાં સાચો રસ્તો એને ન જડવાથી મગજ જરા વધારે કસ્યું. લાવને કવિતા વાંચું. એમાંથી કોઈ રસ્તો જરૂર જડશે. પાનાં ઉથલાવતાં ઉથલાવતાં ન્હાનાલાલની પંક્તિઓ વાંચવા મળી :

'દેહલગ્નની વિધવાને પુર્નલગ્ન સમું પુણ્ય નથી,
પ્રેમલગ્નની વિધવાને પુર્નલગ્ન સમું પાપ નથી.'

ફરીફરીને એ આ પંક્તિઓ વાચવા માંડી અને વિચારવા માંડી - 'પોતાનું પ્રસાદસાહેબ સાથે દેહલગ્ન કે પ્રેમલગ્ન ?' એને ફક્ત એમની સાથે શરીરનો સંબંધ હતો કે સ્નેહ-લાગણી પણ હતાં.

અને એણે પ્રસાદસાહેબ સાથેના પ્રસંગો યાદ કરવા માંડ્યા. ત્યારે સમજાયું કે લગ્ન પછી એ એકેય રાત પિયર રહી નથી. હા, બેચાર કલાક માટે જતી; પણ પ્રસાદસાહેબને છોડીને ક્યારેય ગઈ નથી. જ્યારે તેઓ કોઈ અભ્યાસપૂર્ણ પુસ્તક લખતા હોય ત્યારે તેઓ સવિતાને કહેતા, 'સવિ ! હું તો મારા કામમાં પડી જઈશ. તું એકલી બેઠી બેઠી કંટાળી જઈશ. તું તારી બા સાથે પાંચ-પંદર દિવસ રહી આવને. તને ત્યાં વાતોની બહુ મજા આવશે.' ત્યારે એ કહેતી, 'ના રે; મારે કાંઈ તમને મૂકીને ક્યાંય જવું નથી. તમે લખતા હશો ત્યારે હું તમને ચા-નાસ્તો બનાવી આપીશ. હું પણ થોડું વાંચીશ-વિચારીશ. આવો વિદ્વાન પતિ મળ્યો છે તો વિદ્વત્તાને માણીશ. પ્રભાવશાળી વ્યક્તિત્વને પીધા કરીશ. સામે બેસીને મેં ભગવાનને પાંચેય આંગળીયે પૂજ્યા હશે. કારણ મેં સાત ગોર કરી છે સાત. બીજાં બધાં તો પાંચ કરે છે.'

અંબાપ્રસાદના મૃત્યુ પછી તો એ બેભાન થઈ ગઈ હતી. બેભાનાવસ્થામાંથી ઊઠ્યાં પછી પણ એને ટીકડીઓ આપ્યા કરવી પડતી હતી. અત્યારે જ એની સામે અંબાપ્રસાદની મૂર્તિ દેખાઈ. સૌજન્યશીલ સૌંદર્યવાન અને વિદ્વાન પતિ સાથે થોડા જ વર્ષો ગાળ્યાં હોવા છતાં પણ સ્વર્ગથીય ઊંચેરું સ્વર્ગ મળી ગયું કહેવાય. અને શું હું નરક તરફ વિચાર કરી રહી હતી ? પોતાની ભયંકર ભૂલ થતાં પહેલાં જ અંબાપ્રસાદના સ્નેહ અને ન્હાનાલાલે બચાવી લીધી હતી. એમ સમજી અંબાપ્રસાદના ફોટાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા માંડી અને ન્હાનાલાલની કવિતાની ચોપડીને આંખે લગાડવા માંડી. વળી, ભગવાન પાસે નાકલીટી તાણી. ગાલ ઉપર થપાટો મારી પ્રાયશ્ચિત્ત કરવા માંડી.

તરત જ દોડીને લાઈબ્રેરીની સભ્ય થઈ ગઈ એટલે બપોરે ઘેર જ ના હોય. લાઈબ્રેરીમાં વાંચવા જ જતી રહે. રાત્રે આવે અને પાડોશીને પોતાનાં બારણે તાળું મારવાનું કહી દેતી. સવારે ફોન કરી ઊઘાડવાનું પણ કહી દેતી. ઘરમાં એ બહુ ઓછું રહેવા માંડી, જેથી કોઈ મળવા આવી જ ન શકે.

દાસભાઈ અને જશવંતભાઈ તો ઊંચાનીચા થઈ ગયા. શું, ગામ છોડીને સવિતાબહેન જતાં રહ્યાં કે ? હવે ક્યારે આવશે ? બંનેમાંથી પહેલા એમને કોણ પકડશે ? કારણ બંનેએ નવી નવી સાડીઓ તેમજ ઘરવપરાશની વસ્તુઓ આણી રાખી હતી. પણ... સવિતા મળે તો ને ? કદાચ ન કરે નારાયણ ને બંનેમાંથી કોઈ આવી જાય તો એમને પાછો મોકલવાનો રસ્તો પણ એણે શોધી રાખ્યો હતો.

એક દિવસ રાત્રે બાજુવાળાને ત્યાં મહેમાન આવ્યા હોવાથી બારણાને તાળું મારતાં થોડી વાર થઈ એટલી વારમાં દાસભાઈ આવી પહોંચ્યા. ગુસ્સો વ્યક્ત કરતા બોલ્યા, 'કેમ સવિતાબહેન ! ક્યાં છૂમંતર થઈ ગયાં હતાં ? પણ મેં તમને કેવા પકડી પાડ્યાને ?'

'અરે ભાઈ ! શું કહું તમને ! તમારા પ્રસાદસાહેબે તો મારી પાસેથી વચન લીધુ હતું તે તો પૂરું કરવાનું હું ભૂલી જ ગઈ હતી. મને યાદ દેવડાવવા રોજ રાત્રે મારી પાસે આવે છે. જુઓને દાસભાઈ ! આ... આ આ...'

'શું ગાંડું ગાંડું બકે રાખો છો ?'

'હા... હા... સાચું જ છે. મારી પાસેથી તો એમણે વચન

લીધું હતું વચન. એમણે કહ્યું હતું, 'મારા ગયા પછી બાકી રહેલું મારું કામ તારે જ આગળ ચલાવવાનું જ છે. તું તો શક્તિ છે શક્તિ. શારદા, લક્ષ્મી તેમજ કાલિકા એકીસાથે બધી જ. શક્તિનો તો ધોધ તારામાં વહે છે. જુઓ, જુઓ લાગે છેને દાસભાઈ !'

અને સવિતાએ તો પોતાના બાંધેલા વાળ છોડી દીધા. આંખ થોડી મોટી કરી બોલવા માંડી, 'હવે તો હું પ્રસાદસાહેબ જેવી વિદ્વાન થવા માંડી છું !'

'ચલ હટ, વેવલી ! તું શું બની શકે વિદ્વાન. તું તો બની રહી છે ગાંડી કાળકા. બૈરાંઓ તો રસોડામાં જ સારાં. બનાવવા માંડ ભાખરી ને શાક અને તેમાંય બટાકાનું શાક.'

'ના હોં; તમારા પ્રસાદસાહેબને તો ભીંડા જ ભાવતા. તેથી હું હવે રોજ ભીંડા જ ખાઉં છું જુઓને. આ અમારા પ્રસાદ-સાહેબે તો ભીંડા ઉપર લેખ લખ્યો છે લેખ. ભીંડા ખાવાના ફાયદા. એમને છે ને તે પિક્ચર ફિક્ચર ગમે જ નહીં. એ કહેતા કે એ તો બધી આછકલાઈ છે. અને મને પણ એ સાચું જ લાગે છે. પ્રસાદસાહેબ એટલે વિદ્વાન. ઘણા સાલસ, ઘણા આંતરિક સૌંદર્યવાન, સંપૂર્ણ પુરુષ હતા, સંપૂર્ણ કોઈ.. એકેય પુરુષ એવો દેખાય છે ? એમનાથી બાર આની જેટલો ઓછો પણ...'

'સવિતા, એઈ મૂર્ખી ! આવું ગાંડું ક્યાંથી ઊપડ્યું છે ? અંબાપ્રસાદના ભૂતે તારું મગજ ખસેડી દીધું છે કે ? હાલ... હાલ... હવે પિક્ચર જોવા. બહુ મજાનું પિક્ચર આવ્યું છે !'

સવિતા દાસભાઈનું સાંભળ્યા વગર જ બોલ્યે રાખે છે :

'હું તો અત્યારે વિદ્વત્તાના દરિયામાં બેઠી છું. તેઓ કહેતા હતા કે જીવનની સાર્થકતા એ તો આપણી પૂંજી છે. આમ પાછા શૉખીન ખરા. એમને જાસૂદનું ફૂલ બહુ ગમે, રસોઈમાં કારેલાનું શાક બહુ જ ભાવે. તેઓ કહેતા - બહુ મીઠી જબાન બીજાને ફસાવી દે છે.'

'એ તો વેદિયો હતો વેદિયો. એનામાં તો સંસારનું ડહાપણ જ નહોતું. હાવ... હલેતો.'

સાંભળતાંની સાથે જ એણે દાસભાઈને જોરથી તમાચો દીધો. ખૂબ ચિઢાઈને બોલી, 'જોઈ નથી શકતા તમે ? આંધળા થઈ ગયા છો કે...? હમણાં જ પ્રસાદસાહેબ આવી પહોંચ્યા છે મારી પાસે. મારી સાથે હીંચકા ઉપર બેઠા છે. હવે મારામાં વિદ્વત્તા જરૂર પ્રવેશવાની. પ્રસાદસાહેબ એટલે પ્રસાદસાહેબ એટલે...'

'બસ, ચૂપ કર એ બધું. ખાલી ચણો વાગે ઘણો. જા રે જા... ઘેલી. ફેરવ્યાં કર માળા પેલા ભૂતની એટલે પ્રસાદની.'

'શું, સમજ્યા તમે ? બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો સરવાળો એટલે...'

'એઈ અક્કલની બારદાન ! તારી પણ અંબાપ્રસાદની જેમ જ ડાગળી ખસી ગઈ છે કે ?'

બોલતા બોલતા ચિઢાઈને દાસભાઈ તો જતા રહ્યા. બીજે દિવસે જશવંતભાઈ દેખાયા. એમણે સામે બગીચામાં જવાની વાત કાઢી અને સવિતાનું ફટક્યું. એણે દાસભાઈને જેમ સમજાવ્યું હતું એવું જ આમને કહ્યું. જશવંતભાઈ કાલાંવાલાં કરતા બોલ્યા, 'અરે... ભાભી ! એવા પ્રસાદના ભૂતને મારી ભગાડો. કયા ભૂવાએ તમારી પાસે એનાં ભૂતને મોકલ્યું છે ? શું અંબાપ્રસાદ ભૂત થયો છે ? આવી બધી વાતોને બાજુએ મૂકી ચાલો બગીચામાં.'

'ના હોં; જશવંતભાઈ ! ઘરની દીવાલે દીવાલે પ્રસાદસાહેબનાં શબ્દો કોતરાયા છે. ફૂલોને માણવા બગીચામાં ફાંફાં મારવા કે લટાર મારવા જાય એવા સાધારણ માનવી એ નહોતા. બસ હવે તો બગીચો ઘરમાં જ બનાવી એની આસપાસ ખુરશી મૂકી મુક્તપણે વાંચવું, વિદ્યા માણવી, મેળવવી. જુઓને જશવંતભાઈ ખુદ વિદ્યાદેવી જ મારી પાસે આવ્યાં લાગે છે.'

આટલું બોલી વાળ છુટ્ટા કરી આંખો મોટી કરી દે છે.

'હવે ધૂણવા માંડ, હલકટ ! એટલે થઈ જઈશ કાળકામાતા. જા...જા... ગંડુસ.'

'જુઓ... જુઓ.... ભાઈ ! સાષ્ટાંગ પ્રણામ કરો સાહેબને... તેઓ મારી પાસે જ ઊભા છે.'

'જા... જા... હવે એને શું પગે લાગવાનું. એ તો થયો છે ભૂત. કમોતે ગયો બિચારો : અને આ છે શંખણી. એનામાં તો વિદ્યાદેવી કોઈ દિવસ પ્રવેશે ? પતિ હમણાં જ મરી ગયો છે ત્યારે પરપુરુષ સાથે ફરવા બેઠી છે ! જા રે જા મારે હવે તારી સાથે કાંઈ માથાપરચી કરવી નથી.' કહી જશવંતભાઈ પણ ગયા.

આમ આપોઆપ બધા દૂર થઈ ગયા સવિતારૂપી સૂર્યનાં પ્રકાશથી. અને એ પાછી છુટ્ટા વાળ કરી ધૂણવા બેસી ગઈ, બધાને ગભરાવવા. પછી તો અજપાજપની માફક ચોવીસે કલાક ધૂણવાની ધૂણી ધખાવી દીધી. વા વાત લઈ જાય તેમ એની આજુબાજુ તો લોકો જમા થવા માંડ્યાં. એક બાજુથી અવાજ આવ્યો, 'જો જો પેલી શંખણી એનો ભૂત બનેલો હલેતો વર ક્યાં ગયો ?'

તો બીજી બાજુથી બધી માતાઓ પોતાનાં બાળકોને કહેવા માંડી, 'અરે... સાક્ષાત કાલીમાતાનાં દર્શન કરો, બેટા !'

'આ તો સાથે વિદ્યામાતા પણ લાગે છે. વિદ્યા અને તાકાત બંનેની કૃપા થશે તમારા ઉપર.' અને ટેલિવિઝનના ચેનલવાળા વિડિઓ કૅમરામાં આ દૃશ્ય લેવા માંડ્યા હતા. ત્યારે પણ સવિતા તો ધૂણવા જ બેસી ગઈ હતી. ચોવીસ કલાકથી... ચોવીસ લાખથીયે વધારે કલાકો માટે. ❑


જનીનીય ઇજનેરી

ડૉ. જે. પી. ત્રિવેદી

જનીન ઇજનેરી શબ્દ આજે મીડિયા તથા વિજ્ઞાનકથા લેખકો દ્વારા ખૂબ પ્રચલિત બની ગયો છે. આ એક અત્યંત પ્રભાવકારી ટેક્નોલૉજી છે. ડી.એન.એ.ના અણુઓને કાપવા, તેમાં ફેરફાર કરવા તથા તેઓને ફરી જોડવાની ક્રિયા આ ટેક્નોલૉજીમાં આવે. આવી ક્રિયાઓ માટે આવશ્યક અવરોધક ઉત્સેચકો (restriction enzymes) તથા ડી.એન.એ. લીગેઝ જેવા ઉત્સેચકો વાપરવામાં આવે છે.

જનીનીય ઇજનેરીનાં ચાર મૂળભૂત સોપાનો છે : (i) ડી.એન.એ. ટુકડાઓનું પુનર્જનન (regeneration) કરવું., (ii) વાહક અણુ (vector; ડી.એન.એ.ના ચોક્કસ ક્રમાંક દર્શાવતા નાના ટુકડા) સાથે જોડી દેવા. (iii) યજમાન-કોષોમાં તેમને દાખલ કરવા તથા (iv) તેમાંથી આવશ્યક ક્રમાંક દર્શાવતો ભાગ પસંદ કરવો. આ ચારમાંના પ્રથમ સોપાન માટે અવરોધક ઉત્સેચકો પણ વાપરી શકાય છે.

જેમાં આવશ્યક જનીન હોય તે સ્રોતમાંથી ડી.એન.એ.ને કાપી લઈને યજમાન ડી.એન.એ.માં ઉમેરાય છે. યજમાન ડી.એન.એ. આની પહેલાં અવરોધક ઉત્સેચક વડે ચોક્કસ જગ્યાએથી કાપેલો, મેળવાયો હોય છે. આ યજમાન ડી.એન.એ.માં સ્રોતમાંથી મેળવેલા ડી.એન.એ.નો પ્રવેશ કરાવાય છે. આ રીતે સ્રોતવાળા ડી.એન.એ. તથા યજમાન ડી.એન.એ.માંથી બનતો સંકર ડી.એન.એ. પુનર્યોજિત (re-generated) ડી.એન.એ. કહેવાય છે. આ આખી પદ્ધતિનો સિદ્ધાંત આકૃતિમાં દર્શાવ્યો છે.



જનીન ઇજનેરીનો સિદ્ધાંત

જનીનીય ઇજનેરી માટે અન્ય નામો જેવાં કે જનીન સમજનીનીકરણ (gene cloning), જનીન ચિકિત્સા, પુનર્યોજિત ડી.એન.એ. ટેક્નોલૉજી (recombinant DNA technology) તથા આણ્વીય સમજનીની-કરણ (molecular cloning) વપરાય છે. ટૂંકમાં, જનીનીય ઇજનેરી એટલે રંગસૂત્રોમાંથી ચોક્કસ જનીનો શોધી કાઢી તેમને રંગસૂત્રોમાંથી કાપીને બીજા રંગસૂત્રમાં જોડી દેવાની ટેક્નોલૉજી. જનીનો એક વાર બહુગુણન પામ્યા બાદ તેમના દ્વારા બનાવાયેલા પ્રોટીન અલગ કાઢી લેવાય છે. આ ટેક્નિકનો મુખ્ય લાભ સામાન્ય રીતે સૂક્ષ્મ પ્રમાણમાં મળતાં મોંઘાં પ્રોટીન-સ્થિત રસાયણો મેળવવા થાય છે. દા.ત. સોમેટોટ્રોપિન નામના વિકાસ-નિયમનકારી અંતઃસ્રાવ (hormone) પાંચ મિ.ગ્રા. મેળવવા માટે પાંચ લાખ ઘેટાંઓના મગજની જરૂર પડતી જે આજે આ ટેક્નોલૉજીની મદદ દ્વારા પાંચ મિ.ગ્રામ એક જ અઠવાડિયામાં જનીનીય ઇજનેરી કરેલા ૯ લિટર જીવાણુઓમાંથી મેળવવામાં આવે છે.

આ ઇજનેરીનો ઉદ્ભવ જીવાણમય તથા આણ્વીય જનીનવિજ્ઞાનના અભ્યાસ દ્વારા થયો તથા આ ટેક્નોલૉજી સૌ-પ્રથમ ૧૯૭૨માં સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં વિકસાવવામાં આવી.

ડી.એન.એ.ને કાપવો, તેનું રૂપાંતર કરવું તથા પુનર્યોજન કરવું : આ માટે ઉત્સેચકો વપરાય છે જે એક પ્રકારના ઉદ્દીપકીય ગુણ ધરાવતા પ્રોટીન છે. વાપરવા અગાઉ તેમને શુદ્ધ કરવા જરૂરી હોય છે, કારણ કે તેઓ વિવિધ પ્રકારના કોષોમાંથી મેળવવામાં આવે છે. આજે તો જીનેનટેક જેવી અનેક વ્યાપારી કંપનીઓ દ્વારા તે ઉપલબ્ધ છે.

આ માટે વપરાતા ઉત્સેચકો મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે :

(A) પ્રતિબંધક એન્ડોન્યૂક્લીએઝ (restriction endonucleases). આ ઉત્સેચકો ડી.એન.એ.માંના ન્યૂક્લિયોટાઇડ (A,C,G,T જેવાં)ના ક્રમને ઓળખી કાઢીને તેમને ચોક્કસ જગ્યાએથી કાપે છે. આમ જાણીતા ક્રમાંકવાળા ડી.એન.એ.ના ટુકડાઓ મેળવવામાં આવે છે. ઉત્સેચકોનો ઉપયોગ પ્રતિબંધક નકશાઓ (restriction mapping) તૈયાર કરવામાં થાય છે.

(B) ડી.એન.એ.નું રૂપાંતર કરવા માટે વપરાતા ન્યૂક્લીએઝ ઉત્સેચકો વિવિધ પ્રકારના હોય છે. (i) પ્રતિબંધક ઉત્સેચક, DNase I, 5' ન્યૂક્લિએઝ વગેરે. એન્ડોન્યૂક્લિએઝ આમાંનો એક પ્રકાર છે. (ii) ડી.એન.એ. પૉલિમરેઝ, રિવર્સ ટ્રાન્સક્રિપ્ટેઝ જેવાં પૉલિમરેઝ. (iii) રંગસૂત્રના છેડા ઉપર અસર કરતા ઉત્સેચકો આલ્કલાઈન ફોસ્ફેટ, પૉલિન્યૂક્લિઓટાઇડ કાઈનેઝ તથા ટર્મિનલ ટ્રાન્સફરેઝ વગેરે.

(C) ડી.એન.એ લિગેઝનું કાર્ય ડી.એન.એ.ના ટુકડાઓને જોડવાનું હોય છે. આ માટે તેઓ ફોસ્ફોડાઈએસ્ટર બંધ

વાપરીને પુનર્યોજિત ડી.એન.એ.એ ઉત્પન્ન કરે છે.

જનીનીય ઇજનેરીના ઉપયોગો :

આને મુખ્યત્વે પાંચ વિભાગમાં વહેંચી શકાય.

I જનીનોનું પૃથક્કરણ કરવા માટે

II પુનર્યોજિત પ્રોટીન બનાવવા માટે

III ઔષધશાસ્ત્રમાં

IV પ્રોટીન્સની ફેરબદલી કરવા માટે તથા

V પરાજનીન (transgenic) વનસ્પતિ યા પ્રાણીઓ ઉત્પન્ન કરવા માટે.

પૃથક્કરણ : જનીનોનાં બંધારણ તથા કાર્યપદ્ધતિ સમજવા માટે તેનું પૃથક્કરણ કરવું આવશ્યક બને છે. આનાથી જનીનોની તથા એમિનોઍસિડનાં ક્રમાંક જાણી શકાય છે. માનવસંજનીન પરિયોજના આ માટે હમણાં જ સફળતાપૂર્વક પૂર્ણ કરાઈ, જેનાથી ચોક્કસ જનીનોના વિભાગોનું કાર્ય નક્કી થઈ શકશે. આવા ક્રમાંક જાણવા માટે તેમના સંકેતનું પગેરું કાઢવું જે એક પ્રકારનું વિલોપન (deletion) પૃથક્કરણ છે, તે કરવામાં આવે છે.

પુનર્યોજિત પ્રોટીન્સ : પ્રાકૃતિક હોય ઉપરાંત તેમને એકબીજા સાથે ચોક્કસ રસાયણો દ્વારા જોડીને તેમનું સાયનોજન બ્રોમાઇડ જેવા રસાયણ દ્વારા ભંજન કરવામાં આવે છે.

ઔષધશાસ્ત્ર : ઔષધશાસ્ત્રમાં આના વિવિધ ઉપયોગો વિકસાવવામાં આવ્યાં છે જેમાં જનીન સ્ક્રિનિંગ, જનીનનકશા તૈયાર કરવા. જનીન ચિકિત્સા તથા અપરાધ-વિજ્ઞાનમાં તે ખૂબ ઉપયોગી થયું છે. છેલ્લા બે ઉપયોગમાં તો કાનૂની તથા નૈતિક પ્રશ્નો પણ ઊભા થયા છે.

પ્રોટીન્સની ફેરબદલી : આને પ્રોટીન ઇજનેરી કહે છે જેમાં ઓલિગોન્યૂક્લિયોટાઇડ્સ (ન્યૂક્લિઓટાઇડના મર્યાદિત સંખ્યા ધરાવતા ટુકડા) દ્વારા ઉત્પરિવર્તક (mutagen) મેળવવામાં આવે છે.

પરાજૈનિન વિજ્ઞાન (Transgenics)

વનસ્પતિ : એવાં છોડ/વૃક્ષ છે જેમાં સમજનીન (cloned) કરેલી જનીન સામગ્રી પ્રયોગો દ્વારા દાખલ કરેલી હોય છે. આમ કરવાથી પાકનો ઉતાર વધારી શકાય, તેઓની વિવિધ પ્રકારના રોગો સામે પ્રતિકાર-ક્ષમતા વધારી શકાય, કેટલાંકની ઉપર લીલોતરી નાશક (herbicide) દવાઓના છંટકાવ સામે પ્રતિકાર વધારી શકાય, દુષ્કાળ વખતે ટકવાની તેમની ક્ષમતા, જમીનમાંના ક્ષાર સામે પ્રતિકાર-ક્ષમતા તથા ખૂબ નીચા તાપમાને પણ ટકી શકે તથા લાંબા સમય સુધી ગોડાઉનમાં સડ્યા વિના રાખી શકાય. આ પ્રકારની રીતો વિકસાવાઈ છે.

પ્રાણીઓ : ઉપયોગી પાલતુ પ્રાણીઓની જનન-ક્ષમતા વધારવા માટે, કેટલાંક પ્રાણીઓ (દા.ત. ડુક્કર)ના અવયવોને માનવીમાં પ્રત્યારોપણ માટે વાપરવાની શક્યતા ઉપરાંત ઉપચારલક્ષી (therapeutic) પ્રોટીન્સ મેળવવા માટે આવાં પરાજૈનિન પ્રાણીઓ અંગે સંશોધન ઝડપભેર ચાલી રહ્યું છે.

આ બધા ઉપયોગોમાં જનીનચિકિત્સા પદ્ધતિ (gene therapy) તથા પરાજૈનિન વિજ્ઞાન ખૂબ જ વિકાસ પામી રહ્યાં હોઈ તે અંગે વિશેષ માહિતી જરૂરી બની રહી છે અને સ્વતંત્ર નિરૂપણ માગી લે છે. આગળ ઉપર આપણે આ અંગે માહિતી મેળવશું.

(ક્રમશઃ)

લઘુકથા

ભૂખ

હરેશ કાનાણી

સવારથી ઘરમાં અનાજના દાણા પૂરા થઈ ગયા હતા. ત્રણ વર્ષનો છોકરો હતો. ભૂખ લાગી તેથી રડવા લાગ્યો.

તેનો બાપ દારૂ પીને પડ્યો હતો. તેનો ધંધો બસ એ જ હતો. મા હતી. તેને બે દિવસથી મજૂરી નહોતી મળી, નહીંતર આવી સ્થિતિ ન આવે. પરંતુ છોકરાને તો ભૂખ લાગી હતી અને કંઈક ખાવાનું જોઈતું હતું.

ઝૂંપડીવાળાને કોઈ ઉધાર પણ ન આપે. મા પણ શું કરે ? મજૂરી ક્યાંક મળે એ આશયથી છોકરાને લઈ સવારથી નીકળી, પરંતુ સાંજ સુધીમાં એક પણ કામ ન મળ્યું.

રાત્રે પડોશની ઝૂંપડીવાળી એક બાઈ આવીને થોડી ચા આપી ગઈ. તે ચા છોકરાને પીવરાવી દીધી. તેને થોડી રાહત થઈ. તે ફરી રમવા માંડ્યો.

સવાર થતાં ફરી ભૂખ લાગી તેથી ફરી રડવા લાગ્યો. રમકડાં પણ ક્યાં હતાં ! ન ઊંટ હતો... ન હાથી... ન કૂતરો... ન બિલાડી... રમાડે કેવી રીતે મા છોકરાને ?

ચોમાસાની મોસમ હતી. અત્યારે વરસાદ બંધ હતો. ફક્ત વાદળ હતાં. મા છોકરાને ઝૂંપડી બહાર લઈ ગઈ. છોકરાને ફોસલાવી આકાશ તરફ જોવાનો સંકેત કર્યો. જો રહ્યો હાથી... જો રહ્યો ઘોડો... જો રહ્યો ઊંટ... આમ કહીને બાળકને રમાડવા લાગી.

છોકરો આકાશમાં કુતૂહલથી વાદળનાં બદલાતાં સ્વરૂપોને જોઈ ખુશ થવા લાગ્યો અને વચ્ચે વચ્ચે પોતાના બંને હાથ આકાશ તરફ ઉઠાવી અસ્તિત્વહીન રમકડાંને પકડવા કોશિશ કરવા લાગ્યો...! પરંતુ ક્યાં સુધી ??

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૭

ચૈતાલી શાહ


રાણીની વાવ : પાટણ

વિશ્વ-સ્થાપત્યના ઇતિહાસમાં નજર કરતાં જણાશે કે જે તે મકાનોને તેની ધાર્મિક તથા રાજકીય મહત્તા અનુસાર ભવ્યતા અપાતી. રોમમાં બનાવાયેલ સ્નાનાગૃહ તથા ભારતમાં બનેલી વાવ આમાં અપવાદ ગણી શકાય. આમાં પણ રોમનાં જે સ્નાનાગાર વિસ્તૃત હતાં તે રાજવી કે શ્રીમંત પરિવાર માટે હતાં; વાવ બાબતે આમ ન હતું. અહીં તો સામાન્ય જન માટે આવી ભવ્ય રચના કરાઈ છે. સામાન્ય જનને સ્થાપત્યમાં આવું મહત્ત્વ અપાય એ જ એક વિરલ ઘટના કહેવાય - અને તેમાં પણ આવું મહત્ત્વ આપતી રચના જો કળાની દૃષ્ટિએ પણ ઉત્કૃષ્ટ હોય તો તે સીમા-ચિહ્ન જ ગણાય ને !

વાવ એ સ્થાપત્યની આગવી કૃતિ છે, જે મુખ્યત્વે ગુજરાતમાં જ જોવા મળે છે. પરંપરાગત રીતે પીવાનાં પાણીના મુખ્ય સ્રોત ગણાતા કૂવા સુધી પહોંચવા જમીનની નીચે પથ્થરમાંથી વિસ્તૃત રચના એ રીતે કરાતી કે એક સમયે એમ લાગે છે કે જાણે જમીનની નીચેનો મહેલ ન હોય ! પાટણની રાણીની વાવ એ વાવ-સ્થાપત્યનું એક ઉત્કૃષ્ટ સર્જન કહેવાય છે.

આશરે ૯૦૦ વર્ષ પહેલાં રાણી ઉદયમતી દ્વારા બનાવાયેલી આ વાવની મુખ્ય ધરી પૂર્વ-પશ્ચિમ છે, જેમાં પૂર્વ તરફ પ્રવેશ તથા પશ્ચિમ તરફ કૂવો છે. સહસ્રલિંગ તળાવની નજીક આવેલી આ વાવ આશરે ૬૪ મીટર લાંબી, ૨૦ મીટર પહોળી તથા ૨૭ મીટર ઊંડી છે. ઈંટોના ચણતરને કોતરણીવાળા પથ્થરથી મઢીને બનાવાયેલ આ વાવમાં હારબંધ આવેલાં પગથિયાંથી પાણીના કુંડ સુધી પહોંચાય છે. આ પગથિયાં પર આવેલા ઉપર જમીન સુધી પહોંચતા આ મંડપોની ઊંચાઈ ક્રમશઃ વધતી જાય છે, છતાં પણ ઉપરના ખુલ્લા ભાગથી વાવના સમગ્ર વિસ્તારમાં 'જીવંતતા' જળવાઈ રહે છે. અહીં રમ્ય કોતરણીવાળા બહુસ્તરીય ખૂણાઓનો ઉપયોગ તકનિકી કારણસર એ રીતે કરાયો છે કે જેનાથી દૃશ્ય અનુભૂતિ પણ સમૃદ્ધ બને. આ વાવને ગુજરાતના સોલંકી કાળમાં પૂર્ણ વિકસેલી શિલ્પકલાના પ્રતીક તરીકે પણ લેખી શકાય. અહીં કંડારાયેલાં શિલ્પોમાં જે લયબદ્ધતા, લાવણ્ય, ઠસ્સો તથા ભાવાનુલેખન પ્રસ્તુત થાય છે તે નોંધપાત્ર છે.

વાવ એ પાણીને મહત્ત્વ આપતું સામાજિક સ્થાન છે. પાણી માટે તથા પાણી પ્રત્યે આવી વિસ્તૃત રચના માત્ર ધાર્મિક મહત્ત્વ ધરાવતાં સ્થળોએ જ જોવા મળે છે. વાવ-સ્થાપત્યની



રાણીની વાવ

એક ખાસિયત જ એ છે કે અહીં ધાર્મિક મહત્ત્વ ન હોય તો પણ પાણી માટે આવી વિસ્તૃત રચના કરાઈ હોય; હા, તેમાં ધાર્મિક પ્રતીકો પ્રયોજાયાં હોય. વાવ થકી પાણીનું સામાજિક મહત્ત્વ રજૂ થાય છે અને પાણીનું સ્થાન માત્ર 'પનઘટ' ન રહેતા સામાજિક સંસ્થા બની રહે છે - અને તે ખાસ સ્ત્રીઓ માટે.

સ્થાનના આયોજનમાં આવતી હાર-બદ્ધતા, સમગ્ર માળખાનું રમ્ય પ્રમાણમાપ, તેની વિવિધ સપાટીઓની કોતરણી થકી નિર્ધારિત થતી નિયમબદ્ધ અલંકૃતતા, સમગ્ર રચનામાં અનુભવાતી 'નમણીભવ્યતા', તર્કબદ્ધ રીતે પ્રયોજાયેલી મૂર્તિઓ, પ્રકાશ-છાયાથી અનુભવાતું વિવિધ સપાટીઓનું ઊંડાણ તથા વૈવિધ્ય ધરાવતા અંગો વચ્ચે જળવાઈ રહેલી એકરાગિતાને કારણે આ વાવને વાવ-સ્થાપત્યમાં 'રાણી' તરીકે ઓળખીએ તો ખોટું નથી.

આ વાવ ઘણા સમય સુધી જમીનમાં દટાયેલી રહી અને સરસ્વતી નદીમાં આવેલા પૂરથી તેને ક્ષતિ પણ પહોંચી. પુરાતત્ત્વ વિભાગે જ્યારે આ વાવ બહાર કાઢી તેને અંશતઃ પુનર્સ્થાપિત કરી ત્યારે આ વાવની ભવ્યતાની સમાજને જાણ થઈ. સ્થાપત્યના આવા ભવ્ય વારસાને સમાજે આટલાં વર્ષો સુધી નજરઅંદાજ કર્યો તે જ એક શરમજનક ઘટના છે. (ક્રમશઃ)

પ્રાચીન ભારતીય લિપિઓ વિશે કાર્યશિબિર

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ ભારતીય પ્રાચ્ય વિદ્યા અને સંસ્કૃતિ ક્ષેત્રે સંશોધન કાર્ય કરતી પ્રતિષ્ઠિત સંસ્થા છે. ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગના રાષ્ટ્રિય પાંડુલિપિ મિશન દ્વારા પાંડુલિપિ સંશાધન તેમજ સંરક્ષણ કેન્દ્ર તરીકે સંસ્થાની પસંદગી કરવામાં આવી છે. આ સંસ્થામાં ઑગસ્ટ તા. ૯થી ૨૧ દરમિયાન પાંડુલિપિ-વિજ્ઞાન તેમજ બ્રાહ્મી, શારદા અને પ્રાચીન નાગરી લિપિઓના શિક્ષણ-પ્રશિક્ષણ માટે એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યશિબિરમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના પાંડુલિપિ સંશાધન અને સંરક્ષણકેન્દ્રો તથા વિશ્વવિદ્યાલયના લગભગ ૩૫-૪૦ પ્રતિનિધિઓ ભાગ લેશે. આ વિષયના વિદ્વાનો દ્વારા તેમને પ્રશિક્ષણ આપવામાં આવશે.

संघशासित प्रदेश

પોંડિચેરી


ડૉ. જયકુમાર ર. શુક્લ

સંઘશાસિત પ્રદેશ પોંડિચેરીના ચાર જિલ્લા નીચે પ્રમાણે અલગ અલગ સ્થળે આવેલા છે : (૧) પોંડિચેરી શહેર, ચેન્નઈની દક્ષિણે ૧૬૦ કિ.મી.ના અંતરે અને (૨) કરાઈકલ (વિસ્તાર - ૧૫૮ ચોરસ કિ.મી.) તામિલનાડુના થંજાવુર જિલ્લામાં પોંડિચેરીની દક્ષિણે ૧૬૩ કિ.મી. દૂર, (૩) માહે (વિસ્તાર - ૧૦ ચોરસ કિ.મી.) કેરાલામાં પશ્ચિમ કિનારે અને (૪) યેનામ (વિસ્તાર - ૨૮ ચોરસ કિ.મી.) આંધ્રપ્રદેશમાં પોંડિચેરીની ઉત્તરે,, ૮૪૦ કિ.મી. દૂર આવેલા છે. સંઘશાસિત પોંડિચેરીના આ રીતે ચાર જિલ્લા છે.

પોંડિચેરીનું પ્રાચીન નામ વેદપુરી હતું. ઈ.સ. ૧૬૭૩માં ફ્રેન્ચ ઈસ્ટ ઈંડિયા કંપની માટે વેપારના મથક તરીકે, કોરોમાંડલ કિનારે પુલિચેરી નામનું માછીમારોનું ગામ એક ફ્રેન્ચે મેળવ્યું. તે વસાહત પુદુચેરી કહેવાતી, જે પાછળથી પોંડિચેરી નામથી પ્રસિદ્ધ થઈ.


પોંડિચેરીનો કુલ વિસ્તાર ૪૯૨ ચોરસ કિ.મી. છે અને તેની વસતી ૯,૭૩,૮૨૯ છે. તેમાંથી ૬૪ ટકા લોકો શહેરોમાં વસે છે. આ પ્રદેશમાં અનુસૂચિત જાતિનાં લોકો ૧૬ ટકા છે. અહીં વસતીની ઘનતા દર ચોરસ કિલોમીટર દીઠ ૧૬૪૨ લોકોની છે. કુલ વસતીનાં ૮૬ ટકા લોકો હિંદુ, ૬.૫૪ ટકા ઈસ્લામ તથા ૭.૨૩ ટકા લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. આ પ્રદેશના ૭.૭ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. અહીંની માન્ય ભાષા તામિલ છે. પરંતુ મલયાલમ, તેલુગુ, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાઓ પણ વપરાય છે.

આ પ્રદેશનું પાટનગર પોંડિચેરી એક જાણીતું નગર છે. અહીં એકગૃહી ધારાસભા છે અને લોકસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે. અહીંના વહીવટ માટે વહીવટદાર નીમવામાં આવે છે.



ગૉથિક સ્થાપત્ય ધરાવતું એક કલાત્મક ચર્ચ

ઈતિહાસ : વેદોના સમયમાં અગસ્ત્ય મુનિનો આશ્રમ અહીં હતો એમ માનવામાં આવે છે. આ નગરના દેવ વેદપુરીશ્વર તથા અગસ્તીશ્વર કહેવાય છે. ઈસવી સનની પહેલી શતાબ્દીમાં રોમન



શ્રી અરવિંદ અને તેમની સમાધિ

વેપારીઓએ પોંડિચેરીમાં વેપારનું મથક અને વસાહત સ્થાપ્યાં હતાં. સત્તરમી સદીમાં ફ્રેન્ચોએ અહીં વેપારનું મથક અને વસાહત સ્થાપ્યાં. ઈ.સ. ૧૭૬૧માં અંગ્રેજોએ તેને જમીનદોસ્ત કરી નાખ્યું. પરંતુ બે વર્ષ પછી ફ્રેન્ચોને પાછું સોંપી દીધું. પોંડિચેરી પર કબજો જમાવવા વાસ્તે બે યુરોપીય સત્તાઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધા થઈ અને તેના ઉપરનો અંકુશ બદલાતો રહ્યો. ઈ.સ. ૧૮૧૪થી ૧૯૫૪ સુધી પોંડિચેરી ફ્રેન્ચો પાસે રહ્યું. ભારતની સ્વતંત્રતાની ચળવળ દરમિયાન સ્વાતંત્ર્ય સૈનિકોને સંતાઈ રહેવા માટે પોંડિચેરી ઘણું ઉપયોગી થયું હતું.

પોંડિચેરીનો વહીવટી અંકુશ ૧ નવેમ્બર, ૧૯૫૪ના રોજ ભારતની સરકારને સોંપી દેવામાં આવ્યો. તે પછી ૨૮મે, ૧૯૫૬ના રોજ આ અંગે ભારત તથા ફ્રાન્સ વચ્ચે વિધિસર સંધિ કરવામાં આવી. ભારતના બંધારણના ૧૪મા સુધારા દ્વારા, ૧૯૬૨માં પોંડિચેરીના સંઘશાસિત પ્રદેશની રચના કરવામાં આવી. કેન્દ્ર સરકારે પોંડિચેરીને રાજ્યનો દરજ્જો આપવાના નિર્ણયની જાહેરાત કરી છે. પરંતુ પ્રસાર માધ્યમોના હેવાલ પ્રમાણે અહીંનાં સામાન્ય લોકો આ વિચારનો વિરોધ કરે છે.

મુખ્ય પાક : આ પ્રદેશનાં લગભગ ૩૫ ટકા લોકો ખેતી અને તેને લગતા વ્યવસાયો કરે છે. ખેતી હેઠળના પ્રદેશના ૮૭ ટકા જમીનને સિંચાઈનો લાભ મળે છે. આ પ્રદેશોનો મુખ્ય પાક ડાંગર અને કઠોળ છે. માહેમાં નાળિયેર, સોપારી, મસાલા વગેરેનો પાક થાય છે. યેનામમાં કઠોળ, મગફળી અને મરચાં પાકે છે. ૨૦૦૨-૨૦૦૩ના વર્ષ દરમિયાન ૨૩,૮૯૬ હૅક્ટર જમીનમાં ચોખા થતા હતા. આ ઉપરાંત મગફળી, શેરડી, કપાસ, બાજરો, રાગી અને કઠોળનો પાક સારા પ્રમાણમાં થાય છે.

મુખ્ય ઉત્સવો : અહીંના ઉત્સવોમાં ફ્રેન્ચ અસર જણાય છે. પોંડિચેરીમાં, માર્ચ-એપ્રિલ માસમાં હોળીના ઉત્સવ જેવો ફ્રેન્ચ પ્રભાવ હેઠળનો ઉત્સવ

ઉજવવામાં આવે છે. ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં 'મેસીમેગમ' નામનો ઉત્સવ ઉજવાય છે. તેમાં પોંડિચેરી અને તેની પાસેના તામિલ વિસ્તારોનાં ૩૮ મંદિરોમાંથી ભગવાનની મૂર્તિઓ લાવીને વરઘોડામાં ફેરવવામાં આવે છે. ત્યાર બાદ મૂર્તિઓ સમુદ્રમાં ડુબાડવામાં આવે છે. ફ્રેન્ચ 'બેસ્ટાઈલ ડે'ની આગલી સાંજે ફ્રેન્ચ અને ભારતીય નિવૃત્ત લશ્કરી અધિકારીઓ, પોતપોતાના દેશના ધ્વજ સહિત, તેમના યૂનિફૉર્મમાં સજ્જ થઈને સરઘસમાં ફરે છે.

નૃત્ય : પોંડિચેરીમાં પુરુષોનાં અનેક નૃત્યો થાય છે. માછીમારો તેમના ઉત્સવ પ્રસંગે પોડીકાઝી આક્રમ નૃત્ય કરે છે. જાન્યુઆરી મહિનામાં પોંગલની ઉજવણી કરવામાં આવે છે.

ઉદ્યોગો : આ પ્રદેશમાં કાપડ, ખાંડ, સૂતર, કાગળ, માદક પીણાં, સાબુ વગેરેના ઉદ્યોગો વિકસ્યા છે. અહીં ૭૦૬૮ ઉદ્યોગોમાં રૂપિયા ૧૬૨૭.૭૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. તેમાં ૮૨,૭૯૦ લોકોને માર્ચ, ૨૦૦૩ સુધી રોજી મળતી હતી. મે, ૨૦૦૩ સુધીમાં નોંધાયેલાં ઔદ્યોગિક એકમો ૭૧૨૬ હતાં. આ બધાં ઔદ્યોગિક એકમોમાં થતા ઉત્પાદનની કિંમત રૂ. ૧૦,૪૪૪.૮૬ કરોડ થાય છે.

સિંચાઈ : પોંડિચેરીમાં સિંચાઈ મુખ્યત્વે જળાશયો તથા ટ્યૂબવેલ દ્વારા કરવામાં આવે છે. અહીં ૮૪ જળાશયોમાંથી બે પ્રમાણમાં ઘણાં મોટાં છે. જમીનમાંનું પાણી રીચાર્જ કરવા માટે પમ્બેયર નદીની આડે બે ચેકડૅમ બાંધવામાં આવ્યા છે. આ ઉપરાંત ખાનગી વિભાગમાં સાત હજાર બોરવેલ કરવામાં આવ્યા છે.

ઊર્જા : કેન્દ્ર સરકારનાં વીજ ઉત્પાદન મથકો, તામિલનાડુ ઇલેક્ટ્રિસિટી બોર્ડ, કેરલ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ અને પોંડિચેરી પાવર કૉર્પોરેશન લિમિટેડમાંથી પોંડિચેરી ઊર્જા મેળવે છે.

વાહનવ્યવહાર : આ સંઘશાસિત પ્રદેશમાં કુલ ૨૪૪૩ કિલોમીટર લાંબા માર્ગો છે. તેમાંથી ૨૧૨ કિ.મી. ગ્રામમાર્ગો તથા ૩૯૪ કિ.મી. રાષ્ટ્રિય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો તથા જિલ્લાના માર્ગો છે. બાકીના ૧૮૩૬ કિ.મી.ના નગરપાલિકાઓ તથા પંચાયતોના માર્ગો છે.

પોંડિચેરી ચેન્નઈ સાથે મીટરગેજ રેલવેથી અને ૪૦ કિ.મી. દૂર આવેલ વિલુપુરમ જંકશન બ્રૉડ ગેજ રેલવેથી જોડાયેલું છે.

પોંડિચેરીથી સૌથી નજીકનું ઍરપોર્ટ ચેન્નઈ ૧૬૦ કિ.મી. દૂર આવેલું છે.

પ્રવાસન : ૧૭મી સદીથી ભારતમાંનાં ફ્રેન્ચ સંસ્થાનોનું પાટનગર હોવાથી પોંડિચેરીમાં ફ્રેન્ચ સાંસ્કૃતિક વારસો જોવા મળે છે. તે આયોજિત નગર છે અને તેના માર્ગો સ્વચ્છ છે. વિશાળ સમુદ્રકાંઠા, સ્થાપત્યના નમૂનારૂપ ચર્ચ તથા જાહેર મકાનો, શ્રી અરવિંદ આશ્રમ, ઑરોવિલ સંગ્રહાલય, બોટેનિકલ ગાર્ડન, સંગીતમય ફુવારા, થીરુનલ્લારમાં શનીશ્વર મંદિર વગેરે જોવાલાયક સ્થળો આવેલાં છે.

વિશિષ્ટતાઓ : શ્રી અરવિંદ ક્રાંતિકારમાંથી આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે વળ્યા અને ૧૯૨૬માં અહીં આશ્રમ સ્થાપ્યો. તેનાથી આ નગરને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. પોંડિચેરીમાં ઈ.સ. ૧૮૨૭માં સ્થાપવામાં આવેલ રોમારોલાં લાઈબ્રેરીમાં ૬૦,૦૦૦થી વધારે વિરલ-અસાધારણ ફ્રેન્ચ ગ્રંથો સચવાઈ રહ્યા છે. શ્રી અરવિંદે આધ્યાત્મિક જીવન જીવવા સાથે લોકોના ઉત્કર્ષ વાસ્તે 'લાઈફ ડિવાઈન' તથા વેદો, ઉપનિષદો અને ગીતા ઉપર વિવેચન ગ્રંથો લખ્યા છે.

ભારતનાં તથા વિદેશોનાં હજારો લોકો શ્રી અરવિંદ આશ્રમની મુલાકાત લેવા તથા શ્રી અરવિંદ અને માતાજીની સમાધિઓનાં દર્શન કરવા પોંડિચેરી જાય છે. શ્રી અરવિંદ આશ્રમ પ્રાચીન ભારતીય આશ્રમ જેવો નથી. પોંડિચેરીમાં જ જુદાંજુદાં સ્થળે આવેલાં વિવિધ મકાનોમાં તે વહેંચાયેલો છે. તે મકાનોમાં આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. શ્રી અરવિંદ અને માતાજીની સમાધિઓ પણ આ સ્થળે છે.

પોંડિચેરીની પાસે ઑરોવિલ નામનું સાધકગ્રામ વસ્યું છે. તેના પાયામાં દુનિયાના બધા દેશોની માટી પધરાવવામાં આવી છે. એક પ્રકારની આંતરરાષ્ટ્રિય સાધક વસાહત વસાવવાનો આ પ્રયાસ છે. આ નગર કાર્ય, નિવાસ, શિક્ષણ, સમાજ તથા જગત એવા પાંચ વિભાગોમાં વિભાજિત કરેલું કમળના આકારનું ગામ છે. પોંડિચેરી આધુનિક ભારતનું નૂતન રાષ્ટ્રિય તીર્થ બન્યું છે. ☐

ચાઇનીઝ વાસ્તુશાસ્ત્ર
ફંગ શ્વે

તરલિકા આચાર્ય

ફંગ શ્વે એટલે હવા અને પાણી. ગતાંકમાં આ વિશે થોડી ચર્ચા કરી છે. આ લેખમાં ફંગ શ્વે વિશે વિસ્તૃત માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

ફંગ શ્વે શાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત છે વિશ્વનું વાતાવરણ અને વ્યક્તિ, વ્યક્તિ ઉપર એની થતી અસર. વ્યક્તિના સ્વાસ્થ્યની સમતુલા કુદરતી તત્ત્વો ઉપર આધાર રાખે છે. આપણી આસપાસ ઉપરનીચે જે કંઈ છે એ જીવંત છે. આપણે જાણીએ છીએ કે જમીનની નીચે સતત પાણીનું વહેણ વહેતું હોય છે. આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે ડુંગરો રડે છે. વિશ્વની દરેક વસ્તુમાં પ્રાણતત્ત્વ રહ્યું છે. એ સમજીને મનુષ્યએ દરેક ક્રિયાનો આરંભ કરવો જોઈએ.

જ્યારે આપણે ઘર બાંધવું હોય કે ઑફિસ કે રેસ્ટોરન્ટનું મકાન બનાવવું હોય ત્યારે ફંગ શ્વેના નિયમોને અનુસરીને બનાવવું જોઈએ. જૂનું ઘર કે ઑફિસ વગેરેને થોડો ફેરફાર કરીને શુભ ફળદાયક બનાવી શકાય છે. સૌથી પહેલાં જૂનાને નવું કેમ કરવું એ વિશે થોડી પ્રાથમિક ચર્ચા કરીશું.

ફંગ શ્વે અને સ્વચ્છતા એકબીજાં સાથે વણાયેલાં છે. કોઈ પણ જગ્યાની આસપાસ સ્વચ્છતા હોવી જોઈએ. આપણે આપણા ઘરમાં 'આ વસ્તુ તો કામ લાગશે, સંઘર્યો સાપ પણ કામ લાગે' એવી એવી દલીલ કરી, મનને નથી ગમતું છતાં મનાવીને કચરો ભેગો કરતાં જઈએ છીએ. ઘરમાં એ કચરો ધૂળ ખાય છે અને એ ધૂળ માણસના સ્વાસ્થ્યને અસર કરે છે. અહીં આપણે એક ઉદાહરણ જોઈશું. 'એક નાનકડું ગામ હતું. એમાં નિશાળ હતી. નાનું ગામ એટલે વસતી ઓછી. નિશાળે જવાનો રસ્તો એક જ. આ રસ્તા પર એક ભૂતિયું ઘર હતું. બિલકુલ ખંડેર જેવું હતું. આજુબાજુ ગંદવાડ પણ એટલો જ. એમાં લોકો પણ રહેતાં હતાં. કાયમ ઉદાસીન રહે. સવારના પહોરમાં ઘરનાં બધાં જ કામધંધે જાય તે છેક સાંજે આવે. એમાંથી કોઈને આ ઘરની અંદર કે બહાર સાફ કરવાનો સમય નહોતો, કારણ કે એ લોકોનું સ્વાસ્થ્ય સારું નહોતું. દરેકને કંઈક ને કંઈક શરીરની તકલીફ રહેતી હતી. ઘરની બહાર રહેલાં વૃક્ષોને પાણી પાઈને એની દરકાર કરવાની તાકાત કે સમય નહિ. નિશાળે જતાં બાળકો પણ ત્યાંથી પસાર થાય ત્યારે ઉદાસીન થઈ જતાં. કંઈ પણ કારણ વગર ઝઘડતાં. એક દિવસ અચાનક જ એમાં રહેતું કુટુંબ આ ભૂતિયું ઘર છોડી જતું રહ્યું. આશ્ચર્યની વાત તો એ છે કે એ ઘરમાં બીજું કુટુંબ રહેવા આવ્યું. એનું પણ સ્વાસ્થ્ય કથળ્યું અને સહુ ઉદાસીન રહેતાં હતાં. પણ કોઈને ઘરની આસપાસનો બાગ લીલોછમ કરવાનો કે ઘરની ગંદકી દૂર કરવાનો વિચાર ન આવ્યો.'

હવે ફંગ શ્વે પ્રમાણે આનું કારણ તપાસીએ :

૧. ભૂતિયો બંગલો - જમીન અને સ્થળ.

૨. ઘરબહારનો કચરો

૩. ઘરની દીવાલની તિરાડો


૪. આ ઘર રસ્તાના 'ટી' જંક્શનના છેડે હતું.

૫. મોટાં મોટાં સૂકાયેલાં વૃક્ષો ત્યાં આસપાસ નિર્જીવ જેવાં ઊભાં હતાં. ઘરના પ્રવેશદ્વારની સામે પણ કેટલાંક વૃક્ષો ઊભાં હતાં. આથી ત્યાંનું વાતાવરણ નકારાત્મક થઈ જતું હતું.

૬. 'ટી' જંક્શન હોવાથી રસ્તા પર જતાં વાહનો એ ઘરની સામે માથે જ આવતાં હોય એવો ભાસ થતો હતો.

૭. ગંદવાડ દૂર નહિ થતો હોવાથી જંતુઓ ઉત્પન્ન થતાં હતાં અને રોગચાળો ફેલાવતાં હતાં.

આ ઘરની જમીન આવી જગ્યાએ હતી. (આકૃતિ)



જેવી રીતે એક સડેલું સફરજન ટોપલાનાં બધાં જ ફળને બગાડી મૂકે છે તે જ પ્રમાણે આ ઘરની આજુબાજુની ગંદકી આખા ઘરમાં રહેતાં લોકોનું સ્વાસ્થ્ય બગાડી મૂકે છે. પછી તો ફંગ શ્વે સલાહકારને બોલાવવામાં આવ્યા અને ઘર બહુ જ સુંદર થઈ ગયું. એમાં રહેતાં લોકો પણ પ્રફુલ્લ ચિત્તે આનંદથી એમાં રહેવાં લાગ્યાં. અને એ ઘર ભૂતિયામહેલમાંથી રાજમહેલ બની ગયું. માત્ર ગંદવાડ અને જૂનો કચરો દૂર કરવાથી !

જૂના સમયની વાત કરીએ તો આપણા પૂર્વજો જીવનના દરેક ક્ષેત્રમાં કુદરત સાથે સંકળાયેલા હતા. સૂર્ય ઊગે અને આથમે, ઋતુચક્ર ફરે એમ જીવનનું કાર્ય થતું રહેતું. હવે આપણે અંધારામાં અજવાળું કરીએ છીએ. ગરમીમાં ઠંડી કરીએ છીએ.... એટલે કુદરત સાથેનો આપણો નાતો છૂટી ગયો છે.

ફંગ શ્વે પાછળ રહેલું તત્ત્વજ્ઞાન આપણને તન, મન અને ધનથી કુદરત સાથે કેવી રીતે એક બનીને રહેવું એ સમજાવે છે.

વાતાવરણની મનુષ્ય જીવન પર કેવી અસર થાય છે એ વિશે અનેક સંશોધનો થયાં છે. ૧૯૬૦માં સામાજિક વૈજ્ઞાનિક રોજર બાર્કરે બાળકો પર વાતાવરણની અસર કેવી થાય છે એના ઉપર પ્રયોગો કર્યા હતા. એક બાળક ફુટબૉલની રમત જુએ છે. એ શાંત છે. પછી એ ફુટબૉલના મેદાનમાં જાય છે. ત્યાં મૅચ જોતાં મોટે મોટેથી બૂમો પાડે છે. આમ, આવા અનેક દાખલા આપી શકાય. કેવા વાતાવરણમાં રહીએ તો સુખ, સંપત્તિ, વિદ્યા વધે અને તનમનનું આરોગ્ય મેળવી શકાય એનું જ્ઞાન એ ફંગ શ્વે-શાસ્ત્રનું હાર્દ છે. આપણે જ્યાં રહેતાં હોઈએ તે સ્થળની અસર આપણને શ્વાસોચ્છ્વાસની હવાની અસર જેટલી જ થાય છે.

ઇતિહાસ જોઈએ તો ઘણા કાળ પહેલાં ફંગ શ્વેનો અર્થ cover and support (આવરણ અને આધાર) એવો થતો હતો. પછીથી એનો અર્થ Under the Canopy of Heaven (સ્વર્ગની છત નીચે) કરવામાં આવ્યો. કાળક્રમે ફંગ શ્વે થઈ ગયો.

Sarah Rossbach - સારાહ રૉસબાક નામની લેખિકાએ ફંગ શ્વે વિશે અભ્યાસ કર્યો અને એક ચોપડી લખી. આપણે માની ન શકીએ પણ આ પુસ્તકને ખૂબ જ આવકાર મળ્યો. વિશેષમાં સારાહને ફંગ શ્વે સલાહકાર થવા માટે જાહેર આમંત્રણ મળ્યાં.

સૌથી પ્રથમ એણે આમંત્રણ સ્વીકાર્યું એક મહિલા કલાકારનું. એ મહિલા કલાકાર ન્યૂ યૉર્કમાં રહેતાં હતાં. સૌથી પહેલાં સારાહે એ કલાકારના ઘરનાં માળિયાનું નિરીક્ષણ કર્યું. પછીથી એનું ઘર અને સ્ટૂડિઓ જોયાં. ત્યાં એટલી બધી અવ્યવસ્થા હતી કે સારાહ તો જોઈને ડઘાઈ ગયાં. એને તો કામ કરવું જ હતું એટલે એણે ફંગ શ્વેના નિયમ પ્રમાણે સૂક્ષ્મ રીતે માળિયું, ઘર, સ્ટૂડિઓ વગેરેની ચકાસણી કરવા માંડી. એણે જોયું કે :

૧. ઉપર જવાની સીડી પ્રવેશદ્વાર સામે જ હતી. ફંગ શ્વે પ્રમાણે સીડી સામે ન હોવી જોઈએ. બારણાં સામે દાદર હોય તો તક બારણામાંથી સીધી બહાર ચાલી જાય.

૨. પ્રવેશદ્વાર જમવાના ઓરડામાં પડતું હતું. આથી મહેમાનો ઘણા આવે પણ બધા જ જમીને જતા રહે. કલાકારની કળાકૌશલ્યની પ્રશંસા કોઈ કરે નહિ.

૩. એના સૂવાના ઓરડામાં પલંગ પણ કઢંગી જગ્યાએ અને એ રીતે રાખ્યો હતો જેથી તેની તંદુરસ્તી પર પણ અસર થતી હતી તેમજ એનો સ્વભાવ પણ ચીડિયો રહેતો હતો.

સારાહે આ બધા વિશે કલાકાર સાથે ચર્ચા કરી. કલાકાર ખુશ થઈ ગઈ અને કહ્યું કે 'તમે બરોબર નિરીક્ષણ કર્યું છે. હવે ઉપાય બતાવો, તમે કહેશો એમ કરવા તૈયાર છું.' પછી સારાહે આ પ્રમાણે ઉપાયો કર્યા :

સૌપ્રથમ રસોડાના બારણામાં પડદો નાખી દીધો. જેથી કરીને ઘરમાં આવતાં લોકોની નજર સીધી રસોડાંમાં ન જાય. મહેમાનોની નજર કળાકારની કલાકૃતિ પર જ પડે. અને એ ધ્યાન દઈને જોઈ શકે. એ જ પ્રમાણે સૂવાના ઓરડામાં પણ પલંગ સરખી રીતે પૂર્વાભિમુખ કરી નાખ્યો.

આંગણું, સ્ટૂડિઓ, ઘરની નકામી વસ્તુઓ ફેંકી દીધી અને આસપાસ બધું સ્વચ્છ કરી નાખ્યું.

થોડા દિવસમાં જ તે કલાકારનું જીવનપરિવર્તન થઈ ગયું. એની કળાકૃતિઓની માંગ વધવા માંડી અને એનું જીવન સુંદર, સફળ અને સુદૃઢ થઈ ગયું.

ફંગ શ્વેના નિયમોનો અભ્યાસ કરી એ રીતે સલાહ આપવી એ હસ્તરેખા જોવા જેવું છે. ફંગ શ્વેનો અભ્યાસી જ્ઞાતા કોઈના પણ ઘરમાં જાય, એનાં રાચરચીલાંની ગોઠવણીનું નિરીક્ષણ કરતાં જ એ બાહોશ અન્તઃસ્ફૂર્તિવાળા ફંગ શ્વે સલાહકાર ઘરના માલિકની જીવન પદ્ધતિનો તાગ પામી શકે છે.


ફંગ શ્વેની શિક્ષણસંસ્થાઓ પણ પ્રચલિત છે. અહીં આપણે એ વિશે ચર્ચા નહિ કરીએ. એનો એક સંપ્રદાય છે એ વિશે ટૂંકમાં માહિતી આપીશ. આ સંપ્રદાય Black Hat Sect (બ્લૅક હૅટ સેક્ટ) તરીકે ઓળખાય છે. એમાં ફંગ શ્વેના અમલીકરણ વિશે સમજાવ્યું છે. આમાં ભારતીય બૌદ્ધધર્મ અને તિબેટન બૉનનું મિશ્રણ છે. બૉન એ મૂળ તો તિબેટન ધર્મ છે, જેમાં કર્મકાંડ, જીવવાદ અને ગૂઢવાદ પર વધારે ભાર મુકાયો છે.

આ વિજ્ઞાન પણ યુગોજૂનું છે. એમ પણ કહી શકાય કે આ વિજ્ઞાનમાં વ્યવહારિક દૃષ્ટિ પણ છે. એનું મૂળ તો ચાઈનીઝ પ્રાચીન સંસ્કૃતિમાં રહ્યું છે. હવે આ ચાઈનીઝ સંસ્કૃતિ વધુ સંસ્કૃત બની છે. એને નવા જમાનાનું નવું નામ ફંગ શ્વે આપવામાં આવ્યું છે.

ફંગ શ્વેને Eco-art (ઇકો-આર્ટ)પણ કહેવામાં આવે છે. ઇકો-આર્ટ એટલે જીવનવિજ્ઞાનની કળા. આ કળા આસપાસના વાતાવરણ સાથે મનુષ્યના જીવનને સાંકળે છે. વાતાવરણ કૃત્રિમ હોય કે કુદરતી હોય, વૈશ્વિક હોય કે સ્થાનિક હોય, મનુષ્ય ઉપર એની અસર તો થવાની જ.

ફંગ શ્વેમાં વપરાતા ચાર પાંચ ચાઈનીઝ શબ્દો અને અર્થ હવે આપણે જોઈએ.

મુખ્ય સમજવા જેવો શબ્દ છે : Ba-Gua(બા-ગુઆ). આ



એક અષ્ટકોણીય આકૃતિ છે (જાડા પૂંઠામાં દોરેલી). એમાં જુદા જુદા વિભાગો પાડેલા છે. એ આકૃતિને ઉત્તર તરફ સીધી રહે એ રીતે ઘરમાં કે પ્લૉટમાં કે ઑફિસમાં રાખવાની અને પછી એના ખાનામાં જે લખ્યું હોય એ રીતે એ જગ્યાનું સ્થાન એ દિશામાં રાખવું.

YI (યી) : આપણી ઇચ્છાઓને નકારાત્મકમાંથી હકારાત્મક બનાવે છે. એનો ફંગ શ્વેનો ભાગ, જે અનુભવાતીત અને કાલ્પનિક હોય છે.

Chi (ચી) : પ્રાણશક્તિ - ઊર્જાશક્તિ

I Ching (આઈ ચિંગ) : અદ્‌ભુત અને દેવતાઈ ઉપાયો વડે અજ્ઞાત કે ભવિષ્યની વસ્તુ જણાવતું પુસ્તક - ચાઇનીઝ વિચારોની માતા. ભાવિની માર્ગદર્શિકા.

Tao (તાઓ) : The way - માર્ગ. મનુષ્યને વિશ્વ સાથે જોડવાની પ્રક્રિયા અને સિદ્ધાંત સમજાવે છે. ચાઇનીઝ કહેવત છે કે Everything in accordance with Tao. (પ્રત્યેક વસ્તુ તાઓ સાથે તાલમેલમાં છે.)

Yin and Yang theory : બે વિરુદ્ધ બિન્દુઓ

યીન અને યૅંગનો સિદ્ધાંત : આ વિરોધી બિન્દુને અન્યોઅન્ય જોડવાં એવો તાઓનો વિચાર.

ફંગ શ્વેના નિર્ણયો માટે માણસની 'ચી' (પ્રાણશક્તિ) બહુ અગત્યનો ભાગ ભજવે છે. (ચીનો ઉચ્ચાર chee થાય છે.) ચી દરેક વ્યક્તિની સાથે જન્મથી જ હોય છે. વ્યક્તિએ વ્યક્તિએ ચીમાં ફરક હોય છે. ચી વ્યક્તિનું જીવન ઘડે છે.

યી અને યૅંગ સાથે માણસમાં બીજાં પાંચ તત્ત્વો સંકળાયેલાં છે. તે પાંચ તત્ત્વો આ પ્રમાણે છે :

૧. ધાતુ, ૨. લાકડું, ૩. પાણી, ૪. અગ્નિ, ૫. પૃથ્વી.

ચાઇનીઝ વિદ્વાનોના મત પ્રમાણે મનુષ્યના જીવન ઉપર ઘણીબધી આડકતરી અસરો પડતી હોય છે; જેમ કે નસીબ, કુકર્મો વગેરે. આ બધાં માટે સૌથી વધુ અગત્ય મનુષ્યની 'ચી'ની છે. 'ચી'થી આપણું જીવન ઘડાય છે.

આ પાંચ તત્ત્વો રંગ, સમય, ઋતુઓ, દિશાઓ, ગ્રહો અને શરીરનાં અંગો વગેરે સાથે સંકળાયેલાં છે. 'ચી'ની મદદ લઈને ફંગ શ્વે આ બધાં તત્ત્વોનું સમતુલન કરે છે.

'ચી'ને વધારવાના કે પરિવર્તન કરવાના કે મધ્યમ કરવાના કેટલાક ઉપાયો છે.

૧. પ્રકાશિત અને પ્રકાશ પરાવર્તિત કરતી વસ્તુઓ જેવી કે અરીસો, ક્રિસ્ટલ બૉલ કે કોઈ પણ પ્રકાશિત વસ્તુ., ૨. કોઈ મધુર અવાજ : પવનની ઘંટડી, ઘંટ વગેરે.,૩. જીવંત વસ્તુઓ : નાના છોડવાઓ (કુદરતી કે કૃત્રિમ) બૉન્સાઈ ફૂલો, માછલીઘર વગેરે., ૪. ગતિશીલ વસ્તુઓ : પવનચક્કી, ફુવારો, ભમરડો વગેરે., ૫. વજનદાર વસ્તુઓ : પથરા કે મૂર્તિઓ., ૬. વીજળીથી ચાલતી વસ્તુઓ : ઍરકન્ડિશનર, સ્ટીરિઓ, ટી.વી., ૭. વાંસની વાંસળી, ૮. રંગો, ૯. અને બીજાં અનેક સાધનો.

ઉપરના નવ ઉપાયોથી કોઈ પણ મુશ્કેલીઓ કે સમસ્યાઓને દૂર કરી શકાય છે. દરેકમાં પોતાના આગવા ગુણો હોય છે. આ બધી વસ્તુઓ 'ચી'ના પરિભ્રમણને સુધારે છે અને પરિણામે મનુષ્યનું જીવન સુધરે છે.

અરીસો એ ફંગ શ્વેની એસ્પિરિન છે. એનાથી ઘરમાં તોડફોડ કર્યા વગર ઘરની ઘણી સમસ્યાઓ ઉકેલી શકાય છે.

ધારો કે એક ઊંચું મકાન છે. એનાથી 'ચી' આડે માર્ગે દોરાય છે. અને વાતાવરણને બગાડે છે. આના ઉકેલ માટે અહીં એક મોટો અરીસો મૂક્યો હોય તો 'ચી'નું સમતુલન થાય છે અને પ્રાણશક્તિનું રક્ષણ થાય છે.

અરીસો અંદર મૂકવાનો હોય તો એ બની શકે એટલો મોટો હોવો આવશ્યક છે. માણસનું આખું શરીર દેખાવું જોઈએ. જો કે આવું કરતાં પહેલાં ફંગ શ્વે સલાહકારની, જાણકારની સલાહ લેવી જોઈએ કારણ કે આમાં કોઈ પણ પ્રકારની ભૂલ થાય તો માથું સતત દુખ્યા કરે છે કે એવી કંઈક વિપરીત અસર પણ થઈ શકે છે.

આ જ પ્રમાણે ક્રિસ્ટલ બૉલ, વાંસળી, વીજળીના બલ્બ વગેરે ફંગ શ્વેની રીતે મૂકવાથી મનુષ્યની તકલીફો દૂર થાય છે. એ કાર્યમાં મહદંશે સફળતા મળે છે.

(અનુસંધાન પૃ. ૫૦૬ પર)

વિનોદિકા

ભેંસ

દુષ્યંત પંડ્યા



પેલી લોકકથામાંના વાણિયાએ ભેંસના શિંગડાંમાં પગ ભરાવતાં પહેલાં પૂરા છ મહિના વિચાર કર્યો હતો. ઊંડા ચિંતન પછી એણે એ સાહસ કર્યું હતું. પણ પોતાનાં શિંગડાં કોઈને ભરાવતાં ભેંસ એક પળનો પણ વિચાર કરતી નથી. ભેંસની નિર્ણયશક્તિ કેટલી શીઘ્ર છે ! આટલી ઝડપથી જે નિર્ણય લઈ શકે અને રસ્તે જતી ગમે તે વ્યક્તિને ધૂળ ચાટતી કરી શકે તે બુદ્ધિમાં બડી જ હોવી જોઈએ. વળી, શિંગડાં ભરાવે છે ત્યારે ભેંસની નજરમાં એ વ્યક્તિનું વ્યક્તિત્વ જરીય વસતું નથી. હવેલીએ ઠાકોરજીનાં દર્શન કરવા હડી કાઢતાં ડોશીમા હોય, શેરીમાં લખોટી રમતો બાળક હોય, પતંગનો દોર છૂટો મૂકતો કલ્પનાશીલ યુવાન હોય, લાખોની ઊથલપાથલ કરતો કોઈ વેપારી હોય, પૂરી સમદૃષ્ટિપૂર્વક, જરા પણ ભેદભાવ વિના ભેંસ તેને ઉથલાવી પાડે છે કે પોતાનાં શિંગડાંમાં ભરાવી દે છે. આમ, એનામાં સ્થિતપ્રજ્ઞનું સમદર્શિત્વ છે. એ સમદર્શી ને સર્વસમાન છે.

ભેંસનો રંગ કાળો હોય તેથી શું થયું ? શ્રીકૃષ્ણ કાળા હતા એટલે તો એ ગોપીવલ્લભ હતા ને ? શ્રીકૃષ્ણને ગોપીઓ ચાહતી તો ભેંસને ગોપાલો -ભેંસવાલા- ચાહે છે. પોતાની ગાયોને એ સવારે દોહીને રસ્તે રઝળતી મૂકી દે છે. ભેંસના કોઈ પાલકે ભેંસને એ રીતે રેઢી મૂકી ભાળી છે ? ભેંસ તો કમાઉ દીકરો છે. એ માનપાનની અને સારા ખાનપાનની અધિકારિણી છે. ભેંશપાલકનું દરેક ડોબું કમાઉ દીકરો છે. કંસને વ્રજ સાથે, વ્રજના ગોવાળિયાઓ સાથે અને શ્રીકૃષ્ણ સાથે વાંધો પડવાનું કારણ એ હશે કે, વ્રજની ગાયો આખો દહાડો મથુરાની શેરીઓમાં આંટા મારતી હશે, મથુરાના ટ્રાફિકમાં ખલેલ પહોંચાડતી હશે અને કંસના રથના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરતી હશે. કુબ્જાનાં અંગો વાંકાં થઈ ગયાં હશે. આપણા પુરાણકારોએ શ્રીકૃષ્ણનું ખરાબ ન દેખાય એ માટે આ બાબતના શ્લોકો 'ભાગવત'માંથી કાઢી નાખ્યા હોય તેવો પૂરો સંભવ છે. પણ આપણે માત્ર ભાગવતકારનો જ દોષ શા માટે કાઢીએ ? આપણા સમગ્ર સાહિત્યમાં ગાયને જે સ્થાન અને માન મળ્યાં છે તેનો સોમો ભાગ પણ ભેંસને નથી મળ્યો. કવિ દલપતરામે

'કાળી, ધોળી, રાતી ગાય, પીએ પાણી ચરવા જાય,
ચાર પગો ને આંચળ ચાર, વાછરડાં પર હેત અપાર.'

લખ્યું છે તેમાં 'ગાય'ને બદલે 'ભેંસ' મૂકી શકાશે. પ્રાસ ભલે ન મળે - દલપતરામની કવિતાનાં પ્રાસનાં બંધન ગુજરાતી કવિતાએ ક્યારનાં તોડી નાખ્યાં છે. એ પંક્તિઓ ભેંસને પણ પૂરેપૂરી લાગુ પાડી શકાશે. 'ભેંસ રાતી હોતી નથી' એમ કોઈ વાંધો ઉઠાવશે તો તેને કહી શકાશે કે, 'રાતી' શબ્દ લક્ષણાના અર્થમાં લેવાનો છે.

'તું તો ભેંસનો ભાઈ છો' એમ, ખોટો ઉત્તર આપનાર વિદ્યાર્થીને અમારા એક શિક્ષક કહેતા. આજે મને લાગે છે કે, ભેંસકુળ સાથે મનુષ્યની સરખામણી કરવી જરી પણ યોગ્ય નથી. કોઈએ શું ભેંસોનું બુદ્ધિમાપન કર્યું છે ? ભેંસનો બુદ્ધિઅંક કેવી રીતે કાઢવો ? એને માટે શું પ્રમાણિત કસોટીઓ છે ? પોતાનાં પાડરાને ભાંભરીને ભેંસ પણ કહેતી નહીં હોય કે, 'તું માણસ જેવો છે ?' ને આમ કહેવાનો ભેંસને પૂરો અધિકાર પણ છે. 'અક્કલ બડી કે ભેંસ ?' - આ પ્રશ્ન પૂછનારની અક્કલ કરતાં ભેંસ અને એની અક્કલ બેઉ બડી હોવા વિશે કોણ શંકા ઉઠાવી શકશે ? ગુરુત્વાકર્ષણની શોધ કરનાર ન્યૂટને બે બિલાડીઓ માટે બે કાણાં કર્યાં હતાં અને, 'નાનીને માટે નાનું અને મોટીને માટે મોટું' કહી, પોતાની બુદ્ધિ ગુરુત્વાકર્ષણથી આકર્ષાઈ પોતાને મસ્તકેથી પાની નીચે સરી પડી હોવાનો પુરાવો આપ્યો હતો. કોઈના ખેતરમાં છીંડું પાડનાર ભેંસે કદી પોતાને માટે મોટું અને પોતાના પાડરા માટે નાનું એમ બે છીંડાં પાડ્યાં હોવાનું જાણવા નથી મળ્યું.

જૂના જમાનામાં તેલિયા રાજાઓ ન હતા અને ઘાણીએથી તેલ મળતું તે જમાનાની વાત છે. એ ઘાણીવાળાએ પોતાની ઘાણીએ એક અલમસ્ત પાડો જોતર્યો હતો. એક વાર એ ઘાણીવાળાનો ઘરાક એવો કોઈ વકીલ તેલ લેવા ત્યાં આવ્યો ત્યારે એણે ઘાણીએ બેસનાર ઘાંચીને પ્રશ્ન કર્યો, 'હારો આ પાડો ગોળ ગોળ ફરવાને બદલે કોઈ દી સીધો ન ચાલ્યો જાય ?' 'ના સાહેબ, એ કાયદો નથી ભણ્યો !' ઘાણીવાળાએ જવાબ આપ્યો. આ ઉત્તર બતાવી આપે છે કે ભેંસનાં શિંગડાં ગમે તેટલાં વાંકાં હોય એની બુદ્ધિ વકીલની બુદ્ધિની જેમ વાંકી નથી ચાલતી. આ દૃષ્ટાંત પણ ભેંસની બુદ્ધિનું ચડિયાતાપણું પુરવાર કરે છે; ને કોઈ ન્યાયાધીશ નકારી શકે નહીં તેવો સજ્જડ આ પુરાવો છે.

પોતાના દૂબળા-પાતળા પગ કરતાં પોતાનાં વાંકાંચૂકાં શિંગડાં ચડિયાતાં છે એવી પગ અને શિંગડાં વચ્ચેની તુલના કરીને સાબર શિંગડાંથી કેવું ફસાયું હતું તેની કથા છે. પોતાના પગ અને પોતાનાં શિંગડાં વચ્ચે આવી તુલના કરવાનો, પોતાના એક અંગ કરતાં બીજાને ચડિયાતું ગણવાનો અભદ્ર વિચાર ભેંસે કદી જ કર્યો નથી. તે તેથી પોતાનાં શિંગડાંની જાળમાં એ ફસાઈ નથી, પોતાનાં શિંગડાંમાં એણે કંઈક લોકોને ફસાવી તેમની પટકી પાડી નાખી છે.

નચિકેતાના પિતાએ યજ્ઞ કર્યા પછી દાન ગાયોનું કર્યું હતું

ને તે પણ ઘરડી ને વસૂકી ગયેલી ગાયોનું. પ્રેમચંદજીએ નવલકથા પણ 'ગોદાન' વિશે લખી છે. ભેંસ તો હાથણી છે. એનું દાન કરવાનો વિચાર કોઈને કેમ નથી આવતો ? ભેંસ અદેય છે. સાચાં મોતીનો હાર, સુવર્ણમહોરો, સહસ્ર ગાયો, ઘર, ખેતર, રાજપાટ, અશ્વો, પેટી ભરીને ચલણી નોટો પણ દઈ શકાય છે. ભેંસ જ કોઈ કોઈને આપતું નથી. માબાપ કરતાંયે એ વધારે મૂલ્યવાન છે. ભવાયાઓ પર વારી જઈ ભેંસનું દાન જાહેર કરનાર શેઠની અક્કલ ભેંસ ચરી ગઈ હશે, એ પાછી આવતાં એમણે ભેંસોની સંખ્યા એકથી અનેક કરી અને, સ્વ-પરનો ભેદ ભૂલી જઈ, આખા ગામનું ખાંડું ભવાયાઓને દાનમાં આપી દીધું. લોકોને લાગ્યું કે શેઠની અક્કલ ભેંસના રુંવાડા જેટલી નાની છે, પરંતુ વાસ્તવમાં શેઠનું શાણપણ વિકાસ પામી ભેંસના જેટલું વિશાળ અને વિસ્તૃત થયું હતું અને એમણે બગડેલી બાજી સુધારી લીધી હતી.

આપણે ગાયને 'રાંક' કહીએ છીએ. ધનની બાબત દૂધ એ ગાયનું ધન ગણીએ તો - ગાય પૂરેપૂરી રાંક છે એ વિશે શંકા નથી. પણ ગાય શું ઢીંક નથી મારતી ? પોતાના પૂંછડાનો પ્રહાર એ નથી કરતી ? ગાય પ્રત્યે આપણને એટલો આદર છે કે આપણે એને આખો દહાડો સ્વૈરવિહાર કરવાની છૂટ આપીએ છીએ અને એ છૂટનો એ શો ઉપયોગ કરે છે ? ઉકરડે ઉકરડા એ ફેંદે છે, રસ્તામાં પવનમાં ઊડતા કાગળો, ચીંથરાં, પ્લાસ્ટિકની થેલીઓ અને માવામસાલાના પ્લાસ્ટિકના ટુકડાઓ એ ખાધે જ રાખે છે. બારણે બારણે ભીખ માગતી એ ભટકે છે, શાકભાજીના કચરા ઉપર વાઘના જેવી તરાપ મારે છે, એ માટે બીજી ગાય સામે શિંગડાં ભરાવી યુદ્ધે પણ ચડે છે. રસ્તા વચ્ચે બેસી એ ટ્રાફિકને અવરોધે છે. કાછિયાઓના શાકભાજીના ટોપલાઓમાં અને કણિયાની દુકાનની અનાજની ગુણોમાં એ મોઢું નાખે છે, કેમ જાણે એ સદાભૂખી હોય અને એના પેટમાં વડવાનલ હોય ! પણ આવું બધું આચરકુચર ખાઈ મૃત્યુ પામતી ગાયના પેટમાંથી વણપચેલી પ્લાસ્ટિકની થેલીઓનો પાવાગઢ જેવડો ડુંગર નીકળે છે. ત્યારે ભેંસ કેવી સ્વમાની છે ? એ પરાન્ન ખાતી નથી, ચોરના માથાની જેમ ભટકતી નથી, ઉકરડામાં મોઢું નાખતી નથી અને ઘેર ખાણ, ચણા, ઘાસ વગેરે જ ખાય છે. પરિણામે એનું દૂધ પ્લાસ્ટિક જેવું પાતળું હોતું નથી. થોડું દૂધ નાખવાથી ચાનો રંગ અને સ્વાદ બદલાઈ જાય છે અને એના દૂધમાંથી માખણ પણ ઊતરે છે. ભેંસ પાળનારે પછી કોઈનું માખણ લેવા જવું પડતું નથી.

ભેંસમાં સહિષ્ણુતાનો મહાન ગુણ છે એની તરફ આપણા લોકોનું ધ્યાન જ ગયું નથી તે મોટું આશ્ચર્ય છે. ગોપાલકો ગાયોને પૂર્ણ સ્વાતંત્ર્ય આપે છે અને સવારે ને સાંજે દોહ્યાં પછી, સ્વૈરવિહારને માટે તેમને છૂટી મૂકી દે છે. ત્યારે ભેંસને ખીલે જ બાંધી રાખે છે. ગાયના જેટલો જગતનો અનુભવ ભેંસને ભલે ન મળતો હોય પણ તેથી એ નિમ્નકક્ષાનું પ્રાણી નથી બની જતી. ખીલે બેઠી બેઠી, નિમિલિત નેત્રે વાગોળતી ભેંસ સ્થિતપ્રજ્ઞની દશામાં હોય છે અને આજુબાજુ બનતી બધી નાનીમોટી ઘટનાઓથી એ અલિપ્ત રહે છે. ઘરધણીને ત્યાં કોઈ આવેજાય તો કૂતરાની માફક ભસતી નથી. પાળેલી હોવા છતાં બિલાડી રસોડે ઘૂસી જઈ દૂધનું વાસણ ઢોળી નાખી દૂધ પી જાય છે તેમ, એ કદી કરતી નથી. હાડા રજપૂતની માફક એ ખીલેથી ખસતી નથી, ગોધાની જેમ એ લાલ વસ્ત્રથી ભડકતી નથી. ઘાસનો પૂળો જરા દૂર પડ્યો હોય તો તે લેવા એ લલચાતી નથી. મેરુ ચળે તોય એનું મન ડગતું નથી.

એની આ નહીં ડગવાની સ્થિતિને કારણે, એ હાઈવે પર કે બાઈવે પર નીકળે છે ત્યારે, સમુદ્રોલ્લંઘન કરતા મારુતિની ઝડપે મારુતિકાર ચલાવનારાઓને, રસ્તાઓના રાજા એવા ટ્રકચાલકોને, એસ. ટી.ના ડ્રાઈવરોને, સ્કૂટરિસ્ટોને, સૌને થંભી જવું પડે છે. મુખ્યમંત્રીની પાઈલટ કારને પણ એ ગાંઠતી નથી. ગમે તેટલાં ભૂંગળાં ભલે વાગે, એ પોતાની મંદ, મંથર ગતિને છોડતી નથી અને રસ્તા પર બેઠી હોય તો એને ઉઠાડનારને નવ નેજાં થાય છે. આ સૌ ભૂલી જાય છે કે એ સાચા અર્થમાં 'મહિષી' છે. એ દાવે એ પરાણે માન માગે છે અને મહિષીને નમવું પડે છે. આજના પ્રાઈમ મિનિસ્ટર, ગવર્નર કે ચીફ મિનિસ્ટર આવે ત્યારે બીજો બધો ટ્રાફિક થંભાવી દેવામાં આવે છે તે આ મહિષી સાથેનું એમનું સામ્ય સૂચવે છે.

દેશના બીજા ભાગોમાંથી આવીને મુંબઈની ગીચતા વધારતાં લોકોને અટકાવવાનો વિચાર કરાઈ રહ્યો છે. પણ મુંબઈ આવતી ભેંસોને કોઈ ડરાવી શકતું નથી. દરરોજ બે ભારખાનાં ભરાઈને ભેંસો મુંબઈમાં ઠલવાય છે. પણ કાળી ભેંસોનું, ગોરાઓના ગામ, ગોરેગામમાં જ આદરપૂર્વક લઈ જવાતી હશે તેથી, ઇતર પરપ્રાંતીય મનુષ્યોની માફક એ ત્યાંના રાજકીય પક્ષીય વાઘની નજરે ચડતી નહીં હોય. વળી ભેંસને દોહ્યે દૂધની ધાર થાય છે એ કારણ પણ હોઈ શકે.

કોને કેટલું દૂધ દેવું તે, ભેંસનો માલિક કે એને દોહનાર નહીં, પણ ભેંસ પોતે નક્કી કરતી હોય છે. ગઈ પેઢીના ખ્યાતનામ હિન્દી લેખક જૈનેન્દ્રકુમારને ભેંસ ખરીદવાનું મન થયું. કાગળ અને કલમ અને શાહી સિવાય બીજું કશું ખરીદવાનો મહાવરો એમને નહીં હોય એટલે ભેંસની ખરીદી કેવી રીતે કરવી એ ખબર અને એની જાણકારી એમની પાસે ક્યાંથી હોય ? પૂછતાં પૂછતાં પાટણ જવાય એ ન્યાયે જૈનેન્દ્રકુમાર કોઈ ભેંસ વેચનાર પાસે પહોંચ્યા. કયો ઉપન્યાસ

સારો અને ક્યો નહીં તે કહી શકનાર ભેંસની ઉચ્ચાવચ્ચતા જાણતા ન હતા. એમને બધી ભેંસો કાળી અને વાંકાં શિંગડાંવાળી દેખાતી હતી. ધ્યાન કરતી હોય એમ એ વાડામાંની બધી ભેંસો આંખો બંધ કરીને બેઠી હતી. એમને જૈનેન્દ્રકુમારની કે જવાહરલાલની કશી પડી ન હતી.

ભેંસના વેપારીએ જૈનેન્દ્રને માપી લીધા અને પછી પૂછ્યું : 'તમારે ભેંસ શા માટે જોઈએ છે ? દૂધનો ધંધો કરવો છે ?' જૈનેન્દ્રના દીદાર ધંધો કરનારના અને તે પણ, દૂધનો ધંધો કરનારના, લાગતા ન હતા.

'નહીં ભૈયા' જૈનેન્દ્રે કહ્યું. 'ઘરમાં વાપરવા માટે ચોખ્ખું દૂધ મળે એ માટે ભેંસ લેવી છે.'

'ઐસા કરો,' પેલો વેપારી બોલ્યો, 'તમારી હાજરીમાં દૂધ દોહીને તમને ભેંસ આપીશ, શેઠ. ટકોરો વગાડીને લઈ જજો. આજ બુધવાર છે. તમે રવિવારે બરાબર પાંચ વાગ્યે અહીં આવો. ભેંસનો દોહવાનો ટેમ બરાબર જાળવવો પડે. એમાં વહેલુંમોડું થાય એ ન ચાલે ! નિયમિતતામાં એ ગોરાઓ કરતાંયે વધારે આગ્રહી !'

બ્રાહ્મમુહૂર્તે ઊઠી રવિવારે સવારે જૈનેન્દ્ર આંખો ચોળતા ચોળતા પેલે તબેલે ગયા. ઝાંખા અજવાળામાં ભેંસો દોહવાની હતી અને છાણની, ભેંસોનાં શરીરની અને એમને દોહવાવાળાનાં શરીરની ગંધની સાથે દૂધની ગંધ પણ ભળી જતી હતી. એકબે ભેંસો દોહ્યા પછી ભેંસપાલે જૈનેન્દ્રને કહ્યું : 'આઈએ, તમારી હાથણી તમને બતાવું.' બોઘરણું લઈ, ભેંસને પાછલે પગે જોતર બાંધી એ ભેંસને દોહવા લાગ્યો. દૂધની ધારા અષાઢી મેઘની જેમ બોઘરણામાં પડવા લાગી. ત્રણ-ચાર લીટર દૂધ દોહી, ભેંસનું જોતર ખોલી, તેની પીઠ થાબડતાં ભેંસપાલ બોલ્યો, 'રાધારાણી, આ તારો નવો માલિક.' જૈનેન્દ્રને લાગ્યું કે ભેંસે પોતાની ડોક નમાવી. રાધારાણીને નવા કનૈયાને ઓળખ્યો.

એકાદ હજાર રૂપિયા આપી ભેંસને પોતાને ઘેર લઈ જવાની એમણે વ્યવસ્થા કરી. ઘરને દરવાજે ભેંસને પોંખવાનો વિધિ કર્યો કે નહીં તે આપણે નથી જાણતા. ભેંસ માટે કરેલી છાપરી નીચે ભેંસને બાંધ્યા પછી જૈનેન્દ્ર એ રાધારાણી પાસે ગયા ત્યારે ભેંસનું પૂંછડું એમને ક્યાં વાગ્યું તે પણ આપણે જાણતા નથી. પણ સાંજે એને દોહવાવાળો આવ્યો ને ભેંસને દોહવા લાગ્યો ત્યારે ભેંસે માંડ અર્ધો લિટર જેટલું દૂધ આપ્યું. દોહનારનો હાથ નવો હશે તેથી ભેંસે એમ કર્યું હશે એમ લાગ્યું. પણ બીજે, ત્રીજે અને પછીને બધે જ દિવસે ભેંસ એટલું જ દૂધ દેવા લાગી. એને ગમે તેટલું થાબડે, 'બાપો, બાપો, કરે. ઘાસના પૂળા નીરે' પણ દૂધનું પ્રમાણ અચલ રહેવા લાગ્યું. જૈનેન્દ્રે એને 'ચાય કી ભૈંસ', 'ચા માટે જરૂરી દૂધ આપતી ભેંસ' કહી હતી.

ભેંસના દૂધને અને એની દ્વારા ભેંસને ચા સાથે સંબંધ ભલે હોય પણ ભેંસ કૂતરાની માફક પોતાના માલિકને ચાહતી હોય તેવું જાણવા મળ્યું નથી. પ્રેમ અને દ્વેષના દ્વન્દ્વથી પર એ સ્થિમધિ મુનિના જેવી છે. વાસી રોટલી હાથમાં રાખી 'ગાય ગાય' બોલ સાંભળી દોડતી આવતી ગાયની માફક એ કશાથી લલચાતી નથી.

આવા સ્થિતપ્રજ્ઞ જેવા ગુણો ધરાવતી ભેંસ જીવનભર મોટેભાગે બંધ આંખે જ બેઠી હોય છે. મૃત્યુ પામતી વેળાએ પોતાની આંખો ખોલતી હશે એટલે જ પેલી કહેવત પડી હશે કે, 'મોઈ ભેંસના મોટા ડોળા.' જીવનભર જેણે કોઈની સામે ડોળા કાઢ્યા નથી તે મૃત્યુ વેળા આ રીતે ડોળા કાઢે છે અને માનવજાત માટે, પોતાના દેહ જેટલો જ મહાન આદર્શ મૂકતી જાય છે. ❑

ટૂંકુંટચ

પરિઘ

પ્રફુલ્લ રાવલ

માંડ પચ્ચીસ પગલાં ચાલીને પરિમિતિ ઘરે પહોંચી તો તે દરમિયાન એનું મન અપૂર્વ આનંદ માણી રહ્યું. જાણે વર્ષોની ખુશી એણે આજે અનુભવી, જે એની ભીતરી ઉત્કટ ઝંખના હતી ! એ ચાર દીવાલો વચ્ચે નહીં, પરંતુ ખુલ્લામાં પરિઘ સાથે હતી. દિવસોની તાણ જાણે ગાયબ થઈ ગઈ. પરિઘની સંગાથે એ રાજમાર્ગ પર થોડો સમય ગતિશીલ રહી અને ગતિશીલ રહ્યું એનું હૃદય. એ હૃદય જે સતત પરિઘના વિચારે જ જાણે ધબકતું રહેતું હતું ! પરિમિતિના વિચારમાં માત્ર પરિઘ જ છવાયેલો રહેતો હતો. અત્યારે એ પરિઘસભર હતી. સ્કૂટર પરથી એ ઊતરી ત્યારે એનામાં સ્ફૂર્તિનો સંચાર થયો હતો. થોડી ક્ષણો પૂર્વેનો થાક અદશ્ય થઈ ગયો હતો. પોતે કંઈક હોવાનો ભાવ એ અનુભવતી હતી. પરિઘ વળાંક લઈને પાછો ફર્યો ત્યારે પરિમિતિએ ભાવુક નજરે એને પોતાનામાં ભરી લીધો. પરિઘનું સાયુજ્ય અનુભવતી એ ઘરમાં દાખલ થઈ. એના સ્મરણમાં ઝબકી ગઈ પરિઘે દીધેલી સ્મૃતિ. એણે કબાટમાંથી પરિઘે આપેલી સ્મૃતિ કાઢીને, બે પાનાં વચ્ચે મૂકેલો ફોટો, એ ભાવથી જોઈ રહી. બીજી ક્ષણે એની આંખ અક્ષરો ઉકેલવા માંડી. એના હોઠ ફફડી રહ્યા : "Though the ocean roar round me, / Yet it still bear me on !' વારંવાર એ અક્ષરો એ વાંચતી રહી; ના, જાણે વાગોળી રહી ! પછી પરિમિતિ મનોમન બોલી રહી : 'સાચે જ તું મારો પરિઘ છું.'

❑ ❑

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

મૉસ્કો : વિશિષ્ટ મેટ્રો, લેનિનની કબર અને કથિડ્રલ

મૉસ્કોની અન્ડરગ્રાઉન્ડ મેટ્રો (સબવે) ત્યાંનું સૌથી ઝડપી અને સહેલાઈથી જવા-ફરવા માટેનું વાહન છે. રોજ એક કરોડ કરતાં વધુ લોકો તેનો ઉપયોગ કરે છે. ભૂમિની ખૂબ નીચે, એના ઊંડા ભૂમિબિન્દુ પર આવેલાં સ્ટેશનોનો ઉપયોગ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શત્રુના બોંબમારાથી રક્ષણ મેળવવા માટે થયો હતો.

મેટ્રો નેટવર્ક પર આ મહાનગરના બધા ભાગોને જોડતી ૧૦ રેલલાઈનો અને ૧૫૦ તો સ્ટેશનો છે. તેનો ટ્રૅક ૧૨૫ માઈલ લાંબો છે. ઘણાં જૂના સ્ટેશનો મોઝેક, આરસ અને રંગીન કાચની ડિઝાઈનોથી સુશોભિત હોય છે. કેટલાંક સ્ટેશનોનાં પ્લૅટફૉર્મ પર પ્રતિમાઓ છે, મોટાં ઝુમ્મરો અને ચિત્રો પણ છે. તે બધું સ્વચ્છ રખાય છે. એનાં ઓકોટની રાયડ, મયા કોવ્સક્યા સ્ટેશનો તો ખૂબ ભવ્ય છે.

મેટ્રો નેટવર્કના નકશામાં અને ડબ્બાઓમાં બર્લિન, લંડન, કેલિફોર્નિયાના 'બે એરીઆ'ના બાર્ટ વગેરેની જેમ જુદી જુદી દિશાઓ કે લાઈનો માટે જુદા જુદા કલરકોડ દર્શાવાયા છે. તેથી અજાણ પ્રવાસીને મેટ્રો વાપરવી સરળ બને છે. ખૂબ ઝડપથી સરકતાં, એનાં અસાધારણ લાંબા અને ઢળતાં એસ્કેલેટરોનો નીચે ઊંડે આવેલાં સ્ટેશનો સુધી જવા-આવવા માટે ઉપયોગ કરવો, એ એક અનુભવ છે. ૧૯૯૧ સુધી માત્ર પાંચ કોપેકમાં મેટ્રોની મુસાફરી કરી શકાતી. લંડન, યુરોપ, અમેરિકાની જેમ ખરીદેલાં ટોકનનો સ્ટેશનમાં ટ્રેનલાઈનમાં જવા માટે ઑટોમેટિક પ્રવેશવ્યવસ્થા છે. પણ સ્ટેશનનાં નામ માત્ર રશિયન ભાષામાં મુકાયેલાં. જો કે, કેટલાંક અંગ્રેજી સમજી શકનારને સહાય કરવાનું વલણ રાખતાં ખરાં.

સ્વચ્છ અને કોઈ પ્રકારના ફાલતુ (જનતા દ્વારા) થતાં ભીંત-લખાણો વિનાનાં તથા વૃદ્ધો અને અપંગો માટે દરેક ડબ્બાના આગળના ભાગમાં અનામત જગાઓ. મુંબઈ-રોમ-ટોકિયો જેવી નહિ તોય, લંડન-ન્યૂ યૉર્ક જેવી ભીડ. બર્લિન કે (સિલિકોન વેલી) બાર્ટ જેવી ભીડ વર્તાય નહિ. સ્ટેશનો પર ફેરિયાઓ કે ભિખારીઓ જોવા મળતાં નથી. હવે તો તેઓ 'ગ્લાસનોસ્ટ' (મુક્ત લોકશાહી રાજતંત્ર)નો લાભ ઉઠાવે છે. તે રશિયાની સામાજિક-આર્થિક વાસ્તવિક્તાની ચાડી ખાય છે.


નવું મૉસ્કો શહેર

૧૯૮૪ની અમારી મુલાકાત દરમિયાન મૉસ્કો આ હોટેલોમાં બ્રેડ, બટર, જ્યૂસ વગેરે માની ન શકાય તેવાં સસ્તાં હતાં. હવે તો તે અને બીજી વપરાશી ચીજવસ્તુઓ ખૂબ મોંઘી થઈ છે. તેની અછત વર્તાવાની સાથે તેનાં કાળાં બજાર પણ થાય છે. રોજિંદી ચીજવસ્તુઓને રાજ્યની સબસિડી આપીને થોડા પ્રમાણમાં, પણ સસ્તા દરે સુલભ કરવાની સામ્યવાદી નીતિ કૃત્રિમ અને બિન-ઉપજાઉ સાબિત થઈ છે. ત્યારે સત્તાવાર રીતે ૮૪ સેન્ટ બરાબર એક રૂબલ એવો વિનિમય દર રશિયામાં હતો. પણ વ્યવહારમાં એક ડૉલર (૧૦૦ સેન્ટ)ના ત્રણ રૂબલ અમને મળ્યા હતા. સારી હોટેલોમાં પરદેશી ચીજો માટેનો ડૉલર સ્ટોર રખાતો. તેની ચીજો પ્રમાણમાં ઊંચા ભાવે ડૉલરમાં લેવાની. છતાં અમેરિકી ચીજ માટેની ઘેલછા એવી કે રશિયનો તે લેવા ત્યાં ઊભરાતાં હતાં. સામ્યવાદી દાવાના ખોખલાપણાનો અમને આમ ઉપરની સપાટી પર પણ, પ્રવાસી તરીકે અનુભવ થયો.

રશિયામાં 'પેરિસ્ટ્રોઇકા' - 'ગ્લાસનોસ્ત'ને પગલે ગજબનાં પરિવર્તન આવ્યાં છે. પુશ્કીન, ટૉલસ્ટૉય, લોઓનોસોવ અહીં રહ્યા હતા. મૉસ્કોનું મહત્ત્વ ને કલાત્મક આકર્ષણ હંમેશાં વિશ્વવ્યાપી રહ્યું છે. નેપોલિયનના સમયે અહીં માની ન શકાય આવે વૈભવ સાથે ફ્રેન્ચ શૈલીમાં સજ્જ થયેલ એવા પચાસેક મહેલો જોયા, જે સુંદરતામાં પૅરિસના 'પેલે દ એલિસી'ની બરોબરી કરી શકે છે. ટૉલસ્ટૉય કહેતા : 'રશિયનો મૉસ્કોને પોતાની માતા હોય, તે રીતે જુએ છે; ને તેથી જ તો શાશ્વત છે.'

૧૯૮૦માં ટી. ઈવાન્સે મસ્તાંગ કાર દ્વારા રશિયાનો પ્રવાસ કરતી વખતે લાલ ખમીસધારીઓ, કાળી બ્રેડ, મીઠું ભભરાવેલ કાકડી અને તરબૂચના કકડા સાથે આશ્ચર્ય પમાડે એવી હલકી જાતની ચા પીવાની નોંધ લીધેલી. હવે નવું મૉસ્કો અરાજક લોકશાહી, મૂડીવાદ અને માફિયાઓનું કેન્દ્ર બની ગયું છે. અહીં હવે ગરીબ દેવાદારથી માંડીને તાલેવાન બૅન્કરો, બેઘરથી માંડીને સ્થાવર મિલકતના કરોડપતિ માલિક જોવા મળે છે. છતાંય પેલાં ૨૫૦૦ જેટલાં સ્મારકો, ૫૦ જેટલાં ભવ્ય થીએટરો અને કૉન્સર્ટ હૉલ; વળી,



સેંટ બેસિલ કથિડ્રલ

૪૫૦૦ લાઈબ્રેરીઓ, ૧૨૫ સિનેમાગૃહો, ૭૦ મ્યૂઝીઅમો જોવા પ્રતિવર્ષ ૨૦૦ લાખ લોકો આવે છે. આ કથિડ્રલની સામેના સ્થાન પર 'હિસ્ટૉરિકલ મ્યૂઝીઅમ' છે. તેના ૪૮ ખંડોમાં ત્રણ લાખ વસ્તુઓ અને પાષાણ-યુગથી વર્તમાનયુગ સુધીની ૪૦ લાખ હસ્તલિખિત પ્રતો, છપાયેલ પુસ્તકો ને કલાત્મક ચીજો સંગ્રહાયેલી છે. તેમાંય 'સેંટ બેસિલ કથિડ્રલ' અને 'લેનિનની કબર'માં પ્રવાસીઓને સવિશેષ રસ પડે છે.

સેંટ બૅસિલ કથિડ્રલ પહેલી નજરે જ ધ્યાન ખેંચે તેવું વિશિષ્ટ સ્થાપત્ય ધરાવે છે. ઈવાન ચોથાએ ૧૬મી સદીમાં મોંગોલ પ્રદેશોને રશિયા સાથે જોડી દીધા. તેની સ્મૃતિરૂપે તે બંધાયું હતું. વર્જિનના તહેવાર સમયે આમ થયું તેથી તેણે આ કથિડ્રલ બાંધ્યું હતું. પવિત્ર ફિરસ્તા બેસિલનું અહીં દફન કરવામાં આવ્યું હતું. લોકો ઈવાનનો તિરસ્કાર કરતાં હતાં. તેથી તેના મૃત્યુ પછી આ સુંદર ઇમારત સાથે સેંટ બૅસિલસનું નામ જોડાયું.

આ કથિડ્રલ પર રશિયન સ્થાપત્ય શૈલીની ઊંડી છાપ છે. તંબુ આકારના કે હૅલ્મેટ ને લસણના આકારના ઘૂમટો તથા તેનાં નવ દેવળો ધ્યાનાકર્ષક છે. તેની અંદરની મૂર્તિઓ ને ભીંતચિત્રો તથા છત પર વિવિધ રંગોમાં ફૂલોની ભાતવાળાં ચિત્રો જોવા મળે છે. કથિડ્રલની અંદર ઐતિહાસિક સંગ્રહસ્થાન પણ છે. ૧૯૯૧માં તે પાછું રશિયન રૂઢિવાદી ચર્ચને સોંપાયું. પ્રમુખ યેલસ્ટીને તેની પ્રથમ ઇસ્ટર સર્વિસમાં હાજરી આપી હતી.

લેનિનની કબર : રેડ સ્કવૅરની એક બાજુના ભાગમાં કાચના મોટા કેસમાં વ્હાલદીમીર ઇલિચ લેનિનના મૃતદેહને રાખવામાં આવ્યો છે. ગ્રેનાઇટ આરસ, આરસ ને પત્થરોની શિલા પર લાલ અક્ષરોમાં 'લેનિન' કોતરાયું છે. સાત દાયકાથી પણ વધુ સમય પર્યન્ત રશિયનો અને વિદેશીઓ સોવિયેત સંઘના આ ક્રાન્તિકારી પિતા પ્રતિ સન્માનભાવ વ્યક્ત કરવા માટે લાંબી કતારમાં ઊભાં રહેતાં.

દરેક કલાકે બે સંત્રીઓ ક્રેમલિનના ઘડિયાળના ટકોરે બદલાતા રહે છે. લંડન અને પૅરિસમાં સંત્રીબદલ - પહેરો શાહી રાહે થાય છે. તેવું સન્માન શ્રમજીવીઓના આ તારણહારને મળતું હતું. અહીં ખિસ્સામાં હાથ રાખીને કતારમાં ઊભા રહેવું કે દૂરથી નીરખવું એ પણ અવિવેક ગણાય છે, ને તે વ્યક્તિ સંત્રીનો ઠપકો વહોરી લે છે. સામ્યવાદી પદ્ધતિના વિલય પહેલાં રાષ્ટ્રિય દિને ૧૦,૦૦૦ની મેદની કબરની આજુબાજુ અદબભેર ઊભી રહેતી.

લગભગ દરેક દેશની સલામતી માટે ફના થનાર સૈનિકો અને વીર નેતાઓ માટેનાં સ્મારકો હોય છે. અમેરિકામાં મે માસના છેલ્લા સોમવારે આવું ફૌજી માન લોકો આપે છે. બ્રિટનમાં ૧૧મા મહિનામાં ૧૧મે દિવસે ૧૧ વાગે આવી વિધિ થાય છે. સોવિયેત સંઘમાં લગભગ બે કરોડ માણસો માર્યા ગયા હતા, ત્યાં બધાં યુગલો લગ્નની વિધિ પૂરી થયાં પછી પહેલા કાર્ય તરીકે પોતાના શહેરના શહીદ સ્મારકની મુલાકાત લે છે.

ભારતમાં બ્રિટન, ઉત્તર કોરિયા, સોવિયેત સંઘની જેમ મહત્ત્વના માર્ગો, ફ્લાઈ ઓવર, ટનલ (જેમકે, બ્રિટનમાં જનરલ મૅક આર્થર ટનલ), બંદરો કે ઍરપોર્ટ સાથે વીર નેતાઓ-શહીદોનાં નામ જોડાયેલાં નથી. ભલે, બ્રિટિશરોએ પોતાના વફાદાર હિન્દી સૈનિકો- જેમણે પહેલા વિશ્વયુદ્ધમાં બ્રિટન તરફથી લડતાં પ્રાણની આહુતિ આપી હતી, તેમના માનમાં નવી દિલ્હીમાં 'ઇન્ડિયા ગેટ' બાંધ્યો. નવી દિલ્હી અને વૉશિંગ્ટનમાં 'અનૂનોન સોલ્જર્સ'નાં સ્મારકો ધ્યાન ખેંચે છે. ભારતમાં ફાલતુ રાજકીય નેતાઓનાં ઢગલાબંધ સ્મારકો રચાયાં છે, પણ જનરલ થીમૈયા, કરીઆપ્પા, રામદાસ કતારી અને જનરલ માણેકશાની યાદમાં કોઈ મોટો માર્ગ કે સ્મારકો ઊભાં કર્યા જાણ્યાં નથી !

જોકે, મૉસ્કોમાં પણ ૧૯૯૧થી લેનિનની કબર પાસે મોટી કતાર નાટ્યાત્મક રીતે પાંખી થઈ ગઈ છે. અરે, પહેલાં વિચારી પણ ન શકાય એવી ઘટના પણ બનવા માંડી છે. કોઈ વાર આખા જગતને હલાવી દેનાર લાલ ક્રાન્તિ અને વિશાળ લાલરંગી વિશ્વના અગ્રહારની કબર સમક્ષ ઊભા રહેવા માટે એક ચકલુંય ફરકતું નથી. હા, મૂડીવાદના નવા મોજામાં લેનિનની સ્મૃતિકૃતિઓ સારા પ્રમાણમાં વેચાય છે. Lenin is souvenirised ! અને રેડ સ્કવૅર એક રીતે પણ મોટું બજાર તો રહ્યું જ છે ને ! (ગાંધીજીની સ્મૃતિ પણ હવે એમની સુવેનિરોમાં જ વધુ દેખાય છે ને !)

ગમે તે હોય, આ કબરની પાછળ રશિયાના રાજકારણ, સંસ્કૃતિ અને વિજ્ઞાનની નામી હસ્તીઓના અવશેષો ક્રેમલિનની દીવાલોની અંદર સચવાયેલા છે. તેમાં મૅક્સિમ ગોર્કી, યુરી ગાગરીન, સુસ્લોવ અને સ્ટેલિન તો ખરા જ. પણ ઇતિહાસનો કટાક્ષ તો એ છે કે લેનિનની નજીક સ્ટેલિનને સુવાડેલ હતો તેનું સ્થાન બદલાયું હતું, તેમ હવે લેનિનની કબરનું પણ સ્થાનાંતર થયું છે - 'સ્ટેટસ ચેન્જ'નો સ્પષ્ટ સંકેત ! જાણે કે, લાલ રંગ પર ભૂરી (મૂડીવાદી લોકશાહી) રંગછાંય દેખાય છે. (ક્રમશઃ)

બાપાને શું કહેવું ?

સુરેશ ઓઝા

સવારે ઊઠતાં જ સામે બાપા બેઠા હોય - જાગીને સ્વસ્થ થઉં ત્યાં સુધીમાં બાપાની આકૃતિ આંખની કીકીમાં છવાઈ ઊપસી રહે : ટૂંકી પોતડી ઉપર અંડરવેર - ક્યારેક તે પણ નહિ. બાપાના પેટ પર પડતી વળ અને છાતી પરના સફેદ આછાપાછા વાળ ને માથા પર વાળ ખાસ નહિ ને બધા જ સફેદ ને ટૂંકા.

એ વખતે મારી એક બેબી જાગી જઈ કકળાટ કરતી હોય તેની મા સાથે. બીજી હજી પથારીમાં ઘોરતી હોય. મને થતું - આને નિશાળની ચિંતા જેવું કંઈ છે ? પણ ત્યાં તો - જોકે તેને જગાડવાનો સમય જ હતો - તેની મા તેને ઢંઢોળવા આવી ચડતી.

સૂર્યનારાયણ તો ક્યાં દેખાય ? આજુબાજુ બધે જ ઊંચાં ઊંચાં મકાન, મકાન ને મકાન જ. તો પણ ખયાલ આવી જાય કે સાડાસાત તો થયા જ હશે. ત્યારે પણ બાપાની આકૃતિ મનમાંથી દૂર ન થાય.

તેમણે છાપું તો ક્યારનું પતાવી નાખ્યું હોય ઉપર ઉપરથી. તેમને ઊઠવાનું પાંચ વાગ્યામાં. પાંચ વાગે જ તેમને ચા જોઈએ. એક પગે લંગડાતા નાકાની કેબિન પરથી દૂધની થેલીઓ લઈ આવે, એક થેલી વેતરી પોતાની ચા બનાવી નાખે. ને પછી બેસે - સામા ને સામા.

બે રૂમ ને રસોડું ને પાછળ થોડી ઉઘાડી જગ્યા - ચૉક જેવું કહોને. ત્યાં બધો ભંગાર ભેગો થઈ રહેતો. મારી વહુને કેટલીયે વાર મેં કહ્યું, 'આ બધું નકામું છે. તેમાં પાછો રોજ વધારો થતો જાય છે. કાઢને આને.' મને ખબર નહિ કે સ્ત્રીઓ કાઢવામાં ન સમજે. ભેગું કરવામાં જ સમજે. પછી મેં તેને કહેલું, 'ચોમાસામાં બધું પલળે છે તું જોતી નથી ? જમીન પણ લપસી પડાય તેવી થઈ ગઈ છે. તું તે જોતી નથી ? તને કંઈ દેખાતું નથી ?'

મને એ વખતે લાગતું અમારો તાલ કોઈ જોઈ રહ્યું છે. બાપા જ વળી. તે કંઈ બોલતા નહિ. બોલવાનો પ્રયત્ન કરતા દેખાય તો પણ ન બોલે. મને આની ખબર ન પડે એમ તે સમજતા હશે ? હું કંઈ ગમાર કે નાનો છું ?

હજી મોટીનો કકળાટ ન પતે ત્યાં બીજી બેબી જાગીને પથારીમાં બેસી રહે ને બેઠાબેઠા ઊંઘવા માંડે. થોડી વાર બેસી પાછી પથારીમાં લંબાવી દે. ત્યારે તેની મા કંટાળીને એકાદ ધબ્બો તો અચૂક મારી લે.

'શું કામ પણ તું -' જાગીને પગ લાંબા કરીને શેટી પર બેઠાબેઠા જ હું કહું. મારી પણ ઊંઘ હજી ગઈ ન હોય. ગઈ કાલનો દિવસ અને રાત હજી પણ મારી પીઠ પર ચોંટી રહ્યાં છે એવું મને લાગે.

ત્યારે તે બોલે, 'હવે તમારે ઊઠવું છે કે નહિ ? કે બેસી રહેવું છે ?'

'ભાઈ, ઊઠું છું. થાક ખાવા દોને જરા.'

'તો રાતે શું કરતા'તા ? આળસ મરડો, થાક ઊતરી જશે. અને એઈ તારે શું છે હવે ? આઠ વાગવા આવ્યા છે. જો ઘડિયાળમાં'

હું ઘડિયાળમાં જોઈ લઉં તો સાત વાગ્યા હોય. હું બોલું, 'તારું ધ્યાન ક્યાં છે ? હજી આઠને તો વાર છે.'

'હા, આઠ જ કહું છું.'

'તું બોલી તો સાત.'

'જે હોય તે. મશ્કરીનો આ ટાઈમ છે ? લપ છોડો.'

ગમેતેમ પણ આ ઘરમાં મને પણ આવું અજુગતું બોલવાની ટેવ પડતી જતી હતી. બાબત સામાન્ય કહેવાય પણ તેની ગંભીરતા ઓછી ન હતી.

ત્યારે બાપા પણ જોયા કરતા. કંઈ બોલતા નહિ. બાપાને લીધે જ હું આમ અને આડુંઅવળું બોલું છું તે મને સમજાઈ જતું.

જો બાપા ન બેઠા હોત તો ? તો શું ? હું ઘરડો થતો જતો હોઉં એવું મને ત્યારે લાગવા માંડતું. પત્ની સાથે છૂટ જ નથી લઈ શકાતી. વીસ કિલોનું વજન ઘરમાં હરતું ફરતું ને શ્વાસ લેતું અનુભવાય છે. બાપાનું વજન સાઠેક કિલોથી વધારે હશે. હમણાંથી થોડા નિર્જીવ બનતા જાય છે.

મારી બા પણ આ ઘરમાં જ હતી હજી બે વર્ષ પહેલાં જ. ત્યારે બાપા, બા, હું, મારી વહુ અને બે બેબીઓ છતાં વજન ન લાગતું. - ઘરમાં આજે લાગે છે તેટલું. બાની હયાતી હતી છતાં ન હતી તેવું લાગતું. બાપા ત્યારે પણ હયાત હતા અને આજે પણ હયાત દેખાય છે. ત્યારે બાપાની હાજરીથી અકળામણ ન થતી.

અને હું ઊઠું ત્યારે સામે જ દેખાય અડીખમ ઈઝીચૅરમાં ગોઠવાયેલા. બા હતી ત્યારે બાપા બહુ બોલતા નહિ. તેમની હાજરી બાની હાજરી સામે ટકી ન શકતી. જે કંઈ હતું તે બામાં જ હતું જાણે.

ત્યારે પણ બાપાનો ક્રમ તો આ જ હતો. પોતે વહેલા ઊઠે. ચાનું પતાવી લે પછી જ બધા ઊઠે ધીમેધીમે. તેમાં પણ પહેલાં ઊઠવામાં બા ને છેલ્લા ઊઠવામાં હું.

બાપા ગવર્નમેન્ટમાં નોકરિયાત - અત્યારે નિવૃત્ત. પેન્શન મળે. બા અને બાપુજીનું સહેલાઈથી નભે એટલું તો મળે જ. એમ કહેવાય કે બાપા મારે માથે નથી પડ્યા તો પણ બા ગુજરી ગયાં પછી તેમની હાજરી કળાવા માંડી. અને તે પણ બા હયાત હતી અને જે ઘર હતું તે જ બે રૂમ રસોડાવાળા મકાનમાં. અત્યારે તો માત્ર બાપા જ ઘરમાં રહેતા હોય તેવું દેખાય છે.

આવડા નાના મકાનમાં પહેલા સંકડાશ નહોતી લાગતી.

બાપાની હાજરી બીજા કોઈ સવાલ ઊભા કરે તેમ તો હતું જ નહિ. પત્ની આખો દિવસ પોતાના કામમાં વ્યસ્ત રહેતી. બાપુજીને શું શું ક્યારે ક્યારે જોઈએ તેનું ધ્યાન રાખતી. 'બિચારા એકલા પડી ગયા છે' - એમ મનમાં સમજીને.

સવારનું જ્યાં પતતું ત્યાં બાપુજીની પૂજા, જે અમારા સુવાના ઓરડામાં હતી તેનું શરૂ થઈ જતું. જાણે અમારા ઊઠવાની જ ઈઝીચૅરમાં બેસીને રાહ જોતા હોય તેમ તે ઊઠતા. ત્યારે પેલી ફરી સૂઈ ગયેલી પણ ઊઠી જતી. દિવસ દરેકના શરીરમાં પ્રવેશી ઊગી નીકળ્યો હોય તેવું લાગતું.

ચાપાણી-નહાવાધોવાનું પતતું ત્યાં તો પત્ની આખા ઘરમાં ફરી વળતી ઝડપથી. બાપા પણ પોતાની પૂજામાં વ્યસ્ત થઈ જતા. ને હું પણ... શું હું પણ ? મારી વાતમાં કહેવા જેવું શું છે તમને તે જ સમજાતું નથી.

વતનમાં અમારી જમીન છે. ઘર પણ છે. જમીન એટલે ખેતર. બાપા કહે છે ખેતર હવે શા કામનું ? ત્યાં તો હવે જવાતું નથી. કોઈ રહેતું પણ નથી. તું પણ હું ધારું છું ત્યાં સુધી જવાનો નથી. તો પછી વેચી કેમ ન નાખવું ? પૈસા આવે તેને... ને ત્યાંના મકાનનું પણ શું છે હવે ? અહીં આ લઈ લીધું તે સારું થયું. મોટા શહેરમાં આશરો થઈ ગયો. નહિતર અત્યારે ત્યાં જઈને હું કરત શું ?

બાપા આમ વિચારતા હશે તે ખયાલ મને ન હતો એમ નથી. મારું એ તરફ લક્ષ્ય જ ન હતું કે તેને વેચી શકાય. બાપાની મિલકત છે. તેમને ઠીક લાગે તેમ કરે. અને પછી પેન્શન છે એટલે વેચ્યું નથી. નહિતર વેચી નાખ્યું હોત.

ને હું ? હું શું કરું ?

'તમે ઊઠ્યા પછી મૂડમાં નથી દેખાતા.' મારી પત્ની બોલી હતી. મારા મુડની મારી વહુને ચિંતા છે તેની મને ખબર પડી. કોઈ ને કોઈની પડી નથી હોતી તે હું ન જાણું એટલો નાદાન કે બાલિશ નથી. તેમ છતાં તે આમ બોલી ત્યારે મને કહી દેવાનું મન થયું, 'બાપા તને મુડમાં દેખાય છે ?' ને ખરેખર પૂછી નાખ્યું, 'બાપાનું કેમ લાગે છે ?'

'શું બાપાનું લાગવાનું ?'

'મુડમાં રહે છે કે નહિ ?'

'મને કેમ ખબર પડે.'

'કેમ, તું તો આખો દિવસ ઘરમાં જ રહે છે.'

મારી પત્ની તે વખતે મારી સામે જોઈ રહીને બોલી, 'બાપા બાપાનું જાણે. મારે શું છે ?'

'તેમને તો પેન્શન મળે છે.' મેં કહ્યું.

'પેન્શન મળે છે તો પૈસાય આપે છે ને ઘરમાં.'

મારું મગજ કામ નથી કરતું એવું મને થતું. આ પ્રકારની નિરર્થક વાત કરી બકવાસ કરવાનું મને કેમ મન થયું ? ને મન વધુ ને વધુ મારામાં ગૂંચવવા માંડ્યું. બાપા બહાર જતા નથી. જાય તો પગની તકલીફને લીધે લાંબું ન ચાલી શકે. ને વળી પાછા બાપા મારા મનનો કબજો લઈ લેતા. આવું બનવાનું કારણ કોઈ જગાએ, કોઈ પ્રસંગમાં મને દેખાતું નહિ.

આમ બધું ચાલતું ત્યાં મારે નીકળવાનો સમય થઈ જતો. બેબીઓને વારાફરતી રિક્ષા આવી લઈ જતી સ્કૂલે. નાનીને નવરાવવી પડતી. મોટી પોતાની જાતે જ તૈયાર થઈ જતી. ખૂબ જ કામમાં વ્યસ્ત રહેતી મારી પત્ની બાથરૂમ, જાજરૂ સાફ કરી રૂમ પણ સરખા કરી નાખતી. ઓછાડ, ઓઢવાનાં બધું વ્યવસ્થિત કરતાં કરતાં સાથે સાથે રસોઈનું કામ પણ આગળ ધપતું. ત્યારે હું પણ નાહીને છાપું હાથમાં લઈ ફેરવતો, બાપુજીની ઈઝીચૅરમાં તેમની જેમ જ.

બા બિચારી ગુજરી ગઈ. તારે કેટલું બધું કામ કરવું પડે છે ! ભલે. એમ તે બોલતી ને કહેતી, 'તમે હવે ઊઠો. તમારું ટિફિન તૈયાર થઈ જશે. તમારું મગજ બગડી ગયું છે કે શું ?'

આવા સ્પષ્ટ શબ્દો તે મને કહેતી તે મને ગમતું. આવું સાંભળવાની મને ફરી ઈચ્છા થતી. તમે કહેશો કે આ પણ એક પ્રકારનું સંવનન જ છે. તો ભલે.

ને બાપાની પૂજાની ટોકરી તો ક્યારનીય રણઝણી જતી. હવે તે માળા જપતા હશે એ અનુમાન સહેજે થઈ જતું. મને ઊઠવાનું મન ન થતું. બહાર નીકળવાની ઈચ્છા ન થતી. કેટલાય ધંધા ફેરવ્યા તો પણ જમાવટ જેવું કંઈ જ લાગતું નથી. માથાફોડ કરતા હોઈએ એવું લાગ્યા કરે છે. તમારા કરતાં તેમનું સારું છે. સસ્તું છે તેમ ઘરાક ન કહે તો પણ સમજી જવાય ને મનથી પાછા પડાય. આના કરતા સસ્તું આપીએ તો અમે કમાઈએ શું ને ખાઈએ શું ? આ પ્રકારની માથાકૂટ તો રહેવાની જ. આ વાતમાં પણ બાપા જ દોષિત દેખાતા. તેમનો જ વાંક. બાપા શું કરે તેમાં હું કંઈ ન સમજતો.

બાપા કોઈ દિવસ અમને નાના હતા ત્યારે બહાર લઈ ગયા નથી. પણ અત્યારે તેનું શું છે ? હું વિચારું છું. અમને ટ્રેન જ કર્યા નથી. હું વિચારું છું : આસપાસનાં બધાં જ, મારી ઉંમરના જ કેટલા બધા તૈયાર છે ! હું વિચારું છું અને હવે તો આ જ વિચારો મારા માથા પર ચડી વજન આપ્યા કરે છે. તેનો વિચાર મને નથી આવતો. મને માત્ર બાપાના જ વિચાર આવે છે. બા હતી ત્યારે પણ આમ બનતું. બા બિચારી છે, એમ પણ થતું. પણ ત્યારે મારા માથે જવાબદારી ન હતી તેથી આવા વિચારો લાંબું ન ટકતા. તેની ગંભીરતા ન સમજાતી.

ઊઠવાનું મન થતું નથી. બહાર નીકળવાનું મન થતું નથી. સવારની સુસ્તી ઘરમાંથી ઊડી જતી. પત્ની અને બાપુજીને

સુસ્તી ન જણાતી. પણ મને... ?

બાપુજી ગમગીન તો ક્યારેય દેખાયા નથી. જ્યારે મેં વિચાર્યું છે ત્યારે સ્થિર જ લાગ્યા છે. તેમની નોકરી સ્થિર હતી. આવક સ્થિર હતી. એ વતનનું મકાન વેચી દેશે. ખેતર વેચી દેશે. પછી મને શું મળશે એવા વિચાર મેં ક્યારેય કર્યા નથી.

બાપુજી કહેતા, 'હું ડફોળ નથી તમારી જેવો.'

તો કેવા છો - એમ મનમાં પ્રશ્ન થઈ જતો.

એવો હું એમને કઈ રીતે દેખાયો હોઈશ ? એટલે શું ? હું કોઈને પૈસા આપી દઉં છું ? દેવું કરું છું ? છેતરાઉં છું ?

બાપુજીને બને ત્યાં સુધી હું બોલાવતો જ નથી. ક્યારેક તો - ક્યારેક તો શું ? લગભગ કાયમ બાપા મારી ઉપરવટ જતા હોય, મને નીચો દેખાડવા પ્રયત્ન કરતા હોય તેવું મને લાગે છે. ક્યારેક તો મારી વહુના દેખતા મને હીણપત લાગે એવું બોલે છે. મારે તેમની સાથે ઝઘડો કરવો ?

છે નોકરી ક્યાંય ? આજે તરત મળે પહેલા મળતી તેમ ? બાપા આ બધું સમજે છે.

સવાર પડે, દિવસ ચડે તેમતેમ અકળામણ વધતી જાય છે દિવસે દિવસે. વ્યવસાય કરવો સહેલો નથી. નોકરી કરતા ત્યારે તેમના એક કે બે જ ઉપરી હોય - વ્યવસાયમાં તો... આવી વાતો કરવાનો શો અર્થ ?

તું ધંધા બદલ્યા કરે છે એટલે જ સ્થિર નથી થઈ શકતો.

સ્થિર થવા માટે તો ધંધા બદલું છું. મારે બીજું શું કહેવું તેમને ? તેમને એમ કહું કે બજારમાં આંટો તો મારો. કેટલી હરીફાઈ છે ! અને વ્યવસાય બદલવો પણ પડે.

સવાર પડે ન પડે ને જાણે ક્યાંથી બધું મગજ પર સવાર જતું. ને તેમાં બાપા ? હું બેસી રહેતો ઇઝીચૅરમાં ને બાપા માળા કરતા.

તેમણે પૈસા બનાવેલા એમાં ના નહિ. પૈસા યોગ્ય રીતે ગોઠવ્યા પણ છે તેમાં પણ ના નહિ. વતનનું મકાન અને ખેતર છે તે વેચવા પર આવી ગયા છે તે.

મને ચૅરમાંથી ઊઠવા મન નથી થતું. બાપાને જે કરવું હોય તે કરે. બાપા ડફોળ નથી એમ તો મને પણ લાગે છે. હું પણ ડફોળ નથી તે બાપા જાણે છે. મારી પત્ની પણ ડફોળ નથી આમ જોઈએ તો.

'તમારું ટિફિન તૈયાર છે.'

'મારે ક્યાં સાડા દસે જ પહોંચવાનું છે !'

આ બધું બાપાને લીધે જ થાય છે એમ મને સમજાવા માંડ્યું. સાંજ સિવાય તે ઘરની બહાર નીકળતા નથી. ક્યારેક અગિયાર વાગે નીકળી પડે તેમનું મોપેડ લઈને. પણ તે તો મહિને એકબે વાર જ.

હજી બાપાની પૂજા પૂરી થઈ નથી. ટિફિન તૈયાર છે. દીકરીઓ સ્કૂલમાં. મારે પણ હવે નીકળવું જોઈએ. દીવાલ પર ઘડિયાળમાં સાડાદસ પર આવી સમય અટકી ગયો મને બહાર કાઢવા માટે. ક્યારેક ત્રણ હજાર, ક્યારેક સાડાત્રણ હજાર મહિને મળી રહે છે. પણ એટલા માટે પણ કસરત કેટલી બધી. નોકરી સારી એમ મને લાગે છે. સાંભળવાનું કેટલાનું ? સંભાળવાના કેટલાને ?

આ બધું બાપાને લીધે જ થાય છે તે ખયાલ વધુ દૃઢ થતો જાય છે. મારી પત્ની પણ પહેલા હતી તેવી નથી રહી એવું મને દેખાયા કરે છે - ક્યારેક તેના વર્તન પરથી, તે ગમેતેમ વર્તતી નથી, બોલતી નથી તો પણ.

બાપાને કંઈ કામ હોય તો ઇઝીચૅરમાં બેઠાબેઠા ન બોલે, પણ પત્ની રસોઈ કરતી હોય ત્યારે ઊભા થઈ રસોડાના બારણા વચ્ચે ઊભા રહીને મારી પત્નીને કામ બતાવે. મને ઇઝીચૅરમાંથી ઊઠવાનું મન થતું નથી. કામ પર જવાની ઇચ્છા થતી નથી.

ઘરખર્ચમાં બાપાના પેન્શનમાંથી પણ પૈસા વપરાય છે ત્યારે ઘર વ્યવસ્થિત ચાલે છે. બાપા અડીખમ છે બધી રીતે. વ્યવસ્થિત છે. તે મારી પત્નીને કામ સોંપી શકે છે. અને આ મકાન પણ બાપાનું જ છેને ! અને આવા ખયાલ સાથે જ બાપા ઘરમાં રહેતા હોય તો કેમ ના કહેવાય ?

તે કંઈ જ બોલતા નથી તો પણ તેમનું વજન અનુભવે છે મારું આખું કુટુંબ. તેમ છતાં જાણે કંઈ જ બનતું નથી, કંઈ જ થયું નથી એવી હળવાશ બાપા અનુભવે છે ત્યારે અકળામણ થાય છે. ઇઝીચૅરમાંથી ઊઠવા મન થતું નથી. છતાં જવું તો પડે જ.

સાંજે, રાતે પાછા આવીને બાપા પાસે કંઈ હિસાબ મંગાય - આજે તમે આખો દિવસ શું કર્યું ? ક્યાંય ગયા હતા ?

તેમણે જાહેરાત કરી - વતનનું મકાન વેચી, ખેતર વેચી તેમાંથી જે પૈસા આવે તે તારી બંને બેબીઓના નામે મૂકી દેવા. તેમના ભવિષ્યની ચિંતા નહિ. આખા ઘરનો કારભાર તેમના પર જ છે એવું મને લાગવા માંડે છે. એ પણ એમ જ ઠસાવવા માગે છે. મારી ઉપરવટ થઈને આમ કરતા હોય તેવો મને ભાસ થાય છે - ને પછી અકળામણ.

આ પ્રકારનો બકવાસ મારે ન કરવો જોઈએ. પણ શું થાય ? અકળામણ.

આખા દિવસની દોડધામને અંતે હું ઘરે આવું છું. ક્યારેક સાંજે, ક્યારેક રાતે મોડો. ત્યારે ઘર શાંત થઈ ગયું છે. પત્ની તેનાં બધાં કામ આટોપી નિરાંત અનુભવે છે. ઘર દિવસના અંતિમ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ક્યારેક ઘરમાં પેસતાં જ આગળના ભાગની જગામાં બાપુજીને જમીન પર બેસી ટી.વી. જોતા જોઉં છું. નાની બેબી તેમના ખોળામાં છે ને મોટી તેમના વાંસા પર વળગી છે. પત્ની ટી.વી. જોતા બાપાની પાછળ

(અનુસંધાન પૃ. ૫૦૩ પર)

લઘુકથા

સૂફી સંત બુધાજીને નોબેલ પ્રાઈઝ

બહાદુરભાઈ જ. વાંક

સૂફી સંત બુધાજી રવીન્દ્રનાથની ગીતાંજલિ ઉપર ફિદા-ફિદા હતા. સ્વયં રવીન્દ્રનાથે બંગાળીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરેલી ગીતાંજલિમાંથી તેમને કેટલાંય ગીતો કંઠસ્થ પણ થઈ ગયાં હતાં. તેમની ઇચ્છા બંગાળીમાં મૂળ લખાયેલી ગીતાંજલિ વાંચવાની-ગણગણવાની હતી. ગુરુ બજુવા બંગાળી જાણતા હતા, ને બંગાળીમાં લખાયેલાં રવીન્દ્રનાથનાં ગીતો સરસ રીતે ગાઈ પણ શકતા હતા. એટલે બુધાજીએ તેમની પાસે જ બંગાળી શીખવાનો નિશ્ચય કર્યો. બીજા દિવસથી જ બુધાજીએ ગુરુ બજુવા પાસે બંગાળી શીખવાનું શરૂ કરી દીધું. બંગાળી શીખવવાની સાથે સાથે તેઓ બુધાજીને પોતાના મધુર અવાજમાં ગીતો ગાઈ પણ સંભળાવે. એક દિવસ બજુવાના કંઠેથી ગવાતું ગીત સાંભળીને બે-ત્રણ કલાક માટે તેમને અનાયાસે જ સમાધિ લાગી ગઈ. જ્યારે સમાધિમાંથી બુધાજી જાગ્રત થયા ત્યારે બજુવાએ તેમને હસતાં હસતાં કહ્યું, 'હવે હું તમને રવીન્દ્રનાથનાં ગીતો નહીં ગાઈ સંભળાવું.'

'શા માટે ? મારો કંઈ વાંક ?'

'હા, જ્યારે પણ હું ગીતો ગાઉં છું, ત્યારે તમે તો ઊંડા ધ્યાનમાં જ...' ને મજાક કરતાં હોય તેમ બજુવાએ ઉમેર્યું, 'પછી મારે તમને ગીતો સંભળાવવાનો શો અર્થ ?'

'અરે મારા મિત્ર, હું નહીં તો મારામાં બેઠેલો મારો ખુદા તો સતત તમારાં ગીતો સાંભળતો જ હોય છે ને !' બોલતાંકને બુધાજી હસી પડ્યા.

ત્રણેક માસમાં બુધાજીએ આછું-પાતળું બંગાળી શીખી પણ લીધું. હવે તેઓ બજુવા પાસે ખાસ કામ સિવાય આવતા નહીં. આથી બજુવાને પણ આશ્ચર્ય થતું : 'હવે બુધાજી મારી પાસે કેમ નહીં આવતાં હોય ?'

એક દિવસ બજુવા બુધાજીના ખબર-અંતર પૂછવા શહેરની બારોબાર આવેલી તેમની ઝૂંપડીએ આવ્યા. જોયું તો બુધાજી ઝૂંપડીની આસપાસ બનાવેલા બગીચામાં ગીતાંજલિનાં ગીતો ગણગણતા નાચી રહ્યા હતા ! બજુવા તેમનું નર્તન જોતા ચૂપચાપ એકબાજુ ઊભા રહી ગયા.

થોડી વાર પછી બુધાજીનું બજુવા તરફ ધ્યાન ખેંચાયું. ને તેઓ સ્વયં રવીન્દ્રનાથને જ આવકારતા હોય તેમ બોલી ઊઠ્યા, 'આવો મારા રવીન્દ્રનાથ !'

'હું બજુવા છું, રવીન્દ્રનાથ નહીં.' હસતાં હસતાં બજુવા બોલ્યા.

બુધાજીએ બરાબર આંખો ચોળીને જોયું ને હસી પડ્યા, 'મારું પણ હમણાં હમણાં ઠેકાણે રહેતું હોય એમ લાગતું નથી ! બસ, જ્યાં નજર નાખું ત્યાં રવીન્દ્રનાથ જ !'

'હમણાં તમે કેમ મારી પાસે બંગાળી શીખવા આવતા નથી ?' બજુવાએ પૂછ્યું.

'સાચું કહું ? હમણાં રોજ વહેલી સવારે સ્વયં રવીન્દ્રનાથ મારી પાસે આવે છે, ને મને બંગાળી શીખવે છે એટલું જ નહીં, તેમના સ્વરમાં ગીતાંજલિનાં ગીતો ગાઈ સંભળાવે છે.'

'વાહ ! હવે તમારું પાગલપણું સાચું !' મંદ મંદ હસતા બજુવા બોલ્યા.

આજે સવારના અચાનક બજુવા બુધાજીની ઝૂંપડીએ ચઢી આવ્યા ને બોલ્યા, 'બુધાજી ! ગઈ રાત્રિના મને એક વિચિત્ર સપનું આવ્યું હતું.'

'તમને સપનું ? તમને સપના આવે જ નહીં, ને આવે તો એ સપનું સાચું પડ્યા વગર પણ ન રહે. હવે એ તો કહો તમને શેનું સપનું આવ્યું હતું ?'

'રવીન્દ્રનાથને ગીતાંજલિ માટે નોબેલ પ્રાઇઝ મળેલું, એમ તમને રગેરગમાં ગીતાંજલિનાં ગીતોને આત્મસાત્ કરવા માટે નોબલ પ્રાઈઝ મળે છે !'

'વાહ, સપનું તો તમને સરસ આવ્યું !'ને બુધાજીએ પૂછ્યું, 'શું તમારા સપનામાં મેં નોબેલ પ્રાઈઝ સ્વીકારેલું ખરું ?'

'ના, હું એ જ તો તમને પૂછવા આવ્યો છું કે મારા સપનામાં પણ તમે શા માટે નોબેલ પ્રાઈઝ સ્વીકારેલું નહીં ? બીજું, ખરેખર જો તમને નોબેલ પ્રાઈઝ મળે તો તમે એ સ્વીકારો કે નહીં ?'

'ના. હું હરગિજ ન સ્વીકારું ?'

'કેમ, એ સ્વીકારવામાં તમને શો વાંધો છે ? આ તો દુનિયાનું મોટામાં મોટું પ્રાઈઝ !'

'હા, એ સાચું, પણ નોબેલ પ્રાઈઝને સાચવવા માટે મારી પાસે જગ્યા જ ક્યાં છે ?!' ને બુધાજી હસી પડ્યા.

અનુસંધાન] બાપાને શું કહેવું ? [પૃ. ૫૦૨થી

રસોડાના બારણામાં ઊભી રહી ટી.વી. જોતી ક્યારેક દેખાય છે. ક્યારેક પાછળના ચૉકમાં કામ કરતી હોય છે, દિવસના કામથી થાકી હોય એ રીતે.

બાપાનો મારા પ્રત્યેનો અનુકંપાનો ભાર પણ મારાથી જિરવાતો નથી. મારા માટે તેમના મનમાં કંઈક ગડમથલ ચાલતી હશે કે પછી... ? તેમની નજર... આ રીતે ખામોશ બાપા રહે છે તેને લીધે જ... મારી અસ્વસ્થતા... પણ બાપાને હું શું કહી શકું ? બાપાને મારે શું કહેવું ?


મયૂર ખરેખર 'શિરમોર' સમું પંખી !

કનુ નાયક

લગભગ આદિકાળથી કલારસિકો પુરુષ અને પ્રકૃતિને એકબીજાનાં પૂરક ગણે છે. પ્રકૃતિ અને પશુપંખી વચ્ચેના સંબંધોમાં એટલું જ સામ્ય ખરું કે નહિ ? સૌંદર્યની વિભાવના માટે પ્રકૃતિના પ્રેમમાં પાંગરતાં પશુપંખીઓને કલા, સાહિત્ય, સંગીત અને નર્તનક્ષેત્રે સારી એવી પ્રસિદ્ધિ મળી છે. હિન્દુધર્મનાં દેવીદેવતાઓએ કોઈ એક પશુ કે પંખીને પોતાની સમીપ રાખી, વાહન તરીકે સ્થાપી કે વિચારોના પ્રતીક તરીકે મૂકી મૂક અભિવ્યક્તિ રજૂ કરી છે, જે શિલ્પ-સ્થાપત્ય-કળા દ્વારા પ્રકટ થઈ છે. આમ, તેમનો પક્ષપાત પશુપંખી તરફ પણ ખરો જ ને ! પશુપંખી એટલે જ પ્રકૃતિનાં લાડકવાયાં ! તેમાંથી મયૂર જેવા એકાદ પંખીને પ્રત્યક્ષ જોઈ તેના રંગરાગ, નૃત્ય અને સૌંદર્યનું નિરીક્ષણ કરો તો આનંદવિભોર થઈ જાવ.

મયૂરને પોતાના વાહન તરીકે આરક્ષિત કરવામાં સૌપ્રથમ મા સરસ્વતી પહોંચી ગયાં હશે ! આમેય નિર્જન ઉપવનમાં સરસ્વતી વીણાવાદનમાં મસ્ત હોય ત્યારે કોઈક તો તેના લયમાં નર્તન કરતું કે ડોલતું જોઈએને ! પ્રોત્સાહન તો દેવને પણ દુર્લભ હોય છે ! દક્ષિણના શુભ્રમણ્યમ્ 'મયીલ વાહનમ્' (મયૂરના અધિષ્ઠાતા) મંદિરમાં સ્થાપિત થયેલા છે. ઉત્તરનાં ધાર્મિક લોકો તેમને 'કાર્તિકેય' તરીકે ઓળખે છે. કૃત્તિકા નક્ષત્રમાં જન્મેલા આ શંકરપુત્રને પૃથ્વી પ્રદક્ષિણાની કથાના નિમિત્તે લોકો વધુ ઓળખે છે. મયૂર-વાહન પર બેસી તેમણે પ્રદક્ષિણા કરેલી, છતાં ગણપતિ જીતી ગયેલા. વજ્રયાન પંથ (બૌદ્ધ)માં જ્યાં હિન્દુ દેવદેવીઓ સમ્મિલિત છે, ત્યાં પ્રજ્ઞાપારમિતાના સ્થાને સરસ્વતી સ્થાન પામેલાં છે. ત્યાં મયૂર કે મયૂરપિચ્છ પ્રતીક તરીકે દેખાય છે. જુઓ ઈલોરાની ગુફાઓ.

સૌંદર્યના શૃંગારથી મઢેલો મયૂર કોઈએ ન જોયો હોય તેવું તો કેમ બને ! મસ્તક પરની કલગી, કાજળે આંજેલી કોડીલી કામિની જેવાં અણી-યુક્ત નેત્ર, ગળાનો લહેકો અને લય, ગહેકે ત્યારે મધુર સ્વરનું રસ-માધુર્ય માણવા મળે. તે સમયે જાણે જીવન ધન્ય જ બની જાય ! પુચ્છ જ્યારે પંખો બનીને નર્તનને શોભાવે ત્યારે



'કૅમેરા' સાથે જ રાખવો પડે. હાથેથી પૂરેલા રંગો વાસ્તવિક દૃશ્ય જેટલું 'રંગમાધુર્ય' નેત્રોને નહીં પીરસી શકે !



આવા સૌંદર્યાયુક્ત પંખીને 'નટેશ્વરી' નૃત્યનું વરદાન કેવી રીતે મળ્યું, તેની નાનકડી વાત જાણી લઈએ ? કહેવાય છે કે ત્રણેક હજાર વર્ષ પહેલાં માતા દેવકીની કૂખે કૃષ્ણનો જન્મ થયો. રાતોરાત પિતા વસુદેવ એક ટોપલામાં તેને છુપાવી જશોદા મા પાસે મૂકી આવ્યા. મા જશોદાએ એક મયૂરને પ્રેમથી પાળેલો. મા જશોદાનો નિત્યક્રમ એવો કે તેને મોતીનો (મોતી સમાન ચળકતા દાણા !) ચારો ચણાવે. કૃષ્ણ ચંદ્રમાની જેમ દિવસે દિવસે વિકસતા ગયા અને 'હમઉમ્ર' ગોપીઓ સાથે ભળતા ગયા. તેમાં રાધા તરફ જરા વધારે પક્ષપાત ! રાધાને નૃત્યનો ઘણો શોખ. શંકર ભગવાન નૃત્યના કારણે 'નટરાજ' કહેવાયા. તેવી જ રીતે રાધાને 'નટેશ્વરી' કહેવાનું શાસ્ત્રજ્ઞોએ ઉચિત માન્યું છે.

કૃષ્ણજીવનની અનુપમ લીલાઓમાં 'રાસલીલા' એક વિશિષ્ટ મહત્ત્વ રાખે છે. જશોદાના મયૂર કૃષ્ણને રાધાની પાસે ને પાસે જ જોતાં તેને થયું, 'એવું તે રાધામાં શું છે કે કૃષ્ણ તેની પાસે ને પાસે જ રહી ફર્યા કરે છે ? નૃત્ય હશે ?' મયૂરને કૃષ્ણની નિકટ રહેવાનું તથા કૃષ્ણના 'પ્રિયપાત્ર' થવાનું ઘેલું લાગ્યું. આ માટે મયૂર યોગ્ય સમયની રાહ જોઈ રહ્યો. એક વખત કૃષ્ણ અને રાધા આમ્રકુંજમાં એકાંતે બેઠેલાં હતાં, ત્યારે મયૂરે નૃત્ય શરૂ કર્યું. નૃત્ય એટલો બધો સમય ચાલ્યું કે તેનાં પીંછાં એક પછી એક ખરી પડ્યાં. રાધાથી મયૂરને નિઃસૌંદર્ય જોવાનું ન જિરવાયું. નૃત્યસાધકને પ્રશંસાભેર બીરદાવવો જોઈએ. રાધાએ ખરી પડેલાં પીંછાંમાંથી એક સુંદર અને સંપૂર્ણ મુલાયમ પીંછું લઈ કૃષ્ણના માથા પર બાંધેલા ફાળિયામાં ખોસી દીધું. મયૂર પોતાના પીંછાંને ઉન્નત સ્થાને મૂકેલું જોઈ, અને આમ, હંમેશાંનું સામીપ્ય માણવાનું મળશે જાણી, હર્ષઘેલો થઈ ગયો.

મયૂર કદાચ ત્યારથી જ ચારપાંચ ઢેલોની વચ્ચે (કૃષ્ણની જેમ !) ફરવાની આદતમાં પડી ગયો હશે ! 'અતૃપ્તિ' તે તેની

બીજી ખાસિયત. તૃષાતૂરને જળાશય બાજુમાં હોય તો જ પરવડે. મયૂર જળાશય (તળાવ કે નદી કે સરોવર)ની બાજુમાં જ દેખાય. અતૃપ્ત રહેવાનું કારણ તેના શરીરની ખોટી ગરમી પણ હોઈ શકે ! નાનાંમોટાં જીવડાં, કાનખજૂરા, સાપોલિયાં અને ભૂતલ નીચેનાં અપક્વ બીજ તેનાં ભક્ષ્ય. ઝેરને પચાવવા દૂધ કે પાણી જોઈએ. દૂધ તો ક્યાંથી મળે ? નીલકંઠને તો દૂધ તથા પાણીની ધારાઓમાં સ્નાન કરવાનું મળે. મયૂર પોતે કયા મંદિરમાં સ્થાન જમાવી ભક્તોની રાહ જુએ !

ઝેરને કારણે કે પછી બીજા કોઈ કારણસર તેને વધુ સમય ઊડતો ન જોઈ શકો. અર્ધો કિલોમીટર ઊડવાનું તો બહુ થયું ! કાતિલ ઝેરના ભક્ષકના પગમાં ગરમી વધી જાય, તે ન્યાયે પગ ભારે થઈ જતા હશે ! મયૂર સ્વભાવે બીકણ ખરો જ. માનવના પગરવ થતા જ દૂર ભાગે; અલબત્ત, કોઈ અપરિચિત હોય તો. નેત્રતેજ કમજોર ઘણું એટલે તો સૂર્યાસ્ત પહેલા સ્વસ્થાને પહોંચી જાય. છાપરું કે ઝાડ, તેની ટોચ પસંદ કરે. જેવો સૂર્યોદય દેખાય કે તરત ભૂતલ પર હરવુંફરવું શરૂ કરે. સ્વરક્ષણની કેવી સુંદર સૂઝ !

મયૂર કરતાં ઢેલની આંખો વધુ તેજસ્વી હોય છે. જમીન ઉપર કોઈ ખાડાટેકરાની બખોલમાં ૪થી ૮ ઈંડાં મૂકી આવે છે. માતૃપ્રેમ એવો કે અવારનવાર ઈંડાંની સંભાળ લેવાનું ચૂકતી નથી. નારીજાતિ હોવાને કારણે શરમાળ તો ખરી જ. બચ્ચાંઓનાં પીંછાં ત્રણેક વર્ષે તો પુખ્ત લંબાઈના થઈ જાય ખરાં. સાપની જેમ મયૂર વર્ષમાં એક વાર જૂનાં પીંછાંનો ત્યાગ કરે. સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં પીંછાં ભેગાં કરવાં હોય તો વનભ્રમણ માટે નીકળી પડજો.

આવાં પીંછાં તમને કોઈ દિવસ અચાનક મદદરૂપ થઈ પડે. મયૂરપિચ્છના ચંદ્રાકાર ચાંલ્લામાં મોરથૂથું (તામ્રભસ્મ) સમાયેલું છે. વાયુની ઊલટીઓમાં તેની ભસ્મ અકસીર છે કહી આયુર્વેદે પ્રશંસા કરી છે. અરે ! ગ્રંથોમાં રાખશો તોયે ગ્રંથકીટથી રક્ષણ મળશે.



માંડણાં – મોરની ભાત

મયૂરની સ્વાભાવિક આદતો માનવને તો આશીર્વાદ સમાન નીવડેલી છે. એટલે જ હરિયાણાના ખેડૂતો તેમને વસાવે છે. પરિણામે સાપ, વીંછી, સાપોલિયાં, કાનખજૂરા મયૂર દ્વારા ભક્ષ્ય બનીને અદશ્ય થવા માંડે છે. પ્રાચીન કાળમાં રાજામહારાજાઓ તેમના ભોજનગૃહની આસપાસ મયૂરને છૂટથી હરવાફરવા દેતા, તેનું કારણ પણ તે જ હોઈ શકે. મયૂરપિચ્છમાં રહેલી તામ્રભસ્મ ભૌતિક વીજળીક શક્તિને તુરંત આત્મસાત કરતી લાગે છે ! કારણ કે તાંત્રિકો મૌલા, ભોપા, પીરજાદાઓ મયૂરપિચ્છનો ઝૂડો રાખી, મંત્રોચ્ચાર કરે અને અનિષ્ટ તત્ત્વો ભાગવા માંડે ! સાથે લોબાનનો ધૂપ હવા શુદ્ધીકરણનું કામ કરે.



મયૂરભરત

મયૂરપંખીએ માનવજાત પર આશીર્વાદ આપવાનું કામ કર્યું છે. એટલે જ સરસ્વતી, શંકરપુત્ર કાર્તિકેય, શ્રીકૃષ્ણ (શ્રીનાથજી) જેવા દેવી-દેવતાઓએ મયૂર કે તેનું પિચ્છ પોતાની પાસે રાખ્યું છે. કેટલાંક રૂઢિચુસ્તો કે અંધમાન્યતા ધરાવતાં લોકો શુભપ્રસંગે આંગણામાં કે વસ્ત્રો પર મયૂરનાં ચિત્રણ સ્વીકારી શકતાં નથી. મયૂરના ગુણગૌરવ કે રૂપસૌંદર્યની અવહેલના તેમને કેમ પસંદ હશે ?

મયૂરને હિમાલય-નેપાલ જેવા ઠંડા પ્રદેશો બહુ પ્રિય નથી. ઉષ્ણકટિબંધમાં આવેલું રાજસ્થાન કે આસામનાં જંગલો તેમને અનુકૂળ થયાં લાગે છે ! મયૂર મૂળ ભારતનું પંખી, પણ લંકા સુધી પહોંચી ગયેલું દેખાય છે. ભારતની મળેલી ભેટનું આ સજીવ ઉદાહરણ ! બ્રહ્મદેશમાં મયૂરની સફેદ જાત જોવા મળે છતાં સફેદ રંગ લાંબો સમય કોને જોવો ગમે ? ઇન્ડોનેશિયામાં પહોંચી ગયેલા મયૂરોએ લીલા રંગોની ઝાંયને વધુ પ્રાધાન્ય આપ્યું છે. ભારતના અનૂપરંગી મયૂરોથી રોમ-ગ્રીસના રાજવીઓ આકર્ષાયેલા. ઈજિપ્તના ફારોહા (ઈ.સ.પૂ.૩૦૦૦-૨૦૦૦) મયૂરપિચ્છના પંખાના ચાહક જણાયા છે. ચીન-બેબિલોનના રાજા ભારતમાંથી મયૂર મંગાવી પોતાના વન-ઉપવન સજાવતા. ઈટાલિયન તથા પોર્ટ્યૂગીઝ અને અંગ્રેજી નાવિકો ભારત રહી જ્યારે સ્વદેશ પાછા ફરે ત્યારે પ્રિયજનોને ભેટ આપવા મયૂરને લઈ જવાનું પસંદ કરતા. મયૂરોનું રૂપગૌરવ ત્યાં સત્કારાતું. નીરો જેવા રોમનો મયૂરના માંસનું ભોજન આરોગતા. આનંદ માણવાની પણ વિચિત્ર રીતે છે ને ! ભારત પર વિજય પ્રાપ્ત કરીને ઍલેક્ઝાન્ડરે (સિકંદરે) પોતાના ગુરુ ઍરિસ્ટોટલને હાથી અને મયૂરની ભેટ આપેલી, તે પણ અહીંથી લઈ ઠેઠ ગ્રીસ સુધી પહોંચાડીને !

પાશ્ચાત્ય ચિત્રકારો મયૂરના સંસર્ગમાં ન હોવા છતાં ફ્રા ફિલિપૉ લિપ્પી (૧૪૮૫), રુબેન (૧૬૨૫) અને રોઝેટી (૧૮૬૩)નાં તૈલચિત્રોમાં મયૂરને મોભાયુક્ત સ્થાન પ્રાપ્ત

થયેલું છે. કલાકાર વ્હિસલરે બ્રિટિશ રાજ્યના વિજ્યોત્સવ નિમિત્તે એક ખંડને માત્ર મયૂરની રૂપરચનાઓથી શણગારેલો. વાઈસરૉય લૉર્ડ કર્ઝનની પ્રિય પત્ની મેરીના પોષાકમાં મયૂરની ભરતરચના એક ભારતીય કારીગરે કરી નામ ઉજાળેલું. આજે મુગલ બાદશાહ શાહજહાંનું 'મયૂરાસન' ભલે બ્રિટિશ સંગ્રહાલયને શોભાવતું હોય, પણ તે જમાનામાં રાજા-મહારાજાઓ તેનું અનુકરણ કરી, પોતાના આસનોને પ્રતિષ્ઠિત બનાવવા મયૂર મુકાવતા. તે જમાનામાં મયૂરના મુખવાળી પાલખીઓ આજે ય ક્યાંક ને ક્યાંક તો જોવા મળશે જ.

કલા-સ્થાપત્યોમાં રાજસ્થાની કારીગરોએ મયૂરને સર્વોચ્ચ ગૌરવ આપ્યું છે. ભૂમિસુશોભનનાં 'માંડણાં'માં 'મોરડી' કે 'પગલ્યાં' મયૂરનાં પ્રતીક છે. નાથદ્વારામાં પીછવાઈઓ મયૂરપિચ્છના મુગટવાળી જ હોય. તેનાથી જ શ્રીનાથજીનું વ્યક્તિત્વ નીખરે છે. સ્થળનાં નામોમાં ઉદયપુરનો 'મોરચૉક', 'ફૂલ' મહેલ, દુર્ગાપુર તથા કોટા-શેખાવતીનાં ભીંતચિત્રો મયૂરનાં આલેખનોથી સુશોભિત છે. રાજસ્થાની મંદિર (બુંદી) સ્થાપત્યોમાં મયૂરની કમાનો તથા તેમાંથી સર્જન પામતી રૂપરચનાઓ અનેક રીતે વિકસેલી જોવા મળશે. જયપુરના રાજમહેલનો પરિસર મયૂરના સુશોભનોથી જ શરૂ થાય છે. રાજસ્થાન શૈલીનાં લઘુચિત્રોમાં ઋતુ, પર્યાવરણ, બારામાસા અને નાયકનાયિકાનાં આનંદવન કે મહેલોમાં મયૂરની ઉપસ્થિતિ ચોક્કસ સૌંદર્યાત્મક વાતાવરણ જમાવે છે. રાગ આશાવરી, મલ્હાર, વસંત, મેઘ વગેરેનાં ચિત્રોમાં મયૂર હોય તો જ ચિત્ર અર્થપૂર્ણ બને.

ક્યાંય ગામપરગામ નહીં, ભારતના કોઈ એક સંગ્રહાલયમાં જઈને ધ્યાનથી જોઈએ તો મયૂરની રૂપરચનાઓ અનેક હસ્તકારીગરીઓમાં જોવા મળે. જેમ કે અલંકારોમાં નાકની નથની, માથાની દામણી-ચગદું, ગળાની માળા, સ્ત્રીવર્ગનાં પ્રિય બનેલાં. કુમારગુપ્ત(ઈ.સ. ૪૧૪-૪૧૫)ના સમયમાં પ્રસારમાં આવેલી રાજ્ય મુદ્રાઓમાં મયૂરને સ્થાન મળેલું છે. હસ્તકારીગરીયુક્ત સૂડી, દાબડો, કંકાવટી, દીવી, પાનદાન, હુક્કો લોકોપયોગી થઈને રહેલાં. વસ્ત્રાંકનમાં વણકરો અને છીપાઓ મયૂરની ભાત વિના આગળ વધેલા નહિ. પાઘડી, ફેંટા, મહારાજાઓના મુગટોમાં મયૂરપિચ્છની આભા હજીયે અસ્તિત્વ ધરાવે છે.

મયૂરનો વ્યવસાયક્ષેત્રે ઘણો ઉપયોગ હજીયે ચાલુ રહ્યો છે. સંસ્થાનાં પ્રતીક તરીકે, વ્યાપારના મોભા તરીકે, ભીંત-પ્રચાર-પત્રોમાં મયૂર રચનાઓએ આગવું કાઠું કાઢ્યું છે. લોકકળામાં ચાકળા, ચંદરવા, બારશાખ, ગોખલા કે મંજૂષ પર મયૂર જોઈએ તો આનંદિત થવાય જ. હજીયે સાહિત્યકારો ગદ્યપદ્યમાં મયૂરનું ગૌરવ કરવાનું ચૂકતા નથી. તેને લગતાં ભૂતકાળનાં ભજન-કાવ્યો તો ફરીફરીને સાંભળીયે છીએ. ભારત સરકારે રાષ્ટ્રિય પંખી તરીકે કૂકડો કે ગરુડ ન રાખતાં મયૂરને પસંદગી આપી છે. ઉપર આપણે જોયું તેમ તેના સૌંદર્યાત્મક રૂપ-ગુણથી તો તે ભારતનું એકમેવ પંખી ગણી શકાય, પણ તેના આહારવિહાર પ્રદૂષણનાશક હોવાથી તેનું આચરણ ભારતને આશીર્વાદ સમાન છે. પ્રદૂષણનાશની સાથે સૌંદર્યની વૃદ્ધિ કરવાનું મયૂરને સોંપાયું છે. સૃષ્ટિના સર્જનહારે મયૂર જેવું પંખી ભારતને ભેટ ધરી વિશ્વમાં તેને ગૌરવ અપાવ્યું છે, તે પણ પાછળ આપણે નોંધ્યું. બસ, મયૂર એટલે મયૂર! ❐

અનુસંધાન] ચાઈનીઝ વાસ્તુશાસ્ત્ર ફંગ શ્વે [પૃ. ૪૯૪થી

અહીં ફંગ શ્વેના થોડાક ઉપાયોની નોંધ લઈએ :

૧. મન ઊંચાં રહેતાં હોય, નાની નાની વાતમાં ઝઘડા થતા હોય તો બારણાના નૉબને લાલ રિબન બાંધવાથી રાહત રહેશે.

૨. પીઠમાં દુઃખાવો થતો હોય તો ગાદલા નીચે ચૉક રાખવાથી સારું લાગશે.

૩. જો તમારા ઘરનું પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ હોય તો સ્ફૂર્તિદાયક સૂર્યપ્રકાશ સવારના ઘરમાં આવતો નથી. તેથી જે દ્વાર પૂર્વાભિમુખ હોય એનો બને ત્યાં સુધી ઉપયોગ કરવો.

૪. જો તમારો અભ્યાસકક્ષ સૂર્યાભિમુખ હોય તો તમારી અને જ્યાંથી પ્રકાશ આવતો હોય એની વચ્ચે પડદો નાખી દો. બધી મુશ્કેલી દૂર થઈ જશે.

૫. સવારના પહોરમાં કે ગમે ત્યારે નાસ્તો કરીએ પણ એ ઓરડો સૂર્ય-પ્રકાશિત હોવો જોઈએ. અને જો અંધારો હોય તો એને પ્રકાશિત કરવાના ઉપાય છે. અરીસો કે કોઈ પણ પ્રકાશ આપતી હોય એવી વસ્તુ ત્યાં મૂકીને કૃત્રિમ ઉજાસ ઉત્પન્ન કરવો.

આમ, ફંગ શ્વેનો અભ્યાસ કરીએ તો ઘણા બધા ઈલાજો આપણને મળે છે. ઘરમાંથી કુદરતનું દર્શન ન થતું હોય કે બાગનાં વૃક્ષો કે છોડવા સુકાઈ જતાં હોય તો કે ધંધામાં ફાવટ ન આવતી હોય તો - વગેરેના આ ઈલાજો મળે છે.

એક ખાસ ધ્યાન રાખવાનું છે કે આપણે જ્યાં હોઇએ ત્યાં સુખી હોઈએ તો ફંગ શ્વેની જરૂર નથી. પરંતુ જ્યારે કોઈ મુશ્કેલી આવી પડે ત્યારે એ સમસ્યામાંથી છૂટવા ફંગ શ્વેના ઉપાયો ઘણા સફળ નીવડે છે.

અનુભવ કહે છે કે આ નિયમો જમીન, ઑફિસ, રેસ્ટોરન્ટ વગેરે ખરીદતી વખતે પણ ઘણા ઉપયોગી નીવડે છે. ટૂંકમાં, આ નિયમોને અનુસરવાથી મનુષ્ય નુકસાનમાંથી ઉગરી જાય છે. પરદેશોમાં ફંગ શ્વેને હવે પ્રાધાન્ય આપવામાં આવે છે અને યુનિવર્સિટીના પાઠ્યક્રમમાં પણ એ વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે. ❐

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

હવે મારાં માબાપની વાત મારે કરવી છે. મારી બા ખૂબ બીમાર હતાં. મારે તેમને જોવાં હતાં, પણ એ ઘરમાં મારે માટે પ્રવેશબંધી હતી. તેથી મેં પિતાજીને બાને જોવા આવવા માટે વિનંતી કરતો પત્ર લખ્યો. પણ સમાચાર મળ્યા કે પત્ર વાંચીને ફાડી ફેંકી દીધો હતો! મારું મન બાને જોવા માટે તલસતું હતું, પણ શું થાય? છેવટે અમારા બંગલાની બાજુમાં છીંકણીવાળાનો બંગલો હતો. હું તેમને ઘેર ગઈ અને રડી પડી. તેમનાં પત્નીએ મને આશ્વાસન આપ્યું અને કહ્યું કે એક રસ્તો બતાવું છું, જેથી તમે તમારી બાને જોઈ શકો. તેમના બંગલાના પૉર્ચમાં એક ઊંચો ઓટલો હતો. તેના પર ચઢીને મેં મારા ઘરની બારીમાંથી જોયું તો મારી બા સૂતી હતી, માંદી હતી. તેની નજર મારા પર પડી નહીં, પણ એકીટસે હું તેને જોઈ રહી અને આંખો વરસી પડી. નિરાશ થઈ ગઈ કે કદાચ આ એનાં છેલ્લાં દર્શન હશે. અને ખરેખર તેવું જ બન્યું! થોડા દિવસો બાદ તે મૃત્યુ પામી. મને કોઈએ ખબર ના આપી. પાછળથી મને ખબર પડી અને હિંમત કરી મારા પિતાજીને મળવા ગઈ. તે સમયે પિતાજી લેંઘો અને ઝભ્ભો પહેરી પલંગ પર બેઠા હતા, બીજું કોઈ ત્યાં નહોતું. ચૂપચાપ હું એમના ઓરડા પાસે ગઈ. ઝભ્ભો પહેરેલા પિતાજીને - આ પોશાકમાં - મેં પ્રથમ વખત જોયા. ક્યાં ગયાં પેલો લાંબો કોટ, ટોપી, ધોતિયું? હું વિમાસણમાં પડી ગઈ. તેઓ મને ઓળખી ગયા અને બોલ્યા, 'મારા સાથીદાર મને છોડીને ચાલ્યાં ગયાં.' આ શબ્દો સાંભળી હું ડૂસકે ચઢી ગઈ. મને થયું કે દોડીને તેમના ખોળામાં માથું મૂકી મનભરી રડી લઉં અને સાંત્વના આપતો તેમનો હાથ મારા મસ્તકને પસવારતો અનુભવું; પણ હાય રે નસીબ, બે ડગલાં આગળ હતું. મારા મોટાભાઈ ત્યાં આવી પહોંચ્યા અને હાથ પકડી મને બંગલાની બહાર કાઢી મૂકી. આંસુની સોગાદ લઈ મેં વિદાય લીધી. મારા પિતાજીનાં એ દર્શન મારે માટે છેલ્લાં નીવડ્યાં. થોડા સમય પછી તેમનું પણ અવસાન થયું અને પડોશીએ મને ખબર આપ્યા. હું ગુલાબનાં ફૂલ લઈ પિયરપંથે પહોંચી ગઈ. પિતાજીનું શબ ઓરડામાં હતું. તેમના ચરણે પુષ્પો ધરી હું ખૂબ રડી. બીજાં સગાવ્હાલાં તે સમયે હાજર હતાં તેથી ભાઈ કાંઈ બોલી શક્યા નહીં. મેં મનોમન પ્રાર્થના કરી કે પિતાજી મારા લગ્નથી તમે નારાજ થયા હતા, મારી કિટ્ટા કરી હતી પણ હવે તો મને માફ કરશોને? તમારી દીકરી સુખી છે એટલો સંતોષ તમને જરૂર થયો હશે.


શ્વશુર ડૉ. ઈશ્વરલાલ

હવે મારા શ્વસુરની વાત પર આવું. તેઓ ભગવાનના અવતાર સમા હતા. તેમનું નામ હતું ઈશ્વરલાલ સાંકળચંદ પરીખ. નિર્દોષ ચહેરો, ખાદીનાં વસ્ત્રો અને સાદાઈનાં દર્શન તેમનામાં થાય. ગાંધીયુગના હોઈ તેઓ જાતે રેંટિયા પર સૂતર કાંતતા. વ્યવસાયે તેઓ વિરમગામમાં ડૉક્ટર હતા. લાંબો ઝભ્ભો, ધોતિયું અને ખાદીની ટોપી - આ તેમનો પહેરવેશ. શુદ્ધ અને પ્રામાણિક એવા આ ડૉક્ટરનું દવાખાનું સારું ચાલતું હતું. એક વાર એક દર્દીએ કહ્યું કે ફલાણા ડૉક્ટર ઈન્જેક્શન આપે છે તેથી તાવ જલ્દીથી મટી જાય છે. મારા સસરા ક્યારેય ખોટી સલાહ આપતા નહીં. તેઓએ પેલા દર્દીને કહ્યું કે તારે ઈન્જેક્શનની કોઈ જરૂર નથી. ખાલી પૈસા બગાડવાથી ક્યો લાભ તને થશે? દવાથી જરૂર મટી જશે. આટલું જ નહીં પણ કોઈ ગરીબ દર્દી હોય તો ફી લે નહીં અને ઉપરથી પૈસા આપીને કહે કે સામેની લારીમાંથી પપૈયો લઈ જા અને તે ખાજે. આ જમાનામાં આવા ડૉક્ટર મળવા મુશ્કેલ છે. નીતિ અને ધર્મનો સંગમ તેમનામાં હતો. મારા પુત્ર દેવેશને પણ તેઓ પૌત્ર તરીકે ગણતા. મારી દીકરી નિયતિનાં લગ્નમાં દેવેશ સહકુટુંબ અમેરિકાથી આવેલો ત્યારે મારા સસરા ખૂબ ખુશ થયા હતા. તેની સાથે ફરતા અને વાતો કરતા. દેવેશે તેમના ઘણા ફોટા પાડ્યા હતા. જ્યારે તે ભારત આવે ત્યારે મારા સસરા તેના હાથમાં શુકનના રૂપિયા આપી આશીર્વાદ આપે. મારું ભાગ્ય આમ પ્રબળ બની ગયું, દુઃખનાં વાદળમાં ઢંકાયેલો સુખનો સૂર્ય ઉજ્જવલ બની ચમકી રહ્યો છે. ત્યારે પેલી પંક્તિ યાદ આવે છે :

'ધીરજ ધર મનવા ધીરજ ધર,
તેરે સુખકે ભરે દિન આયેંગે, દુઃખકે બાદલ હટ જાયેંગે,
ધીરજ ધર મનવા ધીરજ ધર.'

મારા સસરા વૃદ્ધ થયા હતા પણ દવાખાનું ચલાવતા હતા જેથી પ્રવૃત્ત રહેવાય. મારાં સાસુ તો મારું એ ઘરમાં આગમન થાય તે પહેલાં મૃત્યુ પામ્યાં હતાં. તેથી સસરા બાજુમાં એક બ્રાહ્મણ દંપતી રહેતું હતું તેમને ત્યાં સવાર-સાંજ જમતા હતા. પણ જ્યારે એ દંપતી ખંડિત થયું અને મંગુબહેન જે તેમને રસોઈ કરી જમાડતાં હતાં તે મૃત્યુ પામ્યાં છતાં સસરા વિરમગામ છોડતા નહોતા. પરંતુ અમે પતિપત્ની ટૅક્સી લઈ વિરમગામ ગયાં અને તેમને સમજાવી અમદાવાદ અમારી સહુની સાથે રહેવા લઈ આવ્યાં. અહીં થોડાં વર્ષો તે જીવ્યા અને

તેમનું મૃત્યુ પણ તેમના કર્માનુસાર થયું. તેઓ એક જ દિવસ માંદા રહ્યા, લોહીના ઝાડા થયા, ૯૬ વર્ષની વયે અન્ય કોઈને તકલીફ આપ્યા વગર પરલોકે સિધાવી ગયા અને મૂકતા ગયા પ્રેમ, પ્રામાણિકતા અને સાદાઈ. મારી દીકરી નિયતિ માટે તેમને અથાગ પ્રેમ હતો. તે ટી. વી. પર સમાચાર વાંચવા જતી ત્યારે તેઓ મંદિરેથી વહેલા પાછા આવી જતા અને કોઈ પૂછે કે કેમ વહેલા જાવ છો તો કહે કે મારી દીકરી ટી. વી. પર સમાચાર વાંચવા આવવાની છે. તેને જ્યારે સાસરે વળાવી ત્યારે તેમની આંખો અશ્રુથી છલકાઈ ગઈ હતી. અત્યંત પ્રેમાળ અને નિર્મળ હૃદયવાળા પિતૃસમાન સસરા પામીને હું ધન્ય બની છું. મારાં બે નણંદો, બે દિયરો, દેરાણીઓ સહુને મારા પ્રતિ અત્યંત સ્નેહભાવ છે. મારા આ ભાગ્યને ઉજ્જવલ બનાવવામાં આ સહુનો મોટો ફાળો છે. દુ:ખના દરિયામાંથી નીકળી હું પરીખ-કુટુંબમાં સમાઈ ગઈ છું.

મારી દીકરી નિયતિએ સી.એન.વિદ્યાવિહારમાં અભ્યાસ કર્યો હતો. તે ત્યાં શિશુવિહારમાં ભણતી હતી ત્યારે એક પ્રસંગ બનેલો. તેને શાળાએ લઈ જવા તથા લાવવા માટે અમે બાળકોની રિક્ષા બાંધેલી. એક દિવસ મારાં દેરાણી જ્યોતિબહેન દોડતાં મારી કૉલેજમાં આવ્યાં અને જણાવ્યું કે નિયતિની રિક્ષા આવી નથી અને નિયતિ પણ ક્યાંય દેખાતી નથી ! અમે બંને ગભરાઈ ગયાં. હું રિક્ષા કરી તેની શાળામાં પહોંચી ગઈ અને જોયું કે નિયતિ તાળીઓ પાડી વર્ગમાં પ્રાર્થના ગાઈ રહી હતી.



અરંગેટ્રલ વખતે એક નૃત્યમુદ્રામાં નિયતિ

હાશ, મને શાંતિ થઈ. મેં તેને પૂછ્યું કે શાળામાં તે કેવી રીતે પહોંચી તો બહેનબાએ જવાબ આપ્યો કે રિક્ષાની રાહ જોતી ઊભી હતી ત્યારે રિક્ષા સોસાયટીના નાકા પર દેખાતાં દોડીને ત્યાં પહોંચી રિક્ષામાં બેસી ગઈ ! મેં તેને સમજાવી કે ઘેર કાકીને આ વાત બતાવી પછી શાળામાં જવું જોઈએ, કારણ કાકી ગભરાઈ ગયાં છે. રિક્ષાવાળાને પણ બીજે દિવસે જણાવ્યું કે ઘેર ખબર આપ્યા બાદ બાળકોને શાળાએ લઈ જવાં.

નિયતિ મોટી થઈ ત્યારે એક દિવસ મેં તેને આ વાત કરી ત્યારે તે ખૂબ હસી. તેણે એસ.એસ.સી. પ્રથમ વર્ગમાં ડિસ્ટિંક્શન સાથે પાસ કરી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. બી.એ. માનસશાસ્ત્રના વિષય સાથે પ્રથમ વર્ગમાં પાસ થઈ અને એમ. એ.માં યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ પાસ થઈ. રાજ્યપાલ આર. કે. ત્રિવેદીના હસ્તે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. નૃત્યમાં પણ તે રસ ધરાવતી હતી. મને સંગીત અને નૃત્યનો ખૂબ શોખ હતો, પણ મારા જમાનામાં એ ઓરતા પૂરા કરવાની શક્યતા જ નહોતી તેથી નિયતિ દ્વારા એ ઓરતા મેં પૂરા કર્યા. શ્રીમતી ઈલાક્ષીબહેન ઠાકોરની નૃત્યશાળામાં તેણે તાલીમ લીધી અને ૨૩ છોકરીઓનું અરંગેટ્રલ હતું તેમાં તે સૌથી પ્રથમ ક્રમે આવી અને ભરતનાટ્યમનું પ્રમાણપત્ર તેણે હાંસલ કર્યું. આમ, મારી ઉત્કટ ઇચ્છા દીકરીએ પૂર્ણ કરી અને દીકરી વહાલનો દરિયો છે તે સાબિત કરી બતાવ્યું. અમે જીવનનાં મૂલ્યોનું તેનામાં સિંચન કરવામાં સફળ થયાં છીએ. અમદાવાદ દૂરદર્શન પર પણ તેણે દસ વર્ષ સુધી સમાચાર-વાચન કર્યું. તેના ઉચ્ચારમાં ક્યારેક ભૂલ થાય તો અમે ટપારતાં તેથી તે વધુ ચોકસાઈથી સમાચાર વાંચતી. તેનાં લગ્ન અમદાવાદમાં જૈન કુટુંબમાં થયાં છે. તેના શ્વસુરપક્ષે સહુ માયાળુ તથા પ્રેમાળ છે. તેના પતિ સર્વજિત લગ્ન થયાં ત્યારે ભારતમાં હતા પણ ચિ. દેવેશે તેમને માટે અરજી ફાઈલ કરી હતી જે મળતાં બંને જણને ગ્રીનકાર્ડ મળ્યું અને તેઓ અમેરિકા પહોંચી ગયાં. ત્યાં પણ તેઓ નિષ્ઠા, પ્રામાણિકતા અને મહેનતના ત્રિવેણી સંગમથી આગળ વિકાસ કરી રહ્યાં છે. છેલ્લાં આઠ વર્ષથી તે અમેરિકામાં ન્યૂ જર્સીમાં છે. તેમને એક દીકરી છે, જેનું નામ વિરાજ છે. તે તેર વર્ષની છે. છઠ્ઠા વર્ગમાં અભ્યાસ કરે છે તથા દરેક વર્ષે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થાય છે. આમ, એ કુટુંબ પણ સરસ રીતે પરદેશમાં ગોઠવાઈ ગયું છે. ચિ. દેવેશ અને ચિ. નિયતિ અવારનવાર ફોન પર મળે છે તથા સગાંસંબંધીને ત્યાં લગ્નપ્રસંગ હોય ત્યારે પ્રત્યક્ષ પણ મળે છે. બંને ભાઈબહેનનો પ્રેમ અતૂટ છે, આથી વિશેષ શું હોઈ શકે ? ખુદા જબ દેતા હૈ તબ છપ્પર ફાડકે દેતા હૈ ! એવું મારા ભાગ્યમાં વિધાતાએ જરૂર લખ્યું હશે. (ક્રમશઃ)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

મંગળવાર ૯મી મે, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

ઍલન-પરીની વાર્તા મેં પૂરી કરી છે. એનું પુનર્લેખન મેં સરસ કાગળ ઉપર કરી નાખ્યું છે અને લાલ પેનથી એમાં સુશોભન કરી એની બંધાઈ પણ કરી લીધી છે. હવે એ ઘણી સરસ દેખાય છે. પણ જન્મદિવસની ભેટ માટે એટલું પૂરતું નથી. મમ્મી અને માર્ગટ બંનેએ એ નિમિત્તે એક એક કવિતા લખી છે.

આજે બપોરે ઉપર આવીને શ્રી કુગ્લરે સમાચાર આપ્યા કે આ સોમવારથી શ્રીમતી બ્રોકસ બપોર પછી ઑફિસમાં બે કલાક રોકાવાનાં છે. કર વાત ! હવે કોઈ ઑફિસમાંથી ઉપર આવી શકશે નહિ, કોઈનાથી ઉપર બટાકા પણ પહોંચતા કરાશે નહિ. નહિ બે પછી ઉપર જમવા અવાય, અમારાથી બપોરના સંડાસ-બાથરૂમ પણ નહિ વપરાય કે હલનચલન પણ નહિ થાય. તકલીફ વધી જશે ! એમને આવતાં રોકવા માટે અમે જાતજાતના નુસખા સૂચવ્યા. શ્રીમતી વૅનડાનનું કહેવું થયું કે એમની કૉફીમાં જુલાબ નાખી દેશો તો કામ થઈ જશે. 'ના, એવું કાંઈ ન કરતાં; નહિ તો એક વાર ઑફિસમાં જ દિશાએ જશે તો બહાર જ નહિ નીકળી શકે.' ક્લાઈમને કહ્યું.

બધાં જ ખડખડાટ હસી પડ્યાં. 'દિશા ?' શ્રીમતી વૅનડાને પૂછ્યું, 'એટલે વળી શું ?' એમને અર્થ સમજાવ્યો. 'એ શબ્દ વાપરવામાં વાંધો નહિ ને ?' એકદમ નિર્દોષ પ્રશ્ન એમણે કર્યો.

'એમાં તો એવું છે કે ધારો કે તમે બિયેનકોર્ફ (એક ભવ્ય દુકાનનું નામ)માં ખરીદી કરવા ગયાં છો. અને તમે પૂછપરછ કરો કે દિશાએ ક્યાં જવું તો કોઈને સમજણ નહિ પડે !' ખિખિયારો કરતાં બેપે કહ્યું.

અત્યારે ડસેલસાહેબ દિશાએ ગયા છે. રોજની જેમ બરોબર સવારના સાડાબાર વાગે. આજે તો હિંમત કરીને મેં ગુલાબી કાગળ પર લખ્યું :

શ્રી ડસેલનું સંડાસ-સમય-પત્રક
સવારે ૭-૧૫થી ૭-૩૦ સુધી
બપોરે ૧-૦૦ વાગ્યા પછી

આ સિવાય કેવળ જરૂર પડે એ પ્રમાણે અને એ હજી અંદર જ હતા ત્યારે સંડાસના લીલા રંગના બારણા પર ચોંટાડી દીધું. હજી હું એક વાક્ય ઉમેરી શકી હોત કે, 'નિયમ-ભંગ કરનારને એમાં પૂરી દેવામાં આવશે.' કારણ કે અમારા સંડાસને અંદર અને બહાર બંને બાજુએ આગળિયા છે.

હજી મારે ઘણું કામ પડ્યું છે અને ત્રણ તો ક્યારના વાગી ગયા.
લિ. ઍન. મે. ફ્રેંક

તા. ક. આ પહેલાં કદાચ મેં અમારી નવી સફાઈ કામદાર બાઈનો ઉલ્લેખ કર્યો છે. એટલે કહું કે બહેન સાઠ વર્ષનાં પરિણિત છે અને કાને ઓછું સાંભળે છે ! અહીં સંતાયેલાં આઠ જણાંના અવાજને ધ્યાનમાં લેતાં આ બધી રીતે અનુકુળ છે. અરે કીટ, આબોહવા તો એટલી સરસ છે કે બહાર જવા મળતું હોત તો !

બુધવાર ૧૦મી મે, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

ગઈ કાલે અમે માળિયામાં બેઠાં બેઠાં ફ્રેન્ચ ભણતાં હતાં. ત્યાં અચાનક મેં નજીકમાં જ પાણીની ધાર પડતી સાંભળી. શેની ધાર હશે એવું પૂછતાં જ પીટર સીધો ઊઠીને મેડે જોવા ગયો અને માઉશીને ભગાડવા માંડ્યો. માઉશી ત્યારે એના પલળેલા ખોખા પાસે એનું 'કામ' કરી રહી હતી. ઘણી બૂમાબૂમને અંતે પોતાનું 'કામ' પૂર્ણ કરીને માઉશીબાઈ નીચે ભાગી ગયાં. થયું હતું એવું કે એના ખોખા જેવી જગ્યા શોધતાં માઉશીને લાકડાના ભૂસાંનો એક ઢગલો મળ્યો જે બરાબર છતની તિરાડની ઉપર હતો. એટલે પેલા ખાબોચિયાનું પ્રવાહી ચુવાઈને નીચે માળિયામાં ધાર થઈ અને નસીબ પણ એવાં કે પડી થોડીક બરોબર બટાકા ભરેલા ખોખા ઉપર અને થોડીક કોથળાની બહાર. પાછું માળિયાની જમીન ઉપર એના ભાગની તિરાડો છે એટલે નાનાં નાનાં પીળાં ટપકાં ચૂતાં હતાં નીચે જમવાના ટેબલ ઉપર બરોબર મોજાં ને પુસ્તકોના ઢગલાની વચ્ચે.

દૃશ્ય એટલું તો રમૂજી હતું કે હું તો હસી હસીને બેવડ વળી ગઈ. માઉશી ત્યાં ખુરશીની નીચે ભરાઈ ગઈ હતી અને બીજી બાજુ પીટર પાણી, બ્લિચિંગ પાઉડર અને પોતાં સાથે સજ્જ હતો અને વૅનડાનસાહેબ બધાંને ટાઢાં પાડવાનો પ્રયત્ન કરતા હતા. થોડી વારમાં જ રૂમ હતો એવો ને એવો થઈ ગયો; પણ બિલાડીના પેશાબની વાસ બહુ આવે એ તો જગજાહેર છે. બટાકાએ પણ એની સાબિતી આપી અને પેલા ભૂસાએ પણ એ જ સાબિત કરી બતાવ્યું. ભૂસાને તો ડોલમાં ભરી પપ્પા નીચે બાળવા માટે લઈ આવ્યા.

બિચારી માઉશી ! એને શું સમજાય કે એના ખોખાની તોલે કાંઈ ન આવે !
લિ. ઍન. મે. ફ્રેંક (ક્રમશઃ)

સાબરમતી રિવરફ્રંટ વિકાસ પરિયોજના

નૌતમભાઈ વખારિયા

પૃથ્વી ઉપર પાણી પ્રવાહી સ્વરૂપમાં અને બરફરૂપી ઘન સ્વરૂપમાં ઠેકઠેકાણે દેખા દે છે. પ્રવાહી સ્વરૂપે સાગર, નદી અને તળાવમાં ગમે તે સ્થાને હોય પણ તેને સંલગ્ન જમીન ને તેનો કિનારો તો હોય જ. પાણી સાથે તેનો કિનારો હંમેશાં જોડાયેલો હોય છે. આ કિનારો રળિયામણો હોય તો સાગર, નદી કે તળાવનું સ્વરૂપ આકર્ષક થઈ જાય છે. આવા કિનારા અને કાંઠા બાંધવાથી આજુબાજુ રમણીય અને ચિત્તાકર્ષક માહોલ ખડો થઈ જાય છે. મુંબઈનો મરિન-ડ્રાઇવ ખાતેનો દરિયાકિનારો એક જમાનામાં વાંકોચૂંકો અને રેઢો પડ્યો હશે. મુંબઈના વિકાસકાર્યમાં લાગેલાં નગરજનોએ આ દરિયાકાંઠાને ફરતી અંગ્રેજી ઊંધા 'સી' આકારમાં પાળ બાંધી દીધી. તેનાથી દરિયાનું સૌંદર્ય એટલું બધું વધી ગયું કે લોકોએ Queen's Necklace એવું તેનું નામ પાડી દીધું. જાણે કે રાણીને પહેરવા માટેનો હાર ! તે જ પ્રમાણે અમદાવાદમાં કાંકરિયા તળાવને ફરતી ગોળાકાર પાળ બાંધવાથી તે વિસ્તાર કેવો રમણીય લાગે છે !

ભારતમાં નદીઓના કિનારા મોટા ભાગે ઉપેક્ષિત રહ્યા છે. તીર્થસ્થાનોને અડીને વહેતી નદીઓના કિનારા ઉપર કોઈ કોઈ જગ્યાએ ઘાટ જરૂર બંધાયેલો હોય છે પણ તેમાં વ્યવસ્થિત આયોજનનો અભાવ દેખાય છે. સ્નાન કરવા માટે ડૂબકી મારવાની જગ્યા અને દેવ-દર્શન માટે કાંઠે મંદિરો- આથી વિશેષ કોઈ વિકાસ દેખાતો નથી. તીર્થસ્થાનોની નદીઓમાં પણ એક જ કાંઠો બાંધેલો હોય છે, જ્યારે બીજો કાંઠો ભગવાનને ભરોસે છોડી દીધેલો હોય તેવું લાગે છે ! નદીના કાંઠા ન બાંધવાથી નદીનો દેખાવ તો ખરડાઈ જાય છે પણ કાંઠાઓ ઉપર તરેહતરેહનાં વરવાં દૃશ્યો ઊભાં થઈ જાય છે. કાંઠાઓ દુરુપયોગનું ઉદ્ભવસ્થાન બની જાય છે. માણસો, પશુઓ અને બધી જાતની જીવસૃષ્ટિને ફાવે તેવો ઉપયોગ કરવાનું મોકળું મેદાન બની જાય છે.

દુનિયાના વિકસિત દેશોમાં જ્યાં જ્યાં નદીઓ શહેરમાંથી પસાર થાય છે ત્યાં ત્યાં જે તે નદીઓના બંને કાંઠા ઉપર અતિ સુંદર અને વ્યવસ્થિત વિકાસ થયેલો દેખાય છે. જેઓ લંડન ગયાં હશે તેમણે જોયું હશે કે ટેમ્સ નદીના બંને કિનારા બાંધેલા છે અને તેના કિનારે હરવા-ફરવાની સ્વચ્છ જગ્યા, બાગ-બગીચા, નાની નાની હાટડીઓ, મ્યૂઝીઅમ જેવાં કળામય સ્થાપત્યો વગેરે ઊભાં થઈ ગયાં છે. તે જ પ્રમાણે પૅરિસમાં સીન નદીના બંને કિનારા અતિ રળિયામણા છે. દુનિયાની અજાયબી સમો એફિલ ટાવર પણ સીન નદીના બાંધેલા કિનારે ઊભો છે. વિકસિત દેશોનાં શહેરમાંથી પસાર થતી બધી નદીઓ, પછી તે રહાઈન હોય, ડાન્યૂબ હોય વૉલ્ગા હોય કે કોઈ પણ, તે બધી નદીઓના કાંઠા બાંધેલા અને વિકાસ પામેલા હોય છે.

ભારતમાં હવે આ બાબતમાં સજગતા આવતી હોય તેવું દેખાય છે અને તે દિશામાં કોઈ કોઈ જગ્યાએ કદમ ઊઠવાં માંડ્યાં છે. ગુજરાતમાં પણ અમદાવાદની વચ્ચે થઈને વહેતી સાબરમતીના બંને કાંઠાઓને બાંધવાનું આયોજન હવે અમલીકરણના તબક્કા સુધી પહોંચવામાં છે. ગુજરાત માટે અને અમદાવાદ માટે આ આનંદની વાત છે.

છેલ્લા થોડા દાયકાઓનો શહેરી અને ઔદ્યોગિક વિકાસ થતા થતા સાબરમતીના કાંઠાઓનો પણ તેમાં ભોગ લેવાતો રહ્યો છે. જે નદીને કારણે આ શહેરનું સ્થળ પસંદ કરવામાં આવ્યું હતું તે સાબરમતી નદી સાથેનો અમદાવાદનો સૈકાજૂનો નિર્મળ નાતો કમનસીબે કથળતો અને વણસતો ગયો છે. ચોમાસામાં શહેરમાં એકઠાં થતાં વરસાદી પાણીનો નિકાલ નદીમાં થાય તે એક કુદરતી વ્યવસ્થા ગણાય પણ તેમાં ગટરની ગંદકી અને ઉદ્યોગનો લાલ, પીળો, કાળો કદડો ઠલવાય તે તેનો દુરુપયોગ છે. શહેરીકરણના લાક્ષણિક પરિણામ જેવો અત્યારે તો કાંઠાનો આડેધડ અને વિચારવિહોણો ઉપભોગ થઈ રહ્યો છે. આનાથી સ્વાસ્થ્ય અને પર્યાવરણના પ્રશ્નો ઊભા થયા છે. નદીના કાંઠે અને ક્યાંક ક્યાંક નદીના પટમાં ગંદી ઝૂંપડપટ્ટીઓ ઊભી થઈ ગઈ છે. તેમાં રહેનારાં લોકો જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી તો વંચિત રહે છે પણ અચાનક જો પૂર આવી જાય તો તેમાં કુટુંબનાં કુટુંબ સાફ થઈ જવાનો ભય પણ તેમના ઉપર સતત ઝળૂંબતો હોય છે.

બેકાબૂ બનતી જતી આ પરિસ્થિતિને સુધારવા માટે નદી-કાંઠાનો સુવ્યવસ્થિત વિકાસ કરવાની જરૂરત ઘણા વખતથી વરતાતી હતી. આ દિશામાં સરકારી, સંસ્થાકીય અને વ્યક્તિગત પ્રયાસો અને વિચારો વહેતા થયા હતા. સૌપ્રથમ '૬૦ના દાયકામાં અમદાવાદમાં રહેતા એક ફ્રેંચ સ્થપતિએ આ અંગે લક્ષ્ય દોર્યું હતું અને ગાંધી પુલ તથા સરદાર પુલ વચ્ચેના બંને કાંઠાઓના વિકાસની યોજના બનાવી હતી. આ દરખાસ્તના અનુસંધાને કેટલાંક આયોજનો થયાં પણ તે સંપન્ન થયાં નહિ.

અંતે સરકારે જાગ્રત થઈને સાબરમતી સરિતાતટના વિકાસની યોજના માટે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના ઉપક્રમે સાબરમતી રિવરફ્રંટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ.ની મે ૧૯૯૭માં સ્થાપના કરી અને તેને નદીના કિનારાને વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી. આ કૉર્પોરેશને યોજનાને સ્પર્શતાં વિવિધ પાસાંઓ જેવાં કે નદીની ભૌતિક સ્થિતિ, જળશાસ્ત્ર, પૂરનિયંત્રણ, કિનારાની બાંધણી, આંતર માળખાકીય સુવિધાઓ, જમીનની માલિકી તથા તેનો ઉપભોગ, પાણીનો સંગ્રહ, માર્ગોની સંરચના, વિસ્થાપિત ઝૂંપડાનું પુનઃ સ્થાપન વગેરેને આવરી લીધાં અને જે તે વિષયના જુદા જુદા તજ્જ્ઞોની સેવાઓ લઈને ટેક્નિકલ, આર્થિક, સામાજિક, પર્યાવરણીય જેવી બધી બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આમાં નીચેનાં પાસાંઓનો વિચાર કરી તે પ્રમાણે આયોજન કરવાનું સૂચવવામાં આવ્યું છે :

૧. સુવ્યવસ્થિત અને સંવાદિત નદીકિનારો ઉપલબ્ધ થઈ શકે તે માટે કિનારાની નિયંત્રિત વૃદ્ધિ અને શિસ્તબદ્ધ વિકાસ.

૨. ભૂગર્ભ જળાશયની વૃદ્ધિ માટે જરૂરી પાણીનો સંગ્રહ

૩. નદીમાં ઠલવાતી ગટરો દ્વારા થતી ગંદકી ઉપર પૂર્ણ વિરામ.

૪. પ્રાથમિક સુવિધાથી વંચિત અને ભયના ઓથાર નીચે નદીકિનારા ઉપરની ઝૂંપડપટ્ટીઓમાં જીવતાં કુટુંબોને સુરક્ષિત સ્થળે વસાવી તેમનું જીવનધોરણ ઊંચું લાવવું.

૫. પહોળા રસ્તા તથા લોકોને હરવાફરવા તેમજ મુક્ત સરિતા-દર્શન થઈ શકે તેવા માર્ગોની રચના કરવી

૬. બાગબગીચા તથા મનોરંજન માટેના સ્થળોનું નિર્માણ કરવું.

૭. પૂરથી થતી તારાજીને નિયંત્રણમાં રાખવી.

૮. શહેરનું નોખું વ્યક્તિત્વ કે તેની ઓળખનું સર્જન કરવું અને દિવસ તથા રાત્રિની દૃશ્યાવલિને કવિત્વપૂર્ણ બનાવવી

૯. માત્ર બાંધકામની દૃષ્ટિએ જ નહીં, પણ સ્વરૂપ, આકાર અને આકૃતિનાં દર્શનીય તત્વો તરીકે નૂતન પુલોનું આયોજન કરવું.


આ કામની પ્રથમ તબક્કાની ખાતમુહૂર્ત વિધિ હાલના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૧૪-૪-૦૩ના રોજ સંપન્ન થઈ. આ કામનાં ટેન્ડરો બહાર પાડી વાજતેગાજતે તેના બાંધકામની શરૂઆત કરવાની કૉર્પોરેશનમાં તૈયારી થઈ રહી છે. આ પ્રોજેક્ટનાં નાણાં બહારથી લાવવા ન પડે પણ પોતે પોતાની રીતે જ પ્રોજેક્ટમાંથી નાણાં ઊભાં કરી સ્વનિર્ભર રહે તેવું વિચારવામાં આવ્યું છે.


પ્રથમ તબક્કામાં સુભાષ પુલથી વાસણા પુલ સુધીના લગભગ ૯ કિ.મી. લંબાઈના સાબરમતીના બંને કાંઠાનો સુગ્રથિત વિકાસ સાધીને તેને રમણીય બનાવવાનું આયોજન કરવામાં આવેલ હોવાનું હાલ જણાય છે. જો કે તેમાં ફેરફારને અવકાશ છે.


હયાત નદીના પટની પહોળાઈ અને પુલોની લંબાઈ સરેરાશ ૪૫૦ મીટર જેટલી છે. નદીનાં પાણી અને પૂરને વહી જવા માટે આ પહોળાઈ ફક્ત ૨૭૫ મીટર રાખી, નદીની બંને બાજુ પાકી દીવાલો બાંધી બંને કાંઠાની મળીને બાકીની ૧૭૫ મીટર પહોળાઈમાં માટીનું પુરાણ કરીને ૧૬૨.૮ હૅક્ટર જમીન નવસાધ્ય કરી શકાય તેમ છે. દીવાલો વચ્ચેના ૨૭૫ મીટર પહોળા નદીના પટને ૨.૬ મીટર ખોદીને નદીનું તળિયું નીચે ઉતારવાની દરખાસ્ત છે. તેનાથી નદીના પટની સીમિત પહોળાઈમાંથી પણ નદીમાં અત્યાર સુધીમાં આવેલું મહત્તમ પૂર વિનાનુકસાને પસાર થઈ શકશે. અત્યારે ૪ લાખ ક્યૂસેકનું પૂર આવે તો નદીના પટમાં વસતાં ઝૂંપડાવાસીઓ ઉપર પૂરનું પાણી ફરી વળવાનો ભય ઝળૂંબે છે. બે દીવાલો વચ્ચેની નદીનું આયોજન એવી રીતે કરવામાં આવેલ છે કે ૫ લાખ ક્યૂસેકનું પાણી પણ સલામત રીતે પસાર થઈ જશે. ૧૭૫ મીટરનો નદીનો પટ પૂરવામાં લગભગ ૧૨૨ કરોડ ઘનમીટર માટીકામ કરવાનું થશે. બાકીની લંબાઈના પટને નીચો ઉતારવામાં આવતાં, તેમાંથી નીકળતી રેતી તથા માટીનો ઉપયોગ બંને કાંઠે કરવામાં આવનાર માટીપુરાણમાં કરવામાં આવશે.

વાડજ, ઉસ્માનપુરા અને વાસણા પાસેની નદી ઉપર ત્રણ નવા પુલો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે. નદીના કાંઠે બંધાનારી પાળને અડીને નદીનાં પાણી સુધી જવા માટે કલાત્મક ઘાટ તથા પગથિયાં બાંધવામાં આવશે.

નદીનાં પાણી સુધી જવા માટેના કલાત્મક ઘાટ તથા પગથિયાંની જૂદી જૂદી ભાત




હોટલો માટેની જગ્યા
વાડજ બસ ટર્મિનલ
૧.૫ કિ.મી. લાંબો
સળંગ બગીચો
શાહીબાગ તરફ
ઝૂંપડપટ્ટીના સ્થળાંતર
માટેની જગ્યા
ગુજરી જેવા બજારો
બહુમાળી મકાનો
રહેણાંક તરીકેનો વિકાસ
પૂર્વ તરફનો નદીને
સમાંતર રસ્તો
પહોળાઈ ૪ લેન
હરવા ફરવા
માટેની જગ્યા
પહોળાઈ ૫-૧૦મી.
કોમર્શીયલ
શાહપુર દરવાજા તરફ
ખાનપુર
શાહપુર
દુધેશ્વર
દુધેશ્વર વોટર વર્કસ
ગાંધી આશ્રમ
આર.ટી.ઓ
સર્કલ
A
B
C
મીઠાખળી
જંકશન તરફ
માઉન્ટ કાર્મેલ
જંકશન
ઈન્કમટેક્સ જંક્શન
ઉસ્માનપુરા
૧૨૦' રીંગરોડ તરફ
સી.જી. રોડ તરફ
નવરંગપુરા તરફ
A - રેલ્વે બ્રિજ
B - સુભાષ બ્રિજ
C - ગાંધી બ્રિજ
D - નેહરુ બ્રિજ
E - એલિસ બ્રિજ
F - સરદાર બ્રિજ
સૂચિત નવો પુલ
વાસણા બેરેજ
ગાંધી આશ્રમનું વિસ્તરણ
બગીચાનું નિર્માણ
પશ્ચિમ તરફનો
નદીને સમાંતર રસ્તો
પહોળાઈ ૪ લેન
હરવા-ફરવા
માટેની જગ્યા
પહોળાઈ ૧૮ મી.
કોમર્શીયલ ડેવલપમેન્ટ
હરવા ફરવા
માટેની જગ્યા
પહોળાઈ ૧૮મી.
કોમર્શીયલ
ડેવલપમેન્ટ ઓફિસ
તથા દુકાનો
કોણીય


ઝૂંપડપટ્ટીના સ્થળાંતર માટેની જગ્યા
ગુજરી જેવા બજારો
ફૂલ બજારનું વિસ્તરણ
તિલક બાગનું વિસ્તરણ
રવિવારી (ગુજરી)
જાહેર જનતાને ઉપયોગી હેતુઓ માટેની જગ્યા
જ પાર્ક
એસ.ટી. બસ સ્ટેન્ડ તરફ
આસ્ટોડિયા દરવાજા તરફ
કોમર્શીયલ ડેવલપમેન્ટ
શહેરી વન વિસ્તાર પીરાણા
ગાયકવાડ હવેલી
કેલિકો મીલ
વિક્ટોરીયા ગાર્ડન
બહેરામપુરા
E
F
વી.એસ. હોસ્પીટલ
માદલપુર તરફ
ગુજરાત કોલેજ તરફ
પાલડી
ગાંધીગ્રામ સ્ટેશન તરફ
પાલડી જંકશન
સરખેજ તરફ
વાસણા
૧૩૨' રોડ તરફ
વાસણા બેરેજ
સાંસ્કૃતિક સંસ્થાઓ
સી.જી. રોડ તરફ
ઝૂંપડપટ્ટીના સ્થળાંતર માટેની જગ્યા
રો-હાઉસ અને ટાવર રહેણાંક તરીકેનો વિકાસ
સી.ટી. પાર્ક
બી.જે. પાર્કનું વિસ્તરણ
કોમર્શીયલ ડેવલપમેન્ટ
શહેરી વન વિસ્તાર વાસણા

સુભાષપુલથી વાસણાપુલ સુધી નદીમાં જે પાણી ભરાશે તેનો જથ્થો ૧૦ કાંકરિયા તળાવ જેટલો હશે ! આવી રીતે ભરાઈ રહેલાં પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ અને તેને પરિણામે મલેરિયાનો રોગચાળો ન ફેલાય તે માટે અમુક પ્રકારની માછલીઓનો ઉછેર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે લોકોની આજીવિકા નદી - આધારિત છે તેમનું પુનર્વસન કરવાની જોગવાઈ છે. નવસાધ્ય થયેલી જમીનના વિકાસ માટે પાણી, ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવાની જોગવાઈ છે. નવા બસ-ટરમિનલ તથા અગ્નિ-શામક કામગીરી માટેનાં મકાનો તથા સ્કૂલો બાંધવામાં આવનાર છે. નવસાધ્ય જમીનનો અમુક હિસ્સો વેચીને ત્યાં રહેણાંક તથા વાણિજ્ય પ્રકારનાં મકાનો બાંધવાનું આયોજન છે.

હાલ અમદાવાદ શહેરને ૪૨ ટકા પીવાનું પાણી જમીનમાં ગાળેલા બોરમાંથી પૂરું પાડવામાં આવે છે. એક એવો અંદાજ છે કે દર વર્ષે પાણીનું તળ ૨.૫ મીટર ઊંડું જાય છે. નદીના બંને કાંઠા પાળા બાંધવાને કારણે વાસણા બેરેજના મથાળા સુધી પાણી જળવાઈ રહેશે. આને કારણે જમીનમાં ઊંડાણે વહેતી નદીઓ સજીવન થશે અને પાણીનાં તળ ઊંડાં જતાં અટકી જશે.

બંને કાંઠા જમીનનું નવસાધ્યકરણ થતાં નવી ઝૂંપડપટ્ટીઓ થતી અટકશે. હયાત ઝૂંપડપટ્ટીઓનું યોગ્ય ઊંચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતર થતાં, પૂરનિયંત્રણ વ્યવસ્થા સરળ અને અસરકારક બનશે. નવ-સાધ્ય થનાર જમીનનો ઉપયોગ નીચે પ્રમાણે કરવાનું આયોજન કરવામાં આવેલું છે :

રસ્તા	૪૬.૪૫ હૅક્ટર
બાગબગીચા	૪૨.૮૦ હૅક્ટર
હરવાફરવાના રસ્તા	૯.૮૦ હૅક્ટર
ઝૂંપડપટ્ટીમાં વસનારાંનું પુનઃ સ્થાપન	૧૫.૪૮ હૅક્ટર
અનૌપચારિક બજારો	૫.૮૬ હૅક્ટર
વાણિજ્ય હેતુઓ માટે વેચવાની જમીનો	૨૨.૧૫ હૅક્ટર
રહેણાંકના હેતુ માટે વેચવાની જમીનો	૧૨.૪૭ હૅક્ટર
સાર્વજનિક સવલતો	૧.૭૧ હૅક્ટર
શંકાસ્પદ જમીનો (જે કદાચ ન મળે)	૬.૦૮ હૅક્ટર
કુલ	૧૬૨.૮૦ હૅક્ટર

હાલ પશ્ચિમ કાંઠે ઉત્તર-દક્ષિણ એક જ રસ્તો આશ્રમ રોડ છે. હવે પૂર્વ કાંઠે પણ આવો નવો રસ્તો બંધાશે અને તેથી આશ્રમ રોડ ઉપરના ટ્રાફિકના ભારણમાં ઘટાડો થશે. આ યોજનામાં પૂર્વ કાંઠે ૬ લેનના રસ્તાનું અને પશ્ચિમ કાંઠે ૪ લેનના રસ્તાનું આયોજન કરવામાં આવેલ છે. નદીના પૂર્વકિનારે બાંધવામાં આવનાર ઉત્તર-દક્ષિણ છેડાને જોડતો રસ્તો અને તેને મળતા હયાત રસ્તાઓની સુધારણાને કારણે શહેરના રસ્તાના નેટવર્કની કાર્યક્ષમતા વધશે અને ટ્રાફિકની સમસ્યા હળવી બનશે. આ રસ્તાઓ હાલના પુલોના અમુક ગાળા નીચેથી પસાર થશે. દૃષ્ટાંતરૂપે હાલના એલિસબ્રીજના ૧૪ ગાળા છે. તે પૈકી માત્ર ૭ ગાળા નીચેથી જ નદીનું પાણી પસાર થશે. ટાઉનહૉલ તરફના ૫ ગાળા અને વિક્ટોરિયા ગાર્ડન તરફના ૨ ગાળા વાહનોને આવવા જવાના તથા અન્ય ઉપયોગ માટે ખપમાં આવશે.

અમદાવાદીઓને પગપાળા ફરવાની સુવિધા આપીને બાજુની શેરીઓમાં પાર્કિંગની સવલતો આપવામાં આવશે. રસ્તાના છેડે ૨.૫ મીટર પહોળી ફુટપાથો રહેશે. ૬ લેનના આ ડ્રાઈવને જોડતા આડ રસ્તાઓ અને જ્યાં બેથી વધારે રસ્તાઓ ભેગા થયા હોય ત્યાં અદ્યતન જંક્શનો બનાવવામાં આવશે. બંને કાંઠે પગપાળા હરવા-ફરવા માટે ૬ મીટર પહોળા રસ્તા અને તેની બંને બાજુ વૃક્ષોની હારમાળાનું આયોજન કરવામાં આવેલ છે. ગાંધીપુલથી સરદારપુલ સુધીની ૨૨૯૫ મીટરની લંબાઈમાં ૧૭ મીટર પહોળા હરવાફરવાના રસ્તા બનાવવામાં આવશે. આ રીતે આ વિસ્તાર એક ધબકતા મનોરંજક વિસ્તાર તરીકેની ગરજ સારશે.

ડાબા કાંઠા ઉપરના હાલના વિક્ટોરિયા ગાર્ડન (તિલક બાગ) અને જમણાં કાંઠા ઉપરના હાલના ભીખાભાઈ પાર્કને વધારવાનું અને નીચેની વિગતે સાત નવા બગીચા બનાવવાનું આયોજન છે.

પૂર્વમાં	
દૂધેશ્વરનો બગીચો (નવો)	૫.૫૨ હૅક્ટર
પુરાણા માણેક બૂરજ પાસે (નવો)	૧.૩૩ હૅક્ટર
તિલક બાગનો વિસ્તાર કરવો	૧.૨૬ હૅક્ટર
પિરાણા પાસે વૃક્ષોનું જંગલ (નવું)	૪.૭૩ હૅક્ટર
પશ્ચિમમાં	
ગાંધી આશ્રમ પાસે (નવો)	૨.૫૭ હૅક્ટર
ભીખાભાઈ પાર્કનો વિસ્તાર	૨.૯૧ હૅક્ટર
નેહરુ પુલથી એન.આઈ.ડી. સુધી (નવો) સિટી પાર્ક	૧૫.૭૯ હૅક્ટર
સ્મશાનને અડીને વા.સા. હૉસ્પિટલ પાર્ક (નવો)	૧.૫૧ હૅક્ટર
વાસણા પાસે વૃક્ષોનું જંગલ (નવું)	૭.૧૮ હૅક્ટર
કુલ	૪૨.૮૦ હૅક્ટર

નવસાધ્ય જમીન પૈકી ઉપરોક્ત પ્રમાણેની ફાળવણી બાગ-બગીચા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કરવામાં આવેલી છે. ૧૦ હૅક્ટર જમીનની ફાળવણી વરિષ્ઠ નાગરિકો તથા બાળકોના ઉપયોગ માટે કરવામાં આવેલી છે.

ઉપરના પ્રસ્તાવ પ્રમાણે ૪૨ હૅક્ટર ઉપરાંતનું ક્ષેત્રફળ

ધરાવતા બાગબગીચાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે યોગ્ય જગ્યાઓનો ઉમેરો થશે. આ ઉપરાંત નદીકિનારે લગભગ ૧૨ કિ.મી.ની લંબાઈમાં ૨૦ હૅક્ટર જેટલી જમીનનો હરવાફરવાની જગ્યાઓ તરીકે વિકાસ થશે. આ પ્રકારનો વિકાસ શહેરને શાંતિપૂર્ણ વાતાવરણ પૂરું પાડશે અને ખાસ કરીને વૃદ્ધો તથા બાળકો માટે ખૂબ ઉપયોગી થશે.

નદીના પટમાં તૂટક તૂટક ત્રણ જગ્યાએ ગંદા વસવાટો ઊભા થઈ ગયેલા છે : (૧) દૂધેશ્વર, (૨) ગાયકવાડની હવેલી, (૩) પાલડી. સુભાષ પુલથી વાસણા બેરેજ સુધીમાં નદીના પૂર્વકાંઠે ૫૯ અને પશ્ચિમ કાંઠે ૨૭ મળીને કુલ ૮૬ ઝૂંપડપટ્ટીઓ વસી ગયેલ છે. આ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આશરે ૧૦૦૦૦ કુટુંબો વસે છે. આ પૈકી આ પ્રોજેક્ટને કારણે આશરે ૪૪૦૦ કુટુંબોને અસર પહોંચે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતાં આ લોકોનું પુનઃસ્થાપન કરવામાં આવનાર છે. આના માટે ઊંચાણવાળી નવસાધ્ય જમીનમાં અગાશી સહિતના ચારમાળી મકાનો બાંધી તેમને જીવનની આવશ્યક સગવડ સાથેનું ૨૫ ચો.મી. ક્ષેત્રફળનું ઘર આપવાનું આયોજન છે. આવાં લોકોને જમીન-માલિકીના હક્કો આપવામાં આવશે. આથી ગરીબ વર્ગને પૂરના ભયમાંથી મુક્તિ મળશે. જેમની આવકનાં સાધનો ફક્ત નદી પર નિર્ભર છે તેવાં કુટુંબોનું આર્થિક સ્તર પણ સુધરશે. આવાં રહેણાંકનાં મકાનો બાંધવા માટે, જે તે સ્લમની નજીકમાં નીચે પ્રમાણે જમીન ફાળવવાનું આયોજન થયેલ છે :

દૂધેશ્વર	૮.૬૪	હૅક્ટર
ગાયકવાડની હવેલી	૨.૮૧	હૅક્ટર
પાલડી	૪.૦૩	હૅક્ટર
કુલ	૧૫.૪૮	હૅક્ટર

એલિસબ્રિજ નીચે રવિવારે ભરાતી ગુજરી-બજાર અને સરદાર પુલને પૂર્વ છેડે કૅલિકો મિલની સામે આવેલી ફૂલબજારનું સાંસ્કૃતિક અને આર્થિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. હાલમાં આ બજારોમાં જવા માટેના રસ્તા પર પાર્કિંગ, ટૉઇલેટ અને બીજી આનુષંગિક સવલતો ઉપલબ્ધ નથી તેમજ ચોમાસાના પૂરનાં પાણીનો પણ ભય રહે છે. આ બંને બજારોને તેની નજીક આવેલ જમીનમાં સ્થળાંતર કરવાનું તેમજ તેમનું સ્તર ઊંચુ લાવી તેનો નીચે પ્રમાણે વ્યાપ વધારવામાં આવશે. ઉપરાંત વધારાની બીજી બે બજારો ઊભી કરવાનું આયોજન છે.

ગુજરી-બજાર	૨.૬૮ હૅક્ટર
ફૂલબજાર	૦.૬૦ હૅક્ટર
ગાંધીપુલ બજાર (નવી)	૧.૦૪ હૅક્ટર
ઉસ્માનપુરા બજાર (નવી)	૧.૦૦ હૅક્ટર
કુલ	૫.૩૨ હૅક્ટર

નવી બજારોને કારણે ૧૪૦૦૦ માણસોને રોજગારી ઉપલબ્ધ થવાનો અંદાજ છે. આ બજારો ઊંચી સપાટીએ હોવાથી પૂરનાં પાણી તેમાં પ્રવેશી શકશે નહિ. આ બજારમાં સ્ટૉલ તથા પાથરણાંવાળાંને માલ વેચવાની સગવડ ઉપલબ્ધ હશે. પાર્કિંગ, પાણી તથા શૌચાલયની સગવડને કારણે શહેરના ઉપલા સ્તરનાં લોકો પણ આ બજારો તરફ આકર્ષાશે.

આજીવિકા ઉપાર્જન માટે નદીનો નીચે પ્રમાણે વ્યાપારી ઉપયોગ થાય છે :

૧. ધોબીઘાટ
૨. અનૌપચારિક બજારો
૩. ડિસેમ્બરથી એપ્રિલ મહિના સુધીના ગાળામાં નદીના પટમાં વાવેતર
૪. રેતી કાઢવી
૫. ધોબી-રંગાટી કામ


વાસણા બેરેજથી ઉપરવાસમાં ૧૫ કિ.મી. સુધી નદીમાં હંમેશાં પાણી રહેવાને કારણે ઉપરની પ્રવૃત્તિઓ થઈ શકશે નહીં. આ લોકોને પૂરેપૂરું વળતર આપવાનું, તેમને જીવનની નવી સવલતો પૂરી પાડવાનું, તેમની જિંદગીમાં ઓછામાં ઓછો વિક્ષેપ કરવાનું અને લોકોની સહભાગીદારી સાથેના એક મોડેલનો ખયાલ નજર સમક્ષ રાખવામાં આવેલો છે. આવાં લોકોને પણ ૨-૩ કિ.મી.થી દૂર નહિ તેવી ત્રણ જગ્યાઓ ઉપર પાણી, ગટર અને વીજળીની સુવિધા સાથેનું ઘર આપવાનું આયોજન છે.

૨૫ ચો.મી.નું ઘર બાંધવાનો ખર્ચ જે તે કુટુંબે ભોગવવાનો રહેશે, પણ માળખાકીય સવલતોનો ખર્ચ પ્રોજેક્ટ ભોગવશે. ઘરના બાંધકામ માટે લોનની વ્યવસ્થા કરવામાં આવશે. ઝૂંપડપટ્ટીમાં વસનારાંને આ નવા ઘરમાં પૂરનો કે મકાન ખાલી કરાવવાનો ભય રહેશે નહિ અને આવવા-જવા માટેના રસ્તા, ગટર, પાણી અને વીજળીની સુવિધા મળશે.

વાણિજ્ય હેતુઓ માટે ૨૨.૧૫ હૅક્ટ જમીન અલગ રાખવામાં આવેલ છે. આ જમીનના પ્લૉટ પાડી તેને આંતર-માળખાકીય સગવડો આપીને વેચવામાં આવશે અને તેમાંથી ભંડોળ ઊભું કરવામાં આવશે. વાણિજ્ય હેતુઓ માટેનાં મકાનો આજુબાજુના વાતાવરણ સાથે સંવાદિત હોય અને સ્થાપત્યની દૃષ્ટિએ કલાત્મક હોય તેની કાળજી લેવામાં આવશે. આવાં વાણિજ્ય સંકુલોનું નીચે પ્રમાણે પાંચ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું છે.

પૂર્વ વિસ્તાર

૧. સુભાષપુલના પૂર્વ છેડે ૩.૩૨ હૅક્ટરમાં વાણિજ્ય સંકુલ ઊભું થશે. ગાંધીઆશ્રમના સામે કાંઠે અને ઍરપોર્ટ જવાના



ઍલિસબ્રીજના વિક્ટોરિયા ગાર્ડન તરફના હયાત પુલના બે ગાળા નીચેના ઉપયોગની પરિકલ્પના

રસ્તે આ સંકુલ ઊભું થનાર હોઈ, હોટલ અને ઑફિસોના હેતુ માટે આ સ્થળનો વિકાસ થવાની સારી તક રહેલી છે.

૨. ગાંધી પુલથી નેહરુ પુલ સુધીનો વિસ્તાર ખૂબ જ વિકસિત છે. તેમાં ૯.૩૭ હૅક્ટરમાં પ્લૉટ પાડવામાં આવશે. હાલ આ વિસ્તારમાં હોટલો, ક્લબ અને કૉલેજો છે. આ જગ્યા શહેરના વિકસિત અને કેન્દ્રીય વિસ્તારમાં હોઈ આ નવા પ્લૉટો માટે હોટલો, ઑફિસો, કૉલેજો વગેરે તરફથી ખૂબ માગ રહેવાનો સંભવ છે.

૩. વાસણા પાસેના નવા ૩ નંબરના સૂચિત પુલ પાસે ૨.૨૩ હૅક્ટરમાં આ વાણિજ્ય વિસ્તારનું આયોજન છે.

પશ્ચિમ વિસ્તાર

૪. ગાંધી પુલ અને નેહરુ પુલ વચ્ચે ૯.૩૭ હૅક્ટરમાં આ વાણિજ્ય વિસ્તાર આકાર લેશે. આશ્રમ રોડ નજીકમાં હોઈને આ વિસ્તારની ખૂબ માગ રહેવાનો સંભવ છે. આશ્રમ રોડ અને આ વિસ્તાર વચ્ચે જોડતા રસ્તાઓ બાંધવામાં આવશે કે જેથી ટ્રાફિકની સમસ્યા ઊભી થાય નહિ.

૫. સૂચિત ૩ નંબરના પુલ પાસેનો વિસ્તાર. આ સ્થળે ૧.૯૫ હૅક્ટરમાં વાણિજ્ય પ્રવૃત્તિ વિકસાવવામાં આવશે.

આ પ્રોજેક્ટમાં ૧૨.૪૩ હૅક્ટર જમીન રહેણાંકના હેતુ માટે ફાળવવામાં આવેલ છે. તેમજ નીચેની બે જગ્યાઓ મુકરર કરવામાં આવેલ છે :

પૂર્વ વિસ્તાર :

૧. તાવડીપુરા અને દરિયાખાન ગુંબજ પાસેના વિસ્તારમાં રહેણાંકનાં હેતુ માટે ૨.૦૪ હૅક્ટર જમીન મુકરર કરવામાં આવેલ છે. આ જગ્યાએ દૂધેશ્વરને જોડતા એક નવા પુલનું આયોજન થયેલ છે.

૨. વાડીલાલ હૉસ્પિટલ પાસે ૧૦.૪૩ હૅક્ટરમાં રહેણાંકના મકાનો બાંધવાનું આયોજન છે. શહેરની વચ્ચોવચ્ચ હોવાને કારણે આ મકાનોની ભારે માગ રહેવા સંભવ છે.

સાર્વજનિક સવલતો :

પૂર્વમાં સુભાષપુલ અને સૂચિત નવા પુલ નં. ૧ વચ્ચે બસ ટર્મિનલનું આયોજન કરવામાં આવેલ છે. આ જગ્યાએ અગ્નિશામક સેવાનું સ્ટેશન તથા પાણીપુરવઠા માટેનાં સ્ટેશનો ઊભાં થશે. નદીકાંઠે જમીનનો જે વિકાસ થશે તેની પાણીની જરૂરિયાત સંતોષવા માટે બંને કાંઠે ૫૦ સે.મી.ની પાઈપલાઈન નાખવામાં આવશે અને તેમાંથી ૧૫ સે.મી.ની વહેંચણીની પાઈપલાઈન કાઢવામાં આવશે. દૂધેશ્વર વૉટર વર્કસ પાસે નવાં બોર કરીને વધારાનું પાણી મેળવવામાં આવશે. પૂર્વકાંઠે આશરે ૫૩૦૦૦ માણસો અને પશ્ચિમકાંઠે ૩૮૦૦૦ માણસોની વસ્તી વધવાની ગણતરી છે. આ વસ્તીવધારો તથા રોજબરોજના મુલાકાતીઓ અને બાગબગીચા, ટૉઈલેટ વગેરે માટે રોજના ૬૦ લાખ લિટરની પાણીની જરૂરિયાત અંદાજવામાં આવી છે.

બંને કાંઠે સુએજની લાઈનો વાસણા બેરેજ સુધી અને રસ્તાને સમાંતરે નાખવામાં આવશે. પૂર્વકાંઠે ૩ મીટરથી ૭.૫મીટર વ્યાસની અને પશ્ચિમકાંઠે ૩ મીટરથી ૬ મીટર વ્યાસની સુએજ પાઈપ લાઈન નાખવામાં આવશે. ચાર નવાં પમ્પિંગ સ્ટેશનો બનાવવામાં આવશે પાણીવ્યવસ્થા માટે રૂ. ૧૨.૭૩ કરોડ અને ગટર-વ્યવસ્થા માટે રૂ. ૫.૭૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

વરસાદી પાણીના નિકાલ માટે હાલ જે જે આઉટલેટો નદીમાં પડે છે તેને નવસાધ્ય જમીનની નીચેથી લંબાવીને નદીમાં નાખવામાં આવશે અને તે રીતે હાલની વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવશે.

આખા પ્રોજેક્ટનો પહેલા તબક્કાનો ખર્ચ રૂ. ૩૬૧.૧૮ કરોડ અંદાજવામાં આવેલો છે. તેની સામે ૩૪.૬૦ હૅક્ટર જમીન વેંચીને રૂ. ૪૫૮.૮૪ કરોડની આવક મેળવવાનો અંદાજ છે. આ કિંમતમાં મૂડી ઉપરના વ્યાજનો સમાવેશ કરવામાં આવેલ નથી. આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. બીજા તબક્કામાં સુભાષપુલથી ૧૦ કિ.મી. ઉપરવાસમાં નદીના બંને કાંઠાના વિકાસનું આયોજન કરવામાં આવેલ છે.

સાબરમતી નદી અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતી કડી સમાન છે. આ પરિયોજનાના અમલથી, શહેરની મધ્યમાં સૌંદર્યપૂર્ણ અને આહ્‌લાદક વાતાવરણ ઊભું થશે જેને કારણે શહેરની રોનકમાં ખૂબ વધારો થશે. નદીકિનારાના રમણીય વિકાસને કારણે નદીના પરિસરમાં એક ધબકતા, કલાત્મક અને ખુશનુમા વાતાવરણનો જન્મ થશે અને તેને કારણે પૂર્વ અને પશ્ચિમના કાંઠા વચ્ચે જનજીવન વધારે સંવાદિત થશે તેમાં શંકા નથી. જો કોઈ રાજકારણીય અંતરાય ન નડે તો આ યોજના સાંગોપાંગ પાર ઊતરે તેવી છે. ❐

ને ભોજન સાથે લૅન્ડસ્કેપ બનાવ્યો

પ્રસંગચિત્ર

નટુ મિસ્ત્રી

છેલ્લાં થોડાં વર્ષોથી મેં મારા પ્રવાસ દરમિયાન સ્કેચબુક અને વૉટરકલરમાં કામ થઈ શકે એવી કીટ સાથે રાખવાનું રાખ્યું છે. ગયા ઉનાળે વૈશ્નોદેવી સુધીનો પ્રવાસ તો ટ્રેનમાં હતો. એટલે કામ કરવાનો ખાસ મોકો ન મળ્યો. પણ ત્યાંથી ધરમશાળા જવાના રસ્તે હિમાલયની પહાડીઓ આવી. એટલે રસ્તામાં જ્યાં બસ ભોજન માટે કે ચા-પાણી માટે ઊભી રહે ત્યાં હું ઊતરી જે કલાક-દોઢ કલાકનો સમય મળે તેમાં એકાદ લૅન્ડસ્કેપ બનાવી દેતો.

ડેલહાઉસીથી ચમ્બા જવાનો કાર્યક્રમ હતો. રસ્તો ખરેખર સુંદર, વાતાવરણ થોડું વરસાદી, દૂર દૂર વાદળો, વચ્ચે વચ્ચે એ વાદળોમાંથી નીકળતો પ્રકાશ મનલોભાવન હતાં. બસમાંથી બધાંની નજરે એક દૃશ્ય પડ્યું. રસ્તાની નજીકમાં એક પથ્થર પરથી પાણીનો ધોધ પડતો હતો. લગભગ ૧૦૦ ફૂટ ઉપરથી પડતું પાણી, આજુબાજુ પથ્થરોની ભેખડો, એની ઉપર પડતો પ્રકાશ અદ્ભુત દૃશ્ય હતું. મેં તરત જ ટૂરના મૅનેજરને બસ ઊભી રાખવા વિનંતી કરી. હું નીચે ઊતરી તરત જ મારી કીટ સાથે લૅન્ડસ્કેપ કરવા બેસી ગયો. બસ રોકાવાનું શેડ્યૂલ ન હતું. મારા મનમાં અડધો-પોણો કલાક મારા કામ માટે પૂરતો હતો.

કલામાં રસરુચિવાળાં મારી આજુબાજુ બેસી જઈ મારા કામને જોવા લાગ્યાં. લગભગ અડધો કલાકના સમયમાં તો મારો લૅન્ડસ્કેપ તૈયાર થઈ ગયો. એ ચિત્ર જોવા માટે પડાપડી થવા લાગી. એક હાથમાંથી બીજા, બીજામાંથી ત્રીજા એમ હાથોહાથ ચિત્ર ફરવા લાગ્યું. હું તો મારો સામાન પૅક કરવામાં પડ્યો હતો. એટલામાં એક પવનનો જોરદાર ઝોલો આવ્યો. મારું ચિત્ર જે બહેનના હાથમાં હતું તે તેમના હાથમાંથી છૂટ્યું. અને ઊડતાંક ને બાજુમાં પડેલા પાણીના તળાવમાં ખાબક્યું. ચિત્ર તરત જ પલળી તળિયે બેસવા લાગ્યું. થોડા યુવાનો ચિત્રને પાણીમાંથી કાઢવા પ્રયત્ન કરવા લાગ્યા.

પણ ચિત્ર તો નાશ પામી ગયું હતું. બધા મુસાફરો અને પેલાં બહેન મારી માફી માગી રહ્યાં હતાં. પણ શું થાય ? ચિત્ર તો નાશ પામ્યું હતું. અમારા ટૂર મૅનેજર પણ કલાના ચાહક હતા. તેમણે જાહેર કર્યું કે જો બીજા પ્રવાસીઓને વાંધો ન હોય તો હજી વધારે એક કલાક બસ એ રોકવા તૈયાર હતા. એ સમયમાં હું ફરી એ જગાનો લૅન્ડસ્કેપ બનાવી શકું. બધાંયે સંમતિ આપી અને મેં શાંતિથી એ જગાએ બેસી ફરીથી લૅન્ડસ્કેપ બનાવ્યો.

છોકરું

લઘુકથા

ભગવત સુથાર

૧૪મી જાન્યુઆરી ઉત્તરાયણ. સૂરજ ઊગે તે પહેલાં અનિકેત તેને ધાબે દોડી ગયો. તે સાઠેકનો હતો. પતંગનો ભારે શૉખીન. પણ હવે મન ઓછું થયું હતું. ઉડાડવાની શક્તિ ઓછી પણ પતંગ કપાઈને આવે કે કપાયેલો તાર તેને માથે અડે તો પકડી લેતો.

તેના ધાબાની એક બાજુની દીવાલ અને પતરાનું છાપરું ઊંચાં હતાં. તે પર એક પાળી હતી. તે પાળી પર પાડોશી આનંદનો પુત્ર અમિત તેની મમ્મી સાથે બેઠો હતો. તેના પપ્પા બાજુનાં પતરાં પર પતંગને ઠમકાં મારીને હવામાં લાવવા મથતા હતા પણ પતંગ કહ્યું કરતો નહોતો. પવન અમારા ઘરની દિશા તરફી હતો. તેથી પતંગના પેચ થતાં એકાદ પતંગ કપાઈને અમારી તરફ આવતો.

અનિકેત અને અમિતને પતંગ પકડવાનો ખૂબ જ રસ. ક્યારેક બનતું એવું કે કપાયેલા પતંગની દોરી મારા હાથમાં હોય અને પતંગ અમિતને છાપરે હોય. હું દોરી ખેંચું ત્યાં તો તે પેલો પતંગ બે દાંત વચ્ચે દોરી રાખીને કાપી લેતો. અનિકેતને ભાગે દોરીનો ટુકડો રહેતો. અમિત હાથમાં પતંગ પકડીને કૂદતો, નાચતો અને 'મમ્મી ! જો, મેં પતંગ પકડ્યો' એમ બૂમો પાડતો આનંદની કિલકારી કરતો. અનિકેતના ધાબા પર તેની લાંબી લાકડી દીવાલને ટેકે પડી હતી. અમિતનો હાથ તે લાકડી પર હતો. અનિકેતે નીચેથી લાકડી પકડીને કહ્યું, 'આ લાકડી મારી છે.'

અમિત લાકડી ખેંચવા લાગ્યો. અનિકેતે લાકડીને બરાબર મજબૂત રીતે પકડી રાખી. અનિકેત નીચે ખેંચે અને અમિત ઉપર ખેંચે. કોઈ છોડે નહીં. એટલામાં કપાયેલા પતંગે સીધી છાટ અમિતને માથે મારી. અનિકેતને માથે દોરી પડી. અમિતે બીજે હાથે પતંગ પકડ્યો પણ લાકડી છોડી નહીં. અનિકેતે પણ લાકડી અને દોરી પકડી રાખ્યાં. બંને વચ્ચે ખેંચાખેંચી અને 'લાકડી મારી છે' એમ ઘાંટાઘાંટી થવા લાગી.

તેની મમ્મી બોલી, 'શું કાકા ! તમેય તે...'

મેં શરમાઈને દોરી અને લાકડી છોડી દીધાં. અમિત ખુશ થઈને હસ્યો અને બોલ્યો, 'કાકા ! હારી ગયા ને !'

એક માણસની નજર નબળી હતી. હોટલનું મેનુ વાંચવા તેણે ચશ્મા માટે ખિસ્સામાં હાથ નાખ્યો, પણ તે મળ્યા નહિ, એટલે એણે વેઈટરને પૂછ્યું : 'જરા જો તો, આમાં શું લખ્યું છે ?'
વેઈટર : 'સાહેબ, હું પણ આપની પેઠે અભણ છું.'

(આથમતાં અજવાળાં - ૨૭)

છાસવારો

ભગીરથ બ્રહ્મભટ્ટ

આંગણે દૂઝણી ભેંસો વાગોળતી બેઠી હોય, લીમડો એમનાં શરીર ઉપર તડકોછાયો ઝુલાવતો હોય, ગમાણમાં લીલું-સૂકું ઘાસ ઠલવાયું હોય, માથું નમાવી, કાન ખંખેરી, પૂંછડી ડોલાવી ડોલાવીને ભેંસો એ ઘાસથી તૃપ્તિ અનુભવી પોરો ખાતી હોય - એ ક્ષણો હવે ઘરે ઘરે જોવા મળતી નથી. એ દૃશ્યો જ દુર્લભ થતાં જાય છે, પછી ક્ષણની આંગળી ક્યાંથી પકડાય ? પાલતુ પશુઓ સાથે પારિવારિક નાતો હતો ત્યારે. એ દિવસો પૂર્ણ થઈ ગયા છે. ઘરવાળી ભેંસ - એમ કહેતામાં તો 'ઘરવાળી' વિશેષણના બધા જ અર્થો ભેંસ સંદર્ભે લાગુ પાડી શકાતા. આજે તો એવાં શબ્દયુગ્મો - સામાસિક શબ્દરચનાઓ સાંભળવા પણ મળતી નથી. પારિવારિક શબ્દ પણ પરાયો બનતો જાય છે.

'છાસવારો છે' એવો શબ્દપ્રયોગ કેવા અર્થમાં વપરાતો ? સોમવાર, મંગળવાર, બુધવારની જેમ જ છાસવાર. છાસવાર એટલે જે દિવસે છાસ બનાવવાની હોય તે દિવસ. આંગણે ચાર-પાંચ ભેંસો હોય, ડેરીઓ તો હતી જ ક્યાં ? ખાતાં-પીતાં, આપતાં જે દૂધ વધે એ બધું મેળવણમાં જતું અને એમાંથી મહી બને. એ મહી, દર આંતરે દિવસે વલોવાય એ વલોણાનો દિવસ એટલે જ છાસવારો. સોમ, મંગળની ખબર ન હોય, પણ છાસવારાની તો ખબર હોય જ. એ સમયે વલોણાનો દિવસ જ કેન્દ્રમાં... લાલભાઈ વાસણ આપવા આવ્યો હોય અને એની ઉઘરાણી કરવાનો વાયદો કેવો અપાય કહું ? 'ત્રીજા છાસવારે આવજો.'...'અમેને છાસવારે દીકરીને તેડી લાબ્બાની છ્અ.', 'ચઈતર મહિનાના ચોથા છાસવારે માકોરમાનું મૈણું થેલું.', 'જ્યા વરસે ભાદરવાના પ્હેલા છાસવારે જ ઘરમાં ચોર પેઠેલા' - આ અને આવી તો ઘણી પ્રવૃત્તિઓ 'છાસકેન્દ્રી' બની રહેતી. ચલણ જ એ દિવસનું એવું કે એની આસપાસ જ વ્યવહાર ગૂંથાતો. જીવનની ઘટમાળના કેન્દ્રમાં જ વલોણાનો દિવસ મંગળ, ગુરુ, શનિ એમ ત્રણ દિવસ વલોણું થાય. એ ત્રણે દિવસોને 'છાસવારો' કહેવાય. એવી ઘટનાઓ સમગ્ર દિવસ ઉપર, સમગ્ર પરિવાર ઉપર, સમગ્ર ગામ ઉપર, અરે સમગ્ર જીવન ઉપર, સમાજજીવન ઉપર એવી તો છવાઈ જતી કે ન પૂછો વાત ! કૃષિજીવનની ઘટમાળમાં કેન્દ્રસ્થાને 'છાસ' રહેતી. આજે એનો મહિમા કચ્છપ્રદેશમાં ક્યાંક ક્યાંક જોવા મળે છે.

બીજા બધા દિવસો કરતાં 'છાસવાર'ની સવારનો ઠાઠ જ જુદો ! આગલા દિવસની સાંજથી એની પૂર્વતૈયારીઓ શરૂ થઈ ગઈ હોય. પાણી ગરમ કરવાનાં ઈંધણ વાડામાંથી ઘરમાં ચૂલા પાસે મેલવાનું મને સોંપાતું. આગલા દિવસે સાંજે એ ઈંધણ ચૂલા આગળ મેલ્યા પછી મારે ભણવા બેસવાનું. મા મજૂષમાં વાંકાં વળીને દૂધાસણીઓ જોઈ લેતાં. દહીંની સ્થિતિ પારખી લેતાં. કોકવાર વધુ ગરમી હોય અને દહીં હાંડલીઓમાંથી છલકાઈને બહાર પણ આવ્યું હોય. ક્યારેક ઊપડી ગયું હોય, ક્યારેક પોપડા થઈ ગયું હોય ત્યારે માના ચહેરા ઉપર ઘડીક ચિંતા ચળકે પણ એમાંથીયે મારગ તો નીકળતો.

વ્હેલી સવારે ચારવાગે મા ઊઠી જાય. ઘડિયાળ તો ક્યાં ઘરમાં હતું ? આશરે ચાર થતા હશે, ત્રણ પણ હોઈ શકે. પાંચ પણ થયા હોય. ચાર કહીએ... થોડીવારે મંદિરની આરતી થાય એટલે એવું ગણિત મંડાય કે ચાર વાગ્યા હશે. આકાશમાં જોઈએ, એટલે સમયનો આશરે ખયાલ આવે. અંધારું ઓછું થવાની પળોજણમાં પડ્યું હોય, કૂતરાં લાંબી સોડ તાણી સૂતાં હોય, આકાશમાં તારલાઓ 'આવજો' કહી રહ્યા હોય, અને સમગ્ર વાતાવરણમાં કાળાશ ભેળો થોડો ઉજાસ રંગ લાવી રહ્યો હોય, ઝીણી નજરે જોઈએ રંગબદલતું આકાશ અને ઝીણા કાને સાંભળીએ તો કોઈનાં નસકોરાં પણ સંભળાય અને કોઈ ઢોરની શ્વાસોચ્છ્વાસની ગતિ પણ. નીરવ શાંતિનો અનુભવ થાય સ્હેજ કોઈ પશુ થરકે તો એ થરકાટ પણ કાને પડે. અંધારું જાણે કે મોટી ગોળી અને એમાં કશુંક અજાણપણે વલોવાનું જાય અને વખત આવે અજવાળાનું માખણ એમાંથી બહાર આવે.

અમારું ઘર મેડીજડેલું. ઓરડો અંદરનો રૂમ, એ પછી ઓસરી અને બહારનો ભાગ. જે વચ્ચેનો ભાગ ઓસરીનો છે એ ઓસરીમાં ત્રીજા ભાગ જેટલી જગ્યામાં થોડીક ઊંચાઈએ પ્લાસ્ટર કરેલું એને અમે ચોકડી કહીએ. ચોકડીનો એક ભાગ તેને પાણિયારું કહીએ, બીજો ભાગ તેને ચોકડી કહીએ. ચોકડીમાં ઊંચે જડેલી લાકડાની પીઢ ઉપર એક આંકડો ભરાવી રાખેલો ત્યાં એક દોરી બાંધેલી. એક હૂકની બરાબર નીચે, મારાં બા ઓરડામાં કોઠાર ઉપર મૂકેલી માટીની ગોળી લાવીને મૂકે. ગોળી એમનેમ ન મુકાય, એને સૂંથિયું ક્હેવાય. એ સૂંથિયું ખાસ કારીગર દ્વારા તૈયાર કરાયું હોય, એને ગૂંથવાનું હોય, એ ગૂંથણી એવી કે વરસોનાં વરસ વીતી જાય, સૂંથ ઘસાઈ જાય પણ એની ગૂંથણીનો વળ નીકળે નહિ. સૂંથિયું ખાસ્સું દળદાર હોય. સૂંથિયાને આજની સમજણની ભાષામાં કહીએ તો એને મોટી ઈંઢોણી કહેવાય.

એ સૂંથિયાની ઉપર મોટી ગોળી ગોઠવાય, એ કાળા રંગની હોય. કુંભાર પાસેથી દાણા આપીને ખરીદી હોય, એમાં બાર-પંદર બેડાં પાણી સમાય એટલી એ મોટી હોય. કોઠાર ઉપરથી ઉતારતાં ખૂબ ધ્યાન રાખવું પડે. જીવની જેમ જાળવીને એ ઉતારવી પડે અને ઓસરીમાં લઈ જવી પડે. સૌપ્રથમ એમને

ગરમ પાણીથી ધોવાની હોય, સાફ કરવાની હોય, એમાં હાથ નાખી બા ચારેકોરથી વીછળે. બધું પાણી કપડું નાખીને નિતારે. એટલે એ સાફ થઈ જાય. પછી એમાં દોણીમાં ભરેલું મહી એમાં ઠલવાય. થોડુંક પાણી ઉમેરાય.

પછી બા હાથમાં રવૈયો લે. એ રવૈયો લાકડાનો હોય. સુથારે ખાસ છાસ બનાવવા માટે જ ઘડ્યો હોય, એ રવૈયો ગોળીમાં લટકે એ રીતે પેલી પીઢની ખીલી સાથે બાંધી દીધો હોય. રવૈયો ગોળીને અડી ન જાય એ રીતે ગોઠવવો પડે. રવૈયો કોઈ દિશાએથી ગોળીને વાગે નહિ એ ધ્યાન રાખવું જ પડે. ગોળીમાં છાસ બનાવીએ એ ગોળી જ નિસ્પૃહ ! એને રવૈયો ન સ્પર્શે અને છતાં ગોળી વિના તો છાસ જ ન બને એ કેવું ? માયામાં રહીએ અને માયા ન સ્પર્શે એ કેવું ?

એ મોટી ગોળીના મુખ ઉપર રવૈયામાંથી પરોવેલી એક લાકડાની પોલાણવાળી ઢાંકણી રહેતી જેને બંને છેડે પગ મૂકી શકાય એટલી જગ્યા પણ હોય. એને મોંકળી કહેવાય, સૌરાષ્ટ્રમાં મલોકા કહે છે. મોંકળીને રવૈયો સ્પર્શે, મોંકળીને કારણે ગોળીને ન અડી શકે. ગોળી સચવાય. ગોળીને નુકસાન ન થાય. મારાં બા એ મોંકળી (મલોકો) ગોઠવે, પછી એક તરફની માંચી ઉપર બેસે. પછી બે પગ મલોકા ઉપર ગોઠવી રવૈયાને વીંટેલું નેતરું (રાશ) ખેંચવા મંડી પડે. એની ઉપર નેતરું વીંટાય એ સામે વાળો ખેંચાવે. 'ઘમ્મ વલોણા ઘમ્મ, છાશ થાય છમ્મ' અવાજો શરૂ થાય. છાસ થયા પૂર્વેની દહીં ભાંગવાની પ્રવૃત્તિ ચાલે. દહીં ભાંગે પછી જરૂર પ્રમાણે ગરમ-ઠંડું પાણી ઉમેરાય. ક્યારેક તો બા થાકી જાય પણ માખણ જ ઉપર ના આવે. ત્યારે ખૂબ ઠંડું પાણી રેડી ઠરવા દેવું પડે. ઝૈડકા લેવાય. લયબદ્ધ નેતરાં ખેંચાય. બે હાથ ચાલે. ડાબો અને જમણો આગળ પાછળ થયા કરે. જોવાની મજા પડે. બરાબર બે કલાક પ્રવૃત્તિ ચાલે. થાકી જવાય. એ તો મોટી કસરત ! બાવડાં મજબૂત ન બને તો શું થાય ?

ગોપીઓના વલોણાના ચાહક શ્રીકૃષ્ણ પણ દૂધના નહીં, દહીં, છાસ-માખણના શૉખીન હતા. ગોપીઓને નેતરાં ખેંચાવવામાં સહાયરૂપ થતા. પ્રક્રિયામાં કૃષ્ણ પરોવાય. એમાંથી જ પસાર થયેલી ગોપીઓ જ માખણ પામે. એ આખી ઘટના પ્રતીકાત્મક છે ! સંસાર એ વલોણું છે. સમસ્યાઓ રવૈયાઓ છે. પ્રયત્નો એ નેતરાં છે. એમાંથી ક્ષેમકુશળ પાર પડાય તો ભયો ભયો ! જે તરે એ માખણ. એ તારવી લેવાય. તાવણીમાં એનું ઘી બને. નીચે રહે એ છાસ - એ જ સંસાર. તાવણી માખણની થાય છતાં મહિમા છાસનો થતો હોય છે. બ્રહ્મતત્ત્વ ગમે તેટલું મૂલ્યવાન હોય છતાં માયાનો મહિમા જેમ આપણે કરીએ છીએ તેના જેવી જ આ 'છાસવાર'ની વાત છે.

'ઘમ્મ વલોણા ઘમ્મા છાસ થાય છમ્મ' જેવી કવિતાઓ આવતી. સવાર થતામાં તો કેટકેટલાં લોકો મહોલ્લાનાં, ગામનાં, વસવાયાં આંગણે ઊભરાતાં. સૌને બોઘરણે છાસ અપાય. મા રાજી થાય. ખલાસ થઈ જાય ત્યાં સુધી અપાય. ખાટી પણ અપાય. વધી પડે તો ઢોરને પિવડાવાય. ખેતરમાં ઝાડને પિવડાવાય. ઉકરડે રેડાય. ઘરમાં છાસ હોય ત્યાં સુધી કોઈને ના ન જ પડાય. સામેની વ્યક્તિનો સંતોષ એ મારી માનો રાજીપો... હું એ હરખ જોવા પામ્યો છું. ઉપર તરે એ માખણ. માખણ સાવવા માટે ખાસ્સું મથવું પડે. એ મથામણમાંથી જ માખણ જડે, એ વાત હું ત્યારથી શીખ્યો છું. એ તારવેલા માખણના પિંડાઓને તાવણીમાં કાઢી લીધા પછી, એ ચૂલે મેલી ઘી બનાવાય. છેક નીચે ગોળીમાં છાસના કૂચા રહી ગયા હોય એ પણ અમને ભાવે. ક્યારેક પાડા-પાડીને પવાય. ઘીને ચૂલા ઉપર મેલ્યું હોય ત્યારે સ્હેજ પીળો રંગ પકડે એટલે નીચે બળતણ ઓછું કરવું પડે, નહિ તો ઘી બળે. એનું પણ ધ્યાન રાખવું જ પડે. ઘી ખાલી કરી નાખ્યા પછીના ઘીવાળા વાસણમાં કઢી થાય અથવા લોટ બફાય. ચોપડવાળું વાસણ પણ એ રીતે ઉપયોગમાં લેવાતું. અમે એ બાફેલો બાજરીનો લોટ ખાઈ, છાસ પી નિશાળે જઈએ. બપોરે આવીએ ત્યારે રોટલો મળે.

આખો દિવસ નરી ધમાલનો, કામનો, ને કમાલનો પણ ખરો. ઘી વેચાય એના પૈસા આવે. ઘરનો વ્યવહાર ચાલે. એમ 'છાસવારો' એ દિવસ પગારનો દિવસ જાણે ! વલોણાની આખી પ્રક્રિયામાં કામ કરનારાં બધાં જ વલોવાઈ જતાં છતાં એમને પણ આનંદ હતો પેલા પ્રાપ્ત કરેલા ઘીનો ! આજે તો 'છાસવારો' શબ્દ વલોણાની ક્રિયા કરવાના દિવસના અર્થમાંથી આગળ વધી રોજરોજ થતા ઝઘડા-ટંટા માટે 'છાસવારે ઝઘડા' એવી લાક્ષણિકતા સુધી વિસ્તર્યો છે. 'છાસવારે ફતવા' બહાર પાડવાનો અર્થ પણ એ જ પ્રકારની લક્ષણા સૂચવે છે.

છાસવારાના દિવસની છાસને કારણે કેટલાં બધાંની આંતરડી ઠરતી ! માકોરમા જેવાં વિધવા ડોશી અમારા ઘરની છાસ એમને ત્યાં ચાલે ત્યાં સુધી શાક ન બનાવે. રોટલો અને છાસ બહુ થઈ ગયું. બિચારાંએ આખી જિંદગી એ રીતે પસાર કરી નાખી. એ ખાટી છાસની કઢી બનાવાતી. એ કઢીએ ઘણાંને રાજી રાખ્યાં છે. ત્યારે મને થાય છે આવા છાસવારા ઠેરઠેર સ્થપાય તો માકોર જેવી કેટલી બાઈઓની-પરિવારોની આંતરડીઓ ઠરે ! ત્યારે કૂતરાં ભેંસો-ગાયો-પાડાને છાસ પવાતી. આજે તો દૂધ ડેરીઓમાં ભરાવાય છે, ઘરે રખાય તો ગ્રાઈન્ડર અને સ્પેશ્યલ કૃત્રિમ વલોણાનો ઉપયોગ થાય છે, અલબત્ત, એમાં સમય બચે છે, પણ વલોણા જેવી, ગોળીમાં રવૈયાથી બનેલી અમૃત સરખી છાસ બીજે ક્યાંય જોવા મળતી નથી. મને લાગે છે સંસારમાં વલોવાય છે એ વાત સ્હેજેય ખોટી નથી. એ વલોણામાંથી માખણ લાવવા સુધીની મથામણ ઓછી પડે છે. □

રોનાલ્ડ રીગન: શાંતિચાહક પ્રમુખ


રક્ષા મહેન્દ્ર વ્યાસ

અમેરિકાના ચાલીસમા પ્રમુખ, લોકપ્રિય ફિલ્મ કલાકાર અને અમેરિકાના વર્તમાન પ્રમુખ જ્યૉર્જ બુશ જેને પોતાનો આદર્શ માને છે તેવા રોનાલ્ડ વિલ્સન રીગનની ચિરવિદાય કેટલાંક ઐતિહાસિક સ્મરણો તાજાં કરે છે.



જોડાના વેપારી પિતા જૅક રીગન અને માતા નેલે રીગન. તેમનો સમગ્ર ઉછેર શિકાગોની પશ્ચિમે આવેલા ડિક્સન નગરમાં થયો હોવાથી જન્મસ્થાન ટામ્પિકો, ઇલિનોઇને સ્થાને તેઓ ડિકસનને જ વતન માનતા. વિવિધ રમતો એમને ખૂબ ગમતી, પરંતુ પ્રિય રમતો હતી ફુટબૉલ અને તરણની. ઇલિનોઇની યૂરેકા કૉલેજમાં શિક્ષણ મેળવી તેમણે ૧૯૩૨માં અર્થશાસ્ત્રના સ્નાતકની પદવી હાંસલ કરી. અભ્યાસ સાથે અભિનયની શરૂઆત કરી. યુવાવયમાં ફ્રેન્કલીન રુઝવેલ્ટનું નેતૃત્વ તેમના મનોસામ્રાજ્ય પર છવાયેલું રહેતું. અત્યંત તેજ સ્મૃતિશક્તિ તેમને સહજ લાધી હતી.

ખેલજગતના ઉદ્ઘોષક તરીકે તેમણે પહેલી નોકરી આયોવા રાજ્યના રેડિયોઘર (દેસ મૉઇન્સ)માં કરી. ઉદ્ઘોષક તરીકેની આ અસ્થાયી નોકરી ૭૫ ડૉલરનું વેતન રળાવી આપતી. ૧૯૩૭માં 'સ્ક્રીન-ટેસ્ટ' પછી તેઓ અમેરિકાના હોલિવુડના ફિલ્મજગતમાં પ્રવેશ્યા અને વૉર્નર બ્રધર્સ સ્ટૂડિઓમાં કરાર કરી ફિલ્મી કલાકાર તરીકે તેમણે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો. આ પૂર્વે ખબરપત્રીની ભૂમિકાથી કારકિર્દી જમાવવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ આ કામગીરીમાં તેમને ખાસ રુચિ નહોતી. જો કે ફિલ્મજગતમાં સતત ૩૦ વર્ષની સુદીર્ઘ કારકિર્દી સાથે તેમણે ભારે લોકચાહના મેળવી તેમજ ટેલિવિઝનની કારકિર્દી પણ ઘડી. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ આરંભાતા તેમની ફિલ્મક્ષેત્રની કામગીરી થંભી ગઈ. લગ્ન પૂર્વે ૨૦ ફિલ્મોમાં કામ કર્યું. કુલ ૫૩ ફિલ્મોમાં વિવિધ ભૂમિકાઓ ભજવેલી. 'લવ ઇઝ ઇન ધી ઍર', 'ધ કીલર્સ' અને 'ધૅટ હાગેન ગર્લ' તેમનાં જાણીતાં ચલચિત્રો હતાં.



ફિલ્મ 'શી ઇઝ વર્કિંગ હર વે થ્રૂ કૉલેજ' (૧૯૫૨)માં નાયિકા વર્જિનિયા માયો સાથે

તેમની 'ડેથ વૅલિ ડેઝ' ટેલિવિઝન શ્રેણી યાદગાર અને લોકપ્રિય નીવડેલી. જનરલ ઇલેક્ટ્રિક કંપનીના પ્રવક્તા તરીકે તેઓ ખૂબ લોકપ્રિય બનેલા. ૧૯૪૨માં થોડાંક નાટકોમાં પણ કામ કર્યું. આ વખતથી તેઓ લોકશાહીના પુરસ્કર્તા બન્યા. આજ સુધી તેઓ ઉદાર મતવાદી હતા. પરંતુ હવે 'સ્ક્રીન ઍક્ટર્સ ગિલ્ડ'ના એક સભ્ય તરીકે તેમને લાગ્યું કે અમેરિકાના ફિલ્મ-ઉદ્યોગ પર સામ્યવાદની પકડ જામી રહી છે. આથી એમની લોકશાહીમાંની શ્રદ્ધા વધુ દૃઢ બની. જનરલ ઇલેક્ટ્રિક કંપનીના કામ અર્થે જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં પોતાના પ્રસ્તુત વિચારો મૉકળે મને વક્તવ્યોમાં પ્રકટ કરતા. છેવટે તેમણે ડેમૉક્રેટિક પક્ષ છોડ્યો અને રિપબ્લિકન પક્ષમાં જોડાયા. દરમિયાનમાં ફિલ્મ અને ટેલિવિઝન શ્રેણીઓની તેમની આ લોકપ્રિયતાએ તેમને અમેરિકાભરમાં નામના અને ચાહના અપાવ્યાં. ઊંચી વાક્ક્ષમતાથી પ્રેક્ષકો તેમની અદાકારી પર વારી જતાં. તેમની વક્તૃત્વ શક્તિને અહીં પૂર્ણ કક્ષાએ ખીલવાની તક સાંપડી અને કદાચ તે દ્વારા પ્રમુખપદની કારકિર્દી માટેની ભૂમિકા તૈયાર થઈ. ૧૯૪૨થી '૪૫ના ગાળામાં તેમણે અમેરિકાના હવાઈદળમાં કૅપ્ટન તરીકે કામગીરી બજાવેલી.

દરમિયાન ૧૯૪૦માં સિનેતારિકા જેન વાઈમન સાથેનાં પ્રથમ લગ્ન બાદ ૧૯૪૮માં તેઓ તેમનાથી છૂટા પડ્યા. ૧૯૫૨માં સિનેતારિકા નૅન્સિ ડૅવિસ સાથે બીજા લગ્ન કરી ચાર સંતાનોના પિતા બન્યા. 'હેલકૅટ્સ ઑવ્ ધ નેવિ'માં રીગન નૅન્સિએ યાદગાર ભૂમિકા ભજવી હતી. આ અરસામાં ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ સંકેલાઈ ગયું. ત્યારે તેમણે ઉદારમતવાદી વિચારોનો ફેલાવો કરવાનું યોગ્ય લાગ્યું. ક્રમશઃ ૧૯૪૬માં તેમણે રાજનીતિમાં પ્રવેશ કર્યો. પિતાની જેમ રાજકારણમાં ઊંડો રસ લેવા લાગ્યા. તેમના સામ્યવાદ-વિરોધી વિચારો તેઓ બેધડક રજૂ કરતા.

૧૯૬૦માં રાજનીતિમાં સક્રિય બની તેમણે પ્રમુખપદના ઉમેદવાર રિચર્ડ નિક્સન માટે પ્રચારકાર્ય કર્યું. ૧૯૬૪માં પ્રમુખીય ઉમેદવાર બૅરી ગોલ્ડવૉટર માટે કામ કર્યું. ૧૯૬૬થી '૭૫ સુધી તેઓ અમેરિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા કૅલિફોર્નિયા રાજ્યના ગવર્નર રહ્યા. રાજ્યની આર્થિક ખોટને પોતાના શક્તિશાળી નેતૃત્વ હેઠળ તેમણે નફામાં તબદીલ કરી. રાજ્યના ગવર્નરપદેથી નિવૃત્ત થયા બાદ થોડો સમય કટાર-લેખક તરીકે તેમણે પત્રકારત્વનો અનુભવ લીધો.

૧૯૮૦માં અમેરિકાના પ્રમુખ તરીકે રાષ્ટ્રિય કક્ષાએ રાજકીય કારકિર્દીનો પ્રારંભ કર્યો ત્યારે ઘરઆંગણે અનેક સમસ્યાઓ હતી. પ્રમુખ તરીકે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે વારસામાં તેમને સાંપડ્યા હતાં

વિએટનામ યુદ્ધ અને વૉટરગેટ કૌભાંડમાં ખરડાયેલી પ્રમુખની છબી. અમેરિકી સૈનિકોને ઈરાનના આયાતોલ્લાહ ખોમેનીએ બંદી બનાવી આ પ્રથમ કક્ષાની મહાસત્તાને કલંક લગાડ્યું હતું. આ સમયે મજબૂત પ્રતિસ્પર્ધી સોવિયત સંઘનાં સૈન્યો અફઘાનિસ્તાનમાંની નજીબુલ્લાહ સરકારની મદદે પહોંચી ગયાં હતાં, અમેરિકાનાં વળતાં પાણીનો આ સમય હતો. સમગ્ર અમેરિકા હતાશ હતું. ત્યારે 'ગૉડ બ્લેસ અમેરિકા' સૂત્રથી તેમણે પ્રજામાં સંજીવનીનો સંચાર કર્યો. દેશના હણાતા રાષ્ટ્રિય ગૌરવને પુનઃસ્થાપિત કરવા તેમણે કમર કસી.

આ માટે સૌપ્રથમ તેમણે પરમાણુ શસ્ત્રો પર કાપ મૂકી વિશ્વમાંથી પરમાણુ પ્રક્ષેપાસ્ત્રોની સંખ્યા લગભગ અડધી કરી દીધી. એથી સોવિયેત સંઘ સાથે થનારી શસ્ત્રસંધિ માટેની ભૂમિકા રચાઈ અને સોવિયેત સંઘના છેલ્લા પ્રમુખ મિખાઈલ ગૉર્બોચૉવ સાથે સમજૂતી શક્ય બની, વિશ્વે શાંતિનો શ્વાસ લીધો. ૧૧ અને ૧૨ ઑક્ટોબર, ૧૯૮૬ના રોજ આ બંને નેતાઓ આઈસલૅન્ડના પાટનગર રોજવિક ખાતે મળ્યા હતા અને ઉપર્યુક્ત સંધિ કરી હતી. પ્રક્ષેપાસ્ત્રોની સંખ્યા ઘટાડવા માટેની આ સંધિ સાથે વિશ્વના રાજકીય તખ્તા પરથી શીત યુદ્ધનો અંત લાવવાની પ્રક્રિયા શરૂ થઈ. રીગનનું આ પરમ સિદ્ધિ સરીખું પ્રદાન ઇતિહાસ ક્યારેય વિસરી શકે તેમ નથી.

ઘરઆંગણે તેમણે ઝડપથી કામગીરી હાથ ધરી. ઊંચે જઈ રહેલા ફુગાવાને અંકુશમાં લીધો. બેરોજગારીનો દર નીચો ગયો, અર્થકારણ મજબૂત બનવા લાગ્યું. ૧૯૮૦ની મધ્યમાં વિદેશસંબંધો અને સંરક્ષણ કાર્યક્રમો અંગે કૉંગ્રેસ સાથે ઘર્ષણ પેદા થવા છતાં દૃઢ પગલાં માટે તેઓ મક્કમ રહ્યા. 'રીગનિઝમ' તરીકે ઓળખાતી તેમની આ નીતિઓ ધાર્યા લક્ષ્યાંક સિદ્ધ કરી શકી હતી.

સોવિયેત સંઘના પ્રક્ષેપાસ્ત્રોને અર્થહીન બનાવી દેવા ૨૩ માર્ચ, ૧૯૮૩ના રોજ 'સ્ટાર વૉર્સ'નો કાર્યક્રમ ઘડ્યો અને તેને અમલમાં મૂક્યો. તે દ્વારા અંતરિક્ષમાં રહેલા ઉપગ્રહ અને અવકાશી સ્ટેશનોની મદદથી ધાર્યા સમયે અને સ્થળે ધાર્યા નિશાન પાડી શકાય તેવી પ્રચંડ અને મહત્ત્વાકાંક્ષી યોજના અમેરિકાએ અમલમાં મૂકી. આ અરસામાં ૧૯૮૪ની પ્રમુખીય ચૂંટણીમાં બીજી મુદત માટે પ્રચંડ બહુમતીથી તેઓ ચૂંટાઈ આવ્યા. સોવિયેત વિજ્ઞાનીઓ 'સ્ટાર વૉર્સ'નો જવાબ આપવા અધીરા હતા, પરંતુ ગૉર્બોચૉવે તે પગલું થંભાવી દઈ આ સમગ્ર યોજના પડતી મૂકવાની ફરજ પાડી. ૧૯૮૫માં બંને દેશોના વડાઓ વચ્ચે વિવિધ તબક્કે શિખરમંત્રણાઓ યોજાઈ, મૈત્રીના વર્તુળો વિસ્તર્યા. ૧૯૮૭માં ગૉર્બોચૉવે અમેરિકાની મુલાકાત લીધી, જે દરમિયાન ભૂમિ પર ચલાવાતાં મધ્યમ કદ (૫૦૦થી ૫,૫૦૦ કિ.મી.)નાં ન્યૂક્લિઅર મિસાઈલોનો વિનાશ કરવા અંગેની સંધિ પર હસ્તાક્ષર કર્યા. આ તબક્કે ૧૯૮૮માં સોવિયેત સમાજના લોકશાહીકરણનો પ્રારંભ થયો. ગૉર્બોચૉવે સોવિયેત સંઘમાં ગ્લાસનોસ્ત અને પેરે સ્ત્રોઇકાની નીતિઓ દ્વારા ઐતિહાસિક બદલાવનો પ્રારંભ કર્યો.

અમેરિકાએ ઈરાનને શસ્ત્રો નહિ વેચવાની નીતિ સ્વીકારી હોવા છતાં અમેરિકા ઈરાનને અને આતંકવાદના અન્ય ટેકેદાર દેશો - અલ સાલ્વાડોરના બળવાખોરો અને નિકારાગુઆની સરકાર - ને શસ્ત્રો વેચે છે. આ વાત નવેમ્બર, ૧૯૮૬માં પ્રકટ થઈ જતાં રીગનતંત્રની પ્રતિષ્ઠાને અને તેમની 'શાંતિચાહક' તરીકેની ખ્યાતિને ભારે ધક્કો લાગ્યો હતો. આમ છતાં કર્નલ ગદ્દાફી સામે કડક કાર્યવાહી કરતા તેઓ ખચકાયા નહોતા.

૧૯૮૯ના વર્ષમાં અમેરિકાની સૂપ્રીમ કોર્ટના ૬૦ ટકા ન્યાયાધીશોની નિમણૂક કરી, જે તેમની મહત્ત્વની દેણગી હતી. ૧૯૮૯માં નિવૃત્તિ બાદ તેમણે કેલિફોર્નિયામાં સ્થિર થવાનું પસંદ કર્યું. સાઠીના દસકામાં થોડી ફુરસદની પળોમાં તેમણે 'વ્હૅર ઇઝ ધ રેસ્ટ ઑવ્ મી ?' અને 'ધ ક્રિએટિવ સોસાયટી' ગ્રંથોની રચના કરી હતી, પરંતુ અતિપ્રવૃત્ત જીવન આડે તે પછી ખાસ કોઈ રચના તેઓ કરી શક્યા નહિ.

પ્રમુખ રીગન પર માર્ચ, ૧૯૮૧માં જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો તેમાંથી તેઓ આબાદ બચી ગયેલા. પ્રમુખ તરીકે નિવૃત્તિ બાદ કૅન્સર થયું પણ પ્રેમની હૂંફથી તેમનો જીવનદોર અવિરત ચાલતો રહ્યો. છેલ્લે, ૧૯૯૪માં વિસ્મૃતિના અલ્ઝાઈમર તરીકે ઓળખાતા અને વયોવૃદ્ધ અવસ્થામાં સર્વસામાન્ય ગણાતા રોગનો તેઓ ભોગ બન્યા. આ રોગ મગજના કોષો અને જ્ઞાનતંતુના કોષોને ખતમ કરી દે છે. આ રોગની જાણકારી મળતાં તેમણે અમેરિકાની પ્રજાને ઉદ્દેશીને જણાવ્યું કે, 'મારા જીવનની અંતિમ યાત્રા શરૂ થઈ છે, જીવન અસ્તાચળ તરફ જઈ રહ્યું છે. ઈશ્વર મને બોલાવી રહ્યો છે.' આવી અસાધારણ સભાનતા સાથે ભાવવાહી પત્ર દ્વારા તેમણે અમેરિકાની જનતા જનાર્દન પ્રત્યે આભાર વ્યક્ત કરી અંતિમ વિદાયની સભાનતાપૂર્વક તૈયારી કરી. પછીનાં ૨૦૦૪ સુધીનાં દસ વર્ષો વ્યથાનાં હતાં, જે તેમણે પ્રેમાળ પત્નીની હૂંફે વીતાવ્યાં અને ૫ જૂન ૨૦૦૪ના રોજ દિવંગત થયા. આ સમયે પ્રેમાળ પત્ની નૅન્સિ રીગને કહ્યું, 'આ એવી યાત્રાનો આરંભ હતો જેમાં હું સાથ આપી શકું તેમ નહોતી.'

રીગન અને નૅન્સિના બાવન વર્ષના દાંપત્યજીવનમાં પરસ્પરનો સ્નેહ અને વિશ્વાસ કારણભૂત હતાં. નૅન્સિ રીગને 'આઈ લવ યૂ રોની' નામક ગ્રંથમાં તેમના સંયુક્ત જીવનનાં મીઠાં સ્મરણોને વાગોળ્યાં છે. રીગન અને નૅન્સિએ સમાજસેવી સંસ્થાની રચના કરીને સમાજસેવાનાં કાર્યોને વેગ આપ્યો છે. બ્રિટને તેમને 'નાઈટ'ના ખિતાબથી નવાજ્યા હતા. આમ, જીવનના અંત સુધી તેમની સામાજિક નિષ્ઠા બળવત્તર રહી. ❒

ફિલ્માકાશ-૪૨

જોહરાબાઈ અને સિતારાદેવીની પહેલી ફિલ્મોનું વર્ષ

રજનીકુમાર પંડ્યા

પતિ-પત્નીના સાંસારિક અને જાતીય સંબંધો વિષે ફિલ્મો બનાવવાની સોહરાબ મોદીને સારી ફાવટ આવી ગઈ હતી. તેનો એક પુરાવો તે ૧૯૩૮ના આ વર્ષની ફિલ્મ 'તલ્લાક'. તે સમયનો છૂટાછેડાનો કાયદો હિંદુ સંસ્કારોની સાથે સુસંગત નથી તેવા ધ્વનિવાળી એની વાર્તા ગજાનન જાગીરદારે લખી હતી અને તેમણે તેમાં એક અગત્યની ભૂમિકા (વર્તમાનપત્રના તંત્રીની) નિભાવી હતી. રાજકારણી નિરંજન (નવીનચંદ્ર યાજ્ઞિક)ની પત્ની રૂપા (નસીમબાનુ) આવા કાયદાની વિરુદ્ધ હોય છે અને તે તેની સામે ઝુંબેશ ચલાવે છે, જેમાં તેને તંત્રીનો સાથ છે. આખરે એ પોતાની રીતે પતિથી તલ્લાક મેળવે છે અને અમરનાથ (પ્રેમ અદીબ)ને પરણે છે, જે પણ ઉપરના કાયદાનો જ આશરો લઈને તેનાથી છૂટાછેડા મેળવે છે. આવા ટાણે મૂળ પતિ નિરંજન એની મદદે આવે છે. એ પછી પણ કેટલોક ઘટનાક્રમ છે.

આ ફિલ્મે સારી ચકચાર જગાવેલી. મીરસાહેબના સંગીતની આ ફિલ્મમાં ખાન મસ્તાનાનાં ગીતો હતાં. ઉપરાંત પ્રેમ અદીબ અને નસીમબાનુએ પણ ગાયું હતું. એવી જ બીજી સોહરાબ મોદીની ફિલ્મ 'વાસંતી' પણ હતી, જે વિશેષ ઉલ્લેખનીય નહોતી. એમાં નસીમ અને નવીનચંદ્ર યાજ્ઞિકની જોડી હતી.

જોહરાબાઈ અમ્બાલાવાલી પાસે પ્રથમ વાર જ ફિલ્મી ગીત અનિલ બિશ્વાસે સાગરની ફિલ્મ 'ગ્રામોફોન સિંગર'માં આ જ વર્ષે ગવડાવ્યું હતું. એમાં એમનાં બે ગીતો હતાં. 'પિયા ઘર નહીં અકેલી' અને 'હમ ઈસ બઝ્મ સે હર વક્ત'. આ ફિલ્મમાં સુરેન્દ્ર એ જ નામનો ગ્રામોફોન સિંગર બને છે. જે પ્રભા સાથે પરણ્યો છે. પણ બીજી એક વધુ વિખ્યાત ગ્રામોફોન સિંગર તિલોત્તમા (બિબ્બો) એના પ્રેમમાં છે. આ ફિલ્મ લોકપ્રિય થઈ હતી, પરંતુ સોહરાબ મોદી પછી જેનું નામ યાદ અવશ્ય આવે તે સાગર ફિલ્મ કંપની. ૧૯૩૦માં



માસ્ટર વસંત એમની યુવાવસ્થામાં

ચિમનલાલ દેસાઈ અને અંબાલાલ પટેલ જેવા ગુજરાતીઓના સહયોગથી શરૂ થયેલી આ ફિલ્મનિર્માણ સંસ્થાએ શરૂઆતમાં ઈમ્પીરિઅલ ફિલ્મ કંપની અને અરદેશર ઈરાની જેવા મજબૂત આધારસ્તંભોનો સહારો લીધો હતો. ઈરાની તો ૧૯૩૧માં સાથ છોડી ગયા, પણ આપણા ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશીનો આ કંપનીને ઘણો સહકાર હતો; બલકે સહયોગ હતો. તેમની નવલકથા ઉપરથી આ કંપનીએ 'ડૉ. મધુરિકા' (૧૯૩૫) પણ બનાવી હતી. તેમની થોડી વાર્તા આપણે અગાઉનાં પ્રકરણોમાં કહી ગયા છીએ. કદી પણ ટોચની નહીં ગણાયેલી આ કંપનીએ ઝિયા સરહદી, સર્વોત્તમ બદામી, રામચંદ્ર ઠાકુર અને ચિમનલાલ લુહાર જેવા કલાકારો-કસબીઓની ભેટ ફિલ્મ-ઉદ્યોગને ધરી હતી તે હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. અરે, મહેબુબે પણ તેમની 'ડેક્કન ક્વિન' (૧૯૩૬)માં આ જ સંસ્થા અંતર્ગત બનાવી હતી. આ કંપનીએ પંડિત નેહરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા દેશનેતાઓ ઉપર દસ્તાવેજી ફિલ્મો બનાવી હતી અને તેમાં એ દેશનેતાઓનો સહકાર પણ મેળવ્યો હતો. ૧૯૩૬માં અંબાલાલ પટેલે આમાંથી અલગ થઈને સુદામા ફિલ્મ કંપનીની સ્થાપના કરી હતી.



ડાબેથી – ચિમનલાલ લુહાર, ઊભેલા બી. આર. દેસાઈ તથા જમણે એચ. એસ. મહેતા

સાગર ફિલ્મ્સની 'મનમોહન' કે 'કોકિલા' જેવી ૧૯૩૭ની સફળ ફિલ્મોની વાત આપણે આગળનાં પ્રકરણોમાં થોડી કરી હતી. 'કોકિલા', 'કુલવધૂ' જેવી ફિલ્મો ગુજરાતી સાહિત્યકારોની નવલકથાઓ ઉપર આધારિત હતી તેની થોડી વાત પણ આપણે કરી હતી. એ જ રીતે 'જાગીરદાર' (૧૯૩૭)માં મચાવેલી ધૂમની કથા પણ આપણે કરી હતી.

પણ ૧૯૩૮માં સાગરની ફિલ્મો 'ડાયનામાઈટ', 'પોસ્ટમૅન', 'થ્રી હન્ડ્રેડ ડેઝ', 'વતન' અને 'હમ તુમ ઔર વો' તથા 'ગ્રામોફોન સિંગર' આવી હતી.

'ડાયનામાઈટ' અને 'પોસ્ટમૅન' એ

બંને સામાન્ય ફિલ્મો હતી. ચિમનલાલ લુહારના દિગ્દર્શનમાં બનેલી 'ડાયનામાઈટ' ફિલ્મમાં અનિલ બિશ્વાસનું સંગીત હતું અને એમાં સુરેન્દ્ર તથા બિબ્બો જેવાં સાગરનાં નામાંકિત કલાકારો હતાં. ગીતો પણ એ બંને ઉપરાંત માયા બૅનર્જીએ ગાયાં હતાં. પણ એમાંથી કોઈ પ્રખ્યાત થયું નહોતું નહીં તો પંડિત ઈન્દ્ર તથા ઝિયા સરહદી જેવા સાહિત્યકાર ગણાતા કવિઓની કલમનો લાભ તેને મળ્યો હતો.

આ ગુજરાતી (કાઠિયાવાડી) પ્રતિભા ચિમનલાલ લુહારને આજે કોઈ યાદ કરતું નથી. પણ એમના વિષે જાણતા રોમાંચ થાય તેવું છે. એમનું આખું નામ ચિમનલાલ મૂળજીભાઈ લુહાર હતું અને તેઓ ૧૯૦૧માં સૌરાષ્ટ્રના એક ગામે જન્મીને બૉમ્બે યુનિવર્સિટીના સ્નાતક થયા હતા. નાનપણથી જ સર્જનાત્મક પ્રતિભાના ચમકારા ધરાવતા ચિમનલાલ ગુજરાતી ભાષાના લેખક અને વિવચક હતા. 'વીસમી સદી' અને 'નવચેતન'માં તેમનાં ઘણાં લખાણો પ્રકટ થતાં અને હલચલ મચાવતાં. મૂક ફિલ્મોના જમાનામાં ૧૯૨૦માં કોહેનુર ફિલ્મ કંપનીમાં લૅબોરેટરી આસિસ્ટંટ તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. પાછળથી તેઓ કૅમરામૅન પણ બન્યા. ઈંગ્લન્ડના પ્રિન્સ ઑફ વેલ્સના કૅમરામૅન જ્યારે ભારતના પ્રવાસે આવ્યા ત્યારે તેમના હાથ નીચે એમણે તાલીમ લીધી હતી. એ પછી ૧૯૨૫માં સૌરાષ્ટ્ર ફિલ્મ કંપનીમાં જોડાયા એ જ અરસામાં સૌરાષ્ટ્રના દલિત પરિવારમાંથી આપબળે સફળ પ્રોફેશનલ દિગ્દર્શક બનેલા કાનજીભાઈ રાઠોડ પણ એ જ સૌરાષ્ટ્ર ફિલ્મ કંપનીમાં જોડાયા હતા. ચિમનલાલ લુહાર ત્યાં પણ બહુ થોડું રહ્યા અને કૅમરામૅન તરીકેની પોતાની આવડતના બળે એમણે વીસેક જેટલી સારી કહી શકાય તેવી ફિલ્મો બનાવી. આ કંપની દ્વારકાદાસ સંપતના એક વખતના પાર્ટનર માણેકલાલ પટેલે સ્થાપી હતી. એની વિશેષતા એ હતી કે એ ગુજરાતી વાર્તાકારોની કૃતિઓ ઉપરથી (અલબત્ત) મૂક ફિલ્મો બનાવવામાં ગૌરવ સમજતી. 'વેરની વસૂલાત', 'રાજહંસ', 'કોનો વાંક' અને 'ઝંઝીરના ઝણકારે' એ તેમાં નોંધપાત્ર ગણી શકાય. 'ઝંઝીરના ઝણકારે' તો નવચેતનના તંત્રી શ્રી ચાંપશી ઉદેશીની નવલકથા ઉપર આધારિત સફળ ગણાય તેવી ફિલ્મ હતી. (મારી સાવ યુવાનવયમાં જ્યારે હું ચાંપશીકાકાને એક નવા વાર્તાકાર તરીકે મળતો ત્યારે તેઓ મને પોતાની આ ફિલ્મની વાત બહુ રસપૂર્વક અને ભાવાવેશમાં આવીને કરતા.) એ ફિલ્મ ૧૯૨૭માં બની હતી.

ચિમનલાલ લુહારે આગળ ઉપર હર્ષદરાય મહેતા અને બી. આર. દેસાઈ સાથે મળીને પોતાની ફિલ્મનિર્માણ સંસ્થા મહેતાલુહાર પ્રૉડક્શન સ્થાપી અને થોડી સ્ટંટ ફિલ્મો બનાવી હતી. કૅમરાની અદ્‌ભુત કરામતો દ્વારા માસ્ટર વિઠ્ઠલ જેવા એક સામાન્ય નટને ભારતીય ડગ્લાસ બનાવનારી જેમ શારદા કંપની તેમ નવીનચંદ્ર જેવા ગુજરાતી કલાકારને સ્ટંટ ફિલ્મના હીરો બનાવનાર ચિમનલાલ લુહાર જ. આગળ ઉપર પ્રકાશ પિક્ચર્સે પણ પોતાની એક-બે ફિલ્મોનું દિગ્દર્શન ચિમનલાલ લુહારને સોંપ્યું હતું. ચિમનલાલ લુહાર માત્ર સુડતાલીસ વર્ષની વયે ૧૯૪૮માં અવસાન પામ્યા. પ્રકાશની એમની ફિલ્મોમાં સુરૈયાની બાળકલાકાર તરીકેની ફિલ્મ 'સ્ટેશન માસ્ટર'નો પણ સમાવેશ થાય છે.

ખેર, ચિમનલાલ લુહારની આ ૧૯૩૮ની ફિલ્મ 'ડાઈનામાઈટ' વિશેષ ધ્યાનાર્હ ન[illegible] તેમ જ 'પોસ્ટમેન' પણ નિષ્ફળ રહી. એમાં પણ સંગીત [illegible]બિશ્વાસનું. ગીત ઝિયા સરહદીના અને દિગ્દર્શન ઝિયા સરહદી ઉપરાંત મહેન્દ્ર ઠાકુરનું હતું. એમાં નાયક-નાયિકા તરીકે કુમાર અને માયા બૅનર્જી હતાં. ઉપરાંત યાકુબ, ભુદો અડવાણી, હરીશ, કૃષ્ણાકુમારી હતાં. કુલ દસ ગીતો હતાં. એમાંથી એક સિતારાદેવીએ ગાયેલું હતું. સંભવતઃ એ પ્લૅબૅક જ હશે, કારણ કે ફિલ્મમાં એમની કોઈ ભૂમિકા નહોતી. જ્યારે 'છૂપ છૂપ જાયે ચાંદની' , 'ક્યા ઢૂંઢત હૈ મન બોલ' અને 'હૈ અભિલાષી, ક્યું પછતાયે' એ ત્રણ ગીતો પણ પ્લૅબૅક રૂપે અનિલ બિશ્વાસના ગાયેલાં હતાં. એક ગીત માયા બૅનર્જીનું હતું અને બાકીનાં બિબ્બો-હરીશનાં દ્વંદ્વ ગીતો હતાં.

એના પ્રમાણમાં કંઈક સફળ ગણી શકાય તેવી આ વર્ષની સાગરની ફિલ્મ 'થ્રી હન્ડ્રેડ ડેઝ ઍન્ડ આફ્ટર' હતી, જેનું હિંદી નામ હતું 'તીન સૌ દિન કે બાદ'. સંગીત અનિલ બિશ્વાસનું. ગીતકાર ઝિયા સરહદી અને દિગ્દર્શક સર્વોત્તમ બદામી હતા. મોતીલાલ અને સવિતાદેવીની વિખ્યાત જોડી ઉપરાંત બિબ્બો, યાકુબ જેવા સાગરનાં નામી કલાકારો આ ફિલ્મમાં હતાં. ફિલ્મની વાર્તા જરા 'ઑફ બીટ' હતી અને એટલે જ એ ફિલ્મ સફળ થઈ હતી. એક ડૉક્ટર નાયકને કહે છે કે હવે આ પૃથ્વી ઉપર તારું આયુષ્ય માત્ર ત્રણસો જ દિવસનું છે અને તું જઈશ ત્યારે તારી સાથે કંઈ પણ આવનાર નથી. આ પછી નાયકની જીવનચર્યા, વિચારણા અને વર્તનમાં જે યુ-ટર્ન પરિવર્તન આવે છે તેની કહાણી બહુ દિલચસ્પ રીતે આ ફિલ્મમાં વર્ણવાઈ હતી. એનાં જે બે ગીતો અતિશય લોકપ્રિય થયાં હતાં તે બંને મોતીલાલ ખુદનાં ગાયેલાં હતાં. એકના શબ્દો હતા 'ઘર અપના યે કુર્સી અપની, અપના સબ સામાન' અને બીજું હતું 'ઇક તુમ ના હૂઈ તો ક્યા હૂઆ ? હમ કો હૈ ઈસકી ક્યા પરવા ?' - બીજાં ગીતો મિસ બિબ્બોનાં ગાયેલાં હતાં અને એક સમુહગીત હતું.

સર્વોત્તમ બદામી કે જેઓ આ ફિલ્મના દિગ્દર્શક હતાં અને આની પહેલાં પણ 'ડૉ. મધુરિકા' (૧૯૩૫) ઉપરાંત 'કોકિલા' અને 'કુલવધૂ' (બંને ૧૯૩૭)ના યશસ્વી દિગ્દર્શક રહી ચૂક્યા હતા તેમની કારકિર્દી ભારે નાટ્યાત્મક કહી શકાય તેવી હતી. ૧૯૧૦માં કર્ણાટકના ચન્નપટનામાં એક તલાટીને ત્યાં જન્મેલા સર્વોત્તમ બદામી મૂક ફિલ્મો બનાવતી કૃષ્ણ ફિલ્મ કંપનીના એક અંગભૂત એવા અંબાલાલ પટેલના ગરાજમાં કામ કરતા હતા અને ઘરનોકર જેવા પણ હતા. મોટરમિકેનિક હોવાના કારણે અંબાલાલે તેમને થોડી તાલીમ આપીને એમને બૅંગલોરના પોતાના થીએટરમાં પ્રોજેક્ટર ચલાવવાની નોકરી પણ આપી હતી. ૧૯૩૦માં જ્યારે અંબાલાલ પટેલ અરદેશર ઈરાની અને ચિમનલાલ દેસાઈએ સાથે મળીને સાગર ફિલ્મ કંપનીની સ્થાપના કરી ત્યારે એકાદ દક્ષિણ ભારતીય માણસની જરૂર હોવાથી તેમને મુંબઈ બોલાવી લીધા અને 'હરિશ્ચંદ્ર' તથા 'ગાલવમુની' ફિલ્મો તેમની પાસે પૂરી કરાવી. એ સાથે એક-બે તેલગુ ફિલ્મો પણ એમણે દિગ્દર્શિત કરી. એ પછી તો સાગરની ઘણી સામાજિક ફિલ્મો એમણે દિગ્દર્શિત કરી. ૧૯૩૮માં એમણે હોલીવુડની ઈ. બુઝેલની એક ફિલ્મ 'પૅરેડાઈસ ફોર થ્રી' પરથી એક હિંદી ફિલ્મ 'આપકી મરજી' પણ દિગ્દર્શિત કરીને સૌને પ્રભાવિત કર્યા હતા. અલબત્ત, એ ફિલ્મ અંબાલાલ પટેલની સુદામા ફિલ્મ કંપનીના નેજા હેઠળ થઈ હતી જેમાં સવિતાદેવી અને મોતીલાલ હીરો-હીરોઈન હોવાં ઉપરાંત ખુરશીદ પણ હતાં. જ્ઞાનદત્તના સંગીતવાળી આ ફિલ્મમાં તેમણે પોતે પણ 'કૌન બતલાએ ક્યા હૈ રાઝે જિંદગી' ગાયું હતું. તેમનું અને ખુરશીદનું પણ એક દ્વંદ્વગીત 'ગૌએ ચરાકે બાંકે બિહારી' હતું. એક દ્વંદ્વગીત સવિતાદેવી સાથે પણ હતું. 'પ્રેમલતા લીપટી જાએ ડારોંકો'. બીજાં ગીતો વાસન્તી, ખુરશીદ અને સવિતાદેવીનાં ગાયેલાં હતાં.

હોલીવુડની ફિલ્મ ઉપરથી આ ફિલ્મ 'અડેપ્ટ' કરનારા સર્વોત્તમ બદામી એ જમાનામાં સાગરના સર્વેસર્વા બની ગયા હતા. એ પછી એમણે ૧૯૪૯-૪૮ દરમિયાન ફેમસ સિને લૅબોરેટરીમાં પણ કામ કર્યું હતું. એ પછી ૧૯૫૨ની સાલ સુધી ભારત સરકારના ફિલ્મ્સ ડિવિઝનમાં ચીફ પ્રૉડ્યુસરપદે રહીને તેમણે કેટલીક સુંદર દસ્તાવેજી ફિલ્મો પણ બનાવી હતી. એમાંની એક તો આચાર્ય વિનોબા ભાવે (૧૯૫૧) ઉપર પણ હતી, જે જોઈને પંડિતજી બહુ પ્રભાવિત થયા હતા.

અણધાર્યો વળાંક એમની જિંદગીમાં ૧૯૫૪માં આવ્યો. ત્યારે તેઓ બૅંગલોર જઈને એક ઉદ્યોગપતિ બની ગયા ને ફિલ્મોદ્યોગનો સદંતર ત્યાગ કર્યો. મુંબઈના મશહૂર ગુજરાતી ઉદ્યોગગૃહ કામાણી ઈન્ડસ્ટ્રીઝના પણ તેઓ સલાહકાર રહી ચૂક્યા હતા.

આ રંગબેરંગી પ્રતિભા ધરાવનારા સર્વોત્તમ બદામીની તે પછીની આગળની કથા જાણવા મળી નથી. કોઈ જાણકાર વાચક જણાવશે તો આ લેખમાળામાં એને એમના નામોલ્લેખ સાથે સમાવી લેતા આનંદ થશે.

મહેબુબખાન દ્વારા દિગ્દર્શિત એવી સાગરની ફિલ્મ 'હમ તુમ ઔર વો'માં મોતીલાલ, રોઝ અને માયા બૅનર્જી હતાં. લીલા(રોઝ)નું મોતીલાલ (મોતીલાલ) પરત્વેનું અદમ્ય આકર્ષણ, તેનાથી એને થતું બાળક અને આ તરફ મોતીલાલનો બીના (માયા બૅનર્જી) તરફનો પ્રેમ એ આખી પાત્રસૃષ્ટિમાં લીલાની પોતાનો પ્રેમ જાહેર કરવાની વાત, એ યુગમાં વિરલ કહી શકાય તેવી નિર્ભિકતા, દર્શકો માટે તદ્દન નવી વસ્તુ હતી. આ ફિલ્મનું શીર્ષક તેના સંગીત દિગ્દર્શક અનિલ બિશ્વાસના કહેવા મુજબ તેમણે સુઝાડ્યું હતું. કથાસંવાદ વજાહત મિરઝાનાં હતાં. અમુક ગીતો પણ તેમણે ઝિયા સરહદી સાથે મળીને લખ્યાં હતાં. ગાયક કલાકારોમાં હરીશ અને માયા બૅનર્જી તો ખરાં જ, પણ બે ગીતો જોહરાજાનનાં ગાયેલાં હતાં. (આ એ જ જોહરાજાન, નહીં કે જે પાછળથી જોહરાબાઈ અંબાલાવાલી તરીકે ખ્યાતનામ થયાં હતાં.) આ ફિલ્મનું સંગીત પણ સાધારણ એવી લોકપ્રિયતાને પામ્યું હતું.

સાગરની 'વતન' નામની એક ફિલ્મ પણ આ વર્ષે આવી. જેમાં કુમાર, બિબ્બો, માયા બૅનર્જી વગેરે હતાં. સિતારાદેવીની આ પહેલી ફિલ્મ હતી તેમ કેટલાંક માને છે. આના દિગ્દર્શક પણ મહેબુબ અને સંગીતકાર અનિલ બિશ્વાસ હતા. સિતારાનાં બે ગીતો ઉપરાંત કાઝી નજરૂલ ઈસ્લામની બનાવેલી ધૂન પર બિબ્બો, અનિલ બિશ્વાસ અને સાથીઓના સ્વરમાં 'રગ્ગે જાં સે ખૂં ઉછલ પડે...' ગીત હતું.

સુરતના સંગીતકાર માસ્ટર વસંતના સંગીત-નિર્દેશનવાળી ફિલ્મ 'મધરાત કા મહેમાન' પણ આ જ વર્ષે આવી, જે એક સામાન્ય પોષાકચિત્ર હતું. તેના દિગ્દર્શક કિકુભાઈ દેસાઈ હતા. એક નાનકડી પણ નોંધવાલાયક વાત એ છે કે એ યુગમાં પણ માતા માટે 'મમ્મી' શબ્દ પ્રચલિત હતો. એનો પુરાવો આ ફિલ્મનું એક ગીત 'હાય રે મેરા કૌન હૈ, તેરી મમ્મી પે લાખો ફીટકાર' જેવા શબ્દોવાળું હતું. તો ખાદીના પ્રચારાર્થે 'સુંદર ખાદી પહેનો મોરી બહેના' જેવું ગીત પણ એમાં હતું.


એકવીસ ગીતોવાળી ફિલ્મ 'નંદકુમાર' પણ આ જ વર્ષે આવી. શાંતારામની મંડળીના શ્રી ધાયબર એના દિગ્દર્શક હતા તો સંગીતકાર જી.પી.કપૂર. દુર્ગા ખોટે અને ગોવિંદરાવ ટેમ્બેની ભૂમિકાવાળી આ ફિલ્મ પણ તદ્દન નિષ્ફળ નીવડી. (ક્રમશઃ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રૉબર્ટ બ્રાઉનિંગ (ચાલુ)

રૉબર્ટ બ્રાઉનિંગ નાટકો રચવાના પ્રયાસોમાં ખાસ સફળ થયો નહિ. પણ ઊર્મિનાટકો (લિરિકલ ડ્રામાઝ) અથવા દૃશ્યાવલિ રચવાના પ્રયાસમાં તેને સફળતા મળી. તેને જીવનની, સાહિત્યની એક નવી દિશા મળી ગઈ. એના 'પિપા પાસીસ' (Pippa Passes)માં રૉબર્ટ બ્રાઉનિંગની સાચી કળાનાં એંધાણ વરતાયાં.



પિપા ઈસુના જન્મદિવસે ગીત ગાતી માર્ગ પરથી પસાર થાય અને વિવિધ કક્ષાનાં, વિવિધ પ્રકારનાં, પાત્રોનાં કાર્ય પર તેનો પ્રબળ પ્રભાવ પડે - તેમનાં હૃદયપરિવર્તન થાય - એવું આયોજન નવું હતું અને ભાવકવર્ગને તેમજ વિવેચકોને પણ તે પ્રશંસનીય લાગ્યું.

અલબત્ત, એ આખોય ખયાલ અનેરો છે, પણ પિપાના પાત્રને ચરિતાર્થ કરવામાં અથવા તો એના ચિત્રણમાં બ્રાઉનિંગની કેટલીક ક્ષતિ પરત્વે જી. કે. ચેસ્ટરટને એના બ્રાઉનિંગ વિશેના પુસ્તકમાં ધ્યાન દોર્યું છે. રસ્તા પર ગીતો ગાતી જતી પિપા મુખ્ય પાત્રોથી ઘણી દૂર - અટૂલી છે. એમનાં જીવનમાં એ અનાયાસે, અણજાણ રીતે એ તોફાન લાવે છે અને એમાંથી અંતે પરિવર્તન આવે છે. પણ એ પાત્રોમાં એક પાદરી છે. પિપા એના ઘર નજીક ગીત ગાતી આવે છે. તે સમયે પાદરી પિપાનું કાશળ કાઢી નાખવાની યોજના એના કોઈ અધિકારી સાથે ઘડવામાં વ્યસ્ત છે. શા માટે ? કારણ એટલું જ કે પાદરીના ભાઈની હત્યા થયેલી છે અને એ ભાઈની મિલકતની વારસદાર પિપા છે. પિપાની હત્યા થાય તો ભાઈની બધી મિલકત પાદરીને મળે. પિપાને આ રીતે મુખ્ય પાત્ર સાથે બ્રાઉનિંગ સાંકળે છે તેમાં ચેસ્ટરટનને કલાકીય દોષ લાગ્યો છે.

અલબત્ત, આરંભની આ કૃતિમાં આવી ક્ષતિ બ્રાઉનિંગથી બની આવી છે, પણ બ્રાઉનિંગને એકવાર એક નવુંનરવું નાટ્યોર્મિકાવ્યનું, નાટ્યાત્મક એકોક્તિઓનું, સ્વરૂપ લાધી ગયું અને તેના પાસા પોબાર છે. બ્રાઉનિંગની કાવ્યકલાની વસંત બેસે છે. ઈ. ૧૮૪૨માં તેનાં 'નાટ્યોર્મિ કાવ્યો'માં. આ કાવ્યોમાં તેની એક મૌલિક અને ચિત્રાત્મક શૈલીના હૂબહૂ કલાકાર તરીકેની મુદ્રા ઊપસતી દેખાય છે. બ્રાઉનિંગની કાવ્યકૃતિઓમાં જે બે લાક્ષણિક્તા-ઊર્મિનો આવેગ અને સૌંદર્ય આગળ તરી આવે છે તેનો સુખદ અનુભવ નાટ્યોર્મિ કાવ્યોમાં થાય છે. એ એનાં કાવ્યોમાં એવી નાટ્યાત્મકતા નવા જ સ્વરૂપે આયોજે છે કે તેમાં સૌંદર્યની સીમા વધુ ને વધુ વિસ્તરતી જણાય અને પાત્રો દ્વારા પ્રકટતા ઊર્મિના આવેગને પણ નવો જ અવાજ મળે છે. એમાં કલ્પનાની વિલક્ષણતા સાથે વાસ્તવિક્તાનો પૂરતો સહયોગ પ્રાપ્ત થતો વિવેચકોએ નિહાળ્યો છે. (Beauty had enlarged her boundaries in new modes of dramatic arrangement and passion had found new voices in fantastic and realistic verse.)

ઈ.૧૮૩૬થી ઈ.૧૮૪૬નાં દસ વર્ષના સમયગાળામાં રચાયેલાં કાવ્યો બ્રાઉનિંગની સર્જકપ્રતિભાના પ્રત્યેક પાસાને પ્રકટ કરે છે. કેટલાક વિવેચકોએ બ્રાઉનિંગને સમગ્રપણે તત્ત્વચિંતનાત્મક કવિ ગણી કાઢીને તેની સાચી કાવ્યશક્તિની અવહેલના કરી છે. પણ એનાં 'કૅવૅલિયર ટ્યૂન્સ' (Cavalier Tunes), 'ધ લૉસ્ટ લીડર' (The Lost Leader), 'ધ લૅબૉરેટરી' (The Laboratory), 'ધ સલિલક્વિ ઑવ ધ સ્પૅનિશ ક્લૉઈસ્ટર' (The Soliloquy of Spanish Cloister), 'ગાર્ડન ફૅન્સીઝ' (Garden Fancies) અને એવાં બીજાં અનેક કાવ્યોમાંથી જે પસાર થયાં હશે તેમને તરત પ્રતીત થશે કે ઉપર્યુક્ત કાવ્યોમાં તત્ત્વચિંતનનો અંશ પણ ભાગ્યે જ છે ! ખરેખર તો બ્રાઉનિંગ જ લખી શકે એવાં આ નવાં-નરવાં કાવ્યો છે.

એનાં 'ઇવલિન હોપ' (Evelyn Hope)માં નજાકત (Tenderness) જોઈએ; 'ઇન અ ગૉન્ડૉલા' (In a Gondola)માં ઊર્મિલતા પ્રેમાવેગ નીરખીએ, 'પૉર્ફિરિયાઝ લવર્સ' (Porphyria's Lovers)માંની સૂક્ષ્મતા તપાસીએ અથવા તો એની પ્રખર બૌદ્ધિકતાનો પ્રકાશ 'માઈ લાસ્ટ ડચેસ' (My Last Duchess)માં પામીએ અગર તો એની ચિત્તને આહ્‌લાદ આપનારી નાટ્યદૃશ્ય અંગેની કલ્પકતા 'ધ પાઇડ પાઈપર' (The Pied Piper)માં માણીએ. આ સર્વ ભાવ કે દૃશ્યનાં વર્ણન-આલેખનમાં જે સર્જકપ્રતિભા પ્રત્યક્ષ થાય છે તે માણ્યા પછી બ્રાઉનિંગને માત્ર 'ફિલૉસૉફિકલ પોએટ' તરીકે જ ગોઠવી દેવાનું કેમ યોગ્ય લેખાશે ? હાસ્ય, કટાક્ષ, ઊંડું નિરીક્ષણ, આનંદમય જીવન, આહ્‌લાદક વિચારધારા, પ્રેમનો આસ્વાદ્ય આનંદ - આ સર્વમાં ભાવકને એનો મનપસંદ બ્રાઉનિંગ મળી રહે છે. એનાં નાટ્યોર્મિ કાવ્યોમાંથી ભાવકના ચિત્તમાં એ એની ચિત્રાત્મક શૈલીથી માત્ર થોડાક જ લસરકાથી પ્રેમ અને જીવનને લગતા કેવા ભાવ પ્રકાશિત કરી શકે છે તેનાં દૃષ્ટાંત લેખે અહીં

બે કાવ્યાંશ જોઈએ. એક છે 'મિટિંગ ઍટ નાઈટ' (Meeting at Night) અને બીજો છે 'પાર્ટિંગ ઍટ મૉર્નિંગ' (Parting at Morning) :

Meeting At Night

The grey sea and the long black land;
And the yellow half-moon large and low;
And the startled little waves that leap
In fiery ringlets from their sleep.
As I gain the core with pushing prow
And quench its speed i' the slushy sand.

*

Then a mile of warm sea-scented beach;
Three fields to cross till a farm appears;
A tap at the pane, the quick sharp scratch
And blue spurt of a lighted match,
And a voice less loud, thro' its joys and fears,
Then the two hearts beating each to each.

'Yellow halfmoon', 'Startled little waves', 'bluespurt of a lighted match' આદિ શબ્દસમૂહોનો ચિત્તમાં સ્થાપિત થઈ જાય તેવો સુંદર ઉપયોગ કવિની ચિત્રાત્મક શૈલીનો આહ્લાદ જન્માવે છે.

Parting At Moring

Round the cape of a sudden came the sea,
And the sun looked over the mountain's rim...
And straight was a path of gold for him
And the need of a world of men for me

'Sudden rise of son', 'path of gold' આદિ ચુનંદી શબ્દપસંદગી અહીં ખાસ ધ્યાનપાત્ર બને છે. સૂર્યોદય થતાં જ કવિને need of world of men સમજાય છે.

રૉબર્ટ ફ્રૉસ્ટના કાવ્યની પંક્તિ અહીં સ્મરણમાં આવશે :

The woods are lovely dark and deep
But I have promises to keep.

પ્રકૃતિના સૌંદર્યમાં ઝબકોળાવું ગમે છતાં સામાજિક વ્યવહાર પણ સાચવવાના હોય છે. બ્રાઉનિંગની સમગ્ર પદ્ધતિ તાજગીસભર, આકર્ષક છે, એણે નિરૂપેલા વિષયની જેમ. એમાં વાસ્તવિક્તાનો રણકોય છે. આ પ્રકારની બ્રાઉનિંગની કાવ્યકૃતિઓ એ પછીના વિક્ટોરિયન યુગમાં અને આધુનિક કવિતામાં પણ મહત્ત્વનો ભાગ ભજવનારી બની રહે છે. બ્રાઉનિંગનું ઉત્તમ કાવ્યસર્જન ઈ. ૧૮૪૦થી ઈ.૧૮૯૯ના સમયગાળામાં થયું છે, અને જાણે એ અંત સુધી એક મહત્ત્વપૂર્ણ ઊર્મિકાવ્ય તરીકે લહેરાવતો અને એના વિવિધ 'મૂડ'ની સૂક્ષ્મતાઓ પ્રકાશિત કરતો રહ્યો છે. ઈ. ૧૮૪૦ પૂર્વેનો સમય બ્રાઉનિંગ માટે પ્રયોગશીલતાનો હતો.

બ્રાઉનિંગની કવિતા વિશે અને વિશેષ કરીને એની પ્રેમવિષયક કવિતા વિશે વિવેચકો નોંધે છે તેમ એ કવિતા બ્રાઉનિંગની ઉત્તમ કવિતા છે એટલું જ નહિ, અંગ્રેજી કવિતાધારામાં એ વિશિષ્ટ અને વિલક્ષણ પ્રદાનરૂપ બની રહે છે. આ પ્રેમકાવ્યો વિશે ખાસ નોંધવા જેવી એક બાબત એ છે કે એની ઉત્તમ પ્રેમકવિતા જ્યારે એની (ભાવિ) પત્નીને એ પ્રથમ વાર ઈ. ૧૮૪૫માં મળ્યો ત્યારથી રચાવી શરૂ થઈ અને ઈ. ૧૮૬૧માં પત્નીના અવસાન સુધી એ રચાતી રહી. પત્નીના પ્રેમનો પ્રભાવ બ્રાઉનિંગ પર કેવો અને કેટલો વ્યાપક અને ઊંડો હતો તેની પ્રતીતિ ઈ. ૧૮૬૪માં તેનાં 'ડ્રામેટિક પર્સને' (Dramatic Personae) શીર્ષકથી પ્રકાશિત થયેલાં કાવ્યો માણતાં સમજાશે. ખાસ કરીને શ્રીમતી બ્રાઉનિંગની આત્મિક શક્તિએ બ્રાઉનિંગને અત્યંત અભિભૂત કર્યો એમ કહી શકાય. એનાં પરિપક્વ કાવ્યોમાં કોઈ સાહિત્યિક પ્રવાહની કે પત્નીનાં કાવ્યોની અસર પણ વરતાતી નથી.

આરંભમાં એણે ભલે ઓછીવત્તી શેલી, કીટ્સ કે બાયરનની અસરો ઝીલી હોય, પણ એનાં પાકટ કાવ્યોમાં તો સર્વત્ર બ્રાઉનિંગ જ બ્રાઉનિંગ છે. (ક્રમશઃ)

તા. ૨૪-૪-૨૦૦૪ થી તા. ૨૬-૬-૨૦૦૪ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી વ્રજલાલ પી. શ્રોફ (મુંબઈ)	રૂ. ૧૦,૧૦૦.૦૦
૨. ધ વિરમગામ નાગરિક સહકારી શરાફી મંડળી લિ. (વિરમગામ)	રૂ. ૫,૦૦૧.૦૦
૩. ડૉ. ઉમાબહેન પટેલ (અમદાવાદ)	રૂ. ૧,૫૦૦.૦૦
૪. શ્રી અશોક ડી. પંડ્યા (જામનગર)	રૂ. ૧,૫૦૦.૦૦
૫. પલ્લવીબહેન પટેલ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૧.૦૦
૬. શ્રી અશ્વિન ઝીંઝુવાડિયા (કચ્છ)	રૂ. ૫૦૧.૦૦
૭. જગમોહન એ. દેસાણી (પોંડિચેરી)	રૂ. ૩૨૫.૦૦
	રૂ. ૧૯,૯૨૮.૦૦

સહુ દાતાઓના આભારી છીએ.
ટ્રસ્ટીઓ : કુમાર ટ્રસ્ટ


સૌથી મોટો વિશ્વકોશ

વર્તમાનમાં ઉપયોગમાં લેવાતું સૌથી મોટું એન્સાઈક્લોપીડિયા 'અરેબિક લેજિસ્લેશન એન્સાઈ-ક્લોપીડિયા' છે. જે મોહમંદ અબુ બેકર બેન યુનીસે (ગ્રીકવાસી) લખ્યું છે. તેના ૨૦૦ ગ્રંથોમાં કુલ ૧,૬૪,૦૦૦ પાનાં છે અને તેનું વજન ૪૨૦ કિ.ગ્રા. છે. તમામ આરબ દેશોના પ્રત્યેક કાયદા તે ધરાવે છે. તેની વ્યાપક કક્કાવાર સૂચિ બીજા છ ગ્રંથોમાં સમાયેલી છે અને તે વધારાની પુરવણીઓ પણ ધરાવે છે.

ચેસ-કૉર્નર : કોયડો- ૪૧

FAULTY TOWERS - 2
T. R. DAWSON

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two**). એક ખરેખરી રમતમાં ઉદ્‌ભવેલી ઉપરની પરિસ્થિતિમાં, મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ke2, Qe5, Ne3**

કાળાં : **Ke8, Rb8, Rh8, Be7, P-b6, d7, f7, h6**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ અપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail -parag@vakharia.net**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ સપ્ટેમ્બર ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના મે ૨૦૦૪ના અંકમાં આવેલ ૩૯મા કોયડાનો ઉકેલ :

Key move Re1 છે. Threat Qc3 #

જો (૧)......, **Pe x f3** (૨) **Re6 #**

જો (૧)......, **Pe3** (૨) **Qc6 #**

જો (૧)......, **Pg x f3** (૨) **Rg8 #**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૧ વાચકો તરફથી મળેલો છે, જે પૈકી સાચો ઉકેલ મોકલનારનાં નામ નીચે પ્રમાણે છે: (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૨) ડૉ. દિલીપ અહલપરા, (૩) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ), (૪) અજિત યાજ્ઞિક, (૫) એક વાચક (મુંબઈ), (૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) કલ્યાણભાઈ મુલિયા, (૮) કિરણભાઈ શાહ, (૯) દિનેશ દવે (આણંદ), (૧૦) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા)

બંને બાજુ સંતુલિત (symmetric) આકારના આ કોયડાની આકૃતિ ટાવર જેવી છે. જો કે તેના ઉકેલની ચાલો તથા ઉકેલ પોતે અસંતુલિત (asymmetric) છે.

મુંબઈના 'એક વાચક' લખે છે કે આ જાતની 'થીમ' ઉપરની આ એક સરસ રચના છે. કોયડાનાં બધાં મહોરાંને ડાબી બાજુ એક સ્તંભમાં ખસેડવામાં આવે તો બે સંતુલિત ઉકેલો Rd1 અને Rf1 મળશે ! મને લાગે છે કે કોયડાનું શીર્ષક faulty tower હશે કારણ કે તે શીર્ષકની એક લોકપ્રિય સાહિત્યિક કૃતિ ઉપર આધારિત એક હાસ્યરસિક ટી.વી. સીરિઅલના કેટલાક હપ્તા જોયાનું મને યાદ છે.

જો આખા કોયડાને ડાબી બાજુ ત્રણ સ્થંભમાં ખસેડો તો ફરી એક અસંતુલિત ઉકેલ Rd1 મળે છે. શતરંજના બોર્ડમાં 8 x 8 (બેકી) ચોરસ છે તેથી બંને બાજુ સંતુલિત કોયડો બનાવવો શક્ય નથી, કારણ કે રાજા અને વજીર તો એક જ છે.

રાજકોટના હર્ષદ દવે જણાવે છે કે એકસાથે સો વ્યક્તિઓનું રંજન કરી શકે તે 'શત' 'રંજ' અર્થાત્ ચેસ.

અમદાવાદમાં તાજેતરમાં આનંદ નિકેતન સ્કૂલ ખાતે Open Fide Rating ચેસસ્પર્ધા યોજાઈ ગઈ. ભારતભરમાંથી અંદાજે ૭૦ જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધેલો, જેમાં અમદાવાદના rated ખેલાડી મંથન ચોકસીએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. ૨૩૦૦ ઉપરાંત FIDE rating ધરાવતા કોલકાતાના સપ્તર્ષિ રૉય દ્વિતીય અને અમદાવાદના વલય પરીખ ત્રીજા સ્થાને આવ્યા છે.

ગુજરાતની સર્વોચ્ચ ગણાતી ઓપન ગુજરાત સ્ટેટ ચેસ ચૅમ્પિયનશિપ તા. ૬થી ૧૩ જૂન દરમ્યાન રાઈફલ ક્લબ, અમદાવાદ ખાતે યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ગુજરાતના આશરે ૧૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ૧થી ૪ ક્રમે આવેલા નીચેના ખેલાડીઓ નૅશનલ 'બી' સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે : (૧) દેવમ મોદી, (૨) વલય પરીખ, (૩) નીરવ રાજાસુબા, (૪) મંથન ચોકસી. આ સ્પર્ધામાં મેં પણ ભાગ લીધેલો અને ૧૦માંથી ૬.૫ પૉઈન્ટ મેળવી ૧૪મો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. મારી પ્રથમ રાઉન્ડની સફેદ મહોરાં સાથેની ગેમ નીચે પ્રમાણે રમાયેલ હતી.

ફ્રેન્ચ ડિફેન્સની ઍડવાન્સ વૅરિએશનની રમત

	સફેદ	કાળું		સફેદ	કાળું
૧.	e4	e6	૧૪.	Rc1	Bxc5
૨.	d4	d5	૧૫.	Rxc5	Nf5
૩.	e5	c5	૧૬.	Bd3	Nce7
૪.	c3	Nc6	૧૭.	Ng5	b6
૫.	Nf3	Qb6	૧૮.	Rc3	h6
૬.	Be2	cxd4	૧૯.	Qh5	Ng6
૭.	cxd4	Bd7	૨૦.	Nf3	oo
૮.	Nc3	Bb4	૨૧.	g4	Nxe3
૯.	oo	Nge7	૨૨.	fxe3	Qe8
૧૦.	Na4	Qd8	૨૩.	g5	f5?
૧૧.	a3	Ba5	૨૪.	gxf6	Kh7
૧૨.	Nc5	Rb8	૨૫.	Ng5+	kh8
૧૩.	Be3	Bb6	૨૬.	Bxg6	Black resings

૨૦. Nf3ની જગ્યાએ Nxe6! સારી ચાલ છે જેમાં Bxe6 તો ૨૧. Bxf5 Bxf5 ૨૨. Qxf5 સફેદ એક Pawn વધુ મેળવે છે. ૨૬. Bxg6 પછી કાળાનો Knight મફત મેર છે તેમજ Kingની પરિસ્થિતિ નબળી થઈ ગઈ હોવાથી કાળા મહોરાનો ખેલાડી હાર સ્વીકારી લે છે.

- અર્પી શાહ

મુદ્રણ દોષ: 'કુમાર'ના ૯૧૮મા અંકમાં ચેસ કૉર્નરની કટારમાં છેલ્લી લીટીમાં 'Omotered' શબ્દ લખેલ છે જે 'Smothered mate' જોઈએ.

સાહિત્યસંપર્ક

ડૉમ મૉરાઈસનું નિધન

પ્રફુલ્લ રાવલ

બાર વર્ષની વયે જેમણે કવિતાનું સર્જન કર્યું હતું અને ઓગણીસ વર્ષની વયે જેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'Beginning' પ્રસિદ્ધ થયો એ કવિ ડૉમ મૉરાઈસનું ૨ જૂન ૨૦૦૪ના રોજ મુંબઈ ખાતે છાસઠ વર્ષની વયે કૅન્સરથી અવસાન થતાં અંગ્રેજી



ભાષામાં લખતા જૂજ ભારતીય સર્જકોમાંના એકની બાદબાકી થઈ. ડૉમ મૉરાઈસ મૂળ ગોવાના ખ્રિસ્તી. એમના પ્રપિતા ગોવાથી મુંબઈ આવીને સ્થિર થયા હતા. પિતા ફ્રૅન્ક મૉરાઈસનો જન્મ મુંબઈમાં થયો હતો અને ડૉમ મૉરાઈસની જન્મભૂમિ પણ મુંબઈ જ. જન્મસાલ ૧૯૩૮. માતા બૅરિલ ડૉક્ટર હતા. ફ્રૅન્ક અને બૅરિલના ડૉમ એકમાત્ર સંતાન. એ દંપતીનું સાંસારિક જીવન સુખદ નહોતું. પાછળથી બૅરિલ માનસિક રીતે અસ્થિર થઈ ગયાં હતાં. ઉભયના તનાવસભર જીવનની અસર કિશોર ડૉમ પર અવશ્ય પડી હતી. છતાંય ઘરનું વાતાવરણ સાવ સંસ્કારવિહોણું નહોતું. આથી ડૉમ વિદ્યાથી સંપન્ન થયા અને એમનું વ્યક્તિત્વ ક્રમશઃ કૉળતું ગયું. પૂર્વપ્રાથમિક શિક્ષણ એમણે મુંબઈમાં લીધું, પરંતુ પિતા ફ્રૅન્ક મૉરાઈસ મોટા પત્રકાર હોઈ અનેક સ્થળે ડૉમનું પરિભ્રમણ થયું. સિલોન, ન્યૂઝીલૅન્ડ, ઈન્ડોનૅશિયા, બર્મા ઈત્યાદિ દેશો ફરીને ડૉમ ૧૯૫૦માં મુંબઈમાં સ્થિર થયા; અને ત્યારે જ એમનું માનસ સર્જન પ્રતિ વળ્યું. એમણે કવિતા લખવાની શરૂઆત હતી. જ્યારે પિતા ફ્રૅન્કને ડૉમે પ્રારંભની કવિતા બતાવી ત્યારે 'હું આવો અક્ષર પણ સમજતો નથી' એવો ઉત્તર મળ્યો. પરંતુ એ દિવસોમાં સાહિત્યિક પ્રવાસાર્થે ભારત આવેલ કવિ ડબ્લ્યુ. એચ. ઑડન અને સ્ટીફન સ્પેન્ડરને એ કવિતા અવશ્ય બતાવી અને એમના પ્રતિભાવે ડૉમની કાવ્યયાત્રા વેગવતી બની. સ્પેન્ડરે તો ડૉમની પહેલી કવિતા એમના સામયિક 'Encounter'માં પ્રસિદ્ધ કરી. પછી અમેરિકાના પ્રકાશક જેમ્સ લાફલિને એમના 'New Directions'માં ડૉમની કવિતા છાપી હતી. વળી, સુખ્યાત કવિતા સામયિક 'Poetry Chicago'માં પણ એમની કાવ્ય-કૃતિઓ પ્રસિદ્ધ થવા માંડી. દરમિયાન ૧૯૫૪માં ડૉમે ભારત છોડ્યું. સોળ વર્ષની વયે ઑક્સફર્ડની પરીક્ષા પાસ કરી પણ કૉલેજપ્રવેશ માટે વય નાની હતી. આથી પિતાની સલાહે પ્રવાસ કર્યો. ફ્રૅન્કે પ્રવાસ પૂર્વે કહેલું : 'You are 16, but learn to handle yourself. Go to places by yourself... Drink. Try and drink properly.' પિતાના શબ્દો ડૉમને ત્યારે બરાબર સમજાયા નહોતા. બે વર્ષ યુરોપમાં રખડીને વળી ઑક્સફર્ડ પાછા ફર્યા અને કૉલેજનું શિક્ષણ લીધું. દરમિયાન ૧૯૫૭માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'Beginnig' પ્રસિદ્ધ થયો. પિતા ફ્રૅન્કે જેનો પ્રતિભાવ આવો આપ્યો હતો - 'Silly, old idiot, you have not done badly'. એ સંગ્રહને ૧૯૫૮નું Howthornden Prize મળ્યું હતું. એ ઈનામ મેળવનાર ડૉમ પહેલા બ્રિટિશ ન હોય તેવા સર્જક હતા. 'Beginning'ની કવિતાને 'કલ્પનાના ઉત્તમ સર્જન' તરીકે બિરદાવવામાં આવી હતી. એ સાથે એમની કાવ્યયાત્રા વિશેષ ગતિમય બની. કલ્પનામાં રાચતા કવિ ડૉમ ક્રમશઃ ગંભીર સર્જક બનતા ગયા. 'John Nobody' (૧૯૬૦) અને 'Beldam & Others'(૧૯૬૭)માં ડૉમની અલગ છવિ પામી શકાય છે. અવશ્ય એ કૉળતી કવિપ્રતિભાનું પ્રમાણ આપે છે. પછી કાવ્યવહેણ થોડું મંદ પડ્યું. પરંતુ લંડન, હૉંગકૉંગ અને ન્યૂ યૉર્કથી વિવિધ સામયિકોના સંપાદનથી કવિતા સાથેનો નાતો અતૂટ રહ્યો. ડૉમની ઓળખ એક કવિની હતી. ૧૯૮૦માં ડૉમ ભારત પાછા ફર્યા અને પેલું મંદ પડેલું કાવ્યવહેણ પુનઃ વહેવા માંડ્યું. દરમિયાન કવિતાક્ષેત્રે અભિવ્યક્તિ અને વિષયમાં આમૂલ પરિવર્તન થયું. આથી એ નૂતન વિભાવના તળે ડૉમે કવિતાનું સર્જન કર્યું. આધુનિકતાને કાવ્યમાં વણી લીધી.

ડૉમ મૉરાઈસની નવમા દાયકાની કવિતામાં એમની અલગ પ્રતિભા પામી શકાય છે. 'Naiad' - 'જળપરી' એમની વિશિષ્ટ કવિતા છે. આ કવિતાના સંદર્ભે ડૉમે પોતાની સર્જનપ્રક્રિયાની વાત આમ કરી છે - 'પહેલાં હું એક પ્રકારનો લય મારા મનમાં શોધવા ટેવાયેલો હતો અને એક વાર મને એ લય મળતો, શબ્દો તેને અનુસરવા લાગતા હતા. આ દિવસોમાં હું વિશેષ મધ્યસ્થ કલ્પનથી પ્રારંભ કરું છું, પ્રતીક જે કોઈ પણ રીતે મારા મનમાં આવજા કરે છે અથવા ઓચિંતી પંક્તિઓ, ક્યારેક તો ઓચિંતો શબ્દ એમાં આવે છે અને બીજી બાજુ દોરી જાય છે. આ પૈકીનાં કોઈને પ્રેરણા કહી શકાય નહીં. આ માત્ર કોઈકના મનની પ્રવૃત્તિ છે જે કળા અને પદ્યના મહાવરાને અનુસરે છે.' ડૉમના મતે 'કવિતા પાસે કોઈ ઉત્તરો નથી.' ભારત આવ્યા પછીની કવિતા 'Collected Poems'માં સમાસ પામી છે અને ત્યાર બાદની કવિતા 'Typed with one Finger' કાવ્યસંગ્રહમાં સંગૃહીત થઈ છે. ૧૯૮૦ પછી કવિતા સાથે એમનું ગદ્યલેખન પણ પ્રારંભાયું જે મહદંશે એમના કટારલેખની નીપજ છે. દુષ્ટ માળી, નિર્દોષ રાજકુમાર, મન મારતો સાધુ, નિર્દોષ પાપી ઈત્યાદિ પાત્રોના આલેખનમાં

ડૉમની ચરિત્રનિબંધકારની છવિ પ્રાપ્ત થાય છે. ન ભુલાય તેવાં પાત્રોનું એમણે આલેખન કર્યું છે, જ્યાં એમનું રસાળ ગદ્ય પામી શકાય છે. સત્તરમી સદીમાં જહાંગીરના સમયમાં ભારત આવેલ અંગ્રેજ મુસાફર 'Thomas Coryate' ટૉમસ કૉરીએટને અનુલક્ષી લખાયેલું ચરિત્ર 'The Long Strider' એ ડૉમ મૉરાઈસ અને શ્રીવત્સનું સંયુક્ત સર્જન છે. 'My Father's Son' એમની આત્મકથા છે. ડૉમે ઈન્દિરા ગાંધીનું જીવનચરિત્ર પણ લખ્યું છે. આમ, પદ્ય અને ગદ્યમાં ડૉમનો શબ્દવિહાર થયો છે. એમનો શબ્દ ભારતીય અંગ્રેજી સાહિત્યની શોભા છે. ડૉમ જલદી ન ભુલાય તેવા કવિ છે. પરંતુ એમની કવિતાના વાચકભાવકે 'કલ્પનાની કસરત' કરવી જરૂરી થઈ પડે છે. એમની કવિતા 'rock-solid'- મજબૂત ખડક-તરીકે ઓળખાવાઈ છે. □

અંગુલિનિર્દેશ

પરસ્પર

સાહિત્ય, કળા, વિજ્ઞાન અને સમાજવિદ્યા વિષયક આ ગ્રંથનું સંપાદન મણિલાલ હ. પટેલે કર્યું છે, જેમાં સંપાદન સહાયક તરીકે રાજેન્દ્ર પટેલ પણ છે. પ્રસ્તુત પુસ્તકને




વાર્તા, નિબંધ, કવિતા, વિવેચન તેમજ કલા અને પ્રકીર્ણ એમ પાંચ વિભાગમાં વહેંચવામાં આવેલ છે. તેમાં ૧૫ વાર્તાઓ, ૬ નિબંધો, ૧૭ કવિઓની કવિતા, ૧૩ વિવેચન અને ૭ કલા, વિજ્ઞાન અને પ્રકીર્ણ લેખો છે. આમ, પ્રસ્તુત પુસ્તકમાં ૩૦૭ પૃષ્ઠમાં સાહિત્યિક સામગ્રી પથરાયેલી છે. એકસાથે સાહિત્ય, કળા અને અન્ય રસપ્રદ વાચનસામગ્રી સમાવતું આ પુસ્તક સાહિત્યના મર્મીઓએ એક વાર વાંચવા જેવું ખરું. [પરસ્પર (વિવેચન) સં. મણિલાલ હ. પટેલ, ડબલ ક્રાઉન સાઇઝ, પ્ર. પાર્શ્વ પ્રકાશન, પાકું પૂંઠું, પૃ. ૩૦૭, કિં. રૂ. ૩૨૫.]

*

પ્રિય મિત્રા

ગુજરાત સાહિત્ય અકાદમીની સહાયથી પ્રકાશિત થયેલું દિનેશ પરમાર રચિત ગદ્યકાવ્યોનું પુસ્તક એટલે 'પ્રિય મિત્રા'.



સુંદર મુદ્રણ ધરાવતું આ પુસ્તક તેમાં મુકાયેલ વિવિધરંગી ચિત્રોને લીધે ખૂબ જ રમણીય લાગે છે. પણ કવિતા સાથે મૂકવામાં આવેલ ચિત્રો કવિતાને ઉપકારક છે કે નહીં એ જાણવા માટે પુસ્તક વાંચવું રહ્યું. [પ્રિય મિત્રા (કાવ્યસંગ્રહ) લે. દિનેશ પરમાર, ડિમાઇ સાઇઝ, પ્ર. પોતે, 'ઉત્સવ', સંતોષ ડુપ્લેક્ષ, શાંતિ નિકેતન પાર્ક, શેરી નં.-૩, રૈયા રોડ, રાજકોટ-૫, પૃ. ૫૮, કિં.રૂ.૧૦૦.]

અવલોકન

એકરૂપ : ગઝલમાં એકરૂપ થયેલી સંવેદના



'એકરૂપ' હરજીવન દાફડાનો પ્રથમ ગઝલસંગ્રહ છે. કવિ ઘણાં સમયથી ગઝલક્ષેત્રે કાર્યરત છે અને સાહિત્યનાં પ્રતિનિધિ સામયિકોમાં અવારનવાર તેમની ગઝલો જોવા મળે છે. લાંબા સમય બાદ મળતો આ ગઝલ-સંગ્રહ કવિની ગઝલ ઘૂંટવાની ઇચ્છાને લીધે હોય તો ના નહીં. કવિ પોતે જ 'નિવેદન'માં કહે છે :

તમસનો તાગ મેળવતાં ખબર પણ ના પડી ક્યારે,
નર્યો ઊગી ગયો અજવાસ ચારેકોર મારામાં. (પૃ.૩૬)

આમ, ગઝલનો અજવાસ કવિએ ઘણા શેરોમાં પાથર્યો છે. આજે ગઝલ લખવી એ ડાબા હાથનો ખેલ સમજનારા ઘણા અકવિઓની જમાત ઊભી છે ત્યારે 'એકરૂપ' ગઝલમાં એકરૂપ થવાના કવિના પ્રયત્નોને ઉજાગર કરે છે. એક શેરમાં કવિ કહે છે :

ટૂંકાણમાં અંતઃકરણની વાત કહેવાનું થયું,
બસ ત્યારથી આવ્યા અમલમાં હું અને મારી ગઝલ (પૃ.૧)

એક રીતે જોઈએ તો ગઝલમાં બે જ મિસરામાં વાત કરવાની હોય છે. હરજીવન દાફડાને ગઝલનું આંતર અને બાહ્ય - એમ બેઉ સ્વરૂપ આત્મસાત તો છે જ. ઘણી ગઝલોમાં તેઓએ 'સ્વ' ને શોધતો ભાવ તેમજ આધ્યાત્મિક ભાવ ગૂંથ્યો છે. ક્યાંક ભાવનું પુનરાવર્તન પણ થાય છે તો ક્યાંક પરિવર્તન. એકંદરે કવિ ગઝલને તાગવામાં સફળ રહ્યા છે. એમના થોડાક શેર માણીએ :

વંશ, જાતિ, નામ, રૂપે ઓળખાવ્યો છે અહીં,
ક્યાં હજી સાચો પરિચય થાય છે મારો મને ? (પૃ. ૯)

*

કોઈને આમ સમજાયો, કોઈને તેમ સમજાયો,
અઢી અક્ષર હતા તોયે ન પૂરો પ્રેમ સમજાયો. (પૃ. ૧૯)

*

ઘરમાં જ રહીએ ને છતાં મનમાં રહે ન ઘર,
ઘરનું મમત્વ એ રીતે છોડી બતાવશું. (પૃ. ૪૩)

*

આપણે કેવી રીતે પડીએ અલગ,
દૂધ-સાકરમાં છીએ અરધોઅરધ. (પૃ. ૨૪)

*

અમારા આંગણે આવી શકો તો થાય મળવાનું,
તમારા ઘર સુધી તો આવવાનું ખૂબ અઘરું છે. (પૃ. ૬૬)

હરજીવન દાફડાની ગઝલતપસ્યા દિવસોની નહીં પણ વરસોની છે એવી પ્રતીતિ એમની ગઝલ કરાવે જ છે, તેમ છતાં થોડી ગઝલના શેરમાં તેમની ઉતાવળ સ્પષ્ટ તરી આવે છે.

જો કે કવિ જ કહે છે :

તોય થોડા કાંકરા રહી જાય છે,
સાવ મનને ચાળવું કેવી રીતે ? (પૃ. ૫૪)

તેમણે જ કબૂલ્યું છે કાંકરા રહી જાય છે. ગઝલનું રસપાન કરતી વખતે ખૂંચેલ કાંકરાઓય જોવા રહ્યા. જેમ કે,

તેં દીધું આ ખમીસ પણ કેવું,
બટન ટાંકુ તો ગાજ હોય નહીં. (પૃ. ૧૩)

પ્રસ્તુત શેરમાં 'બટન'માં છંદભંગ તો થાય જ છે અને ભાવની દૃષ્ટિએ પણ શેર માત્ર વિધાન બનીને રહી જાય છે. આવો એક વિધાનાત્મક મત્લા જોઈએ.

'તેલ જો તેલની ધાર જો તો ખરો,
આંખ ઊંચી કરી યાર જો તો ખરો.' (પૃ. ૨૮)

ગઝલ એ ખૂબ ઝીણું કાંતવાની કારીગરી માગી લે તેવો કાવ્યપ્રકાર છે. ઘણા કવિઓ બંધારણ સાચવવા માટે શબ્દને વિકૃતરૂપે પ્રયોજે છે. અહીં પણ એ દોષ ઊડીને આંખે વળગે છે.

એક માળા ભીતરે ઝંખી રહી,
કોઈ આવીને અહીં જાપે મને. (પૃ. ૨૩)

અહીં 'જપે'નું 'જાપે' કરવું પડ્યું છે, જે ખૂબ કઠે છે. ક્યાંક 'સીના', 'પુકારી' જેવા હિન્દી શબ્દોય રસભંગ કરાવે છે.

કવિએ 'છે ને કાંઈ થૈ શકતું નથી', 'ક્યાં જીવી શકાય છે', 'છતાં જીવી ગયો', 'અંગે કાંઈ પણ કહેવું નથી' જેવી પ્રયોજેલી દીર્ઘ રદીફ કશું જ કહી જતી નથી તો બીજી બાજું 'તને ખ્યાલ ક્યાં છે' અને '....નું ખૂબ અઘરું છે' જેવી દીર્ઘ રદીફ સુંદર સાદ્યંત રીતે પ્રયોજાઈને નખશિખ ગઝલિયતની લિજ્જત કરાવી જાય છે.

'એકરૂપ'માં કવિનો પોતાનો મિજાજ પોતિકી ભાષામાં તરબોળ થઈને ભાવકના મન, હૃદય સુધી પહોંચવાનો રસ્તો આપમેળે કરી લે છે. કવિએ સંગ્રહનું શીર્ષક પણ ખૂબ સમજી વિચારીને રાખ્યું હોય એવી પ્રતીતિ સંગ્રહમાંની ૮૦ ગઝલો કરાવે જ છે. શક્ય છે તેઓ કોઈ અગોચર તત્ત્વ સાથે એકરૂપતા સાધવાનો પ્રયાસ કરતા હોય.

અંતે, કવિએ બહુ સરળ રીતે રજૂ કરેલ આજની આપણી સાયબી પરનો કટાક્ષ રજૂ કરીને વીરમીએ. ગઝલ રસિકોએ આ મહેણું ભાંગવા બદલ પણ 'એકરૂપ' સાથે એકાદ વાર એકરૂપ થવું જોઈએ, એમ કહેવું અસ્થાને નહીં લેખાય.

વૈભવી સામાનથી છલકાય છે હર ઓરડા,
કોઈ ખૂણામાં કિતાબો આપણી પાસે નથી. (પૃ. ૫૮)

- અશોક ચાવડા

[એકરૂપ (ગઝલસંગ્રહ) : લે. હરજીવન દાફડા, ડિમાઇ સાઇઝ, કાચું પૂંઠું, પ્ર. પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, રાજકમલ ચોક, અમરેલી - ૩૬૫૬૦૧, પૃ. ૯૪, કિં. રૂ. ૭૦.]

અશેષ ઉદયની આશા : 'કોષમાં સૂર્યોદય'

'કોષમાં સૂર્યોદય' ત્રિવેણી-કલ્યાણ નવ્ય કવિ શ્રેણી ૧૦ રૂપે 'કવિલોક ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત રાજેન્દ્ર પટેલનો પ્રથમ-કાવ્યસંગ્રહ છે. વાર્તાસંગ્રહ 'જૂઈની સુગંધ' (૨૦૦૩) નિમિત્તે



રાજેન્દ્ર પટેલ વાર્તાકાર તરીકે વાર્તારસિકોમાં ઠીક ઠીક જાણીતા બન્યા છે. ઉપરોક્ત સંગ્રહ એમની કવિ તરીકેની ઓળખ લઈને આવે છે. વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય એ વ્યક્તિની સતત સંચારિત ચેતનામાં વિજ્ઞાનની ભાષામાં કહીએ તો ઑર્ગેનિક કેમિસ્ટ્રી, અનઑર્ગેનિક કેમિસ્ટ્રી કે ફિઝિક્સ - નૉર્મલાઇઝેશનની શરતો તો હોવાની જ, પણ સાથોસાથ વસ્તુપદાર્થના ખયાલને વણી લઈ મનુષ્ય તરીકેની નિર્બંધ પ્રતિબદ્ધતા પણ એ સેવવાનો જ. એટલે જ તો એને આવા પ્રશ્નો પણ ફૂટે -

'સાચ્ચે / મારે માણસ હોવાનો કોઈક અર્થ હશે ?
કારણ કે / હું સમજતો નથી
માટી થવું એટલે શું ?' (પૃ. ૧૦)

કવિની કાવ્યચેતનામાં માત્ર વિજ્ઞાનનાં વહેણો જ ન રહેતાં સમગ્ર મનુષ્યજાતને સાહી લેવાની - મનુષ્યમનની ગતિવિધિને લક્ષ્ય કરવાની નેમ પણ જણાઈ આવે છે. પોપડા જેવા માટીના નગણ્ય પદાર્થને કવિ જ્યારે જુએ ત્યારે -

'ખદબદતો અનિશ્ચિત આવતી ક્ષણનો
બેબાકળો બનીઠનીને બેઠેલો કાળ તે' (પૃ. ૪)

એવું એક જુદું જ સ્વરૂપ આપણી સામે આવે છે. કવિ ઉમાશંકર જોશીએ 'જઠરાગ્નિ'માં કે સુંદરમે 'ઘણ ઉઠાવ મારી ભૂજા'ની હાકલ વડે જે પ્રતિબદ્ધતાની એક રેખા અંકિત કરી છે, એમાં રાજેન્દ્ર પટેલનાં કેટલાંક કાવ્યો નિજી સૂરે અલબત્ત અવધાનપણે લાગે એ રીતે પણ, વિહરે તો છે જ. પરંતુ એ -

'આ બધું ઠેકતો નીકળું હું બહાર / નવસર્જનને બ્હાને
મરશિયાંના સૂર વચ્ચે / મને જ / શોધવા' (પૃ. ૧૩)

- કહી વૈયક્તિક વ્યક્તિમત્તાની શોધ તરફ જઈને વિરમે છે ત્યારે એક પણ ચમત્કૃતિનો પ્રભાવ પડે છે. કોઈ પણ કવિનો મુખ્ય કવન-કથન વિષય 'મનુષ્ય'ને અડકવાનો જ. એ પછી મનુષ્યચેતના હોય કે મનુષ્યવ્યથા, વિડંબના, વિશાદ-અકલતા-એકલતા હોય. એના પંથની શરૂઆત મનોમંથનમાંથી જાગેલી 'ખુદ'ની શોધથી શરૂ થવાની એ સ્વાભાવિક છે. કવિ 'ખુદ'થી શરૂ થયેલી યાત્રાને વિવિધ વિરામચિહ્નો-સ્થાનો વિશે સંદિગ્ધ કથનવ્યાપાર સુધી જ્યારે વિસ્તારે છે ત્યારે કવિતામાં શુષ્કતા પ્રવેશી ગયેલી લાગે છે. જેમ કે 'ઘોડો' કાવ્ય.

કવિએ વસ્તુલક્ષી કવિતા કરી છે જેમાં 'શર્ટ', 'રૂમાલ' જેવી

રચનાઓનું એક જુદું જ રૂપ છે. શર્ટ-રૂમાલ જેવાં વસ્તુપદાર્થ સાથે ભળી જતી મનુષ્યસંગતિની વિવિધા એના અનેક અર્થો પ્રકટાવે છે. 'શર્ટ દરરોજ બદલાય

ટીંગાય, ગંદું થાય, મસળાય, ધોવાય અને ઈસ્ત્રી થઈ

ગડીબંધ કબાટમાં ગોઠવાય'. (પૃ. ૨૪)

એવું ગતિશીલ પરિવર્તન અને કવિદૃષ્ટિ ન માત્ર શર્ટ ઉપર - ગડીબંધ કબાટમાં ગોઠવાય - એ તો સમજ્યા, જેમાંની 'ગડીબંધ'ની અર્થસભર વ્યંજનાને 'ગોઠવાય'નો સ્ફૂટ કાફૂય ખરો.

પણ, 'ક્યારેક મૂંગું મૂંગું જાગે

ને મૂળ શોધે કપાસમાં;' (પૃ. ૨૪)

'રૂમાલ' કાવ્યની ઉક્તિમાં સહજતાથી વિગલન પામી એક નવી અર્થછાયા જન્માવે છે. જુઓ -

'મસોતાથી મખમલી જાજમ સુધી

શોધું મારાં મૂળ, કુળ / થાઉં ધૂળ ને

મઘમઘું.' (પૃ. ૨૫)

કવિએ બંને કાવ્યોને બાજુબાજુનાં પૃષ્ઠો ઉપર સહેતુક તો નથી મૂક્યાં ને એવો પ્રશ્ન જન્મે, પરંતુ બંને કાવ્યો વાંચતાં જે જન્મે તે નીહિત આનંદ જ !

રાજેન્દ્ર પટેલની કાવ્યસૃષ્ટિમાં નિરાળું છે એમનું વસ્તુલક્ષી પ્રાથમ્ય. સાવ સામાન્ય કે તુચ્છ સ્તરની વસ્તુમાંથી કવિતાનો તાર ખેંચવાની કવિની મથામણ આપણેને પણ ચમકાવી દે એ પ્રકારની ઊપસી આવી છે. ઉદાહરણ તરીકે નીચેની પંક્તિઓ :

'કચરો ચરતી ગાયમાં / તેત્રીસ કોટિ દેવ ગંધાય,

પૂજા કરવા ઊંચો કરેલો હાથ

અચાનક લકવાગ્રસ્ત થાય.' (પૃ. ૩૩)

જેમાં 'કચરો-ગાય' પછી તો 'એંઠવાડ', 'દૂધની થેલી' વગેરે પદાર્થોના સહસંદર્ભોને ખપમાં લઈ જે કવિકર્મ થયું છે તે અલબત્ત આસ્વાદ્ય તો છે જ, ઉપરાંત કવિતા માટેના કેટલાક અર્થહેતુક સંકેતો પણ ચીંધી આપે છે.

રાત્રિ - ૧,૨,૩,૪,૫ કવિની પ્રલંબ રચના છે. આંતર-પ્રતીતિ વિષે રાત્રિના અનેક અધ્યાસોનો વિનિયોગ રચી એક સુંદર કૃતિમાં પરિણમતું આ કાવ્ય રમણીય છે.

'રાતની બારી ખોલું તો / ધોધમાર રૂપું ઝરે' (પૃ. ૫૯)

એવા ચંદ્રના નિર્દેશ સાથે આંગણું, અટારી, બારી અને ચંદ્રનું રૂપ પણ અલગ અને વળી એકબીજામાં એકાકાર. એ પ્રતીતિને કવિ અંગતતા ભેળવીને વધુ ઘન બનાવે છે. પ્રકૃતિનું સુ-શબ્દાંકન તો ખરું જ પણ રાત્રિની અસીમતામાં વિગલિત થઈ જતી જાત-તપાસની એષણા -

'પક્ષીનો ટહુકો સાંભળી / થોડુંક હવે જીવું

ને અજાણી ડાળ થઈ / અમથો અમથો ઝૂલું' (પૃ. ૬૫)

સુધી નિદ્રાવિહાર, મનોવિહાર અને દૃષ્ટિવિહારની સુંદર વર્તુળાકૃતિ રચી પ્રતીક્ષાની અંતવિહીન પરાકાષ્ઠા રચી આપે છે. એ રીતે આ કાવ્ય આ સંગ્રહના પ્રતિનિધિરૂપ કાવ્ય તરીકે પણ જોઈ શકાય. આ ઉપરાંત 'એવું પણ નથી' - પૃ. ૪૮, 'દ્વારા' - પૃ.૫૮, 'આ ક્ષણ સુધી' - પૃ. ૬૬, 'યાત્રા- ૧,૨,૩,૪' - પૃ. ૬૮ - ૭૧, 'અજ્ઞાત પૂર્વજની જેમ' - પૃ. ૭૮, 'ભાવિક્ષણ' - પૃ. ૮૧, 'અંધારું નથી થયું' - પૃ. ૮૩, 'ઝળહળતો અંધકાર' - પૃ. ૮૭, આ સંગ્રહનાં અન્ય આસ્વાદ્ય કાવ્યો છે.

આ સંગ્રહના કાવ્યોની આનંદિત થઈ જવાય એવી વિશેષતા જો કોઈ હોય તો એ કે કવિ વૈયક્તિક સંવેદનાની ભૂમિકા બાંધતા બાંધતા સમષ્ટિની કેટલીય બાબતોને ચૈતસિક પરિઘમાં લેવાનો ઉપક્રમ યોજે છે. બીજી વાત, રાજેન્દ્ર પટેલની કવિતામાં સંદર્ભખચિત સામગ્રી એના જુદા જ આકાર-સ્વાદ સાથે આપણી સામે આવે છે. જે પદાર્થો - વિચારો - માન્યતાઓનું જન્મસ્થાન વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ, ફિલસૂફી, પુરાણ અને સામાન્ય જનજીવનમાં પડેલું છે, એનાં એકાધિક ઉદાહરણો મળી શકે છે.

'કોષમાં સૂર્યોદય'ને આવકારતા 'અશેષ ઉદયની આશા' રાખીએ તો કશું ખોટું નથી. - નવનીત જાની

[કોષમાં સૂર્યોદય (કાવ્યસંગ્રહ) : લે. રાજેન્દ્ર પટેલ, ક્રાઉન સાઇઝ, કાચું પૂંઠુ, પ્ર. કવિલોક ટ્રસ્ટ પ્રકાશન, પૃ.૮૮, કિં. રૂ.૪૦.]

કલાગુર્જરી દ્વારા સ્પર્ધા

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા)ના ઉપક્રમે શ્રી દ્વિરેકભાઈ રાજ દ્વારા પુરસ્કૃત સ્વ. વીરેનભાઈ કલ્યાણજીભાઈ રાજપોપટની સ્મૃતિમાં 'ગિરા ગુર્જરી' પારિતોષિક સ્પર્ધા ૨૦૦૪નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ઈ.સ. ૨૦૦૨ અને ૨૦૦૩માં પ્રકાશિત નવલકથા, નવલિકા, નિબંધ, કાવ્ય અને નાટક એવા પાંચ વિભાગ માટે મૌલિક પુસ્તકો મોકલવાના રહેશે. દરેક વિભાગમાં પ્રથમ પુરસ્કૃત કૃતિના સર્જકને રૂ. ૫૦૦૦.૦૦ અને દ્વિતીય પુરસ્કૃત કૃતિના સર્જકને રૂ. ૩૦૦૦.૦૦ તથા સ્મૃતિપદકથી સન્માનિત કરવામાં આવશે.

આ સ્પર્ધા માટેના પ્રવેશપત્રો રૂબરૂ અથવા ટપાલ દ્વારા સંસ્થા કાર્યાલય પરથી મેળવી શકાશે.

સંસ્થા કાર્યાલય : કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) શ્રી દશરથલાલ જોશી પુસ્તકાલય, શ્રી દશરથલાલ જોશી માર્ગ, વિલેપાર્લે (પ.) મુંબઈ - ૪૦૦૦૫૬. ફોન નં. ૨૬૧૮૮૪૫૨.

અડકો દડકો

પેન્સિલ, પીંછી ને નાઈફ સુધીની ચિત્રસફર

સપ્ટેમ્બર ૩, ૧૯૯૦ના રોજ જન્મેલ શિવાની રાજેન્દ્ર પટેલ ધીમે ધીમે ચિત્રકળાના એક પછી એક શિખર તરફ કદમ માંડી રહી છે. તાજેતરમાં જ શેઠ સી. એન. વિદ્યા-વિહારમાંથી ધોરણ આઠમા તે ઉત્તીર્ણ થઈ છે. શિવાનીએ બાલ-મંદિરથી લઈને આજ સુધીની તેની શૈક્ષણિક કારકિર્દીમાં ચિત્ર-સ્પર્ધામાં અનેકાનેક પારિતોષિકો મેળવ્યાં છે. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી આયોજિત ૪૪મા રાજ્યકલા પ્રદર્શન ૨૦૦૩ના વર્ષનો ૬થી ૧૨ વર્ષના જૂથનો ગુજરાત લલિત કલા ઍકેડમીનો અવૉર્ડ પણ તેણે હાંસલ કર્યો છે. શેઠ સી. એન. વિદ્યાવિહાર સતત ત્રણ વર્ષના સુંદર દેખાવ બદલ શ્રીમતી માણેકબા પારિતોષિક આપે છે. આ પારિતોષિક પણ શિવાનીએ પાંચ-છ અને સાતમા ધોરણના સળંગ અભ્યાસ દરમિયાન ચિત્રકળા માટે મેળવ્યું છે. ગત વર્ષે ઇન્ટરનૅશનલ એસો-સિએશન ઑફ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ૩૨૩-બી, ગુજરાત સ્ટેટ સ્કાઉટ્સ અને દિવ્ય ભાસ્કર તથા મ્યુનિ-સિપલ સ્કૂલ બોર્ડ દ્વારા સંયુક્ત રીતે પાલડીના સંસ્કાર કેન્દ્ર ખાતે ૧૧થી ૧૩ વર્ષના બાળકો માટે ૧૪ નવેમ્બર બાલદિન નિમિત્તે ચિત્ર-હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ‘ઉજ્જવળ ભવિષ્ય’ વિષય પર ખાનગી અને મ્યુનિસિપલ એમ ૨૨૫ શાળાનાં ૩૭૫૦ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અમદાવાદના જાણીતા ચિત્રકારો નિર્ણાયકો તરીકે ઉપસ્થિત હતા. તેમણે ત્રણ જ ઇનામ હોવા છતાં ચોથા સ્પેશ્યલ વીનર તરીકે શિવાનીને ઇનામ આપ્યું હતું.


શિવાની પટેલ

શિશુકાળથી માતાપિતાની મુક્ત છત્રછાયામાં તે કાગળ, સ્લેટ, નોટબુક, પુસ્તક, છાપું - એમ ગમે ત્યાં પૅન્સિલ-ચોક વડે ફાવે તેવાં ચિત્રો દોરતી. માતા-પિતાએ તેને ઘરની દીવાલો પણ તેના આડાઅવળા લિસોટાથી શણગારવા દીધી. આમ, તેને તેની અંતઃસ્ફુરણા પ્રમાણે બેરોકટોક આગળ જવા દેવામાં તેનાં માબાપની સૂઝસમજ ઉપકારક નીવડી હતી.

શિવાનીની પ્રતિભા માત્ર ચિત્રકલા પૂરતી સીમિત નથી. પિતા રાજેન્દ્રભાઈ કવિ-વાર્તાકાર અને માતા દક્ષાબહેન અધ્યાપિકા. આમ, ઘરમાં સાહિત્ય અને શિક્ષણનો માહોલ. શિવાનીએ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા મેઘાણી જ્ઞાનપીઠ દ્વારા યોજાયેલ પુસ્તકપ્રદર્શન - ૨ નિમિત્તે યોજાયેલ સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધામાં પણ પ્રથમ પારિતોષિક મેળવ્યું છે. ભરત-નાટ્યમ, હાર્મોનિયમ, કંઠ્ય સંગીત ઇત્યાદિની પરીક્ષામાં પણ સફળતા મેળવી છે. શાળામાં રંગોળી અને મહેંદી સ્પર્ધામાં પણ તે અગ્રસર રહી છે.

નટુ પરીખના સમુદ્રનાં ઍબસ્ટ્રેક્ટ ચિત્રો જોયાં પછી તેને ઍબસ્ટ્રેક્ટ ચિત્રો દોરવાનો રસ જાગ્યો. ગુલામ મોહમ્મદ શેખ પણ પારિવારિક મિત્ર હોવાના નાતે તેમનો લાભ પણ શિવાનીને મળ્યો છે. ફિગરેટિવ, ઍબસ્ટ્રેક્ટ ચિત્રો દોરતી શિવાનીને કનુભાઈ પટેલના નાઇફ વર્કનું ય ગજબનું આકર્ષણ છે. તેનાં માતા-પિતાના જણાવ્યા અનુસાર ભૂકંપ દરમિયાન પીડિત બાળકોની કચ્છ-ભૂજમાં યોજેલ શિબિરમાં તે સૌથી નાની સ્વયંસેવિકા હતી અને ત્યાર બાદ તેની સર્જનાત્મકતામાં ઓચિંતો સુંદર પલટો આવ્યો છે.

બાળવયની આ આશાસ્પદ ચિત્રકાર હમણા શેઠ સી.એન. વિદ્યામંદિરના શ્રી અરજણભાઈ પટેલની રાહબરી હેઠળ ચિત્રકલાની તાલીમ લઈ રહી છે. શિવાનીએ આજ દિન સુધી કરેલ ચિત્રકામમાંથી થોડા ઉત્તમ ચિત્રોનું તા. ૨૦ જુલાઈથી ૨૭ જુલાઈ સુધી ગુજરાત કૉલેજ પાસે આવેલ કન્ટમ્પરેરી આર્ટ ગૅલરિમાં પ્રદર્શન યોજાવાનું છે. આ પાંગરતી પ્રતિભાને પ્રોત્સાહિત કરવા સૌ કલારસિકોને આ પ્રદર્શન માણવા આવહાવન છે. - અશોક ચાવડા


બે પંખી : પેન્સિલ ડ્રોઇંગ




લલિતકલા પારિતોષિક વિજેતા કૃતિ

❁ કલાવાર્તા ❁

સવજી છાયાનાં રેખાંકનો

સવારનો ખુશનુમા પવન ધીરે ધીરે વાઈ રહ્યો હતો. કસૅટ પ્લેયર પર દિગ્ગજ ગાયક ભીમસેન જોષીનો કંઠ, શુદ્ધ કલ્યાણ



રાગનો આલાપ વહાવી રહ્યો હતો. ટેવ મુજબ સવારનું છાપું હાથમાં હતું, મન એમાં લાગતું ન હતું. ખાલી નજરે પાનાં આમતેમ ફેરવતો હતો. સરવા કાન, પહેલા અને બીજા સપ્તકમાં થતી આવન-જાવનથી 'મંદરવા બાજે...' માણી રહ્યા હતા ! શબ્દોનો તો માત્ર આધાર જ હતો, શુદ્ધ કલ્યાણના સ્વરો રેલાઈ રહ્યા હતા... આંખને કાનની અદેખાઈ થઈ રહી હતી.

એવામાં, ડોર-બેલ વાગી. દરવાજો ખોલી જોયું તો પરિચિત કુરિયર-મૅન હાથમાં મોટું કવર લઈ ઊભો હતો. હું એણે આપેલું કવર ખોલવા ઉત્સુક હતો. ઠેઠ દ્વારકાથી આવેલું આ કવર ઉતાવળે ખોલ્યું. અંદરથી ઢગલો-એક નાનાં-મોટાં રેખાંકનો મારા હાથમાં આવી ગયાં ! આંખો ચમકી ઊઠી. કાન અને આંખની હવે જુગલબંદી જામશે !

હજુ તો ગયે અઠ-વાડિયે, 'પરબ'ના પૂંઠે છપાયેલું, અજાણ્યા કલાકારનું રેખાચિત્ર જોઈ રસ જાગ્યો હતો અને ઝટ દઈ, કલાકાર સવજી છાયાને ફોન કરી, એ સબળ અને રમતિયાળ રેખાઓની મજા માણી એની વાતો કરી અભિનંદન આપ્યાં હતાં ! મારા ઘરથી સાડીસાતસો કિલોમીટર દૂરથી એમના નિમંત્રણનો ટહુકો સાંભળી મનોમન તો ત્યાં પહોંચી જવાયું હતું જ ! આજે આવડું મોટું કવર જોઈ, એમાંનાં પચાસથી યે વધુ રેખાંકનો જોતાં તો સવજીભાઈ સ્વયં પોર્ટફોલિયો લઈ મારે ઘેર પધાર્યા હોય એવું લાગ્યું !

રેખાંકનોથી તૃપ્તિ પામીએ તો પરિચય અધૂરો જ રહે એવું પ્રેમાળ અને હોંશીલા સ્વભાવવાળું સવજી-ભાઈનું વ્યક્તિત્વ છે. અલબત્ત, કોઈ પણ કલાકારની ઓળખ તો એનું કામ જ હોય, છતાં સવજીભાઈની ચિત્રકળાને એમના સ્નેહભૂખ્યા સ્વભાવની મીઠાશના ચાર ચાંદ લાગેલા છે !

એમણે મોકલેલા કવરમાંથી એક પછી એક રેખાંકનો જોવા લાગ્યો. કોઈ ઉત્તમ નિબંધ વાંચીને એમ થાય કે આમાંથી તો એક શબ્દ પણ કાઢી ન કરી શકાય, એવી સુરેખ અને અણીશુદ્ધ રેખાઓ એક એક ચિત્રમાં જોવા મળી. એકાદ લસરકો પણ બિનજરૂરી નહીં ! આટલી શુદ્ધિ સાથે પ્રત્યેક ચિત્ર ભાવવાહી તો ખરું જ ! પીંછી અને રંગોના માધ્યમથી, ચિત્રકાર ચિત્રને ઉઠાવદાર અને ભાવવાહી બનાવી શકે. ફક્ત ૦.૩ કે ૦.૫ની નિબ અને કાજળ-કાળી શાહી - આ જ સાધન દ્વારા ચિત્ર નિપજાવવું એ કઠિન કામ છે. શાહીના એક જ, કાળા રંગથી તેજ-છાયાના ટોન પણ દેખાડવા સહજ નથી. પીંછીના કમનીય વળાંકો પેનના માધ્યમથી ઉતારવા આસાન નથી. છતાં સવજીભાઈએ આવી ચૅલેંજને વળતો જવાબ આપી અન્ય માધ્યમોની તોલે અવ્વલ રહી શકે એવું સૂક્ષ્મ છતાં કમનીય કામ સિદ્ધ કર્યું છે.

ચહેરા પર ભાવ દેખાડવા હોય તો પાત્રની આંખોથી જ બતાવી શકાય. સવજીભાઈની સિદ્ધિનું આ એક વધુ ઉમદા પાસું છે. અહીં આપેલાં કેટલાંક રેખાંકનોમાં એ કસબ દેખાશે.

પ્રથમ રેખાંકન સ્વયં સવજી-ભાઈનું, અર્જુનની જેમ, એક આંખથી લક્ષ્યવેધ કરતા હોય એમ ત્રાટક નજરે એમનાં વિષયને પારખતા દેખાય છે. ઈસુની અને સંતની નેહભરી આંખોનાં અમૃત ચિત્રને પવિત્ર બનાવે છે. મેળાના મનેખની ઉત્સુક નજર સાથીની શોધ કરતી દેખાય છે ! ભરતકામ કરતી સ્ત્રીઓનાં ચિત્રો તો સ્વયં ભરતકામના નમૂના જેવા નકશીદાર બન્યાં છે ! એમના વતન દ્વારાકાનાં વિવિધ દૃશ્યો પુણ્ય નગરીનું પાવન દર્શન કરાવે છે.

પહેલી જૂન, ૧૯૫૧ની સાલમાં જન્મેલા સવજીભાઈએ કલાશિક્ષણના પાઠ જ્યોતિ ભટ્ટ તથા ગુલામ મહમદ શેખ જેવા નામી કલાકારો પાસેથી આત્મસાત કર્યા છે. કળાની ડિગ્રી મેળવવા સાથે મળેલા કળાગુરુ જ્યોતિ ભટ્ટના શબ્દો એમણે હૈયામાં રોપી દીધા છે : 'સવજી, તું કલ્પના કર, તું સહારાના રણમાં છે. અફાટ રણની રેતીનો એક કણ ઉપાડી તારી હથેળીમાં રાખ. એ રેત-કણ જેટલું જ તને આવડે છે અને એ અફાટ રણની રેતી જેટલું તારે શીખવાનું છે. આજીવન વિદ્યાર્થી રહેજે.'

રોજ રોજ કંઈક નવું સર્જન કરતા રહેતા સવજીભાઈની કલમમાંથી પ્રકૃતિની લીલાનાં પારાવાર દર્શન થાય છે. એમાં માણસ હોય તો પણ એ વામણો જ ચિતરાયેલો હોય ! તો માનવ વિડંબના, હોલિકાદહન, બામિયાનાના બુદ્ધ અને ૧૧મી સપ્ટેમ્બર જેવા વિષયોને પણ એમણે વેદના-સભર ઘાટ આપ્યો છે ! - રમેશ શાહ

સુકન્યા છાયના કુમાર સમયે









કલાવૃત્ત

અતીતથી આજ ચિત્રપ્રદર્શન

આપણા શહેરના થઈ રહેલા ઝડપી વિકાસ સાથે નગરજનોને વ્યાપારિક, ધાર્મિક તેમજ મનોરંજનનાં સ્થળોની જરૂરિયાત સંતોષાવા લાગી છે. શહેરના રાજમાર્ગો, ગાંધીરોડ, રિલીફરોડ, આશ્રમરોડ, સી. જી. રોડ અને હવે સરખેજ-ગાંધીનગર હાઈવે, એસ. જી. રોડનો વિકાસ ધ્યાન ખેંચે તેવો છે. આ બધામાં કલા-સંસ્કારનાં સ્થાનોનો વિકાસ પણ જરૂરી છે. શહેરની ત્રણચાર આર્ટ ગૅલરિઓમાં કલાકારો પોતાનાં સર્જનો રજૂ કરીને જનસમુદાયમાં પરિચય કેળવી રહ્યાં છે. પણ વ્યાપારી ધોરણે ચાલતી ગૅલરિનો અભાવ આ બધાં કલાકારોને રાષ્ટ્રિય કક્ષાએ રજૂ કરવામાં સક્ષમ થઈ શકતો નથી.


શૈલિકની માતા : કાર્લોષા શૌર


માતા અને શિશુ: યામિની રોય

શહેરનાં કલાકારોનાં સર્જનોને યોગ્ય રીતે રજૂ કરવામાં આશાના એક કિરણ સમાન એસ. જી. રોડ ઉપર રાજપથ ક્લબની સામે 'સપથ' નામના વ્યાપારીભવનમાં આશરે ત્રણેક હજાર ચો. ફુટની વિશાળ જગામાં વાતાનુકુલિત 'માર્વેલ' આર્ટ ગૅલરિનો શુભારંભ થયો છે, જેના ઉદ્‌ઘાટન પ્રદર્શનમાં દેશના અતીતથી આજ સુધીના ૩૩ જેટલાં ખ્યાતનામ કલાકારોની મૂળ કૃતિઓ એકસાથે રજૂ કરવામાં આવી.

ખુરશી: જોગેન ચૌધરી



આ પ્રદર્શનમાં આજે આપણી વચ્ચે હયાત નથી તેવા કલાકારો નંદલાલ બોઝ, એન. એસ. બેન્દ્રે, યામિની રાય, એફ. એન. સોઝા, કે. એમ. આરા, ભૂપેન ખખ્ખર, શ્યાવક્ષ ચાવડા, સોમાલાલ શાહ, કુમાર મંગલ સિંહજી જેવાઓની કૃતિઓ સાથે અન્ય પ્રસિદ્ધ કલાકારોની મૂળકૃતિઓ ચિત્રકલાના જાણીતા સંગ્રાહક શ્રી અનિલ રેલીઆ તેમજ શ્રી ધન્વીભાઈ શાહના પોતાના સંગ્રહમાંથી પસંદ કરીને અત્રે રજૂ કરવામાં આવી છે. ગૅલરિના સંચાલક શ્રી શાહ, શહેરનાં કલાકારો, કલારસિક દર્શકોને ગૅલરિમાં વિવિધ પ્રદર્શનો દ્વારા લલિતકલાનાં બધાં માધ્યમોની કૃતિઓ જોવા-ખરીદવા મળે તેવી રજૂઆત કરતા રહેશે. તદુઉપરાંત પ્રસિદ્ધ કલાકારોનાં ચિત્રોની પ્રિન્ટસના પોર્ટફોલિઓ પણ રજૂ કરાશે.


પુષ્પદાની : મનુ પારેખ

પૂલ : પરિતોષ સેન



અમદાવાદનાં શહેરીજનોને મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ, બૅંગલોર જેવાં મેટ્રો શહેરોમાં હોય છે તેવી આર્ટ ગૅલરિ પ્રાપ્ત થયેલ છે. 'કુમાર'નાં વાચકવર્ગ માટે આ અહેવાલ થોડીક કૃતિઓની તસ્વીરો અત્રે રજૂ કરેલ છે. - ગજેન્દ્ર શાહ


પોપટ સાથે નાયિકા: કુમાર મંગલસિંહજી


તેલંગાણાની નારી : દી. વૈકુંઠમ

કલાવૈભવ



લાકડાનાં સંગીતશિલ્પ

આશરે ૧૮મી સદીનાં આ કાષ્ઠ-શિલ્પ છે. ગુજરાતના સંગ્રહાલયમાંથી વર્ષો પહેલાં પ્રાપ્ત કરીને જર્મનીની ઍર ઇન્ડિયાની લાઉન્જમાં તેને રજૂ કરવામાં આવેલાં છે. ગુજરાતનાં સ્વામિનારાયણ તેમજ જૈનમંદિરોમાં થાંભલા ઉપર, દરવાજા પાસે ટોડલા તરીકે લાકડામાંથી તૈયાર કરેલાં આવાં કોતરણીવાળાં સુંદર શિલ્પો જોવા મળે છે. ક્યાંક મૂળ સ્વરૂપે પણ રજૂ થતાં હોય છે. ગુજરાતમાં કેવા જાજરમાન લોક-કલાકારો હતા તેનો આ એક અતિ સુંદર નમૂનો છે. - ગજેન્દ્ર શાહ

કલાસ્મૃતિ

ક્લાર્ક ગેબલ

હોલિવુડની ફિલ્મી દુનિયામાં ઘણાં બધાં સુપર સ્ટાર થઈ ગયાં. તેમાં ક્લાર્ક ગેબલની ગણના સૌથી મોટા સ્ટાર તરીકે થાય છે. તેમની સાથેનાં અન્ય કલાકારો તેમને હોલિવુડના 'કિંગ' તરીકેનું સંબોધન કરીને નવાજતાં હતાં. ક્લાર્ક ગેબલની



હોલિવુડની ખૂબ જ પ્રખ્યાત ફિલ્મ 'ગૉન વિથ ધ વિન્ડ'માં તેમનો રેટ બટલર તરીકેનો અભિનય ખૂબ જ ખ્યાતિ પામેલો અને અમેરિકન પ્રજામાં તેમને મળેલો પ્રતિસાદ એ એક પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયેલો. કહેવાય છે કે 'ગૉન વિથ ધ વિન્ડ' ફિલ્મને જે પ્રસિદ્ધિ મળી તેમાં અભિનેત્રી વિવિઅન લેહના જાજરમાન રૂપ સાથે ક્લાર્ક ગેબલના આ રોલ અને ફિલ્મમાં તેમની હાજરી જ મહત્ત્વની ગણી શકાય.

ક્લાર્ક ગેબલનો જન્મ સન ૧૯૦૧માં અમેરિકાના ઓહાયો સ્ટેટના કાર્ડિઝ નામના ગામમાં થયો હતો. શરૂઆતમાં તેઓ એક ધંધાકીય સંસ્થામાં જોડાયા. સાથે સાથે તેમના અદાકારીના શૉખને સંતોષવા હોલિવુડમાં નાનામોટા એક્સ્ટ્રા કલાકારના પાત્ર કરવા લાગ્યા. રાત્રે મેડિસીનનો અભ્યાસ કરતા. ક્યારેક નાટકોમાં પણ અદાકારી કરતા. એક વખત એક નાટકમાં 'ગેંગસ્ટર'નું પાત્ર ભજવવાનું કામ મળ્યું. અદાકારીની સફળતાને કારણે તેમને હોલિવુડમાં 'સ્ક્રીન' ટેસ્ટનો લાભ મળ્યો. તેમના ચહેરા ઉપરના મોટા કાનને કારણે એમ.જી.એમ. સંસ્થાએ તેમને નકારી કાઢ્યા. થોડાક સમય બાદ તેમના નસીબે યારી આપી અને એમ. જી. એમ. સંસ્થાએ તેમને પહેલી તક સન ૧૯૩૧માં એક ફિલ્મથી આપી. તેમની સાથે થોડાંક વર્ષોનો કરાર કર્યો, જે સન ૧૯૫૫ સુધી ચાલ્યો. આ કરાર દરમિયાન ગેબલ આખર સુધી કહેતા કે, 'આ સંસ્થા મારા અભિનય વડે ખૂબ રૂપિયા કમાઈ છે અને મને ઓછો પગાર આપે છે.' તેમ છતાં પણ તેઓ નિષ્ઠાપૂર્વક અભિનય કરતા રહ્યા.

ક્લાર્ક ગેબલની શરૂઆતની ફિલ્મોમાં તેઓ મોટાભાગે સાઈડરોલ, ગેંગસ્ટર કે વિલનના પાત્રમાં દેખાતા. મજબુત અને કદાવર છતાં લોકગમ્ય ચાર્મિંગ કલાકાર તરીકે પ્રસિદ્ધિ પામતા રહેતા અને ફિલ્મો સફળ થતી. સાથે સાથે તેમને તે જમાનાની ખ્યાતનામ અભિનેત્રીઓ બાર્બરા સ્ટેન વૉક, જ્હોન કાફોર્ડ, નોરમા શેરર અને ગ્રેટા ગારબો સાથે અભિનય કરવાનો લાભ મળ્યો અને ફિલ્મમાં સ્ત્રીપાત્રો સામે ગુસ્સો કરીને તમાચો મારી દેવાની એક લાક્ષણિક પદ્ધતિને કારણે તેઓ લોકોમાં ખૂબ જ પ્રસિદ્ધ થયા. અમેરિકન જનતાને ગેબલની આ પૌરુષ પ્રતિભા ખૂબ જ પસંદ પડતી. તેમાં પણ જ્યારે એ જમાનાની ખૂબ જ વિખ્યાત અભિનેત્રી ગ્રેટા ગારબોને ફિલ્મના એક પ્રસંગમાં જડબેસલાખ ખખડાવી નાખી ત્યારથી તો તેમની પ્રતિભાને ચાર ચાંદ લાગી ગયા. ગેબલે પાંચ વખત લગ્ન કરેલાં, જેમાં સિલ્વાય એશલી, સ્પારકલ્સ, નેશીઆ ડેલોન, રિપાહ લેંગમૅન અને કારોલ લામ્બાર્ડ મુખ્ય છે. ગેબલને સ્પારકલ્સથી એકમાત્ર દીકરો પ્રાપ્ત થયેલો. ગેબલને પ્રથમ એકેદમી અવૉર્ડ સન-૧૯૩૪માં 'ઇટ હૅપન્ડ ઇન વન નાઈટ' ફિલ્મ માટે મળેલો. આ દસ વર્ષ દરમિયાન ગેબલે તે સમયની ઘણી બધી પ્રતિભાવંત રૂપસુંદરીઓ સાથે અભિનય કરેલો. સન ૧૯૩૪થી તેમને એમ.જી.એમ. ફિલ્મ કંપની સાથે થોડાક અણબનાવ થવા માંડ્યા અને કંપનીએ ગેબલને કોલંબિયા ફિલ્મ કંપનીમાં અભિનય કરવા માટે લોન તરીકે આપ્યા. એમ.જી.એમ. સંસ્થા આ વખતે ખોટમાં ચાલતી હતી. ત્યારે 'ગૉન વિથ ધ વિન્ડ' ફિલ્મના નિર્માણ-વિતરણના હક્કો ડૅવિડ સાલ્ઝનીક નામના સ્વતંત્ર નિર્માણકારે મેળવી લીધા અને લોન તરીકે મળેલા ક્લાર્ક ગેબલને રેટ બટલરનો પ્રતિભાવંત રોલ આપ્યો. 'ગૉન વિથ ધ વિન્ડ' ફિલ્મની રજૂઆત થતાં જ આવક અને પ્રસિદ્ધિ એટલાં બધાં વધી ગયાં કે લોકો વિસ્મય પામી ગયા અને ફિલ્મમાં કામ કરનાર બધાં જ કલાકારો રાતોરાત સિદ્ધિના શિખરે પહોંચી ગયાં. ફિલ્મ 'ગૉન વિથ ધ વિન્ડ'ના ચાર મુખ્ય પાત્રોના ડ્રેસ પરિધાન સાથેનાં રમકડાં 'ડૉલ્સ' આટલાં વર્ષો બાદ આજે પણ અમેરિકાના ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં લોકો સ્મરણિકા તરીકે હોંશથી ખરીદતાં હોય છે. તેમજ અમેરિકાના મોટાભાગના રહેણાંકોમાં શૉકેસમાં જોઈ શકાય છે. તે જમાનામાં ચાર કલાક ચાલતી આ પ્રથમ ફિલ્મ હતી. છતાં લોકો ધીરજથી વારે વારે જોતાં હતાં. આપણા જાણીતા કલાકાર રાજકપુર ઉપર તેમની ઘણી અસર જોવા મળે છે. જાણીતા ફિલ્મ- નિર્માતા મહેબુબખાનની ઘણી ફિલ્મોના સેટ આ ફિલ્મના સેટ્સને મળતા આવતા હતા. 'ગૉન વિથ ધ વિન્ડ' ફિલ્મને ૧૦ અકૅડેમી અવૉર્ડ મળેલા. ગેબલની સન-૧૯૩૧થી સન-૧૯૬૧ સુધીની ફિલ્મ- યાત્રામાં લગભગ ૬૩ ફિલ્મોમાં થોડીક જાણીતી ફિલ્મો આ પ્રમાણે છે : 'ધ પેન્ટેડ ડેઝર્ટ', 'રેડ ડસ્ટ', 'ડાન્સિંગ લેડી', 'ગૉન વિથ ધ વિન્ડ', 'ધ મૅન ઇન વ્હાઈટ', 'કૉલ ઑફ ધ વાઈલ્ડ', 'સાન ફ્રાન્સિસ્કો', 'કેઈન ઍન્ડ આબેલ', 'ગૉન વિથ ધ વિન્ડ', 'ધ મૅન ઇન બૉમ્બે', 'લોન સ્ટાર', 'મોગામ્બો', 'ધી ટોલમેન', 'ઇટ સ્ટાર ટેડ ઇન નેપલ્સ' અને સન ૧૯૬૦ની છેલ્લી ફિલ્મ 'ધ મિસફિટ્સ' જેમાં મેરલીન મનરો અભિનેત્રી હતી અને નિર્દેશક જ્હોન હસ્ટને નિર્દેશન કરેલું. આ ફિલ્મ રજૂઆત પામે તે પહેલાં જ ક્લાર્ક ગેબલનું સન-૧૯૬૦માં હોલિવુડ ખાતે અવસાન થયેલું. - ગજેન્દ્ર શાહ



ગુજરાતનું આ કુદરતી સૌંદર્યથી છવાયેલું ગિરિમથક સાપુતારા ગુજરાતના પ્રવાસે આવતાં પ્રવાસીઓ માટે તો આકર્ષણ બની ચૂક્યું છે. અહીં માનસિક શાંતિ અને આત્મીય આનંદ અનુભવાય છે. સહેલાણીઓ માટે અહીં ફરવા જેવું ઘણું છે. સાપુતારાનું આહ્લાદક અને ઠંડું હવામાન તથા લીલીછમ હરિયાળી પ્રવાસીઓની આંખોને ઠારે છે.

સાપુતારાનો અર્થ થાય છે સર્પોનું નિવાસસ્થાન. અહીં સૂર્યોદય અને સૂર્યાસ્ત પૉઈન્ટ, પ્રતિધ્વનિ પૉઈન્ટ, સાપુતારા સંગ્રહસ્થાન, વાઘબકરી, મધમાખ ઉછેર કેન્દ્ર, અંબિકા-દર્શન, ઋતંભરા વિદ્યાપીઠ, આદિવાસી કળાનું સંગ્રહસ્થાન આદિ સ્થાનો જોવાલાયક છે. અહીં સર્પગન્ધા નદી પર બંધ બાંધીને વિશાળ સરોવરની રચના કરવામાં આવી છે. અહીં એક વનસ્પતિ ઉદ્યાનની યોજના પણ કરવામાં આવી છે. અહીંની વનરાજિ અને વન્ય પ્રાણીઓની સૃષ્ટિ પણ અત્યંત દર્શનીય છે. સાપુતારાની આબોહવા ઉનાળામાં પણ શીતળ હોય છે એટલે મેદાનોમાં ઉકળાટથી ત્રાસેલાં પ્રવાસીઓ અહીં વિશ્રામ માટે આવે છે. અહીં ડાંગ પ્રદેશના આદિવાસીઓનું નૃત્ય અત્યંત આકર્ષક હોય છે. અહીં સર્પગંધા નદીના તટ પર આવીને આદિવાસીઓ સર્પોની પૂજા કરે છે. પ્રવાસીઓની સુવિધા માટે સાપુતારામાં હોટલો, પાર્કો, સ્વિમિંગ પુલ, બોટક્લબ, મ્યૂઝીઅમ અને સિનેમાગૃહ પણ આવેલાં છે.



હવે હું જોઉં તો કેવો મને આકાર આપે છે,
ફરી આ ચાકડે માટી મને પડકાર આપે છે.
ભીની માટી મહીંથી એમની મૂરત ઘડી કાઢી
વધારે છે તરસ એ, ક્યાં કદી ઉપચાર આપે છે!
બધાં સંકલ્પ માટીના, બધાંયે સ્વપ્ન માટીનાં
અને ચારે તરફ જળ-માર્ગ સર્જનહાર આપે છે.

('હાથની હોડી'માંથી) - હર્ષદ ચંદારાણા

કાન્તિ મડિયા, સદ્‌ગત

નવી ગુજરાતી રંગભૂમિના ખ્યાતનામ નટ-દિગ્દર્શક અને લેખક કાન્તિ મડિયાનો જન્મ સૌરાષ્ટ્રના લાઠી મુકામે ૩ જુલાઈ ૧૯૩૨ના રોજ થયો હતો. ગુજરાતી રંગભૂમિ પર પોતાની આગવી ઓળખ ઊભી કરનાર આ રંગભૂમિના વારસ તાજેતરમાં કોલકાતામાં ભવાનીપુર ખાતે એક નાટ્ય વર્કશૉપ માટે ગયા હતા અને ત્યાં જ હાર્ટ અટેક આવવાને લીધે ૧૫ જૂન, ૨૦૦૪ના રોજ અવસાન પામ્યા.

દેશી નાટકમંડળીઓ દ્વારા ભજવાતા 'કાદુ મકરાણી' અને 'વીર રામાવાળો' જેવાં નાટકોમાંથી પ્રેરણા લઈ કાન્તિ મડિયા હાથમાં લાકડી લઈ ગામની શેરીમાં છોકરાઓ ભેગા 'કાદુ મકરાણી' જેવા નાટકો ભજવતાં. આમ, બાળવયથી જ કાન્તિ મડિયામાં નાટકના સંસ્કાર પડેલા. ૧૦-૧૨ વર્ષની વયે સોનગઢના કાનજી સ્વામીની હાજરીમાં શ્રીમદ્ રાજચન્દ્રના 'નિમિત્ત અને ઉપાદાન સંવાદ' રૂપે એમને પહેલું નાટક ભજવ્યું. ૧૯૪૬માં પિતા મોહનલાલ મડિયાનું અવસાન થતા મુંબઈ આવી મામાને ત્યાં રહી ભણ્યા. ૧૯૪૮માં મૅટ્રિક પાસ કરી ખાલસા કૉલેજમાં દાખલ થયા અને આ જ સમયમાં કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત પહેલુંવહેલું એકાંકીનાટક ચિનુભાઈ પટવાનું 'ભૂતઘર' ભજવ્યું. તે પછી વાર્ષિકોત્સવમાં 'સિલ્વર મૂનનો સ્વયંવર' ભજવ્યું. ૧૯૫૨માં ખાલસા કૉલેજ તરફથી રજૂ થતા 'ગળેપડુ ગોકળદાસ' નાટકમાં કાન્તિ મડિયાએ નાયક, રૂપાંતરકાર અને દિગ્દર્શક એમ ત્રેવડી ભૂમિકા અદા કરી તેમજ શ્રેષ્ઠ નટ તરીકેનું દ્વિતીય પારિતોષિક પણ મેળવ્યું. ચન્દ્રવદન ભટ્ટના સહાયક દિગ્દર્શક તરીકે તેમણે 'રાખનાં રમકડાં' નાટકમાં યોગદાન આપ્યું. તદુપરાંત આ જ નાટકમાં 'જ્યોતિષી'નું પાત્ર પણ ભજવ્યું. આ દરમિયાન જાણીતા રંગકર્મી રમેશ જમીનદારની ટકોર-ટીકા અને રાહબરીથી મડિયા નાટકના વૈશ્વિક વ્યાપથી માહિતગાર થયા અને નાટ્યક્ષેત્રે પોતાની આગવી સૂઝ કેળવી.



૧ ઑગસ્ટ ૧૯૬૭ના રોજ તેમણે પોતાની નાટ્યસંસ્થા 'નાટ્યસંપદા'ની સ્થાપના કરી અને તેના નેજા હેઠળ વિવિધ વિષય, વિધવિધ ટેક્નિક અને સામાજિક સુસંગતતા ધરાવતાં એકએકથી ચડિયાતાં નાટકો ભજવ્યાં. પ્રયોગાત્મક નાટકો

અને વિખ્યાત વિદેશી નાટ્યકૃતિઓ પર આધારિત નાટકો રંગભૂમિ પર ભજવીને તેમણે તખ્તાના 'વન-મૅન આર્મિ' તરીકેનું બિરુદ મેળવ્યું છે.'કોઈ ભીંતેથી આયના ઉતારો', 'આતમને ઓઝલમાં રાખ મા', 'અમે બરફનાં પંખી', 'મૃગજળ સીંચીને અમે ઉછેરી વેલ', 'મહામાનવ', 'આંખની અટારી સાવ સૂની' જેવાં સીમાસ્તંભરૂપ નાટકો એમણે આપ્યાં છે. 'કાશીનો દીકરો' એમની યાદગાર ફિલ્મ ગણાય છે. રંગભૂમિની આ નિતાંત સેવા આટલેથી અટકતી નથી. ગુજરાતી સાહિત્ય પરિષદના નિમંત્રણથી ૧૯૮૨ અને ૧૯૮૩માં નાટ્યલેખન શિબિર યોજીને તેમણે સાહિત્યકારોને નાટક લખવા આકર્ષ્યા. ૧૯૮૮માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં એક પ્રલંબ નાટ્ય શિબિર યોજી મધુ રાયનું 'પાનકોર નાકે જઈ' ત્રિઅંકી ભજવ્યું. 'કાવ્યસંપદા' અંતર્ગત 'નૅશનલ સેન્ટર ફૉર પર્ફૉર્મિંગ આર્ટ્સ'માં પ્રતિષ્ઠિત કવિઓના કાવ્યપઠનનું આયોજન કરનાર મડિયાએ ૧૯૯૪માં કવિ રમેશ પારેખના જાણીતા પાત્ર 'આલા ખાચર'ની રજૂઆત દ્વારા ગુજરાતી કવિતાને રંગભૂમિના માધ્યમમાં રજૂ કરવાનો એક અનોખો પ્રયોગ પણ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના અંતિમ શ્વાસ પણ એક નાટ્ય વર્કશૉપ દરમિયાન જ પૂરા થયા.

પ્રબોધ જોષીએ કાન્તિભાઈ વિશે લખ્યું હતું કે 'કાન્તિ મડિયા માટે નાટક-થીએટર એ આહાર છે, વિચાર છે, પહેરવેશ છે, આરામ છે, પ્રવૃત્તિ છે, ફરજ છે, સેવા છે, જીવન છે, પ્રાણવાયુ છે, શ્વાસ છે, હવા છે, પાણી છે, દવા છે, ઔષધ છે.....' સારા-સાચા જગતનાં નીવડેલાં આપણાં કરવાં જેવાં નાટક કરી શકાય, અણીશુદ્ધ નાટક કહી શકાય તેવા સમજીને પચાવીને રજૂ કરનારો બીજો કદાચ નહીં મળે ?

કાન્તિ મડિયાની રંગમંચ પરની નાટ્યસફર પર એક નજર નાખીએ તો ઉપરોક્ત ઉદ્ગાર યથાર્થ ઠરે છે. આ બહુમુખી નાટ્યપ્રતિભાની વિદાયથી રંગમંચ પર પડેલો એક પડદો ઊઠતા ઘણી વાર લાગશે એવું કહીએ તો અતિશયોક્તિ નહીં લાગે.

*

મધુસૂદન વ્યાસનું નિધન

કસુંબલ ડાયરાના કસબી, સુપ્રસિદ્ધ લોકગાયક મધુસૂદન વ્યાસનું ૧૨ જૂન, ૨૦૦૪ અને શનિવારે વહેલી પરોઢે તેઓના નિવાસસ્થાન ખાતે અવસાન થયું હતું. તેઓ ૭૨ વર્ષના હતા. છેલ્લા કેટલાક સમયથી તેઓ બ્લડ કૅન્સરના વ્યાધિથી પિડાતા હતા. તેઓના અવસાનથી ગુજરાતી લોકકલા-સાંસ્કૃતિક કાર્યક્રમોના ક્ષેત્રે ન પુરાય એવી ખોટ પડી છે. તેઓ તેમની પાછળ ધર્મપત્ની વત્સલાબહેન તેમજ બે પુત્રો અને બે પુત્રીઓ તથા તેમનાં સંતાનોના બહોળા પરિવારને વિલાપ કરતો મૂકી ગયા છે. તેઓના અવસાનથી સંખ્યાબંધ લોક-કલાકારોએ શોકની લાગણી વ્યક્ત કરી છે.



ગુજરાતી લોકકલાના કાર્યક્રમોને 'ડાયરો' તરીકે મંચ ઉપરથી રજૂ કરવાના તેઓ પ્રણેતા હતા. પાંચ દાયકાની સુદીર્ઘ કારકિર્દી ધરાવતા આ કલાકારે સંખ્યાબંધ અનામી લોકકલાકારોને નામી બનાવવામાં અને તેમને મંચ ઉપર રજૂ કરવામાં સિંહફાળો આપ્યો હતો. દેશ-વિદેશમાં તેમણે કાર્યક્રમો આપ્યા હતા. તેઓના બંને પુત્રો અનુપમ વ્યાસ અને કુણાલ વ્યાસ તેમજ બંને પુત્રી અને જમાઈ શ્રીમતી ફાલ્ગુનીબહેન હર્ષદકુમાર રાવલ તથા નમ્રતાબહેન રૂપેશકુમાર અમીન પણ પૈતૃક વારસો જાળવીને લોકકલા સંગીતક્ષેત્રે પ્રવૃત્ત છે.

તા. ૪-૮-૧૯૩૨ના રોજ વતનના ગામ થાનગઢ (જિ. સુરેન્દ્રનગર) ખાતે જન્મેલા મધુસૂદન વ્યાસે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સણોસરા (જિ. ભાવનગર)માં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તરુણાવસ્થાથી ગાંધીવિચારો વડે રંગાયેલા મધુસૂદન વ્યાસે સ્વાતંત્ર્ય સંગ્રામ કાર્યક્રમોમાં દેશભક્તિનાં ક્રાંતિગીતો રજૂ કરવાની સાથે જ કલાયાત્રાનો આરંભ કર્યો. મનુભાઈ પંચોળી 'દર્શક', રવિશંકર મહારાજ અને વિનોભા ભાવેના સંપર્કે તેઓના જીવનને નવી દિશા મળી. ત્રણ દાયકાથી અમદાવાદમાં વસવાટ અને અમદાવાદ એડ્યુકેશન સોસાયટી સંચાલિત એચ. કે. પી.ટી.સી. કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થયેલા મધુસૂદન વ્યાસ લોકકલાને સમર્પિત આજીવન કલાકાર હતા. લોકકલામાં સર્વોચ્ચ પ્રદાન બદલ ઈ.સ. ૧૯૮૬માં ગુજરાત સરકારે રૂ. એક લાખ રોકડ સાથેના 'ઝવેરચંદ મેઘાણી અવૉર્ડ' વડે તેમને સન્માનિત કર્યા હતા.

('જનસત્તા'માંથી સાભાર)

*

સાઈકલ-સવાર ખરગોન

મધ્યપ્રદેશના વનવાસી પશ્ચિમ નિમાડના જિલ્લાનું મુખ્ય શહેર ખરગોન છે. ૧૮ સપ્ટેમ્બર ૨૦૦૩નો દિવસ આ શહેર માટેનો યાદગાર દિવસ બની ગયો. ખરગોને ભારતને એક નવો પ્રયોગ સફળ કરી બતાવી દેશ અને દુનિયાનું ધ્યાન દોર્યું.

ઇન્ડોનેશિયાના સારાગોવા શહેરમાં એક પર્યાવરણ બચાવ દિન ઉજવાયો હતો. દુનિયાભરનાં પ્રજાજનોમાં પદાર્થપાઠરૂપે એક અભિનવ પ્રયોગ આ શહેરમાં થયો હતો. એક આખો દિવસ શહેરનાં તમામ પેટ્રોલ-ડીઝલ પંપ બંધ રાખવામાં આવ્યા. આખા શહેરનાં પ્રજાજનોએ તે દિવસે

ધુમાડા ઓકતા દ્વિચક્રી તથા ચાર-આઠ પૈડાવાળા વાહનો બંધ રાખ્યાં હતાં. આ દિવસે પ્રજાજનોએ સાઈકલસવારી, માનવચાલિત રિક્ષા, ઘોડાગાડી, બળદગાડા આદિ વાહનોમાં સવારી કરી આખા શહેરને ઘોંઘાટ રહિત તથા ધુમાડારહિત સ્વચ્છ હવાવાળું શહેર બનાવ્યું હતું. ઘણાંખરાં ભાઈબહેનોએ પગે ચાલીને પોતાનું કામ કરી પોતાની ફરજ બજાવેલી. આ દિવસ આખા શહેરે આનંદ-ઉલ્લાસના વાતાવરણમાં પસાર કર્યો હતો. દુનિયામાં આ એક પહેલો નમૂનો ઈન્ડોનેશિયાએ પૂરો પાડ્યો.

અઢારમી સપ્ટેમ્બર ૨૦૦૩, ગુરુવાર વિક્રમ સંવત ૨૦૫૯ ભાદરવા વદ સાતમ, શ્રાદ્ધપર્વની આઠમ, કાલાષ્ટમીનો દિવસ, ભારતમાં સૌપ્રથમ પર્યાવરણ બચાવ દિન તરીકે ખરગોને મનાવ્યો હતો.

જિલ્લાના કલેક્ટર તથા તમામ સહકારી કર્મચારી ભાઈ-બહેનો શહેરના એક એક બાળક, યુવક, યુવતી, નાગરિક સાઈકલરેલી માટે ભેગાં મળ્યાં. આખા ગામમાં એક સાઈકલ રેલી નીકળવાની હતી. શહેરના એક છાત્રાલયના બહેરામૂગા વિદ્યાર્થી શ્રી પ્રવીણભાઈ ચૌહાણે લીલી ઝંડી આપી અને આખા શહેરમાં સાઈકલરેલી છવાઈ ગઈ.

આજથી ૨૫ વર્ષ પહેલાં આવા શાંત, સ્વચ્છ, ધુમાડા વગરના દિવસોની યાદ આજે નગરજનોને આવી. આ સાઈકલ રેલીનાં ભાઈબહેનોએ પર્યાવરણનાં સૂત્રોવાળાં પાટિયાંથી સાઈકલ સજાવેલી. આ અદ્ભુત દૃશ્ય જોવા આખું ગામ ઊમટી પડ્યું. ૪ કિમી લાંબી આ સાઈકલ રેલીને જોનારાં પગે ચાલનારાં મિત્રો સાઈકલસવારો સાથે હસ્તધનૂન કરી ખુશ-ખુશાલ થઈ જતાં. ૨૦ વર્ષ પહેલાં ખરગોનના મુખ્ય રસ્તાઓ પર આંખો બંધ કરીને ચાલવું સલામત હતું. જીવનમાં એક દિવસ એવો શાંત અને અદ્ભુત લાગ્યો.

વાહન-રહિત દિવસે પ્રજાજનોને કોઈ પણ જાતની અગવડ ના પડે તે માટે ટાંગાવાળાએ સેવા આપી. ઈમરજન્સી માટે ઍમ્બ્યુલન્સ તૈયાર હતી. શાળાએ જતા વિદ્યાર્થીઓએ સ્કૂલ બસને બદલે સાઈકલ-સવારીનો આનંદ માણ્યો. એક વિકલાંગ વિદ્યાર્થી પોતાની ટ્રાઈસિકલ સાથે ખુશખુશાલ સાઈકલ રેલીમાં જોડાયો હતો.

આ રેલીનું નામ 'સ્વાસ્થ્ય ચેતના રેલી' રાખવામાં આવ્યું હતું. આ સમગ્ર રેલીનું સુંદર આયોજન કલેક્ટર શ્રી મુખરજી તથા શહેરના અગ્રગણ્ય નાગરિકો, વિદ્યાર્થી નેતાઓ, ડૉક્ટર, વકીલ, એન્જિનીઅર વગેરે મિત્રોએ સાથે મળીને કર્યું અને સફળ બનાવવા સ્વેચ્છાએ સખત પરિશ્રમ લીધો હતો.

આખા દિવસનું સરવૈયું કાઢતાં જાણવાં મળ્યું કે માત્ર એક દિવસમાં ખરગોન શહેરમાં ૧૦ હજાર લીટર પેટ્રોલ, ૨૦ હજાર લીટર ડીઝલની બચત થઈ. નાણાં બચ્યાં, ધૂળ, ધુમાડો, ઘોંઘાટ વિનાનો દિવસ પસાર થયો. આખા શહેરમાં એક ઉત્સવનું વાતાવરણ રહ્યું. - અનુ. રાજુભાઈ જંત્રાણિયા

('નઈ દુનિયા'માંથી ટૂંકાવીને)

*

હેરડાઈ

જ્યારે અરીસા સામે વાળ ઓળતી વખતે કાળા વાળની જગ્યાએ સફેદ વાળ દેખાય ત્યારે ઉંમરનો અહેસાસ થાય છે. ઉંમર છુપાવવા તેમજ સુંદર લાગવા ઘણાં લોકો વાળને રંગે છે. વાળ રંગવાની ઘણી રીતો છે. ઘણા લોકો માથામાં મહેંદી નાખીને વાળ રંગે છે તો ઘણા હેરડાઈ વાપરે છે. હેરડાઈમાં વનસ્પતિ રસાયણો ઓછાં અને કૃત્રિમ રસાયણો વધુ હોય છે.

વાળ રંગવાની પ્રથમ ડાઈ ફ્રેંચ રસાયણશાસ્ત્રી યુજીન શયુલેતે પેરાફિનાઇલ-નેડિયામાઇન નામનું રસાયણ વાપરીને બનાવી હતી. ત્યાર બાદ તેમણે લા'ઓરિયલ નામે કંપની સ્થાપી હતી જે આજે પણ હેરડાઈનું ઉત્પાદન કરે છે.

શરીર પરના વાળ શરીરને ટાઢ, તડકો અને વાતાવરણથી રક્ષણ આપે છે. આપણા માથાના વાળ પણ મગજ અને ખોપરીનું રક્ષણ કરે છે. માથાની ચામડીના ઉપરીય સ્તરમાં ફોલિકલ નામના નાનકડા ખાડામાં વાળનું મૂળ હોય છે. આ ફોલિકલમાં રક્તવાહિનીઓ અને જ્ઞાનતંતુઓનો નાનકડો ગઠ્ઠો હોય છે, જેને પેપીલા કહે છે. પેપીલાની ફરતે સીબાક્સ ગ્રંથિઓ ધરાવતા કોષો હોય છે. વાળના મૂળમાં રહેલી ગ્રંથિઓ મેલાનીન નામનું દ્રવ્ય ઉત્પન્ન કરે છે, જે વાળને કાળો રંગ આપે છે.

હેરડાઇ ત્રણ પ્રકારની હોય છે : કાયમી, થોડા સમય માટેની અને કામચલાઉ. કાયમી હેરડાઈમાં પૅરાફિનાઇલ નેડિયામાઇન હોય છે. ઉપરાંત તેમાં હાઇડ્રોજન પૅરૉક્સાઈડ વપરાય છે, જે ડેવલપરનું કામ કરે છે.

અત્યારે બજારમાં મળતી હેરડાઈમાં મિથોક્સીફિનાઇલ નેડિયામાઇન, ડાયએમિનો એનીસોલ, ક્લોરીફિનાઇલ અને એમીનોનાઇટ્રોફિનોલ વપરાય છે. કોઈ વાર વધુ વાપરવાથી કેન્સર થવાની શક્યતા રહે છે. આ ચાર રસાયણો ઉપર પ્રતિબંધ છે. આ ઉપરાંત ઘણાં લોકો લેડ એસિટેટ વાપરે છે તે ઝેરી છે. તેથી ડાઈનો ઉપયોગ કરીએ ત્યારે સાવચેતી રાખીએ. હેરડાઇ કરતી વખતે આંખમાં ન જાય તેમજ નાનાં બાળકોના હાથમાં ન આવે તે રીતે રાખવી જરૂરી છે. ('વિજ્ઞાન જાગૃતિ'માંથી સાભાર)

આંખોનું જતન

૧. દિવસ દરમિયાન ૪થી ૫ વાર સ્વચ્છ પાણીથી આંખો ધોવી. રાત્રે સૂતી વખતે આંખો સાફ કરીને સૂઓ.

૨. સૂર્ય સામે સીધી નજર રાખીને જોવું નહિ. તડકામાં નીકળતી વખતે આંખો પર ગૉગલ્સ પહેરો.

૩. આંખોને ગંદા કપડાથી, પાલવ કે દુપટ્ટાથી સાફ કરવાની કુટેવ ટાળો. તેના બદલે ટિશ્યૂ પેપર કે સ્વચ્છ રૂમાલથી આંખો સાફ કરો.

૪. ઘરની સાફ-સફાઈ કરતી વખતે તમે રાસાયણિક પદાર્થનો જો ઉપયોગ કરતા હોય તો, આંખો પર ચશ્મા પહેરીને ફરો.

૫. આંખોને ક્યારેય ગરમ પાણીથી ન ધુઓ. તેનાથી આંખને નુકસાન થવાનો ભય રહે છે.

૬. સૂતાં-સૂતાં કે ત્રાંસા બેસીને ટીવી જોવાની ટેવ ન રાખો. ઓછામાં ઓછું ૧૦ ફૂટનું અંતર રાખો. વાંચતી, લખતી કે ટીવી જોતી વખતે લાઇટનો ઉપયોગ કરો.

૭. કોઈ રોગની દવા લેતી વખતે ડૉક્ટરની સલાહ લો; નહિ તો દવાની આડઅસરથી આંખને નુકસાન થાય છે.

૮. આંખમાં રજ કે કસ્તર પડ્યું હોય તો આંખોને મસળવી નહિ, પણ ઠંડા પાણીથી ધોઈ લેવી.

૯. આંખોમાં શુદ્ધ મધનાં ટીપાં નાખો. તેનાથી આંખોનું તેજ ટકી રહેશે.

*

કેળાં

વિશ્વમાં સૌથી વધુ કેળાં ઉત્પન્ન કરવામાં ભારત બીજા ક્રમે આવે છે. ભારતમાં ઓરિસ્સા, કેરાલા, આસામ, તામિલનાડુ, બંગાળ, આંધ્રપ્રદેશમાં કેળાં પાકે છે. તામિલનાડુમાં તો એંસી જાતનાં કેળાં પાકે છે. આપણે ત્યાં કેળાં ઉપવાસમાં ખવાય છે. પૂજામાં ભોગ ધરાવાય છે. એટલે કે પવિત્ર માનવામાં આવે છે. કેળાંની ચિપ્સ, વેફર, પૂરી બનાવીને ખાઈ શકાય છે. દક્ષિણ ભારતમાં તો એના લોટ કે પાઉડરને વિવિધ રીતે રસોઈમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેના રેસામાંથી દોરડા, જાળ ગૂંથવામાં આવે છે. દક્ષિણ ભારતમાં કેળનાં પત્તાં પર જમણવાર થાય છે, જેને આરોગ્યપ્રદ માનવામાં આવે છે.

કેળામાં આલ્કલાઇન હોવાથી તે ઍસિડિટી, ગૅસ્ટ્રાઇટીસ, અલ્સર વગેરે નિવારી શકે છે. જેને પેટમાં ચાંદાં પડ્યાં હોય તેના માટે કેળું ઉત્તમ નિવારક છે.

કેળાં ઊર્જાનો ભરપૂર સ્રોત છે. કુદરતી શુગરનો પુરવઠો સીધો જ રક્તપ્રવાહમાં પૂરો પાડે છે.

તે ઝાડા મટાડે છે. મસામાં પણ ઇલાજકારક બને છે. ઝાડાના ઉપચારમાં પાકાં કેળાં ખાવાં જોઈએ.

'કુમાર'ના જૂના અંકો

નીચે જણાવેલ અંકોની જૂજ નકલો સિલકમાં છે. વહેલો તે પહેલો એ ધોરણે તે અપાશે.

સળંગ અંક : ૭૪૧-૭૪૨, ૭૪૩-૭૪૪, ,૭૪૬, ૭૪૯-૭૫૦, ૭૫૨, ૭૫૩, ૭૫૪, ૭૫૫, ૭૬૩, ૭૬૬, ૭૬૭, ૭૭૪, ૭૭૫, ૭૮૦-૭૮૧, ૭૮૨, ૮૧૦, ૮૪૨, ૮૪૩, ૮૪૪, ૮૪૫, ૮૪૬, ૮૪૭, ૮૪૯, ૮૫૦, ૮૫૧, ૮૫૨, ૮૫૩, ૮૫૪, ૮૫૫, ૮૬૭, ૮૬૬, ૮૭૧, ૮૭૨, ૮૭૩, ૮૭૫, ૮૭૬, ૮૭૭, ૮૭૮, ૮૯૦.

પ્રત્યેક અંકની કિંમત રૂ. ૧૫ (રવાનગી ખર્ચ માફ)

બચુભાઈ રાવત જન્મશતાબ્દી વિશેષાંક :

સળંગ અંક ૮૪૧, રવાનગી ખર્ચ સાથે રૂ. ૬૦.

સ્વાતંત્ર્યની સુવર્ણજયન્તી (૧૯૪૭-૧૯૯૭) વિશેષાંક :

સળંગ અંક : ૮૩૫, રવાનગી ખર્ચ સાથે ૫૦ રૂ.

નર્મ-મર્મ વિશેષાંક :

સળંગ અંક : ૯૦૦, રવાનગી ખર્ચ સાથે રૂ. ૫૦.

રકમ માત્ર મનિઑર્ડરથી 'કુમાર ટ્રસ્ટ'ના સરનામે મોકલવી. રૂબરૂમાં અંક લેવા આવનારને ૧૧થી ૫ દરમિયાન કાર્યાલયમાંથી તે મળી શકશે.

આ માસમાં આપનું લવાજમ પૂરું થાય છે?

ઘણાં ગ્રાહકોનું લવાજમ જુલાઈ માસમાં પૂરું થઈ રહ્યું છે, જો આપનું લવાજમ પણ આ અંક સાથે પૂરું થતું હોય તો સત્વરે મોકલી આપશો. લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર આપના નામના પ્રથમાક્ષર સાથેનો અવશ્ય લખશો.

ચેક કે ડ્રાફ્ટથી લવાજમ ભરતી વખતે કુમાર ટ્રસ્ટના નામનો જ ચેક કે ડ્રાફ્ટ લખવો.

મન માલા તન મેખલા, ભય કી કરી ભભૂત;
અલખ મિલા સબ દેખતા સો જોગી અવધૂત.

કબીર

મોચી પરિવારમાં જન્મેલા અબ્રાહમ લિંકન તેરતેર વાર હાર્યા પછી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ થયા ત્યારે તેમના પ્રથમ પ્રમુખીય પ્રવચન પછી એક નાગરિકે તેમને કહેલું, 'તમારા પિતાએ મારા પિતાના જોડા સીવેલા.' હાજરજવાબી લિંકને ઉત્તર આપ્યો, 'મારા પિતા એમના કામમાં નિપુણ હતા તેનું મને ગૌરવ છે. એમનાં સીવેલાં પગરખાં વર્ષો સુધી ટકી રહેતાં. આવી કાર્યસિદ્ધિ સુધી આપણે પણ પહોંચીએ.'

*

કાંદાના રસમાં ચપટી હીંગ મેળવીને અર્ધાઅર્ધા કલાકે લેવામાં આવે તો કૉલેરામાં ફાયદો થાય છે.


*

સૌથી ઝડપી દોડી શકનાર છપગું જંતુ વંદો છે, જે એક સેકન્ડમાં એક મીટર જેટલું અંતર કાપી શકે છે.

*

માનવશરીરમાં કુલ ૬૫૬ સ્નાયુ છે. કસરતથી તેનું કદ અને કૌવત વધારી શકાય છે, પણ સંખ્યા વધારી શકાતી નથી.

*



ટમેટાની છાલ કાઢવી હોય તો ઊકળતા ગરમ પાણીમાં તેને ૧૦થી ૧૫ મિનિટ રાખો. ત્યારબાદ છાલ બાફેલા બટાકાની જેમ જ ઊતારી શકાશે.

*

આપણા નખ દરરોજ ૦.૧ મિ.મિ. વધે છે.

> आशामाशां वि द्योततां वाता वान्तु दिशोदिशः ।
> मरुद्भिः प्रच्युता मेघाः सं यन्तु पृथिवीमनु ॥
> દિશા-દિશામાં વીજળી ચમકો, બધી દિશાઓમાં વાયુ વહો. તે પછી, વાયુ દ્વારા પ્રેરાયેલાં વાદળ ધરતી તરફ અનુકૂળતા-પૂર્વક આગમન કરો. ('અથર્વવેદ'માંથી)

*

અજમો શેકીને એક પોટલીમાં બાંધીને સૂંઘવાથી શરદીના કારણે થયેલ માથાના દુઃખાવામાં રાહત મળે છે.

*

૨૫ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર પ્રિત્ઝકર આર્કિટેક્ચર પ્રાઇઝ બગદાદમાં જન્મેલી મહિલા ડિઝાઇનર ઝહા હાદીદને મળ્યું છે. આર્કિટેક્ચરમાં નોબેલ પ્રાઇઝ તરીકે ઓળખાતું આ પ્રાઇઝ મેળવનાર હાદીદ હાલ લંડનમાં વસે છે. એક લાખ ડૉલરનું આ પારિતોષિક ૫૩ વર્ષની હાદીદને માટે ઘણું પ્રેરણા આપનારું છે.

*

વિશ્વ આરોગ્ય સંગઠનના હેવાલ મુજબ અકસ્માતને કારણે વિશ્વમાં રોજ ૩,૦૦૦ માણસો મૃત્યુ પામે છે. ૧,૪૦,૦૦ ઇજાગ્રસ્ત થાય છે. માર્ગ અકસ્માતને કારણે ૧૫,૦૦૦ કરતાં પણ વધુ લોકો અપંગ થઈ જાય છે. ૭મી એપ્રિલનો દિવસ 'અકસ્માત રહિત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

*

વિશ્વમાં સૌથી લાંબી મૂછ ભારતના કલ્યાણ રામજી સૈન ધરાવે છે. ૧૯૭૬થી મૂછ ઉગાડવાની શરૂઆત કરી હતી અને જુલાઈ ૧૯૯૩માં એ વધીને ૧૧ ફૂટ અને એક ઇંચ લાંબી થઈ ગઈ હતી. જમણી બાજુનો સાત ઇંચ અને ડાબી બાજુનો વળ પાંચ ફૂટ છ ઇંચ લાંબો હતો.



- આચાર્ય
('ગુજરાત સમાચાર'માંથી સાભાર)

*

ગ્રાહક : 'આ તમારી હોટલનો નોકર કેવો છે ? હમણાં મને હજામત માટે જે પાણી આપી ગયો તે કેવું ખરાબ હતું ?'

મૅનેજર : 'અરે, સાહેબ ! એ તો આપની સવારની ચા હતી, પાણી નહીં.'

*

વિશ્વનું સૌથી મોટું છાપું ૧૦ ઑક્ટોબર ૧૯૭૧ના 'ન્યૂ યૉર્ક ટાઈમ્સ'ની રવિવારની આવૃત્તિ હતી. ૯૭૨ પાનાંની આ આવૃત્તિનું વજન લગભગ ૩ કિલો જેટલું હતું.

*

વિશ્વમાં તેલનો સૌથી વધુ વપરાશ અમેરિકામાં થાય છે. જે વિશ્વના તેલના કુલ વપરાશના ૨૫ ટકા જેટલો છે.



કલાકૃતિ : આન્ધ્રના તિરુપતિમાં કાજુમાંથી તૈયાર કરેલ કોતરણીયુક્ત રમકડાનો વરરાજા.